ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-03-2016 –થી મંજૂર

# ગુજરાતી

## (દ્વિતીય ભાષા)

## ધોરણ 9

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત : ₹ 40.00

તમસોમા જ્યોતિર્ગમય

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર – 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી મનસુખ સલ્લા

**લેખન-સંપાદન**

ડૉ. રમેશ પંડ્યા (કન્વીનર)
ડૉ. પિન્કીબહેન પંડ્યા
ડૉ. અજયસિંહ ચૌહાણ
શ્રી હેતલબહેન નાયક
ડૉ. સંતોષ દેવકર
ડૉ. રામદેવસિંહ ગોહિલ
શ્રી નસીમબહેન પઠાણ
શ્રી મમતાબહેન શર્મા

**સમીક્ષા**

શ્રી હાર્દિક બ્રહ્મભટ્ટ
ડૉ. મહેન્દ્રકુમાર પટેલ
ડૉ. લીલાભાઈ કડછા
શ્રી હર્ષદભાઈ શાહ
શ્રી ભારતીબહેન જાની
શ્રી સાધના જોષી
શ્રી નરેન્દ્ર જીવાણી
શ્રી રોહિણી ભટ્ટ
શ્રી સ્વાતિ રાવલ
શ્રી સ્મિતા દવે

**સંયોજન**

ડૉ. કમલેશ એન. પરમાર
(વિષય-સંયોજક : હિન્દી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલા જુદા જુદા વિષયોના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 9, ગુજરાતી (દ્વિતીય ભાષા)** નું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. લેખક-સંપાદક સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતની નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. લેખક-સંપાદકોએ રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષાના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમ જ મંજૂરી-ક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમમાં ભાષા-અભિવ્યક્તિ અને લેખન અંગેની વિગતો દ્વારા વિદ્યાર્થીઓ ભાષાની ખૂબીઓ સમજે અને વધુ મહાવરો કરે તથા તેમની સંવેદનશીલતા કેળવાય તેવી કૃતિઓ પસંદ કરવા અંગે પૂરતું ધ્યાન આપ્યું છે. શિક્ષક વર્ગખંડમાં કૃતિ રજૂ કરતી વખતે કઈ કઈ કાળજી લે તે અંગેની વિગતો પણ આ વખતે ઉમેરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | છપ્પા | (છપ્પા) | અખો | 1 |
| 2. | પરોપકારી મનુષ્યો | (હાસ્યનિબંધ) | વિદ્યાબહેન નીલકંઠ | 3 |
| 3. | જ્યાં જ્યાં વસે એક ગુજરાતી | (ઊર્મિગીત) | ખબરદાર | 8 |
| 4. | સિંહનું મૃત્યુ | (નવલકથા અંશ) | ધ્રુવ ભટ્ટ | 11 |
| 5. | તું તારા દિલનો દીવો | (ઊર્મિકાવ્ય) | ભોગીલાલ ગાંધી | 15 |
| 6. | ભાષા જાય તો સંસ્કૃતિ જાય | (નિબંધ) | ફાધર વાલેસ | 17 |
| ● | **વ્યાકરણ : એકમ-1 (સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દો, સ્વર-વ્યંજન, જોડણી)** | | | 21 |
| 7. | નવસર્જનની વાટે | (ગીત) | બાલમુકુન્દ દવે | 30 |
| 8. | આભાર | (સૉનેટ) | ઉશનસ્ | 32 |
| 9. | પારખું | (એકાંકી) | જયંતી દલાલ | 35 |
| 10. | એ લોકો | (અછાંદસ કાવ્ય) | પ્રિયકાન્ત મણિયાર | 44 |
| 11. | વારસાગત | (લઘુકથા) | દુર્ગેશ ઓઝા | 47 |
| ● | **વ્યાકરણ : એકમ-2 (લિંગ, વચન, અનુગ, નામયોગી, સંધિ)** | | | 50 |
| 12. | તો જાણું | (ઊર્મિગીત) | સુરેશ દલાલ | 68 |
| 13. | ઘડવૈયા | (રેખાચિત્ર) | નાનાભાઈ જેબલિયા | 71 |
| 14. | મારું તારું | (ગઝલ) | રાજેન્દ્ર શુક્લ | 75 |
| 15. | સો ટચનું સોનું | (ટૂંકી વાર્તા) | સુધા મૂર્તિ | 78 |
| 16. | ગોકુળમાં આવો તો | (ઊર્મિ ગીત) | માધવ રામાનુજ | 82 |
| 17. | છબિ ભીતરની | (સંસ્મરણ) | અશ્વિન મહેતા | 85 |
| ● | **વ્યાકરણ : એકમ-3 (વિશેષણ, ક્રિયાવિશેષણ, સંયોજક, વિરામચિહ્નો)** | | | 89 |
| 18. | દીકરીની વિદાય | (ગીત) | અનિલ ચાવડા | 99 |
| 19. | પંખી લોક | (લલિત નિબંધ) | મણિયાર હ. પટેલ | 101 |
| 20. | હરિ ! આવો ને | (લોકગીત) | સંકલિત | 105 |
| 21. | પ્રાણીઓનું ગોકુળ | (આત્મકથા અંશ) | પ્રકાશ આમટે | 107 |
| 22. | લઘુકાવ્યો | (દુહો, મુક્તક, હાઈકુ) | હસમુખ પાઠક-<br>રાવજી પટેલ | 112<br>114 |
| 23. | પ્રેરક પ્રસંગો | (ગદ્ય) | સંકલિત | 117 |
| ● | **વ્યાકરણ : એકમ-4 (સમાસ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત અને અલંકાર)** | | | |


**પૂરક વાચન**


| | | | | |
|---|---|---|---|---|
| 1. | એટલામાં રાજી | (પ્રકૃતિ કાવ્ય) | રમણીક સોમેશ્વર | 133 |
| 2. | અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી | (ચરિત્ર નિબંધ) | કનૈયાલાલ ભટ્ટ | 134 |
| 3. | ઉપમન્યુ | (કથાવાર્તા) | નાનાભાઈ ભટ્ટ | 136 |
| 4. | જન્મી રહેલા બાળક અને ભગવાન વચ્ચેનો સંવાદ ! | (સંવાદલેખ) | આઈ. કે. વીજળીવાળા | 139 |

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ **6** વર્ષથી **14** વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

| 1 | # છપ્પા |
|---|---|

**અખો**

**(સમય : સત્તરમું શતક-પૂર્વાર્ધ)**

તેઓ અમદાવાદ પાસેના જેતલપુરના વતની હતા. 'બ્રહ્મલીલા', 'સંતપ્રિયા', જેવી હિન્દીમાં પણ કવિતાઓ લખી છે. 'છપ્પા' તેમનું સમર્થ સર્જન છે. 'અખાના છપ્પા', 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'બ્રહ્મલીલા', 'કૈવલ્ય ગીતા', 'પંચીકરણ', 'ગુરુશિષ્યસંવાદ' એમની પ્રખ્યાત કૃતિઓ છે. તેઓ જ્ઞાની કવિ તરીકે વિખ્યાત છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'જ્ઞાનનાં ગરવા વડલા' તરીકે જાણીતા, જ્ઞાની કવિ અખાના આ બે છપ્પા છે. જેમાં તેમણે સમાજના રૂઢિચુસ્ત, ઢોંગી, બાહ્ય દેખાવવાળા લોકો પર સબળ, ધારદાર કટાક્ષ કર્યો છે. પ્રથમ છપ્પામાં સમાજમાં જોવા મળતા બે પરસ્પર વિરોધી જૂથોની વાત કરી છે. તેમાં રૂઢિચુસ્ત જૂથ નવીન વાત સ્વીકારવા તૈયાર નથી અને નવી વાત કરનારને દબાવી દે છે. બીજામાં બાહ્યાચારોમાં રાચતા પાંખડી, ઢોંગી લોકો પર કટાક્ષ કર્યો છે. આવા લોકો મૂરખ છે. એટલે જ તેઓ હીરો મૂકી પાણો પસંદ કરે છે.

---

1. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.
પાણી દેખી કરે સનાન, તુલસી દેખી તોડે પાન,
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત.

2. જ્યાં જોઈએ ત્યાં કૂડેકૂડ, સામાસામી બેઠા ઘૂડ
કો આવી વાત સૂર્યની કરે, તે આગળ લેઈ ચાંચ જ ધરે.
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા?
અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ.

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી

**કૂડેકૂડ** છલ, કપટ, પ્રપંચ, કૂડકપટ **ઘૂડ** ઘુવડ **ઉત્પાત** દુઃખ, તોફાન, અહીં ખોટી માન્યતા **સૂર્ય** રવિ, ભાનુ, આદિત્ય

#### વિરુદ્ધાર્થી

**દેવ** દાનવ **ડાહ્યા** ગાંડા

#### તળપદા શબ્દો

**પહાણ** પથ્થર **સનાન** સ્નાન **મૂરખ** મૂર્ખ **દેખી** જોઈને

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) એક મૂર્ખને કેવી ટેવ છે?

(A) દરેક પથ્થરને ભગવાન માનવા લાગે છે. (B) તુલસીનાં પાન તોડે છે.
(C) પાણી જુએ ત્યાં સ્નાન કરવા બેસી જાય છે. (D) ઉપરના A - B - C ત્રણેય.

(2) અખો ઈશ્વર અંગે માને છે કે....

(A) ઈશ્વર ઘણા બધા છે. (B) ઈશ્વર એકથી વધારે છે.
(C) ઈશ્વર એક અને માત્ર એક જ છે. (D) ઈશ્વર જેવું કશું નથી.

(3) સૂર્યના પ્રકાશનો અસ્વીકાર કોણ કરે છે?

(A) જ્ઞાની (B) ઘુવડ (C) કબૂતર (D) ડાહ્યા માણસો

(4) જ્યાં જોઈએ ત્યાં બધે જ શું દેખાય છે?

(A) કૂડેકૂડ (કપટ) (B) નિખાલસતા (C) પ્રકાશ (D) ડહાપણ

(5) મૂર્ખ કઈ વસ્તુ ત્યજીને પથ્થરને ઉપાડે છે?

(A) ઘૂવડ (B) તુલસી (C) હીરો (D) પાણી

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) અખો કોને મોટો ઉત્પાત ગણાય છે?

(2) સૂર્યની વાત કરનારને ઘુવડ શો જવાબ આપે છે?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં જવાબ આપો :**

(1) અખાના છપ્પામાંથી તમને શું જાણવા મળ્યું? વિગતે લખો.

(2) જ્ઞાની હોવાનો દેખાવ કરતા અજ્ઞાનીઓ વિશે અખાના વિચારો વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- અખાના જીવન વિશે જાણી એના જીવનના મહત્ત્વપૂર્ણ વળાંક વિશે નોંધ તૈયાર કરો.
- અખાના છપ્પા મેળવી કંઠસ્થ કરો.
- તમને કોઈ માણસમાં જોવા મળેલી મર્યાદાઓ દૂર કરવા માટે તમે તેમને શું કરવાનું સૂચવશો તે જણાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- સંસારમાં અજ્ઞાની અને ધૂંધળી સમજ ધરાવનારા માણસો હોય છે જે બીજાના જ્ઞાનને સહન કરી શકતા નથી. એ માટે કવિએ કરેલ 'ઘુવડ' શબ્દની પસંદગી કેવી સચોટ છે તે જુઓ.
- 'ઘણા પરમેશ્વર એ કયાંની વાત?' એકેશ્વરવાદનો મહિમા અખો અહીં એક જ પ્રશ્નથી સમજાવે છે. તીખા પ્રશ્નથી, કટાક્ષથી કવિ ધારદાર રીતે લોકોની ખામી તરફ ઈશારો કરે છે.
- છપ્પામાં છ પદ હોય છે. ટૂંકાણથી વિષમતા કે વિરોધાભાસ રજૂ કરવા માટે કવિએ અહીં ઘૂવડ અને સૂર્ય, હીરો અને પથ્થર જેવા બે સામા છેડાનાં પ્રતીકો લઈ છપ્પો અસરકારક બનાવ્યો છે તે જુઓ.
- છપ્પાની કેટલીક ચોટદાર પંક્તિઓ સમયાંતરે રૂઢ થઈને કહેવત બની જાય છે તે છપ્પાની અસરકારકતા સાબિત કરે છે. અહીં પણ એવી પંક્તિઓ છે તે જુઓ-

(1) મૂકી હીરો ઉપાડે પ્હાણ (2) પથ્થર એટલા પૂજે દેવ (3) સામાસામી બેઠા ઘૂડ

- અખો જેને 'મોટા' કહે છે તે હીરો છોડી પથ્થર પકડે એવા છે તે વક્રોક્તિ સમજો.

## શિક્ષકની ભૂમિકા

પોતાના વિચારોમાં સંકુચિતતા રાખનાર બીજાના સારા વિચારોના સ્વીકાર નથી કરી શકતો. આવી ઘુવડવૃત્તિ સામે વિદ્યાર્થીઓને સભાન બનાવવા.

માત્ર કર્મકાંડ કે દૈનિક ધાર્મિક ક્રિયાને જ ધર્મ સમજીને જીવનારો ખૂબ મોટો વર્ગ આપણા સમાજમાં છે. સાચો ધર્મ એ માનવધર્મ છે. તે સમજાવવા નીચે દર્શાવેલી ઉક્તિઓની ચર્ચા કરવી :

- બીજાને મદદરૂપ થવું.
- કોઈને છેતરવા નહિ
- બીજાનું લઈ લેવાની વૃત્તિથી દૂર રહેવું.

આ પ્રકારના વિચારબીજોનું વાવેતર કરી વિદ્યાર્થી સારો માણસ બને તેવું દિશાસૂચન કરવું. શિક્ષક પોતાના આચરણ દ્વારા વધુ શ્રેષ્ઠ રીતે આનું સંક્રમણ કરી શકે છે.

●

# 2 પરોપકારી મનુષ્યો

**વિદ્યાબહેન નીલકંઠ**

**(જન્મ : 1-6-1876, અવસાન : 7-12-1958)**

વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ. તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેઓએ બી.એ. સુધીનું શિક્ષણ ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી પ્રાપ્ત કર્યું હતું. 'ફોરમ', 'ગૃહદીપિકા', 'નારીકુંજ', 'જ્ઞાનસુધા' તેમના લેખ સંગ્રહો છે. 'પ્રો. ધોંડો કેશવ કર્વે' ચરિત્ર તેમણે લખેલું છે. 'હાસ્યમંદિર'માં તેમના હાસ્ય લેખો છે. 'સુધાહાસિની', 'હિન્દુસ્તાનમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન' એ તેમના અનુવાદો છે.

આ હાસ્યનિબંધમાં પારકાની મુશ્કેલી જોઈને વણમાગી સલાહ આપનારા લોકોને કારણે સર્જાતી તકલીફોનું નર્મ-મર્મ ગદ્યમાં નિરૂપણ છે. દરદીનું અને દરદનું જે થવું હોય તે થાય પણ પોતે બતાવેલો ઉપાય જ ઉત્તમ છે અને તે કરવાથી રોગ તરત જ ભાગી જશે એવો દાવો અનેક ઓળખીતા - વણખોળખીતા લોકો કરતા જ હોય છે. આવા લોકોની સલાહને અનુસરતા સર્જાતી વરવી સ્થિતિનું હાસ્યપૂર્ણ નિરૂપણ આ નિબંધના કેન્દ્રમાં છે. આંજણીના નિવારણ માટે અપાયેલી અનેક સલાહોનું રસપ્રદ નિરૂપણ અહીં છે. આ હાસ્યનિબંધ દ્વારા માનવ સ્વભાવમાં રહેલી શિખામણ આપવાની વૃત્તિનો પરિચય મળે છે.

---

મને એક વાર આંજણી થઈ હતી. બે ત્રણ દિવસ મેં કાંઈ ઇલાજ કર્યો નહીં. એમ જાણ્યું કે મટી જશે. એમાં શું ભારે દરદ છે? પરંતુ આંજણીએ બહુ પીડા કરવા માંડી એટલે અમારા ઘરના દાક્તર પાસે ગયો. તેમણે કહ્યું, 'એના પર કાંઈ લગાડવાની જરૂર નથી. પાકે એટલે મારી પાસે આવજો. હું નસ્તરથી ફોડીશ. એક થઈ છે તેમાં કાંઈ ફિકર નહીં. ફરી થશે તો પીવાની દવા હું લખી આપીશ. બહુ પીડા થાય તો શેક કરજો.

હું ઘેર આવ્યો ત્યારે અમારા કુટુંબના એક મિત્ર મને મળવા આવેલા હતા. તેમણે કહ્યું, 'ભાઈ કયાં જઈ આવ્યા? આ આંખે શું થયું છે?' મેં ઉત્તર દીધો. 'આંજણી થઈ છે, માટે દાક્તર પાસે ગયો હતો. પણ, દાકતર કહે છે એને છેડશો નહિ. એની કાંઈ દવા નથી. બીજી થશે તો પીવાની દવા આપીશ.' આટલું સાંભળતાં અમારા એ મિત્ર ક્રોધે ભરાઈ ગયા. 'હરામખોરો! દાક્તરોને સરકાર ગાંસડા ભરીને મફતનો પગાર ખવડાવે છે. વળી કહે છે કે એની કાંઈ દવા જ નથી ત્યારે એના ભણતરમાં શું પૂળો મૂકવાનો છે? અને કહે છે કે બીજી થાય ત્યારે આવજો. બીજીની વાટ જુઓ, ને એ ભાઈસાહેબને ત્યાંથી પીવાની દવા લાવો, કે એમનાં ગજવાં ભરાય. એમાં દવા પીધે શું થાય? તમે પણ ભલા માણસ છો. એક કોડીનું ખરચ નથી. તુવરની દાળ ઘસીને ચોપડી દો એટલે નરમ પડી જશે.'

મેં કહ્યું, 'દાક્તર દવા આપવાની ના કહે છે ને તમે કહો છો એનાં ગજવાં ભરાય. દવા તો બજારની લાવવાની છે.'

અમારા મિત્ર બોલ્યા, 'તમે છેક ભોળા છો. એ તો ગાંધી-વૈદનું સહિયારું. વિલાયતના દવાવાળાઓ દાક્તરોને પગાર આપે છે. પગાર અને અહીંના વેચનાર કમિશન આપે છે.'

મેં વધારે તકરાર કરી નહિ. એટલામાં પોસ્ટમેન ટપાલ લઈ આવેલો હતો તે કહે કે, 'આ શેઠ ખરું કહે છે. દાળ ચોપડજો સાહેબ, પણ જરા ગરમ કરજો.'

અમારા મિત્ર કહે, 'અરે જો જો, ગરમ ન કરશો. આંજણી ગરમીથી થાય, માટે ઠંડી દવા લગાડજો.'

મેં કહ્યું, 'બહુ સારું'

નોકરપાસે દાળ ઘસાવી પહેલી તો ઠંડી ચોપડી. વળી સાંજે ફરી ઘસાવી ગરમ કરી ચોપડી.

બીજે દહાડે બજારમાં કાંઈ લેવા હું ગયો તો દુકાનદાર કહે, 'સાહેબ આપને આંજણી થઈ છે તો જવ ઘસીને કાં ચોપડતા નથી. મફતની દવા છે, પણ જવ ઊભો ઘસવાનું ધ્યાનમાં રાખજો.' તેને ત્યાં કોઇ બીજો ગૃહસ્થ આવેલો

હતો તે કહે કે 'ઊભો નહીં આડો, મારો તો તેવો અનુભવે છે.'

મેં ઘરે જઇ એક વાર ઊભો જવ ઘસીને બીજી વાર આડો ઘસી ચોપડવા ધાર્યું. એમાં આપણું શું જાય, જેનાથી મટવાનું હશે તેનાથી મટશે. દુકાનમાંથી નીકળ્યો એટલામાં પાડોશની ચશ્માંની દુકાનના માલિકે મને દીઠો તે મારી પાસે આવી કહે કે 'ભાઇ સાહેબ, મારું કહ્યું માનો તો આ તમને આંજણી થઇ છે તે માટે એક ઝાંખાં 'ગોગલ્સ' લઇ જાઓ. હું મારા સ્વાર્થ માટે નથી કહેતો. જોઇએ તો ખપ થઈ રહે એટલે એ જોડ પાછી મોકલાવજો. દુકાન આપની જ છે' મેં ચશ્માની જોડ વેચાતી લઇ પહેરી દીધી.

ઘેર અમારા ઘરનો જૂનો મુનીમ આવેલો હતો તેણે પૂછ્યું, 'ચશ્મા કેમ ઘાલ્યાં છે શેઠ?' આંજણીની હકીકત જાણી તે કહે કે 'બધી વાત જવા દઇ કેસર ધોળી ચોપડો, મારા બનેવીના બનેવીને, ભાણેજની ભાણેજને ને ફુઆને થઈ'તી તે અમે તો એ ઈલાજ કર્યો હતો. રામબાણ છે. ઘડીએકમાં મટી જશે.'

કેસર મંગાવી મેં લગાડ્યું.

હજામત કરવા હજામ આવ્યો તે કહે કે 'સાહેબ, આ આંજણી પર શું લગાડો છો? સહુ કરતાં સિંદૂર મંગાવી દાબી દો તો તરત જ આંજણી દબાઈ જશે.'

સિંદૂર પણ મેં દબાવ્યું.

ઑફિસમાં અમારી સાથે કામ કરનારામાંના એક કહે કે 'ભાઈ હમણાં આંજણીના વાયરા છે તેથી થોડા દહાડા રહીને મટશે. અહીંથી રજા લઈ એક દહાડો ઓઢી પોઢીને ઘેર સૂઈ રહો, ને તે કરતાં કાંઈ કરવું જ હોય તો એક ટુચકો બતાવું. તમે કોઇ વાંઝણી સ્ત્રી જાણતા હો તો રાત પડે તેને ઘેર જઈ બારણાં ઠોકજો. તે પૂછે કે કોણ તો કહેજો કે- એ તો હું આંજણી રાણી. આજ મારે ઘેર ને કાલે તારે - એમ કહી ચાલ્યા આવજો. મારા સમ ટુચકો અજમાવવા જેવો છે!'

પરાયે ઘર કાંઈ કામ વગર રાતે એકલા જવાનું ઠીક ન લાગવાથી મેં ના કહી ત્યારે તેઓએ સાથે આવવા આગ્રહ કર્યો, ને તે રાતે મેં એ ઉપાય પણ અજમાવ્યો. પણ આંજણી તો જેમની તેમ રહી.

બીજે દહાડે મારા ઓળખાણવાળા એક શેઠની મિલનો ભૈયો કાંઈ કામસર આવ્યો. તેણે કહ્યું, 'જી ઈસમેં કયા બડી બાત હૈ! આઠ દિન એક છોટા કટોરા ભંગ પીના શરૂ કરના. યાકુતિ બડી ઠંડી હૈ. આપ ઈનકા ગુન દેખ લો. ડોક્ટર કી દવાઈ મેં કયા પીનેકા?'

મેં કહ્યું, 'ભૈયાજી હું ભાંગ કે બીજો કોઇ કેફી પદાર્થ પીતો નથી.'

ભૈયો કહે, 'અરે જી વો તો દવાઈ કે લીયે કહતા હું. થોડી સી જરૂર પીના!' પરંતુ એની સલાહનો મેં અમલ કર્યો નહિ.

મારાં વૃદ્ધ માસી પૂજાનું ચંદન ઘસતાં હતાં. 'આ ચંદન લગાડી જો!' મેં તે લગાડ્યું. જમતી વખત રસોઈયો કહે, 'સૂંઠ ચોપડો.' મેં સૂંઠ પણ ચોપડી. ખેપ લઈને ધોબી આવ્યો તે કહે કે 'લવિંગ ઘસીને લગાવો. તે પણ લગાવ્યું. એટલામાં રૂ પીંજવા પીંજારો આવ્યો. તેણે કહ્યું કે, 'એક બેદું લાવી તેની સફેદી લગાડો ને જુઓ કે હું ખરો છું કે ખોટો. આપ મોટા માણસ છો એટલે હું વધારે કહી શકતો નથી.' તે ઉપાય પણ અજમાવ્યો, કેમ કે દુઃખથી હું કંટાળી ગયો હતો, અને કાંઈ કરતે આરામ થાય છે એમ જાણી આ પરદુઃખભંજન મનુષ્યોની સલાહ અમલમાં એક પછી એક મૂકતો હતો.

ઘરની દળણાવાળી લોટ લઈને આવી તે કહે કે 'શેઠસાહેબ, બધા ઉપાય કર્યા હશે, એક મારો અજમાવો. આમલીનો કચૂકો ઘસી તે કચૂકાનો ઘસેલો છેડો આંજણી પર વળગાડી દેવો. તે મટતા સુધી ત્યાં ચોંટી રહેશે, અને મટશે એટલે એની મેળે ઊખડી જશે.

આ ઉપાય પછી બીજું કાંઈ લગાડાય નહીં, તેથી તે છેલ્લો અજમાવવો ધારી મેં જવાબમાં 'ઠીક' એમ કહ્યું.

ઓટલે હું ઊભો હતો એટલે ગોળ વેચનાર મારવાડી આવ્યો. તેણે કહ્યું, 'શેઠજી અમારા લોકો તો આવી આંજણી થઈ હોય તેના પર ગોળનો ચપકો દે. છરીના પાના પર ગોળ મૂકી તેને તપાવી લગાડી દેવો. ગરીબ માણસનો ઉપાય છે. અમે દાક્તરના પૈસા ભરીએ તો મરી જઈએ.'

ગોળનો ચપકો તે શેક જેવો જ ધારી તે દીધો. પરિણામમાં દરદ વધ્યું. સાંજે અમારા ગોર કહે, 'ગોળ એકલો ગરમ, માટે એલચીને ઘીમાં ઘસી લગાવો દો. ઘીમાં સર્વ ગુણ રહેલા છે. હું તો દિવેલ પીવાને બદલે ઘી જ પીઉં છું.'

એલચી ને ઘી લગડાવતો હતો. એટલામાં મારા એક પારસી દોસ્તદાર આવી ચઢ્યા, તે કહે 'અરર! મિસ્ટર આય સું ગોજ્જું કરી મૂક્યું છે! આંખને ઘી ગોરના લવારા કાંય ખવારોછ! એક કાંદો કાપી તેનો રસ લગાડો અને તેનાથી ન મટે તો મને ચાર તમાચા મારજો.'

જેમ તેમ કરી કાંદાની દુર્ગંધ વેઠી મેં એ પણ લગાડ્યો. હવે તો આંજણીના અંદર શા હાલ હતા તે ખબર પડે તેમ નહોતું. દવાઓનાં પડ ઉપરાઉપરી આવી આંખની બાજુ પર એક નાની ડુંગરી બની રહી હતી. તે પર છેવટે આમલીનો કચૂકો પણ લટકાવી દીધો હતો. દરદ થયા કરતું હતું તેથી ખબર પડતી હતી કે આ સર્વ ઈલાજો હજી પોતાનું કાર્ય કરી રહ્યા નહોતા. વેદનાને લીધે હું સૂઈ રહ્યો અને હવે કોઇ પૂછે તો કહેવું નહિ એવો નિશ્ચય કર્યો. એટલામાં મને ઠીક નથી જાણી મારાં એક વિધવા ફોઈ ખબર કાઢવા આવ્યાં. તે કહે ભાઇ તમે ઈંગ્રેજી ભણેલા તે ગણેલા નહિ. હું તો મને કાંઇ પણ થાય ત્યારે જરા લોટ ઘીમાં શેકી ખાઇ લઉં. વાત, કફ, પિત્ત, બધું મને તો એનાથી હઠે છે. જો બદામ હોય તો થોડી નાખું. નહીં તો ઘી ખાંડ ને લોટ તો ઘરમાં હોય જ. તાવ આવે, ઉધરસ થાય કે વા આવે, માથું દુખે, કે સળેખમ થાય પણ મારો તો એક 'પેટં' ઈલાજ છે. પેટમાં દુઃખે તો પણ તે દહાડે નહીં પણ બીજે દહાડે એ ઉપાય કરવો કે દુખવાથી થયેલી અશક્તિ મટે, ફોઇનું લાલ ચણોઠી જેવું શરીર જોતાં એ ઉપાયનું વાસ્તવિકપણું મારા મનમાં ઊતર્યું, વળી શીરાનો સ્વાદ પણ કોને ન ગમે? માટે, બીજા ઉપાય કરતાં ઘણી વધારે ખુશીથી ફોઇનો ઉપાય શરૂ કર્યો અને ઘણા દિવસ ચાલુ રાખ્યો. પણ આંજણી તો કશાને ગાંઠે નહિ. અંતે પાછો દાક્તરને ઘેર ગયો. તેમણે આસિસ્ટંટ પાસે દવાઓનો ડુંગર સાફ કરાવ્યો. એક કલાકે અંદરની આંજણી દેખાઇ, તે પર દાક્તરે નસ્તર મૂક્યું. મને આરામ થયો. મારાં હિતેચ્છુઓએ મારી દયા ખાઈને મારા દુઃખનો ભાર ઓછો કરવા કાળજી રાખી હતી તેમનો જાહેરમાં આભાર માનવાની આ તક લઉં છું.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

Fool મૂર્ખ **આંજણી** આંખની પાંપણના મૂળ આગળ થતી ફોડલી **કોડી** એક જૂનું ચલણ **જવ** એક ધાન્ય **મુનીમ** પેઢીનો મુખ્ય ગુમાસ્તો **ટુચકો** પ્રયોગ, અખતરો **પૂળો મૂકવો** બાળી નાખવું, વ્યર્થ થવું

### વિરુદ્ધાર્થી

**ભોળું** કપટી **સ્વાર્થ** નિઃસ્વાર્થ **કાળજી** નિષ્કાળજી

### તળપદા શબ્દો

**ભંગ** ભાંગ **બેદું** ઈંડું **દા'ડો, દહાડો** દિવસ **વિલાયત** વિદેશ **ઈંગ્રેજી** અંગ્રેજી **સળેખમ** શરદી

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**આંબલી વૃક્ષનું બીજ** કચૂકો **વાઢકાપ કરવાનું હથિયાર** નસ્તર **રૂ પીંજવાનું કામ કરનાર** પીંજારો **અંતિમ ઊપાય કે ઈલાજ** રામબાણ **જેનો પતિ મૃત્યુ પામ્યોછે તેવી સ્ત્રી** વિધવા

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) આંજણી મટાડવા ડૉક્ટરે સલાહ આપી કે...

(A) હું સિંદુર લગાડીને મટાડીશ. (B) હું ચંદન લગાડીને ફોડીશ.

(C) આંજણી પાકી જાય એટલે હું નસ્તરથી ફોડીશ. (D) તુવેરની દાળ લગાડો.

(2) લેખકને શીરો ખાવાની સલાહ કોણે આપી?

(A) વિધવા ફોઈએ (B) ટપાલીએ (C) પારસી દોસ્તદારે (D) મારવાડીએ

(3) ગાંધી-વૈદ્યનું સહિયારું એટલે...

(A) કોઈને પણ છેતરવા નહિ. (B) સ્વાર્થ માટે બે વ્યક્તિનું ભેગા થવું.

(C) અહીં ગાંધીજીની વાત છે. (D) ગાંધી વૈદ્ય એટલે ગાંધીવાદ.

(4) આંજણી મટાડવા ટપાલીએ સલાહ આપી કે...

(A) સિંદુર લગાડો (B) ચંદન લગાડો

(C) ઠંડી દવા લગાડવી (D) તુવરેની દાળ ગરમ કરીને લગાડવી

**2. કારણ આપો :**

(1) ફોઈનો ઉપાય લેખકને વધારે ગમ્યો કારણ કે...

**3. નીચેના પ્રશ્નોના પાંચ-છ લીટીમાં જવાબ આપો :**

(1) લેખકને આંજણી મટાડવા ચશ્માવાળાએ શી સલાહ આપી?

(2) પરોપકારી મનુષ્યોની સલાહનાં પરિણામ વિશે લખો.

**4. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) લેખકને આંજણી મટાડવા તેમના કુટુંબના મિત્રએ શું કહ્યું?

(2) લેખકને આંજણી મટાડવા જૂના મુનીમ ને હજામે કયો ઉપાય બતાવ્યો?

(3) લેખકને કોનો ઉપાય વધારે ગમ્યો? શા માટે?

## ભાષા-અભિવ્યક્તિ

- ગુજરાતના અન્ય હાસ્યલેખકોની કૃતિઓ મેળવી વાંચો.
- આ હાસ્યલેખનું નાટ્યરૂપાંતર કરી વર્ગસમક્ષ એને ભજવો.
- ''ત્યારે, એના ભણતરમાં શું પૂળો મૂકવો?''

'પૂળો મૂકવો', રૂઢિપ્રયોગનો અર્થ આગ ચાંપવી, સળગાવી દેવું એવો થાય છે. અહીં એ ભણતર માટે વપરાયો છે. 'ભણતર' એ સળગાવી શકાય એવો પદાર્થ નથી છતાં આ રચના જ્ઞાન વગરના ભણતર માટે હાસ્ય નિષ્પન્ન

કરવા માટે સક્ષમ થઈ છે તેની નોંધ લો.

'મેં ઘેર જઈ એકવાર ઊભો જવ ..... ધાર્યું.'

જવ આડો કે ઊભો રાખી ઘસવાની વાત તાર્કિક રીતે હાસ્યાસ્પદ છે. છતાં 'ગરજવાનને અક્કલ હોતી નથી.' એવું વર્તન કરી લેખિકા હાસ્ય નિષ્પન્ન કરી શક્યાં છે.

મનુષ્યની વિચિત્રતા કે અતાર્કિકતામાંથી જન્મતા હાસ્ય માટે લેખિકાએ જે કેટલાક વાક્યપ્રયોગ કર્યા છે તેની નોંધ લો :

- તમે છેક ભોળા છો. એ તો ગાંધી-વૈદ્યનું સહિયારું.
- ઊભો નહિ આડો (ઘસજો), મારો તો તેવો અનુભવ છે.
- એ તો હું આંજણી રાણી આજ મારે ઘેર ને કાલે તારે ઘેર.
- દવાઓનો ડુંગર સાફ કરાવ્યો.
- આંખને ઘી ગોરના લાવરા કાંય ખવારોછ !
- ફોઈનું લાલ ચણોઠી જેવું શરીર જોતાં

## શિક્ષકની ભૂમિકા

ગુજરાતી ભાષામાં એક ખૂબ જાણીતી ઉક્તિ છે- 'જીવનમાં સૌથી સહેલું તે બીજાને સલાહ આપવાનું.' આપણા સમાજમાં વણમાગી સલાહ આપનાર વ્યક્તિઓનો તોટો નથી. એવી ટેવ સામેની વ્યક્તિને ફાયદા કરાવવાને બદલે ખૂબ મોટું નુકસાન પણ પહોંચાડી શકે છે તે વાત અહીં વ્યંગ દ્વારા સૂચવાય છે.

વણમાગી સલાહ આપનાર લોકોને કારણે તેનું અંધાનુકરણ કરનાર વ્યક્તિ કેટલી દુઃખી થાય છે તેનું રમૂજી શૈલીમાં આ હાસ્યનિબંધમાં ચિત્રણ થયું છે. સામાન્ય લાગતા વિષયને હાસ્ય નિષ્પન્ન કરે તે રીતે લખવાની કળા વિશે શિક્ષકે વિદ્યાર્થીઓને ઉદાહરણ દ્વારા સમજ આપવી. જીવનમાં હાસ્ય ખૂબ અનિવાર્ય છે. હાસ્યથી ઘણાં દર્દો મટે છે. હાસ્યથેરેપી વિશે પણ નોંધાયું છે. સમગ્ર વિશ્વમાં હાસ્ય કલબો ચાલે છે. આવી માહિતી વિદ્યાર્થીઓને આપી તણાવમુક્ત કેમ થઈ શકાય તે વિશે પ્રેરણા આપવી.

વણમાગી સલાહ માનવાને બદલે જે-તે દર્દ કે તકલીફ માટે તેના નિષ્ણાત ડૉક્ટરની સલાહ લઈ તે સૂચવે તે મુજબ ઉપચાર કરવા સમજાવવું.

●

# 3 જ્યાં જ્યાં વસે એક ગુજરાતી

**ખબરદાર**

**(જન્મ : 6-11-1881, અવસાન : 30-7-1953)**

અરદેશર ફરામજી ખબરદાર- 'અદલ' તેમનું જન્મસ્થળ દમણ હતું. તેઓ જન્મે પારસી, કર્મે વેપારી; પરંતુ જીવ સાહિત્યકારનો હતો. 'કાવ્યરસિકા', 'પ્રકાશિકા', 'વિલાસિકા', 'ભારતનો ટંકાર' તેમના કાવ્યસંગ્રહો છે.

'પ્રભાતનો તપસ્વી', 'સંદેશિકા', 'કલિકા', 'ભજનિકા', 'રાસચંદ્રિકા', 'રાષ્ટ્રિકા', 'કલ્યાણિકા', 'ગાંધીબાપુનો પવાડો', 'કીર્તનિકા' વગેરે સંગ્રહોમાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

ગુજરાતનો મહિમાગાન કરતું ખબરદારનું આ જાણીતું કાવ્ય છે. જગતના કોઈ પણ ખૂણે કે કોઈ પણ દિશામાં જ્યાં એક પણ ગુજરાતી વસે છે, ત્યાં સદાકાળ ગુજરાત હાજરાહજુર છે. ગુજરાતીઓ જ્યાં વસે છે ત્યાં ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખે છે, એનું જતન કરે છે. આ પુણ્યભૂમિમાં કૃષ્ણ, દયાનંદ સરસ્વતી જેવા મહામાનવો જન્મ્યા છે. કવિએ ગુજરાતી લોકો, ભૂમિ અને સંસ્કૃતિને સ્નેહ, શૌર્ય તથા સત્યથી સંચિત કહી છે. આવા ગુજરાતમાં જન્મ થવા બદલ કવિ પોતાના જીવનને સફળ થયેલું માને છે. ગુજરાતી ધરાને કવિ ધન્ય કહીને તેનો જયજયકાર કહે છે.

---

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી
ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત

ઉત્તર દક્ષિણ પૂર્વ કે પશ્ચિમ જ્યાં ગુર્જરના વાસ
સૂર્ય તણાં કિરણો દોડે ત્યાં સૂર્ય તણો જ પ્રકાશ
જેની ઉષા હસે હેલાતી તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત

ગુર્જર વાણી ગુર્જર લહાણી ગુર્જર શાણી રીત
જંગલમાં પણ મંગલ કરતી ગુર્જર ઉદ્યમ પ્રીત
જેને ઉર ગુજરાત હુલાતી તેને સુરવન તુલ્ય મિરાત

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

કૃષ્ણ દયાનંદ દાદા કેરી પુણ્ય વિરલ રસ ભોમ
ખંડ ખંડ જઈ ઝૂઝે ગર્વે કોણ જાત ને કોમ
ગુર્જર ભરતી ઉછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
અણકીધાં કરવાના કોડે અધૂરાં પૂરાં થાય
સ્નેહ શૌર્ય ને સત્ય તણાં ઉર વૈભવ રાસ રચાય

જય જય જન્મ સફળ ગુજરાતી
જય જય ધન્ય અદલ ગુજરાત
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**સદાકાળ** હંમેશા **મહોલાત** મહેલ **વાસ** રહેઠાણ **હેલા** ખેલ, ક્રીડા **લહાણી** શુભપ્રસંગે ભેટની વહેંચણી **ઉદ્યમ** મહેનત, પરિશ્રમ **ઉર** હૃદય, હૈયું **પ્રભાત** સવાર **કોડ** ઈચ્છા **દાદા** (અહીં) દાદાભાઈ નવરોજી

### વિરુદ્ધાર્થી

**પ્રકાશ** અંધકાર **મંગલ** અમંગલ **ઉદ્યમ** આળસ **પૂર્વ** પશ્ચિમ **પુણ્ય** પાપ

### તળપદા શબ્દો

**મિરાત** અમીરાત, દોલત **માત** માતા **ભોમ** ભૂમિ

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) સદાકાળ ગુજરાત ક્યાં જોવા મળે છે?

(A) જ્યાં એક પણ ગુજરાતી રહેતો નથી. (B) જ્યાં અન્ય પ્રદેશના લોકો જ રહે છે.

(C) જ્યાં એક પણ ગુજરાતીએ વસવાટ કર્યો છે. (D) જ્યાં માત્ર પરદેશીઓ જ વસે છે.

(2) આ કાવ્યમાં- ગુજરાતીઓ જંગલમાં મંગલ કેવી રીતે કરે છે?

(A) વૃક્ષો વાવીને (B) નાચ-ગાન કરીને

(C) જંગલમાં વસવાટ કરીને (D) મહેનત પ્રત્યેના પ્રેમના કારણે

(3) કવિ આ ધરતીને કોની કહે છે?

(A) શ્રી કૃષ્ણની (B) સ્વામી દયાનંદની

(C) દાદાભાઈ નવરોજીની (D) ઉપરના A - B - C ત્રણેયની

(4) કવિના હૃદયમાં શેનો વૈભવ રચાય છે?

(A) સ્નેહનો (B) શૌર્યનો (C) સત્યનો (D) ઉપરના A - B - C ત્રણેયનો

(5) નીચેના માંથી કયો શબ્દ 'પ્રફુલ્લ'નો સમાનાર્થી છે?

(A) ઉદાસ (B) આનંદ (C) હતાશ (D) નિરાશ

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) દેવોના ઉપવનસમી અમીરાત કોને પ્રાપ્ત થાય છે?

**3. નીચેના પ્રશ્નનો પાંચ-છ લીટીમાં જવાબ આપો :**

(1) આ કાવ્યના આધારે ગુજરાતીની વિશેષતા જણાવો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- હાલમાં વિદેશમાં વસતા હોય એવા ભારત આવેલા એક ગુજરાતીને મળી વિદેશમાં ગુજરાતને ધબકતું રાખવા ગુજરાતીઓ કઈ-કઈ પ્રવૃત્તિઓ કરે છે એ વિશે માહિતી મેળવો.
- ગુજરાતની વિશિષ્ટતાઓ દર્શાવતા તહેવારો/ લોકજીવન/ સંસ્કૃતિને ધ્યાનમાં રાખી 'ગુજરાત - ગૌરવ'નું પ્રદર્શન તૈયાર કરો.
- ગુજરાતનું ગૌરવ દર્શાવતાં ગીતો ઈન્ટરનેટમાં ટહુકો ડોટ કોમ ઉપર સાંભળો.
- 'માતૃભાષા ગૌરવ દિન'ની ઉજવણી વખતે આ કાવ્યને પ્રસ્તુત કરી શકાય.

## ભાષા-અભિવ્યક્તિ

● 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'

મોર એનાં પીંછે રળિયામણો લાગે તેમ ગુજરાતની નામના ગુજરાતીઓથી છે. એક ગુજરાતીની ક્ષમતા અને કવિની એમાં રહેલી શ્રદ્ધાનું કેવું સરસ શબ્દદર્પણ અહીં રચાયું છે.

● 'ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત'

કાવ્ય પંક્તિમાં 'ગુર્જર' શબ્દનું પુનરાવર્તન અને વાણી, લહાણી, શાણીની પ્રાસસાંકળી કાવ્યપંક્તિને વાચકના દિલમાં અનાયાસ ચિરંજીવ સ્થાન અપાવે છે.

● 'સ્નેહ, શૌર્ય અને સત્ય તણા ઉર વૈભવ રાસ રચાય.'

ગુજરાતના રાસ, ગરબા જગવિખ્યાત છે; પરંતુ અહીં તો સ્નેહ, શૌર્ય અને સત્યની અનોખી રાસલીલાનું કવિ સૂચન કરે છે. ગુજરાતીના દિલમાં રચાતી આ રાસલીલાની કલ્પના જ કેવી અદ્ભુત છે!

● દરેક ગુજરાતીને મન ગુજરાત માટે પ્રેમ છે, એના ગૌરવ માટે કવિ અદલ ગુજરાત, ગુર્જરીની મહોલાત, સુરવન તુલ્ય મિરાત, ઉર ગુજરાત હુલાતી જેવા શબ્દો વાપરે છે જે નોંધનીય બાબત છે.

● આ કાવ્યમાં પ્રાસરચના અનોખી છે. પંક્તિઓમાં કયાંક આદિ, ક્યાંક મધ્ય તો દરેક પંક્તિના અંતે પ્રાસ રચાયા છે. નીચેના પ્રાસ સરસ અને લયબદ્ધ રીતે રચાયા છે તે જુઓ :

| | |
|---|---|
| જ્યાં જ્યાં - ત્યાં - ત્યાં | વાસ - પ્રકાશ - પ્રભાત |
| ભોમ - કોમ | રીત - પ્રીત - મિરાત |
| થાય - રચાય | જંગલ - મંગલ |

## શિક્ષકની ભૂમિકા

ગુજરાતનો અને ગુજરાતી પ્રજાનો મહિમા ગાતું આ કાવ્ય કવિ ખબરદારે લખ્યું છે. કોઈ પણ સ્થળે માત્ર એક જ ગુજરાતી હોય તો પણ ત્યાં ગુજરાતનું વાતાવરણ, રીત-રિવાજ, પરંપરા, ઉત્સવો, સંસ્કૃતિ, સંસ્કાર છતાં થયા વિના રહેતાં નથી. વિશ્વના મોટા ભાગના દેશમાં ગુજરાતીઓ વસ્યા છે અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે તે વાત વિદ્યાર્થીઓને ઉદાહરણો રજૂ કરી સ્પષ્ટ કરવી.

ગુજરાતની વિશેષતાઓ ઉત્સવો, તહેવારો, પરંપરાઓ, રહેણી-કરણી, ખાણી-પીણી, રાસ, ગરબા, હૂડા, આદિવાસી લોકનૃત્યો, ભાતીગળ મેળાઓ (વૌઠાનો, તરણેતરનો, શામળાજીનો વગેરે) વિશેની શક્ય હોય તો સચિત્ર રજૂઆત કરી, વૈવિધ્યસભર પાસાંઓને પ્રગટ કરી સમગ્ર ગુજરાતનું દર્શન રજૂ કરવું.

● 'જય જય ગરવી ગુજરાત'

● 'ગુજરાત મોરી - મોરી રે,'

● 'ગુર્જરીના ગૃહકુંજે ...' જેવાં ગુજરાતનું ગૌરવ રજૂ કરતાં કાવ્યો સંદર્ભ તરીકે સંભળાવી તે અંગે ચર્ચા કરવી.

આ કાવ્યમાં ગુજરાત એ માત્ર ભૌગોલિક બાબત નથી; પરંતુ દરેક ગુજરાતીના હૃદયમાં સ્થાપિત થયેલો સાંસ્કૃતિક ખ્યાલ છે તે સ્પષ્ટ કરવું.

●

# 4 સિંહનું મૃત્યુ

ધ્રુવ ભટ્ટ
(જન્મ : 8-5-1947)

ધ્રુવ ભટ્ટનો જન્મ ભાવનગર જિલ્લાના નિંગાળામાં થયો હતો. તેમનું વતન મોરબી છે. તેમણે બી.કૉમ. સુધીનું શિક્ષણ મેળવ્યું છે. તેમણે પ્રકૃતિ સાથેના મનુષ્યના આત્મીય સંબંધનું ગુજરાતી નવલકથામાં ઉત્તમ આલેખન કર્યું છે. 'સમુદ્રાન્તિકે', 'અગ્નિકન્યા', 'તત્ત્વમસિ', 'અતરાપિ', 'અકૂપાર', 'કર્ણલોક', 'તિમિરપંથી' તેમની નવલકથાઓ છે. 'શ્રૃણવંતુ', 'ગાય તેનાં ગીત' તેમના કાવ્યસંગ્રહો છે. 'ખોવાયેલું નગર' તેમનો કિશોર કથાનો સંગ્રહ છે. તેઓ સાહિત્ય અકાદમી દિલ્હીના પુરસ્કારથી સન્માનિત થયેલા છે.

ધ્રુવ ભટ્ટની 'અકૂપાર' નવલકથામાંથી આ અંશ લેવામાં આવ્યો છે. અકસ્માતે થતું એક સિંહનું મૃત્યુ ગીર પ્રદેશના માણસોને દુઃખથી કેવા ગમગીન બનાવી દે છે, તેનું અહીં આલેખન થયું છે. ગામના પાદરમાં આવેલા પુલ પર રાત્રે બંને બાજુથી આવતી ગાડીઓની લાઇટમાં અંજવાઇ જઈ અંધકાર બાજુ કૂદી પડતા સિંહનું મૃત્યુ થાય છે. મૃત્યુ પામેલા સિંહનો માણસની જેમ અંતિમ સંસ્કાર પણ થાય છે. સિંહના અંતિમ સંસ્કાર નિમિત્તે માત્ર સાસણ જ નહિ આજુબાજુનાં બીજાં દસેક ગામ બંધ પાળીને સિંહના મૃત્યુનો શોક પાળે છે. મનુષ્ય અને પ્રાણીની આત્મીયતાનું આલેખન અનેક રીતે વિશિષ્ટ છે.

---

સાસણ પહોંચ્યો ત્યાં બજાર સૂમસામ જોયું. રસ્તા પર આંટા મારતા ટૂરિસ્ટ કે અમસ્તા ભેગા થયેલા માણસો સિવાય કોઇ નહોતું. પોતપોતાની જિપ્સી ઘરે મૂકી રાખીને બજારમાં ભેગા થયેલા ડ્રાઇવરો એક ઓટલે ટોળું વળ્યા હતા. મારી નજર એહમદ પર પડી. મેં ત્યાં જઈને પૂછ્યું, 'શું છે એહમદ, આજે બધું બંધ કેમ રાખ્યું છે?'

એહમદ ઊભો થઇને ટોળામાંથી બહાર આવ્યો અને મારી સાથે હાથ મેળવીને મારી ખબર પૂછતો હોય તેમ બોલ્યો, 'કેમ છે, ખેરિયત છે ને ?'

'હું તો મજામાં છું; પણ અહીં તમે બધા કેમ નવરા ફરો છો ? દુકાનો પણ બંધ છે. કંઈ થયું છે કે શું ?'

'પરમ દિ રાત્યે આંય પુલ માથેથી સ્હાવજે પડતું મેલ્યું. આજ ઈનીં મૈયત કરી તે ગામ બંધ છે. બપોર કેડે સભા સ્હોત થાવાની સે.'

ઘડીભર મને લાગ્યું કે એહમદ મારી મજાક કરે છે. મેં કહ્યું, 'ગોવિંદભાઈ કહેતા તો હતા, પણ આ પુલ પરથી નીચે! કેવી રીતે થયું ?'

એહમદે બીડી સળગાવી અને મને એક વૃક્ષના ઓટલા તરફ દોરતાં કહ્યું, 'અજાણતાંમાં. ઈ કાંય જોય-જાણીને તો નો પડે !'

કહીને એહમદે વાત માંડી. રાત્રે દસ સાડાદસ થયા હશે અને મેંદરડા તરફથી આવતા કોઈ વાહનના ડ્રાઇવરે વળાંક લેતાં જ જોયું હશે કે પુલ ઉપર કોઈ મોટું પ્રાણી ચાલ્યું જાય છે. આગળ ચાલ્યા જતા પ્રાણીએ પોતાની નિરાંતવી ચાલ અને પાછળ કોણ, શું કરે છે તે તરફની બેદરકારીથી તરત જ પોતાની જાત છતી કરી દીધી. ડ્રાઇવરે પુલ પર જ ગાડી થોભાવીને સાસણમાં રહેતા મિત્રને મોબાઇલ કર્યો, 'આયાં પુલ માથે સ્હાવજ હાલ્યો જાય સે.'

મિત્ર પોતાના જન્મ પછી ક્યારેય ન બનેલી વાત બની હોય તેવું માનવા તૈયાર ન થયો. તેણે કહ્યું, 'એ ભલે. દોયડે બાંધીને લેતો આવ્ય.'

'તારો બાપ આ આગળ હાલ્યો જાય સે.' સામો જવાબ આપ્યો. પછી તરત ડ્રાઇવરનો ચિંતાભર્યો સ્વર સંભળાયો, 'એ...એ... હોય, એ હોય !'

મિત્ર સાથે વાત કરતા ડ્રાઇવરની નજર પુલના સામે છેડેના વળાંકમાંથી આવતા વાહનની હેડલાઇટના શેરડા પર ગઈ કે તેણે ફોન બાજુ પર મૂકી, પોતાના વાહનની હેડલાઇટ ચાલુ-બંધ કર્યા કરીને સામેથી આવતા વાહનને ચેતવવાનું શરૂ કર્યું.

પરિણામે સામેથી વળાંકમાં આવતું વાહન જરા ધીમું તો થયું પણ તેના ડ્રાઇવરને હજી પુલ પર શું છે તે દેખાયું નહોતું. સામેનું વાહન વળાંકમાંથી અચાનક નીકળ્યું અને છેક પુલ સુધી આવી ગયું.

ગામના પાદરામાં ગણાય તેવા પુલ પર સિંહ ચાલ્યો આવતો હોવાની અપેક્ષા તો ઠીક, ધારણા પણ કોને હોય? અચરજ, ભય કે હવે શું થશે તેની કલ્પના, કેટકેટલી મૂંઝવણથી ઘેરાયેલા ડ્રાઇવરે પોતાના વાહનની ધીમી, છતાંય ગતિ રોકવા જોરદાર બ્રેક મારી. ચીં...ઈ...ઈ અવાજ કરીને વાહન પુલ વચ્ચે રોકાઈ ગયું.

એહમદે કહ્યું, 'સ્હાવજ સીધો હાલ્યો ગ્યો હોત તો કાંય થાવાનું નોતું. પણ સાવજ કોને કેય સે ? માણાંના ઘોંઘાટ ને અજવાળાં ઈની મોજમાં નંઈ. ઈનેં તો ઠાઠથી હાલવાની મોજ. ગાડીયું ને માણાં ભાળે ન્યાં આઘો તરીને હાલે.'

એહમદની વાત સાચી હતી. અરણ્યની કેડીઓ પર બંને તરફ તો શું ચારે તરફ વાહનો હોય તો પણ ગીરનો વનરાજ કંઈ પણ પરવા વગર પોતાની મસ્તીમાં વાહનો વચ્ચેથી બેઝિઝક પાર નીકળી જતો મેં જોયો છે. અહીં, પુલ પર સિમેન્ટ, ડામરના રસ્તે તેને નવું લાગ્યું. બેઉ તરફથી આંખો આંજી નાખતા પ્રકાશના શેરડા અને અવાજથી કંટાળીને પ્રકાશહીન વિસ્તારમાં ખસી જવાનું નક્કી કર્યું હોય તેમ શાર્દૂલ પુલની પાળી કૂદીને પેલી તરફ ગયો.

ઘણી વાડીઓના વંડા કુદાવ્યા છે. જંગલખાતાની રક્ષણવાડ પણ સહેલાઈથી વળોટી છે. એ બધાની સરખામણીએ આ ચારેક ફૂટની દીવાલ તો રમત કહેવાય. આ કૂદ્યા કે પેલી તરફના અંધારા ખેતરમાં !

એહમદે પૂરી થયેલ બીડી પથ્થર પર ઘસીને ઠારી. પછી એક તરફ ફેંકીને વાતનું સમાપન કરતો હોય તેમ બોલ્યો, 'દિ હોત તો તો સ્હાવજ વંડીની ઓલીકોર તળિયું નથ્ય ઈ તો ભાળી લેત. દિ હોય તો ઈને સ્હંધી સ્હમજ પડે. આ તો રાત્યે અગ્યાર વાગ્યા'તા. પાસી બેય કોરથી આંખ્યું અંજાય ગઈ. ઈમાં ઈનીં ગણતરી જરાક ખોટી પડી ગઈ.'

પોતાના સામ્રાજ્યમાં ફરતા રાજવીની અદાથી, અભય, મસ્તાન, રઝળપાટ તો સિંહ માટે સહજ છે. તેની આ અદાએ જ તો ભૂતકાળમાં પોતાની પેઢીઓની પેઢીઓને શિકારી સામે સહજ ધરી છે. એ જ શાહી મિજાજથી રહેવા, ચાલવાનો સ્વભાવ ક્યારેક તેને અવાવરુ કૂવાઓમાં ગરકાવ કરી દે છે. અહીં તો નીચે હીરણ હતી.

હીરણનો પથરાળ પટ પણ પોતાનો કાળમીંઢ સ્વભાવ છોડી શકે તેમ ક્યાં હતો. એમ હોત તોપણ ગમે તેટલું ચાહીનેય છેક ઉપરથી આવી પડેલા વનરાજને બચાવે તો કેમ કરીને ? થવાનું હતું તે જ થયું. પડતાં વેંત સિંહનું માથું ફાટી ગયું.

ડ્રાઇવરોએ હતાં તે સાધનોથી નીચે જોવા નિષ્ફળ પ્રયત્નો કર્યા. પછી બૂમો પાડતા જઈને ઊંઘતા ગામને જગાડ્યું. જે કોઈએ આ બનાવ વિશે જાણ્યું તેણે અરેરાટી વ્યક્ત કરી.

તે રાત્રે નદીના પટમાં વન ખાતાની સર્ચ લાઇટો, નદીમાં ઊતરેલી જીપ ગાડીઓનો પ્રકાશ, કિનારે ઊભેલી ઍમ્બ્યુલન્સ, સ્ટ્રેચર લઈને નદીમાં ગયેલા ફૉરેસ્ટરો અને બીટગાર્ડની ટૉર્ચનો પ્રકાશ. એહમદે આ બધું એક વાક્યમાં વર્ણવી દીધું, 'ઘડીક તો અડધી રાતે દિ ઉગાડી દીધો.'

જૂનાગઢથી ડૉક્ટર અને અધિકારીઓએ આવીને પોસ્ટમૉર્ટમ અને બીજી વિધિઓ પૂરી કરી. પછી સવારે સિંહના નશ્વર દેહને અવલ મંજિલે પહોંચાડ્યો.

જગતમાં નહિ તો દેશમાં તો આવો આ પહેલો બનાવ હશે જ્યાં જેને આપણે એક પ્રાણી ગણીએ છીએ તેના અંતિમ સંસ્કાર નિમિત્તે સાસણ જેવું, વિવિધ વરણની વસ્તી ધરાવતું ગામ બંધ રહે. માત્ર સાસણ જ નહિ, હરિપુરા, હીરણવેલ, ચિત્રાવળ, ચિત્રોડ, બોરવાવ, ભોજદે ન જાણે ક્યાં ક્યાંના લોકોએ પોતાનો શોક આ રીતે દર્શાવ્યો.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**સાવજ** સિંહ **મૈયત** મરણ પાછળની વિધિ **અરણ્ય** જંગલ **અભય** ભયથી મુક્ત, ભય વગર **અવાવરુ** બહુ વખતથી વપરાયા વગરનું **ફોરેસ્ટર** જંગલખાતાનો અધિકારી **બેઝિઝક** અચકાયા વિના **શાર્દૂલ** સિંહ **અવલ મંજિલ** દફનક્રિયા

### વિરુદ્ધાર્થી

**બેદરકારી** તકેદારી **પરવા** બેપરવા **શોક** આનંદ

### તળપદા શબ્દો

**સંધી** બધી, સઘળી, તમામ **રાત્ય** રાત, રાત્રિ **આંય** અહીં **મેલ્યું** મૂક્યું **હાલ્યો** ચાલ્યો **આવ્ય** આવ **ઈને** એને **ઓલીકોર** પેલી બાજુ **સ્હોત** પણ **માણાં** માણસો

### રૂઢિપ્રયોગ

**જાત છતી થઈ જવી** જેવું હોય તેવું દેખાઈ જવું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) સાવજ સીધો હાલ્યો ગ્યો હોત તો કાંય - થવાનું નોતું - આ વાક્ય કોણ બોલે છે?

(A) ગામ લોકો (B) ગોવિંદભાઈ (C) એહમદ (D) લેખક

(2) સિંહનું માથું શાથી ફાટી ગયું?

(A) હીરણ નદીના પુલ પરથી નીચે પટકાવાથી (B) ખટારાના વ્હીલમાં આવી જતાં

(C) દીવાલ પડવાથી (D) ખેતરમાં પડવાથી

(3) ડ્રાઈવરે પોતાના મિત્રને ફોન કર્યો કારણ કે..

(A) ગાડીની બૅટરી ઊતરી ગઈ હતી. (B) પુલ ઉપરથી સાવજને ચાલ્યો જતો જોયો હતો.

(C) રાત્રે વાળું કરવાનું બાકી હતું. (D) ડ્રાઈવરને ચા-પાણી પીવા હતા.

(4) 'સિંહનું મૃત્યુ'કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) નવલકથા (B) નવલિકા

(C) નિબંધ (D) નાટક

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.**

(1) સિંહે પુલ ઉપરથી નીચે કૂદકો કેમ માર્યો?

(2) સાસણ અને આજુબાજુનાં ગામમાં બંધ શા માટે પાળ્યો હતો?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) સિંહનું અકાળે મૃત્યુ કેવી રીતે થયું તે વિસ્તારથી વર્ણવો.

(2) સિંહ પ્રત્યેનો ગીરના માણસોનો પ્રેમ તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

● ધ્રુવ ભટ્ટ લિખિત 'અકૂપાર' નવલકથા મેળવીને વાંચો. આ નવલકથા પરથી તૈયાર થયેલ 'અકૂપાર' નાટક શક્ય બને તો જુઓ.

● આ પાઠમાં કયા શબ્દો એવા છે જે તમે પહેલીવાર વાંચ્યા એની યાદી બનાવો.

● ગીરના સિંહ અભયારણ્યની મુલાકાત ગોઠવો.

## ભાષા-અભિવ્યક્તિ

● 'પરમ દિ રાત્યે આંય પુલ માથેથી સ્હાવજે પડતું મેલ્યું' દિ, રાત્ય, આંય, માથેથી, સ્હાવજ, મેલ્યું જેવા તળપદા શબ્દોથી લેખકે સાસણગીરનું દશ્ય સરળ-સહજ રીતે ખડું કરી દીધું છે, જે લેખકની ધ્યાનાકર્ષક ભાષા સિદ્ધિ ગણી શકાય.

● 'આગળ ચાલ્યા જતા... છતી કરી દીધી.'

લેખકનો કસબ અહીં સિંહ માટે 'બેદરકારીથી' શબ્દ વાપરવામાં દેખાય છે. અહીં એ અવગુણ નહિ સિંહનો સહજ ગુણ છે એમ દર્શાવી લેખક સિંહનું બિન્દાસ્ત, બેફિકર વ્યક્તિત્વ ચીતરી આપે છે.

● પોતાના સામ્રાજયમાં ફરતા રાજવીની... સહજ છે.

સિંહના રઝળપાટ માટે લેખકે રાજવી, અભય અને મસ્તાન જેવાં ત્રણ-ત્રણ વિશેષણો યોજ્યાં છે. આ વિશેષણો સિંહના વ્યક્તિત્વને અને લેખકની વર્ણનકલાને ક્ષમતાથી રજૂ કરે છે.

● 'ઘડીક તો રાતે દિ ઉગાડી દીધો.'

રાતે દિવસ ઊગે નહિ અને ઊગે તો રાત રહે નહિ. એ વિરોધાભાસ કેવી ક્ષમતાથી શબ્દચિત્ર રચી શકે છે તેનો ઉત્તમ નમૂનો આ વાક્ય છે.

● 'દેશમાં આવો પહેલો બનાવ' શબ્દોથી લેખક સાસણવાસી ગ્રામજનોની પ્રશંસા તો કરે જ છે પણ દેશવાસીઓ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પણ મૂકી આપે છે જે લેખકની પોતાની સહૃદયતા દર્શાવે છે.

## શિક્ષકની ભૂમિકા

ઓછાં અને ટૂંકાં થતાં જતાં અભયારણ્યોને કારણે જંગલમાં રહેનાર પ્રાણીઓને પૂરતો ખોરાક મળતો નથી. પરિણામે ખોરાકની શોધમાં રહેણાંક વિસ્તારમાં અચાનક આવી જતાં પ્રાણીઓ પોતે અને ત્યાં રહેતા લોકો એકબીજાને કારણે મુશ્કેલીમાં મુકાતા હોય તેવા ઘણા કિસ્સા સમાચાર સ્વરૂપે જાણવા મળે છે. તે માટે ઘટતાં જંગલો અને નિહિત સ્વાર્થ સાધનાર કેટલાક મનુષ્યો પણ જવાબદાર છે તે વાતથી વિદ્યાર્થીઓને અવગત કરવા.

આડેધડ અને તીવ્રગતિથી ચલાવાતાં વાહનોથી રોજ અસંખ્ય અકસ્માતો થાય છે. અહીં અકસ્માત થોડો જુદા પ્રકારનો છે તે સ્પષ્ટ કરવું. સિંહના મૃત્યુના શોકથી આખું ગામ સ્વયં બંધ પાળે તે બાબત ગીરમાં લોકોનો પ્રાણીપ્રેમ વ્યક્ત કરે છે તે સમજાવવું.

ધ્રુવ ભટ્ટ લિખિત 'અકૂપાર' નવલકથાનું નાટ્યરૂપાંતર થયું છે અને તેની રજૂઆતના સફળ પ્રયોગો એકાધિક સ્થળે થયા છે. 'અકૂપાર' નવલકથાની મહત્ત્વની ઘટનાઓનો વિદ્યાર્થીઓને આસ્વાદ કરાવી તે વાંચવા માટે પ્રોત્સાહિત કરવા.

લેખકે કરેલો બોલીનો પ્રયોગ સમગ્ર પ્રસંગને વધુ અસરકારક, વાસ્તવિક અને રોચક બનાવે છે તે વિદ્યાર્થીઓને જણાવવું.

●

# 5 તું તારા દિલનો દીવો

**ભોગીલાલ ગાંધી**

**(જન્મ : 26-1-1911, અવસાન : 10-7-2001)**

ભોગીલાલ ચુનીલાલ ગાંધીનું ઉપનામ 'ઉપવાસી'. તેઓ અરવલ્લી જિલ્લાના મોડાસાના વતની હતા. જેલવાસ દરમિયાન માર્ક્સવાદી સાહિત્યનું વાંચન. ગુજરાત પ્રગતિશીલ લેખકમંડળનું સંચાલન કર્યું હતું. 'વિશ્વમાનવ' માસિકનું સંપાદન દીર્ઘકાળ સુધી કર્યું. 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણીનું સંપાદનએ તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

કવિતા, નવલિકા, નિબંધ, વિવેચન અને અભ્યાસગ્રંથો તથા સંપાદન અને અનુવાદનાં ૮૦ જેટલાં પુસ્તકો આપ્યાં છે.

આ કાવ્યમાં આત્મશક્તિ પ્રગટાવવાની હિમાયત છે. જેમ દીવો પોતાના દીવેલથી જ બળે છે, એમ મનુષ્યે પણ પોતાના બળે જ આગળ વધવાનું છે. ભીતર રહેલી શક્તિઓના બળે આગળ વધે છે, તે જ સાચો પ્રકાશ પાથરી શકે છે. પારકા પાસેથી લીધેલું તેજ કે મદદ આપણા માટે ઉપયોગી નીવડતાં નથી. પારકું તો ખૂટી જાય છે. ખરું તેજ આપણી ભીતર છે. તેમાંથી ખરી રંગમાયા પ્રગટે છે. આભમાં ભલે સૂરજ-ચંદ્રનું ભરપૂર તેજ હોય, આપણે આપણું તેજ પ્રગટાવીશું નહિ ત્યાં સુધી પારકું તેજ આપણાં ખપનું નથી. કવિએ પોતાની ભીતરની શક્તિઓને ઓળખવા અને પ્રગટાવવા પર ભાર મૂક્યો છે. પ્રહ્‌લાદ પારેખનું 'આપણે ભરોસે' કાવ્ય આ કાવ્ય સાથે સરખાવવા જેવું છે.

---

તું તારા દિલનો દીવો થા ને ! ઓ રે ! ઓ રે !ઓ ભાયા!
રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા,
એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા!
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું.

કોડિયું તારું કાચી માટીનું, તેલ દિવેલ છુપાયાં,
નાની શી સળી અડી ન અડી પ્રગટશે રંગમાયા!
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું.

આભમાં સૂરજ ચંદ્ર ને તારા મોટા મોટા તેજરાયા,
આતમનો તારો દીવો પેટાવવા, તું વિણ સર્વ પરાયાં !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**ભાયા** ભાઈ **પારકાં** અન્ય **છાયા** છાંયડો, આશરો, રક્ષણ **સર્વ** બધા **ચંદ્ર** શશી, મયંક, સુધાકર **આભ** આકાશ

### વિરુદ્ધાર્થી

**કાચું** પાકું **પ્રગટાવવું** ઓલવવું, બુઝાવવું **પોતાનાં** પારકાં

### તળપદા શબ્દો

**પરગટવું** પ્રગટવું **આતમ** આત્મા **વિણ** વિના

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) આત્માના દીવા પાસે કોનું તેજ પરાયું લાગે છે?

(A) સૂર્ય, ચંદ્ર, તારા (B) દીવો, સૂર્ય, ગ્રહો

(C) અગ્નિ, તારા, ગ્રહો (D) સૂર્ય, દીવો, ગ્રહો

(2) 'દિલનો દીવો' કાવ્યમાં કોડિયું તારું કાચી માટીનું એટલે શું?

(A) કોડિયું ગારાનું બનેલું નથી. (B) માણસના શરીરની વાત છે.

(C) દિવાળીના કોડિયાની વાત છે. (D) માત્ર કાચી માટીની જ વાત છે.

(3) આ કાવ્યમાં કવિ કયો સંદેશ આપે છે?

(A) પોતાના દિલનો જ દીવો થવાનું કહે છે. (B) બીજાના દિલનો દીવો થવાનું કહે છે.

(C) કોડિયાનો દીવો થવાનું કહે છે. (D) દિવાળીના દીવાની વાત કરે છે.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) પારકું તેજ અને છાયા ઉછીનાં લેવાની કવિ કેમ ના પાડે છે?

(2) કવિ આત્માનો દીવો પ્રગટાવવાની વાત કેમ કરે છે?

**3. નીચેના પ્રશ્નનો છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) માણસમાં રહેલી અસીમ શક્યતાઓને કાવ્યના આધારે વ્યક્ત કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું ભાવવાહી સ્વરે ગાન કરો.
- શ્રી પ્રહ્લાદ પારેખનું 'આપણે ભરોસે' ગીત મેળવી એનું ગાન કરો.
- પ્રેરણાગીતોનો એક હસ્તલિખિત અંક તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- કવિએ અહીં ભાયા, છાયા, પડછાયા, છુપાયા, રંગમાયા, તેજરાયા, પરાયા જેવા પ્રાસસભર શબ્દોથી કાવ્યવેલ ગૂંથી છે.
- કાયાને માટીનું કોડિયુંની ઉપમા સાહિત્યમાં વારંવાર અપાતી રહી છે, પણ કવિની કમાલ કાયામાં જ તેલ, દિવેલ છે - સઘળી ક્ષમતા છે તેથી સળી અડતાં જ તે ઝગમગી ઊઠશે એમ કહેવામાં છે.
- કવિએ માનવીને માટે 'ભાઈ' ને બદલે કરેલું 'ભાયા' જેવું નિકટતાસૂચક સંબોધન પ્રાસસભર અને સુંદર છે. રાજા માટે 'રાય' શબ્દ પ્રચલિત છે. સૂર્ય, ચંદ્ર, તારા પ્રકાશના પર્યાય છે. આથી કવિએ તેમને માટે વાપરેલ 'તેજરાયા' શબ્દ કેટલો ઉચિત અને યોગ્ય છે તે જાણો.

## શિક્ષકની ભૂમિકા

આતમદીપ: ભવ નો બુદ્ધનો સંદેશ આ કાવ્યમાં વ્યકત થયો છે. વ્યક્તિ પોતે જ પોતાનો ઉદ્ધારક છે. અન્ય કોઈને સહારે / આશરે રહેવું અનુચિત છે. નીચે જેવા સંદર્ભો દ્વારા તેને વધુ સમૃદ્ધ રીતે, અસરકારક રીતે સમજાવી શકાય :

- લાવરી અને તેનાં બચ્ચાં (વાર્તા)
- એકલો જાને એકલો જાને રે.. (કાવ્ય)
- 'મારો દીવો તારા ઘરને રોશન કયાં સુધી કરે? દોસ્ત સૌને પોતીકું અજવાળું હોવું જોઈએ.'

**- રઈશ મણિયાર**

આવા સંદર્ભો દ્વારા વિદ્યાર્થીઓને સ્વબળે આગળ વધવા, સજ્જ બનવા પ્રેરણા આપવી. આત્મશ્રદ્ધા, આત્મબળ, આત્મવિશ્વાસ વધે તેવું વાતાવરણ સર્જવું.

સૂરજ, ચંદ્ર, તારા કરતાં પણ વ્યક્તિમાં રહેલું પોતાના આત્માનું અજવાળું વિશેષ પ્રકાશમાન અને શક્તિમાન છે તે સ્પષ્ટ કરવું.

●

# 6 ભાષા જાય તો સંસ્કૃતિ જાય

**ફાધર વાલેસ**

**(જન્મ : 4-11-1925)**

તેમનું પૂરું નામ કાર્લોસ જી વાલેસ. તેમનો જન્મ લાગ્રોનો, સ્પેનમાં થયો હતો. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના અધ્યાપક તરીકેની કામગીરી કરી હતી. 'સદાચાર', 'વ્યક્તિત્વ ઘડતર', 'જીવન દર્શન', 'કૉલેજ જીવન', 'ચારિત્ર્ય યજ્ઞ', 'સંસ્કાર તીર્થ', 'લગ્ન સાગર', 'ગાંધીજી અને નવી પેઢી', 'ધર્મમંગલ', 'સંસાર સાધના' વગેરે તેમના મહત્ત્વના નિબંધ સંગ્રહો છે. તેમના ગુજરાતીમાં સાદગીની શોભા છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો છે.

કાકાસાહેબ કાલેલકરની જેમ જેને 'સવાયા ગુજરાતી' કહી શકાય તેવા ફાધર વાલેસ આ નિબંધમાં ગુજરાતી ભાષાનું વાજબી મહત્ત્વ સ્થાપે છે. જ્યારે કોઈ ભાષા લુપ્ત થાય છે, ત્યારે એની સાથે તે ભાષા બોલનાર સમાજની સંસ્કૃતિ પણ નષ્ટ થાય છે એ વાત આ નિબંધમાં દર્શાવાઈ છે. પરદેશમાં રહેનારા ગુજરાતી લોકોનાં બાળકોને હવે તેમના પપ્પા ગુજરાતી બોલે કે મમ્મી ભારતીય સાડી પહેરે તે ગમતું નથી. લેખક કહે છે કે ભાષાની સાથે સંસ્કૃતિ પણ જાય છે. પરદેશ ખેડવાની સાથે મા-બાપનો વિયોગ, કામનો અતિરેક, ઓછું કૌટુંબિક જીવન, લઘુમતીનાં જોખમ તો છે જ પરંતુ સંસ્કૃતિનો હ્રાસ એ સૌથી મોટું જોખમ છે. ભાષા બચશે તો જ સંસ્કૃતિ બચશે એ વિચારને લેખકે સચોટ રીતે આ નિબંધમાં મૂક્યો છે.

---

મારી લંડનની એક મુલાકાત દરમિયાન હું એકવાર એક ગુજરાતી મિત્રને ઘેર એની સાથે વાતચીત કરતો હતો. અમે બંને ગુજરાતીમાં વાતો કરતા હતા. એમાં મિત્રનો મોટો દીકરો આવ્યો, કંઈક કહેવા ગયો પણ અમને ગુજરાતીમાં વાત કરતા જોઈને એ જરા ઊભો રહ્યો, મોં ઉપર અણગમો બતાવ્યો, પછી મારી હાજરીમાં જ પોતાના બાપને અંગ્રેજીમાં કહ્યું : 'ફાધરની સાથે શું કામ ગુજરાતીમાં બોલો છો? એમને અંગ્રેજી આવડે છે.' અને ગુસ્સાથી પીઠ ફેરવીને ત્યાંથી ચાલી ગયો.

બીજા ઘરમાં અમે બધાં બહાર જવા માટે તૈયાર થતાં હતાં. ક્યાંક ફરવા જવાનો કાર્યક્રમ હતો. એમની મમ્મી આવી. એણે એક સુંદર સાડી પહેરેલી હતી. મોટો છોકરો એની પાસે ગયો અને લાડ અને ફરિયાદના મિશ્ર અવાજે બોલ્યો: 'મમ્મી, સાડી ન પહેરે તો ન ચાલે? તું સાડી પહેરે એ મને બિલકુલ ગમતું નથી. જરા ડ્રેસ બદલી આવો ને...' મમ્મીએ એને પંપાળ્યો અને મારી તરફ દુ:ખદ નજરે જોયું. સાડી તો નહિ બદલી.

ત્રીજા એક ઘરમાં બહેનોનું મિલન હતું એની શરૂઆત પ્રાર્થનાથી કરવાની હતી. મેં સૂચવ્યું હતું કે 'અસત્યો માંહેથી' પ્રાર્થના સૌ બોલીએ, પણ યુવાન લોકોમાં કોઈને એ પ્રાર્થના મોંઢે ન હતી. સંકોચ તો ન હતો, પણ આવડતી જ ન હતી, પછી બોલે શી રીતે? છેવટે એક મોટી બહેને શરૂ કરી અને અમે બધાંએ ઉપાડી.

ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે, અને દુનિયાના શ્રેષ્ઠ પ્રાર્થના સંગ્રહોમાં એનું અગ્રસ્થાન છે. ગુજરાતની કોઈ પણ સ્કૂલના વિદ્યાર્થીઓને આ પ્રાર્થના મોઢે છે જ અને વિનાસંકોચે એ બોલી શકે. પણ પરદેશની એ ગુજરાતી બાળાઓને એ આવડતી ન હતી. બોલાવીએ તો બોલે, પણ પોતાની મેળે ન બોલે.

સાડી પણ પશ્ચિમના ભદ્ર સમાજમાં એક રુચિકર, પ્રતિષ્ઠિત, કલાત્મક વેશ ગણાય અને ભારતીય સ્ત્રીઓ એમની આગવી છટાથી સાડી પહેરીને આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં જાય ત્યારે ખૂબ શોભે અને ખૂબ વખણાય.

સાડી ખરેખર શોભે છે અને પરદેશમાં પણ એની પ્રતિષ્ઠા છે, પણ પોતાની મમ્મી સાડી પહેરે એ પેલા લંડનવાળા ગુજરાતી છોકરાને ગમતું નથી.

અને મોટી વાત તે ભાષાની. પોતાના બાપને ગુજરાતીમાં બોલતા સાંભળીને દીકરાને ગુસ્સો ચડે તો પોતે ગુજરાતીમાં બોલશે ખરો? વાંચશે ખરો? વાપરશે ખરો ? થોડું ઘણું ગુજરાતી તો એને આવડે છે. નાનપણથી ઘેર સાંભળતો અને સ્કૂલમાં કે સ્કૂલની બહાર થોડું પણ શીખતો. અત્યારે એ ગુજરાતી સમજે છે, અશુદ્ધ બોલે અને નહિ લખે એવી પરિસ્થિતિ છે. પરદેશમાં દેશી ભાષા સચવાતી નથી.

આફ્રિકાના એક મુલકમાં ગુજરાતીઓની વચ્ચે ગુજરાતી ભાષાને ટકાવવા એક પ્રયોગ કર્યો છે. ગુજરાતી

લખવામાં ઘણાંને તકલીફ પડે (અરે, આપણનેય હો !) માટે સરળ જોડણી અને સરળ નિયમો અપનાવ્યાં છે. બધી ઈ દીર્ઘ અને બધા ઉ હ્રસ્વ. જોડાક્ષર નહિ. અનુસ્વાર નહિ અને કોઈ ભૂલ હોય તોય ભૂલ નહિ ગણાય. સારી સગવડ છે અને ઉદારતા છે. પ્રયોગ પાછળનો હેતુ પણ શુભ છે અને યોગ્ય છે; પરંતુ એથી કંઈ વળવાનું નહિ. ગુજરાતીને સરળ બનાવવાથી ગુજરાતી ટકવાનું નહિ. દીર્ઘ હ્રસ્વનો સવાલ નથી. ક ખ ગ ઘનો સવાલ છે. એટલે કે આખી ભાષાનો સવાલ છે. એ જાય તો જાય, અને ટકે તો ટકે. ને પરદેશમાં એ નહિ ટકે.

પરદેશના ગુજરાતીઓના આમંત્રણથી તેઓ વસે છે એવા અનેક દેશમાં હું ગયો છું. એમની જોડે રહ્યો છું, ચર્ચાઓ કરી છે, વ્યાખ્યાનો આપ્યાં છે. એમને સીધી વાત કરવાની હજુ સુધી મારી હિંમત ચાલતી ન હતી. મને બોલાવે, બધી સગવડ કરી આપે, ઉત્તમ આતિથ્ય કરે, એટલે હું સૌને સારું સારું લગાડીને બોલતો અને ગુજરાતીને ટકાવવા જે કંઈ પ્રયત્ન કરે તે ખૂબ વખાણતો : જરૂર ઘરમાં નાના છોકરાઓની જોડે ગુજરાતી બોલે, સ્કૂલમાં એનો અભ્યાસ દાખલ કરાવી શકો તો કરાવો, અને ન બની શકે તો સ્કૂલના સમય પછી સ્કૂલના મકાનમાં ભણાવો, દેશથી ગુજરાતી માસિકો મંગાવો, ગુજરાતીમાં પ્રવચનો ગોઠવો ,ગુજરાતી ભજનો ગાઓ, એ રીતે જરૂર ગુજરાતી ભાષાનું ગૌરવ સાચવી શકશો અને એના લાભ તમને મળતા રહેશે. હવે હિંમત આવી ગઈ છે એટલે સીધું કહું છું : આ બધું સારું છે, પણ નકામું છે. એટલે કે એથી ગુજરાતી તમારે ત્યાં ટકવાનું નથી ને એનું ગૌરવ સચવાવાનું નથી ને એના લાભ મળવાના નથી. ખોટી ભ્રમણા ન સેવો. ગુજરાતી તમારાં ઘરોમાંથી જાય જ છે. બહુ બહુ તો એક-બે પેઢી થોડું રહેશે. બે પેઢી પછી નામનિશાન નહિ રહે એ હકીકત છે એ જાણવી જોઈએ અને કહેવી જોઈએ. ખોટું આશ્વાસન આપવા એકબીજાને સારું લગાડવાનો પ્રયત્ન વ્યર્થ જ છે.

હમણાં પરદેશ જઈ આવેલા એક આત્મીય ગુજરાતી સાક્ષરની સાથે વાતચીત થતી હતી એમાં આ વાત નીકળી. તેઓ ભારપૂર્વક કહેતા : 'પરદેશમાં વસતા આપણા ભાઈઓએ જેમ તેમ કરીને ગુજરાતીનું જ્ઞાન ચાલુ રાખવું પડશે, નહિ તો એ લોકો નરસિંહ-મીરાંને, અરે, સુન્દરમ્-રાજેન્દ્ર-મકરંદને કેવી રીતે વાંચશે?' મેં ધીરેથી કહ્યું: 'વાંચતા જ નથી. અને મીરાં, નરસિંહ વિશે તો હજીય જાણે, પણ સુન્દરમ્, રાજેન્દ્ર, મકરંદ વિશે પરદેશમાં જન્મેલા ગુજરાતી યુવાનોને પૂછો તો એમનાં નામ પણ સાંભળ્યાં નહિ હોય. પછી વાંચવાની વાત કયાં રહી !'

કોઈ કહેશે કે ભાષા જાય તો ભલે જાય. એમાં શું? ને અંગ્રેજી ક્યાં ખોટી ભાષા છે કે બીજીની જરૂર પડે ! ગુજરાતી જાય તો ભલે જાય. ચલાવી લઈએ.

ભાષા જાય એનું દુ:ખ છે પણ ભાષા જાય ત્યારે એનું બીજું અને મોટું દુ:ખ અને ચિંતા છે કે ભાષા જાય ત્યારે એકલી નહિ જાય. ભાષા જાય, માતૃભાષા જાય, દેશની અને કુટુંબની અને બાપદાદાઓની ભાષા એ કુટુંબના સભ્યોમાંથી જાય, એની આવડત જાય, એની સમજણ જાય, એનો ઉપયોગ જાય ત્યારે એની સાથે મૂળ દેશની સાથેનો સંપર્ક જાય, વારસાગત સંસ્કૃતિ સાથેનો સંપર્ક જાય, સંસ્કારો જાય, મૂળિયાં જાય, ઇતિહાસનો અને ભૂતકાળનો અને હૃદયનો એક કટકો જાય. એ મોટી ખોટ છે.

ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી. એની સાથે ઓતપ્રોત છે, વણાયેલી છે, એક થયેલી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે. એક પ્રયોગ કરવો હોય તો ગીતાજીનાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તમે ગુજરાતીમાં બોલો (અને સંસ્કૃત આવડે તો સંસ્કૃતમાં) ત્યારે દિલમાં અનેરા આનંદ, શાંતિ, સાત્ત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજીમાં વાંચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાનો પ્રભાવ છે. ભાષાનું જોર છે. તે જે સંસ્કૃતિમાંથી આવી છે એની સાથે એકરૂપ થયેલી હોય છે, માટે એ જો જાય તો એના સંસ્કારો પણ ઘસડીને લઈ જાય.

ગુજરાતી ભાષા જાય તો સંસ્કૃતિને પણ સાથે લઈ જાય. એ કંઈ ઓછું જોખમ નથી.

મારી મૂળ વાત ફરી એક વાર સ્પષ્ટ કહું. તમે પરદેશમાં ન જાઓ એમ હું નથી કહેતો. ત્યાં ન રહો એમ પણ નથી કહેતો. તમારી ઇચ્છા હશે તો જરૂર જશો અને જરૂર રહેશો. પણ જશો તો પૂરો વિચાર કરીને જશો, રહેશો તો પૂરો વિચાર કરીને રહેશો. શું મળે અને શું જાય, શો લાભ છે અને શું નુકસાન છે, શાની આશા છે, અને શાનો ચોક્કસ ભારે મોટો ભોગ છે એ બરાબર જોજો. જમા ખાતે ઠીક રકમ છે, પણ ગયા ખાતે કંઈ ઓછી રકમ નથી. બંને

પક્ષ બરાબર તપાસજો. પછી જવું હોય તો જરૂર જજો પણ આંખો બંધ કરીને નહિ જાઓ. બીજાઓના અનુકરણથી, ફૅશનના જોરથી, પૈસાના મોહથી, પ્રતિષ્ઠાની ભૂખથી તો નહિ જાઓ. અને સાચા કારણથી જવાનો વિચાર કરશો ત્યારે પણ જવાથી કેવા ગેરલાભ છે એનો પણ પૂરો ખ્યાલ કરો. માબાપનો વિયોગ, કામનો અતિરેક, ઓછું કૌટુંબિક જીવન, લઘુમતીનાં જોખમ, સંસ્કૃતિનો હ્રાસ. યાદ રાખો કે તમને પ્રિય છે એવી કેટલીક વસ્તુઓ તમારે માટે નહિ તો તમારા દીકરાઓ માટે તો જશે. મમ્મીની સાડી જશે. પપ્પાની ભાષા જશે. ઉપનિષદની પ્રાર્થના પણ જશે. એ તમને ગમશે ખરું?

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**મુલક** પ્રદેશ **ભદ્ર** સભ્ય **પ્રતિષ્ઠા** આબરૂ **વ્યર્થ** નકામું **ઓતપ્રોત** એકબીજા સાથે વણાઈ ગયેલું **તટસ્થ** મક્કમ **સ્થિતપ્રજ્ઞ** જેની બુદ્ધિ સ્થિર છે એવું, જ્ઞાની **સાત્ત્વિકતા** સત્ત્વવાળું **આતિથ્ય** મહેમાનગતિ

### વિરુદ્ધાર્થી

**ગમો** અણગમો **હાજરી** ગેરહાજરી **સુખદ** દુઃખદ **મિલન** વિરહ **ભદ્ર** અભદ્ર **સરળ** કઠિન **સગવડ** અગવડ **ઉત્તમ** અધમ **વખાણ** નિંદા **નફો** નુકસાન **ચોક્કસ** અચોક્કસ **સાક્ષર** નિરક્ષર **ઈચ્છા** અનિચ્છા

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) પિતાને ગુજરાતીમાં બોલતા સાંભળીને દીકરાને કઈ લાગણી થાય છે?

(A) દીકરો હરખાય છે. (B) દીકરાને ગુસ્સો ચડે છે.

(C) દીકરો પણ ગુજરાતીમાં બોલવા લાગે છે. (D) દીકરો પિતાને શાંતિથી સાંભળે છે.

(2) ગુજરાતી ભાષા જવાથી લેખકને કયો ભય દેખાય છે?

(A) ભારતીય સંસ્કૃતિ જવાનો (B) અંગ્રેજી ભાષા શીખવાનો

(C) અન્ય સંસ્કૃતિના તિરસ્કારનો (D) કશો જ ભય દેખાતો નથી.

(3) ગીતાજીનાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ગુજરાતીમાં બોલતી વખતે શો અનુભવ થાય એમ લેખક કહે છે?

(A) કશો જ અનુભવ થતો નથી.

(B) દિલમાં અનેરો આનંદ, શાંતિ અને સાત્ત્વિકતાનો અનુભવ થાય છે.

(C) અશાંતિ અનુભવાય છે.

(D) કશી જ સમજ પડતી નથી.

(4) ઉપનિષદની વિશ્વવિખ્યાત પ્રાર્થના 'અસત્યો માંહેથી'નો ઉલ્લેખ કયા પાઠમાં છે?

(A) વારસાગત (B) છબી ભીતરની

(C) ભાષા જાય તો સંસ્કૃતિ જાય (D) સો ટચનું સોનું

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) વિદેશમાં ગુજરાતી ભાષાને ટકાવી રાખવા માટેના લેખકનાં સૂચનોની નોંધ કરો.

(2) પરદેશ જવામાં લેખકને કયો ગેરલાભ દેખાય છે?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) લંડન મુલાકાતના લેખકના અનુભવો વર્ણવો.

(2) 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' આ વાક્યની સમજ આપો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ગુજરાતી ભાષાની સજ્જતા કેમ વધે એ માટે એક ચર્ચાસભાનું આયોજન કરો.
- તમારી માતૃભાષા જાળવવા તમે શું કરશો? તમારા વડીલો તથા શિક્ષકો પાસેથી એનું માર્ગદર્શન મેળવો.
- તમે જ્યારે પણ અજાણ્યો શબ્દ , રૂઢિપ્રયોગ, અજાણી કહેવત કે તળપદો પ્રયોગ સાંભળો ત્યારે નોંધી લો અને તમારા શિક્ષકની મદદથી જોડણીકોશમાંથી એનો અર્થ જાણવાનું ગોઠવો.

## ભાષા-અભિવ્યક્તિ

● ''એમને સીધી વાત કરવાની હજુ સુધી મારી હિંમત ચાલતી ન હતી.'', ''હવે હિંમત આવી છે એટલે સીધું કહું છું.''

ભાષાના આડંબર વિના કે શૃંગાર વિના કહેવાયેલ સીધી-સાદી વાત પણ કેટલી અસરકારક હોઈ શકે એનો ખ્યાલ આ વાક્યો આપે છે. કોઈને પણ કશું કહેતા પહેલાં હિંમત જોઈએ એટલે કે લાંબો વિચાર કરવો જોઈએ એનો ઈશારો પણ અહીં અપાયો છે.

● 'ભાષા જાય, માતૃભાષા જાય... ખોટ છે'

ભાષા કે માતૃભાષા જાય તો સાથે શું શું જાય તેનું ગહન ચિંતન અહીં રજૂ થયું છે, પરંતુ ગદ્યખંડમાં જાય... જાય... જાય...નું જે પુનરાવર્તન થયું છે તે ગદ્યખંડને કાવ્યાત્મક ગદ્ય બનાવે છે. નાનાં નાનાં વાક્યો પરસ્પર કડીની જેમ અહીં જોડાયેલાં છે. સમજણ, સંસ્કાર, સંપર્ક જેવા યથોચિત શબ્દોનો વર્ણાનુપ્રાસ પણ અહીં રચાયો છે તે ધ્યાનથી જુઓ.

● ભાષા જવાથી થનાર નુકસાનની માત્રા 'જાય...' ના પુનરાવર્તન દ્વારા વાચક-ભાવકના મનમાં તીવ્ર સ્વરૂપે રજૂ કરવામાં લેખક સફળ રહ્યા છે તે અનુભવો.

## શિક્ષકની ભૂમિકા

આજે અનેક લોકો પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવાનો આગ્રહ રાખે છે. પરદેશ મોલકવાની તમન્ના સેવે છે. ભણે અહીં અને પરદેશ જઈને નોકરી કરે પરિણામે ભણાવવા માટે રાષ્ટ્રે કરેલા ખર્ચનું વળતર આપણા દેશને મળતું નથી. તે માટેનું મુખ્ય કારણ પરદેશમાં અહીંના કરતાં વધુ પૈસા મળે છે. પરિણામ એ આવે છે કે અહીંનું યુવાધન પરદેશ જઈ તે દેશને ફાયદો કરાવે છે અને પોતાના દેશને નુકસાન. પરદેશ જવાથી કદાચ પૈસા વધુ મળતા હશે પણ તેની સામે ઘણુંબધું ગુમાવવાનું છે તે બાબત પણ વિદ્યાર્થીઓને સમજાવવવી.

પરદેશ જવાથી આપણી માતૃભાષા અને તેની સાથે જોડાયેલાં સંસ્કૃતિ, સંસ્કાર, પરંપરા વગેરે પણ જોખમમાં મુકાય છે તે સ્પષ્ટ કરવું.

હાલ ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે જે પ્રયત્નો થઈ રહ્યા છે તેનાથી વિદ્યાર્થીઓને વાકેફ કરી ગુજરાતી ભાષાને ટકાવી રાખવા માટે શું શું કરી શકાય તેની ચર્ચા કરવી.

ફાધર વાલેસ પરદેશ (સ્પેન)ના વતની હોવા છતાં ગુજરાતી ભાષાની આટલી ચિંતા કરે છે તો ગુજરાતી તરીકે આપણી માતૃભાષાને ટકાવી રાખવાની મોટી જવાબદારી છે આ અંગે વિદ્યાર્થીઓને વિચારતા કરવા માટેનું વાતાવરણ સર્જવું.

●

# વ્યાકરણઃ સમાનાર્થી, વિરુદ્ધાર્થી, સ્વર-વ્યંજન, જોડણી

## સમાનાર્થી

નીચેનાં વાક્યો વાંચો :

(1) આફ્રિકાના એક મુલકમાં ગુજરાતી ભાષાને ટકાવવા એક પ્રયોગ કર્યો છે.

(2) આફ્રિકાના એક પ્રદેશમાં ગુજરાતી ભાષાને ટકાવવા એક પ્રયોગ કર્યો છે.

(3) આફ્રિકાના એક વિસ્તારમાં ગુજરાતી ભાષાને ટકાવવા એક પ્રયોગ કર્યો છે.

અહીં તમે જોઈ શકો છો કે વાક્ય-1.માં 'મુલક' શબ્દ પ્રયોજાયો છે. વાક્ય-2.માં 'પ્રદેશ' અને વાક્ય-3.માં 'વિસ્તાર' શબ્દ પ્રયોજાયા છે. જ્યારે તમે સમાનાર્થી શબ્દો જાણતા હોવ ત્યારે કોઈ એક બાબતને જુદી જુદી રીતે રજૂ કરી શકો છો. જેમકે, 'સૂર્ય' શબ્દના 'આદિત્ય, મિહિર, રવિ...' વગેરે જેવા સમાનાર્થી જાણતા હોવ તો તમારા જવાબ, અર્થવિસ્તાર, નિબંધ આદિમાં તેનો ઉપયોગ કરી શકો છો. અહીં તમારી કૃતિમાં આવતા કેટલાક શબ્દોના સમાનાર્થી આપ્યા છે. આ શબ્દોનો અભ્યાસ કરો, તમારી ભાષાને વધુ સમૃદ્ધ બનાવો અને તમારા ઉત્તરમાં, લખાણમાં ઉપયોગ કરો.

અંતરિક્ષ - અંબર, આકાશ, આભ, ગગન, નભ, વ્યોમ

અંધકાર - અંધારુ, તમસ

અકસ્માત્ - અચાનક, અણધાર્યું, એકદમ, એકાએક, ઓચિંતુ

અક્ષિ - આંખ, ચક્ષુ, દૃગ, નયન, નેત્ર, લોચન

અગ્નિ - અનલ, પાવક, વહ્નિ, હુતાશન

અજવાળું - ઉજાસ, પ્રકાશ

અઢળક - અતિશય, અત્યંત, ખૂબ, પુષ્કળ

અનુચર - ચાકર, દાસ, નોકર, સેવક

અભરખો - અભિલાષા, ઈચ્છા, કામના, કોડ

અભિલાષા - અભીપ્સા, આકાંક્ષા, ઈચ્છા, એષણા, કામના, મનોરથ, સ્પૃહા

અમી - અમૃત, પીયૂષ, સુધા

અમીર - તવંગર, ધનવાન, ધનિક, પૈસાદાર

અરવિંદ - ઉત્પલ, કમળ, પંકજ, પદ્મ, પુંડરિક, રાજીવ

અવાજ - ઘોષ, નાદ, નિનાદ, રવ

અસુર - દાનવ, દૈત્ય, રાક્ષસ

આદિત્ય - ભાનુ, મિહિર, રવિ, સૂરજ, સૂર્ય

આબરૂ - કીર્તિ, ખ્યાતિ, નામના, શાખ

આવાસ - ઘર, નિકેતન, નિવાસ, ભવન, વાસ, સદન

ઉદ્યમ - પુરુષાર્થ, મહેનત, શ્રમ

ઉર - કાળજું, દિલ, હૃદય, હૈડું, હૈયું

કંગાળ - ગરીબ, દરિદ્ર, દીન, નિર્ધન, રંક

કાયા - તન, દેહ, શરીર

| | | |
|---|---|---|
| કિરણ | - | રશ્મિ, કર |
| ઘાસ | - | તરણું, તૃણ |
| ચંદ્ર | - | ઈન્દુ, મયંક, શશાંક, શશી, સુધાંશુ, સુધાકર, સોમ |
| ચોખ્ખું | - | નિર્મળ, વિમલ, વિશુદ્ધ, સાફ, સ્વચ્છ |
| જંગલ | - | અરણ્ય, કાનન, રાન, વન |
| જનની | - | મા, માતા |
| જવનિકા | - | પડદો, ચક |
| તમામ | - | બધું, સંપૂર્ણ, સર્વ |
| દરિયો | - | અબ્ધિ, ઉદધિ, જલધિ, વારિ, વારિધિ, સમુદ્ર, સાગર |
| દાન | - | સખાવત, ખેરાત |
| દેવ | - | દેવતા, સુર |
| ધરતી | - | અવની, ધરા, ધરિત્રી, પૃથ્વી, વસુંધરા, વસુધા, ભૂમિ, ભોમ, ભોંય |
| પંખી | - | ખગ, ખેચર, પક્ષી, વિહંગ, વિહગ |
| પથ્થર | - | પહાણ, પાષાણ |
| પહાડ | - | અદ્રિ, ગિરિ, નગ, પર્વત, શેલ |
| પાણી | - | ઉદક, જળ, તોય, નીર, વારિ, સલિલ |
| ફૂલ | - | કુસુમ, ગુલ, પુષ્પ, સુમન |
| મબલખ | - | અતિશય, અત્યંત, ખૂબ, પુષ્કળ |
| રાત | - | નિશા, યામિની, રજની, રાત્રિ, વિભાવરી, શર્વરી |
| લોહી | - | રક્ત, રુધિર, શોણિત |
| વૃક્ષ | - | ઝાડ, તરુ, દ્રુમ, પાદપ |
| સુગંધ | - | ખુશબો, પરિમલ, ફોરમ, મહેક, સૌરભ |
| સૂર્ય | - | આદિત્ય, દિનકર, ભાનુ, ભાસ્કર, રવિ, સવિતા, મિહિર |
| સોનું | - | કનક, કાંચન, સુવર્ણ, હેમ |

## વિરુદ્ધાર્થી

નીચેનાં વાક્યો વાંચો :

(1) આ એક એવી જગ્યા છે જ્યાં નાના-મોટા, ગરીબ-તવંગર સહુને આવવાનું હોય છે.

(2) નંદનંદનભાઈએ દુનિયાની લીલી અને સૂકી બન્ને જોઈ હતી.

(3) એમણે જીવનમાં ટાઢ અને તાપ બન્ને વેઠ્યાં હતાં.

ઉપરનાં વાક્યો વાંચ્યા ? તમને ખ્યાલ આવ્યો કે વાક્ય-1.માં તો ‘સહુએ આ જગ્યાએ આવવાનું હોય છે.’ એવું કહ્યું હોત તો પણ અર્થ સમજાત. પણ અહીં ‘નાના-મોટા, ગરીબ-તવંગર’ ઉમેરીને અર્થને વધુ સચોટ રીતે રજૂ કરવામાં આવ્યો. આ સચોટતા આવી યોગ્ય રીતે પ્રયોજાયેલ વિરુદ્ધાર્થીને કારણે. તમે બીજું અને ત્રીજું વાક્ય વાંચો - ‘લીલી-સૂકુ’ અને ‘ટાઢ-તાપ’ના વિરુદ્ધાર્થી દ્વારા ‘જીવનના તમામ રંગો જોયા છે’ની અસરકારક રજૂ થઈ છે.

હવે નીચેનું વાક્ય વાંચો :

- હું ભલે ભણી નથી, પણ મારા દીકરાને ભણાવીશ.

આ વાક્યના નકારને દૂર કરવો હોય. નિષેધ વાચક વાક્યનું વિધેયવાક્યમાં રૂપાંતર કરવાનું હોય તો?

હું ભલે અભણ હોઉં, પણ મારા દીકરાને ભણાવીશ.

હવે નીચેનું વાક્ય વાંચો :

અત્યારે એ ગુજરાતી સમજે છે પણ અશુદ્ધ બોલે છે.

આ વિધેય વાક્યને નકારમાં ફેરવવું હોય તો ?

અત્યારે એ ગુજરાતી સમજે છે પણ શુદ્ધ બોલતા નથી.

તમે જોયું કે વાક્યને વધુ સચોટ રીતે રજૂ કરવા, વિધેયમાંથી નિષેધ કે નિષેધમાંથી વિધેયવાક્યમાં ફેરવવા માટે વિરુદ્ધાર્થી શબ્દનો પ્રયોગ ઉપયોગી નીવડે છે.

આપણા ભાષાસામર્થ્યને વધારવા માટે વિરુદ્ધાર્થી શબ્દો જાણવા જોઈએ. આવા કેટલાક વિરુદ્ધાર્થી શબ્દો નીચે મુજબ છે :

**કેટલાંક વિશેષણો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અઘરું | × | સહેલું | અઢળક | × | અલ્પ, થોડું |
| અબોલ | × | બોલકું | અમીર | × | ગરીબ |
| ઉછીનું | × | રોકડું | ઉત્તમ | × | અધમ |
| ઉદ્યમી | × | આળસુ | ઊનું-ઉષ્ણ-ગરમ | × | શીળું - શીતળ - ઠંડું |
| કડવું | × | મીઠું | કાચું | × | પાકું |
| ખરું | × | ખોટું | દૂર, આઘું | × | પાસે, નજીક |
| નાનું | × | મોટું | નિશ્ચિત | × | અનિશ્ચિત |
| નૂતન | × | પ્રાચીન, પુરાણું | પરિણીત | × | અપરિણીત |
| પહેલું | × | છેલ્લું | પારકું | × | પોતાનું |
| ભદ્ર | × | અભદ્ર | ભોળું | × | કપટી |
| મંગલ | × | અમંગલ | મજબૂત | × | તકલાદી |
| મૂંગુ | × | વાચાળ | મૂર્ખ | × | ડાહ્યું |
| યોગ્ય | × | અયોગ્ય | વધારે | × | ઓછું |
| વિધવા | × | સધવા | સફળ | × | નિષ્ફળ |
| સરળ | × | કઠિન | સુખદ | × | દુ:ખદ |
| સ્પષ્ટ | × | અસ્પષ્ટ | હલકું | × | ભારે |

**કેટલીક વિરુદ્ધાર્થી સંજ્ઞા :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અંધકાર | × | પ્રકાશ | આકર્ષણ | × | અપાકર્ષણ |
| આકાશ | × | પાતાળ | આશા | × | નિરાશા |
| ઇચ્છા | × | અનિચ્છા | ઉત્સાહ | × | નિરૂત્સાહ |
| ઉદય | × | અસ્ત | ઉદ્યમ | × | આળસ |
| ઉન્નતિ | × | અવનતિ | | | |
| કાળજી | × | નિષ્કાળજી | કીર્તી | × | અપકીર્તિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ખરીદ | × | વેચાણ | ગમો | × | અણગમો |
| જય | × | પરાજય | દેવ | × | દાનવ |
| ધ્યાન | × | બેધ્યાન | નફો | × | નુકસાન |
| પાપ | × | પુણ્ય | પ્રગતિ | × | અવગતિ |
| ભરતી | × | ઓટ | ભીતર | × | બહાર |
| મિલન | × | વિરહ | રાગ | × | દ્વેષ |
| લાભ | × | ગેરલાભ | વક્તા | × | શ્રોતા |
| વખાણ | × | નિંદા | વિવેક | × | અવિવેક |
| શાપ | × | આશીર્વાદ | શિખર | × | તળેટી |
| સગવડ | × | અગવડ | સર્જન | × | વિસર્જન |
| સુગંધ | × | દુર્ગંધ | સ્મિત | × | રુદન |
| સ્મૃતિ | × | વિસ્મૃતિ | સ્વદેશ | × | પરદેશ |
| હાજરી | × | ગેરહાજરી | હિત | × | અહિત |

આ જ રીતે ક્રિયાપદમાં પણ વિરુદ્ધાર્થી જોઈ શકાશે. કેટલાક ક્રિયાપદો ઉદાહરણ રૂપે નીચે આપ્યાં છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| વેચવું | × | ખરીદવું | ખીલવું | × | કરમાવું |
| પ્રગટાવવું | × | બૂઝાવવું | સળગાવવું | × | ઓલવવું, ઠારવું |
| ઉગવું | × | આથમવું | ફૂલવું | × | સંકોચાવું |

વિરુદ્ધાર્થી શબ્દોનો યોગ્ય ઉપયોગ કરીને તમારી ભાષાઅભિવ્યક્તિને વધુ અસરકારક બનાવવાનો પ્રયત્ન કરજો.

## કોશક્રમ

મિત્રો, તમે English Alphabet જાણો છો ? તમને થશે કે આ તો કેવો સવાલ ! પણ હવે તમને કોઈ એમ પૂછે કે તમે ગુજરાતી કક્કો જાણો છો ? તો તમે માથું ખંજવાળવા લાગશો. બરાબરને ! અને તમને એમ પણ થશે કે હવે કક્કો ન આવડે તો શું ફેર પડે ?

તમને કોઈ શબ્દ ન આવડતો હોય ત્યારે તમે શું કરો છો ? Dictionary જુઓ છો ? દા.ત. તમારે Authorisation શબ્દનો અર્થ જાણવો છે. તો તમે શું કરશો ? પહેલા A અક્ષર જોશો, પછી A અક્ષરના જૂથમાં au શોધશો, પછી au ના ક્રમમાં t સુધી જઈને aut શોધશો - એમ તમે મૂળ શબ્દ તરફ આગળ વધશો. હવે જો તમારે ગુજરાતી શબ્દનો અર્થ શોધવો હોય તો તમે શું કરશો ? કોશના એક-એક પાના તો ન ઉથલાવાય ને ? તેના માટે ક્રમ ખબર હોવો જોઈએ ને ! તમે કક્કો પહેલાં ભણી ગયા છો. ચાલો, ફરી એક વાર નજર નાંખીએ.

**ગુજરાતી સ્વરો :**

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

**ગુજરાતી વ્યંજન :**

| | | | | |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | |
| ચ | છ | જ | ઝ | |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ |
| ય | ર | લ | વ | |
| | શ | ષ | સ | |
| | | હ | ળ | |

સ્વરક્રમ અનુસાર વ્યંજન કેવી રીતે લખાય, તે તો તમે પહેલાં ભણી જ ગયા છો. પણ એક વાર માત્ર નજર નાખીએ :

ક, કા, કિ, કી, કુ, કૂ, કૃ, કે, કૈ, કો, કૌ, કં, કઃ

યાદ છે ને!

તમને જો થોડોઘણો કક્કો યાદ હશે તો તમને થશે કે આમાં 'ક્ષ' અને 'જ્ઞ' તો નથી. સાચી વાત છે. આમાં 'ત્ર' પણ નથી. કારણ કે આ મૂળભૂત વ્યંજનો નથી. આ જોડાક્ષરો છે.

ક્ષ - ક્ + ષ્ + અ

જ્ઞ - જ્ + ઞ્ + અ

ત્ર - ત્ + ર્ + અ

તમને થશે કે 'જ્ઞ' તો આપણે 'ગ્ + ન્ + ય્ + અ' જેવો ઉચ્ચાર કરીએ છીએ. (વળી, હિન્દીમાં તો ग् + य् + अ જેવો ઉચ્ચાર કરીએ છીએ.) તો પછી 'જ્ - ઞ્ - અ'-નો જોડાક્ષર શા માટે ? કારણ કે ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઉતરી આવે છે. તેથી આ સ્વર, વ્યંજન, જોડાક્ષર આદિના અભ્યાસમાં સંસ્કૃત અભ્યાસનો આધાર લેવાય છે.

હવે તમે ફરીથી પેલા જોડાક્ષર લખો.

ક્ષ - ક્ + ષ્ + અ

તો 'ક્ષ' અક્ષરનો ક્રમ ક્યાં શોધી શકાય ? 'ક' પછી. બરાબર ? એટલે કોશ માટે ક્રમ જોવાનો હોય તો -

ક (ક્ષ) ખ ગ ઘ

એ જ રીતે 'જ્ઞ' જોડાક્ષર જોઈએ તો - 'જ્ - ઞ્ - અ' છે તેથી-

ચ છ જ (જ્ઞ) ઝ

'ત્ર'નો જોડાક્ષર જોઈએ તો 'ત્ - ર્ - અ' છે તેથી-

ત (ત્ર) થ દ ધ

હવે, આપણે આ કોશક્રમમાં શબ્દોને જોઈએ ?

સોનું, જ્ઞાતિ, હરિ, પંખી, ત્રણ, લઘુ, ઘર, નવસર્જન, દીવો, ક્ષેત્ર

આ શબ્દોના પ્રથમ અક્ષર જુઓ : સ, જ્ઞ, હ, પ, ત્ર, લ, ઘ, ન, દ, ક્ષ. હવે આપણે જોયેલા વ્યંજનના ક્રમ અનુસાર આ શબ્દોને ગોઠવીએ : ક્ષ, ઘ, જ્ઞ, ત્ર, દ, ન, પ, લ, સ, હ - બરાબર ? તો હવે આ ક્રમમાં શબ્દો ગોઠવીએ ?

ક્ષેત્ર, ઘર, જ્ઞાતિ, ત્રણ, દીવો, નવસર્જન, પંખી, લઘુ, સોનું, હરિ બરાબર? આ ક્રમમાં ગોઠવી શક્યા ? ચાલો, બીજા શબ્દોને કોશક્રમમાં ગોઠવીએ ?

અખતરો, અતિશય, અણગમો, અઢળક, અડધું, અગાશી, અગવડ

અહીં તમે જુઓ છો તેમ બધા અક્ષરનો પહેલો અક્ષર 'અ' સ્વર છે. તેથી હવે બીજો અક્ષર જોવો પડે. દરેક શબ્દના બીજા અક્ષર જોઈએ તો - ખ, તિ, ણ, ઢ, ડ, ગા, ગ - છે. આ અક્ષરોને કક્કાના ક્રમ અનુસાર જોઈએ તો- ખ, (ગા-ગ), ડ, ઢ, ણ, તિ. બરાબર ? હવે, આ 'ગા' અને 'ગ'માંથી પહેલા કયો આવે ? તો એના માટે સ્વરનો ક્રમ જોવો પડે. સ્વરના ક્રમ અનુસાર 'અ' પછી 'આ' આવે. તેથી પહેલા 'ગ' પછી 'ગા' આવે. બરાબર?

હવે, આ શબ્દોને ક્રમમાં ગોઠવીએ...

અખતરો, અગવડ, અગાશી, અડધું, અઢળક, અણગમો, અતિશય.

ખ્યાલ આવ્યો ?

બીજા શબ્દોને ક્રમમાં ગોઠવીએ ?

કઠિન, કોડ, કોઠી, કિરણ, કાળજી, કામના, કાચું, કપટ

આમાં પણ પહેલાં અક્ષર સમાન જ છે. પણ તેના સ્વરમાં ભેદ છે. ક, કો, કિ, કા, - બરાબર ? તો પહેલા આ સ્વર પ્રમાણે ગોઠવીએ-

ક - કઠિન, કપટ

કા - કાળજી, કામના, કાચું

કિ - કિરણ

કો - કોટ, કોઠી

હવે બીજા અક્ષર પ્રમાણે ગોઠવીએ :

કઠિન, કપટ, કાચું, કામના, કાળજી, કિરણ, કોટ, કોઠી. સમજાયું ને!

હવે નીચેના શબ્દોને ક્રમમાં ગોઠવીએ :

અબોલ, ઓરસિયો, ઊનું, ઉદય, ઉછીનું, આભ, આબરુ, ઈશુ,

પહેલા પહેલો અક્ષર જુઓ, તેનો ક્રમ ગોઠવી બીજો અક્ષર જુઓ, તેના વ્યંજન સ્વરના ક્રમ ગોઠવો અને ત્યાર બાદ શબ્દો કોશક્રમમાં ગોઠવો. ગોઠવ્યા ? ચાલો જોઈએ.

અબોલ, આબરુ, આભ, ઈશુ, ઉછીનું, ઉદય, ઊનું, ઓરસિયો

કેટલાક સ્વાધ્યાય કરીએ ?

(1) હળ, પાણી, ગુજરાત, ખુરશી, ક્ષણ, સસલું, તેલ, ગરમ, ખનીજ, કોડિયું.

(2) શિયાળો, બહાર, દાતરડું, જ્ઞાન, ગરીબ, વસંત, પહાણ, ટોળું, ગેરલાભ, ખોટું

(3) ત્રાસ, શીતળ, હીરો, સુગંધ, કિલ્લો, શીરો, ક્ષમા, શાપ, વિસર્જન, સાવજ

ઉત્તર જોઈએ :

(1) કોડિયું, ક્ષણ, ખનીજ, ખુરશી, ગરમ, ગુજરાત, તેલ, પાણી, સસલું, હળ

(2) ખોટું, ગરીબ, ગેરલાભ, જ્ઞાન, ટોળું, દાતરડું, પહાણ, બહાર, વસંત, શિયાળો

(3) કિલ્લો, ક્ષમા, ત્રાસ, વિસર્જન, શાપ, શીતળ, શીરો, સાવજ, સુગંધ, હીરો

હવે તમે કોશક્રમ અનુસાર શબ્દો ગોઠવી શકો ? અર્થ કે જોડણી જોવા માટે તમે કોશનો ઉપયોગ કરી શકો ને !

## જોડણી

મિત્રો, સામાન્ય રીતે 'જોડણી' વિશે અભ્યાસ કરવાની વાત આવે ત્યારે સ્વાભાવિક રીતે જ હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ' અને 'ઉ-ઊ' યાદ આવે. કારણ કે તેમાં ખૂબ ભૂલો થાય છે. પરંતુ, જોડણી માત્ર 'ઇ-ઈ' કે 'ઉ-ઊ' પૂરતી જ મર્યાદિત નથી. જેમકે, નીચેનાં વાક્ય વાંચો :

(1) ક. રામ વનમાં ગયા.

(1) ખ. રામ વાનમાં ગયા.

(2) ક. ચીનને અન્ય દેશોને શસ્ત્રો વેચવામાં રસ છે.

(2) ખ. ચીનને અન્ય દેશોને શાસ્ત્રો વેચવામાં રસ છે.

(3) ક. બારી બંધ રાખજો, નહિતર કાગળો ઊડશે.

(3) ખ. બારી બંધ રાખજો, નહિતર કાગડો ઊડશે.

(4) ક. એમણે શેરબજારમાં લાખો રૂપિયા ગૂમાવ્યા.

(4) ખ. એમણે શેરબજારમાં લાખો રૂપિયા ઘૂમાવ્યા.

(5) ક. આજે મોનાનો જન્મદિવસ હતો. તે ઉપહાર માટે તેની મમ્મીની રાહ જોતી હતી.

(5) ખ. આજે મોનાનો જન્મદિવસ હતો. તે ઉપાહાર માટે તેની મમ્મીની રાહ જોતી હતી.

ઉપરનાં વાક્યો ધ્યાનથી વાંચો : તેમાં નીચેના શબ્દો ખાસ વાંચો :

વાક્ય-(1) વન-વાન

વાક્ય-(2) શસ્ત્ર-શાસ્ત્ર

વાક્ય-(3). કાગળો-કાગડો

વાક્ય-(4) ગૂમાવવું - ઘૂમાવવું

વાક્ય-(5) ઉપહાર - ઉપાહાર

અહીં તમે જુઓ કે હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ' કે 'ઉ-ઊ' સિવાય 'અ-આ', 'ળ-ડ', 'ગ-ઘ' વગેરે સ્વર-વ્યંજનનો ભેદ છે. અને તેમાં રહેલો અર્થભેદ સમજાય એવો છે. તમને ખ્યાલ આવે છે કે સંદર્ભને યોગ્ય શબ્દ ન મૂકાય તો અર્થ ન મળે અથવા જુદો અર્થ મળે. જન્મદિવસે કોઈ 'ઉપહાર' (ભેટ)ની રાહ જુએ કે 'ઉપાહાર' (નાસ્તા)ની રાહ જુએ?

ભાષાનો ઉપયોગ આપણે અવગમન (કોમ્યુનિકેશન) માટે કરીએ છીએ. જો અવગમન જ ખોટું થાય તો તે ભાષાપ્રયોગનો શો અર્થ ? આવો, અહીં આવા કેટલાક શબ્દોનો પરિચય મેળવીએ. જેની જોડણી હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ' કે 'ઉ-ઊ' પર આધારિત નથી. પણ, જોડણી તો જોડણી છે. યોગ્ય રીતે લખાવી જોઈએ.

બરાબર ?

| શબ્દ | અર્થ | શબ્દ | અર્થ |
|---|---|---|---|
| **અકસ્માત્** | એકાએક, ઓચિંતુ | **અકસ્માત** | હોનારત |
| **અધર** | હોઠ | **અદ્ધર** | ટેકા વિના |
| **અપેક્ષા** | ઈચ્છા, આશા | **ઉપેક્ષા** | તિરસ્કાર, ધ્યાન ન આપવું |
| **અબજ** | સંખ્યા (સો કરોડ) | **અજબ** | અદ્ભૂત, આશ્ચર્યકારક |
| **અભિનય** | વેશ ભજવવો તે | **અભિનવ** | તદ્દન નવું |
| **અસ્ત્ર** | ફેંકવાનું હથિયાર (દા.ત.ભાલો) | **શસ્ત્ર** | હાથમાં પકડીને લડવાનું હથિયાર (દા.ત. તલવાર) |
| **આજ** | આજે | **આ જ** | 'આ' સિવાય બીજું નહીં |
| **આરસ** | સંગેમરમર | **આળસ** | સુસ્તી |
| **ઈનામ** | બક્ષિસ, ભેટ | **ઈમાન** | શ્રદ્ધા, આસ્થા |
| **કઠોર** | કઠણ, નિર્દય | **કઠોળ** | દાળ પડે એવું દ્વિદળ અનાજ |
| **કેશ** | વાળ | **કેસ** | મુકદ્દમો |
| **ક્ષુધા** | ભૂખ | **સુધા** | અમૃત |

| | | | |
|---|---|---|---|
| **ગણ** | ટોળું, સમૂહ | **ઘણ** | મોટો હથોડો |
| **ગૃહ** | ઘર | **ગ્રહ** | સૂર્યની આસપાસ ફરતો આકાશીય ગોળો; 'પ્લૅનેટ' |
| **ગોર** | પુરોહિત | **ગોળ** | આકાર |
| **ગોર** | પુરોહિત | **ઘોર** | બિહામણું |
| **ડામ** | ગરમ ગરમ વસ્તુ ચામડી ઉપર ચાંપી દેવી તે | **દામ** | પૈસા, કિંમત |
| **ઢાલ** | પ્રહાર-ઝટકો ઝીલવાનું ચામડાનું એક સાધન (2) રક્ષક વસ્તુ | **ઢાળ** | ઢોળાવ, ઉતાર |
| **દોશી** | કાપડ વેચનારો ફેરિયો, એક અટક | **ડોશી** | ઘરડી સ્ત્રી |
| **દોશી** | કાપડિયો | **દોષી** | દોષવાળું, અપરાધી |
| **ધન** | દોલત, પૈસો, સમૃદ્ધિ | **ધણ** | ગાયોનું ટોળું |
| **નિધન** | મૃત્યુ | **નિર્ધન** | ગરીબ, કંગાળ |
| **પરિણામ** | ફળ | **પરિણામ** | માપ |
| **પોશ** | ખોબો | **પોષ** | ગુજરાતી મહિનો, વિક્રમ સંવતનો ત્રીજો મહિનો |
| **પ્રણામ** | નમસ્કાર | **પ્રમાણ** | માપ |
| **પ્રસાદ** | નૈવેદ્ય, કૃપા | **પ્રાસાદ** | મહેલ, ભવન |
| **બોલવું** | ઉચ્ચારવું, કહેવું | **બોળવું** | પ્રવાહીમાં ડુબાવવું |
| **ભરવું** | ખાલી હોય તેમાં મૂકવું, (2) સંઘરવું (અનાજ) | **ભળવું** | ભેગું મળી જવું |
| **ભવન** | મકાન | **ભુવન** | લોક |
| **મન** | દિલ, ઇચ્છા | **મણ** | ચાળીસ સેરનું તોલ, (20 કિલો) |
| **મરવું** | મૃત્યુ પામવું | **મળવું** | ભેગા થવું, જડવું |
| **માન** | આબરૂ, પ્રતિષ્ઠા | **માણ** | ગાગર |
| **રન** | ક્રિકેટની રમતનો આંક | **રણ** | રેતાળ વિસ્તાર |
| **લક્ષ્ય** | ધ્યેય, હેતુ | **લક્ષ** | લાખ |
| **શત** | સો | **સત** | સત્ય |
| **શાલ** | ઓઢવાનું ગરમ વસ્ત્ર | **સાલ** | વર્ષ |
| **શ્રીમંત** | પૈસાદાર | **સીમંત** | અઘરણી (આવનાર બાળકને આશિષ મળે તે માટે સાતમા-આઠમા મહિને સગર્ભા સ્ત્રીનો ખોળો ભરવાનો વિધિ) |
| **સાંભળવું** | શ્રવણ કરવું | **સાંભરવું** | યાદ કરવું |
| **સ્વગત** | મનમાં કહેવું | **સ્વાગત** | સત્કાર કરવો |

લખતી વખતે ક્યારેક 'ળ'નો 'ર' થઈ જાય કે 'દ'નો 'ડ' થઈ જાય તો અર્થ બદલાઈ જાય, અક્ષર-ધ્વનિનો ક્રમ બદલાય તો પણ અર્થ બદલાઈ જાય, બરાબર ? યોગ્ય ઉચ્ચાર અને સંદર્ભ અનુસાર યોગ્ય શબ્દ બોલાય કે લખાય

તો જ યોગ્ય અર્થ વ્યક્ત થઈ શકે.

યોગ્ય અર્થ સંદર્ભે અનુસ્વારનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ઉદાહરણ માટે નીચે કેટલાક શબ્દો આપ્યા છે, જેમાં અનુસ્વાર સહિત અને અનુસ્વાર વિના લખતા અર્થ બદલાય છે.

| **અનુસ્વારરહિત** | **અર્થ** | **અનુસ્વારસહિત** | **અર્થ** |
|---|---|---|---|
| **ઉદર** | પેટ | **ઉંદર** | એક પ્રાણી |
| **કૂચી** | | ગલી, મહોલ્લો | કૂંચી ચાવી |
| **ખાધ** | ખોટ | **ખાંધ** | ખભો |
| **ચૂક** | ભૂલ, કસર | **ચૂંક** | પેટની આંકડી (૨) નાની ખીલી |
| **જગ** | જગત | **જંગ** | યુદ્ધ |
| **નિશ્ચિત** | નક્કી કરેલું | **નિશ્ચિંત** | ચિંતા વગર |
| **બગલો** | એક પક્ષી, નર બગલું | **બંગલો** | એક પ્રકારનું મકાન |
| **ભાગ** | હિસ્સો | **ભાગ** | ગાંજાનાં કળી, પાંદડાં |
| **ભાગવું** | નાસવું | **ભાંગવું** | તોડવું |
| **મહી** | દહીં, પૃથ્વી | **મહીં** | અંદર |
| **મૂડી** | પૂંજી, ધન | **મૂડી** | માથું |
| **મે** | અંગ્રેજી પાંચમો મહિનો | **મેં** | ‘હું’નું સકર્મક ભૂતકાળનું રૂપ |
| **સારુ** | માટે | **સારું** | સરસ |

અનુસ્વાર લખીએ કે ન લખીએ તો અર્થ બદલાઈ શકે, તે તમે ઉપરના શબ્દોમાં જોઈ શકશો. અનુસ્વાર વ્યાકરણ સાથે પણ સંકળાય છે. પણ તેની વાત પછી ક્યારેક.

સાચી જોડણી લખવાના વિચારથી જ ચિંતા થવા લાગે છે, હેં ને! પણ મિત્રો, તમને ખબર છે કે કેટલાક શબ્દો એવા પણ છે જેમાં એકથી વધુ જોડણી સાચી ગણાય છે. તમને તો હવે ગુજરાતી કોશ (ડિક્ષનરી) જોતાં આવડે છે. તમે ગૂજરાતી વિદ્યાપીઠના ‘સાર્થ જોડણીકોશ’માં જોઈને ખાતરી પણ કરી શકો છો. તો એવા કેટલાક શબ્દો જોઈએ, જેની એકથી વધુ જોડણી સાચી ગણાય છે :

| | | |
|---|---|---|
| અગાશી | અગાસી | |
| અવની | અવનિ | |
| ઈશુ | ઈસુ | |
| કિંમત | કીમત | |
| ખર્ચ | ખરચ | |
| ખુરશી | ખુરસી | |
| ગુજરાતી | ગૂજરાતી | |
| ઢીંગલી | ઢિંગલી | |
| ભૂમિ | ભૂમી | |
| રાત્રિ | રાત્રી | |
| વાચન | વાંચન | |
| વિનતિ | વિનંતિ | વિનંતી |
| હમેશ | હંમેશ | હંમેશા |

| | | |
|---|---|---|
| અડધું | અરધું | અર્ધું |
| ઈર્ષા | ઈર્ષ્યા | |
| ઉંદર | ઊંદર | |
| ખનીજ | ખનિજ | |
| ખિસ્સું | ખીસું | |
| ગુજરાત | ગૂજરાત | |
| જોશી | જોષી | |
| નહીં | નહિ | |
| મુઝવણ | મુંઝવણ | મૂંઝવણ |
| રાષ્ટ્રીય | રાષ્ટ્રિય | |
| લૂંટ | લૂટ | લૂટ |
| શાપ | શ્રાપ | |

તમે જોડણી વિશે કેટલીક નવી વાતો જાણી હશે. પણ મઝા પડી ? હા, તો હવે કેટલીક જોડણી તમારા માટે સહેલી થઈ જશે.

# 7 નવસર્જનની વાટે

બાલમુકુન્દ દવે

(જન્મ : 7-3-1916, અવસાન : 28-2-1993)

બાલમુકુન્દ મણિશંકર દવે. વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં તેમનો જન્મ થયો હતો. તેમણે 'નવજીવન'માં પ્રૂફરીડર તરીકે લાંબો કાળ કામ કર્યું હતું. 'ધ્રુવાખ્યાન' તેમની આખ્યાનની ઢબમાં લખાયેલ કૃતિ છે. 'પરિક્રમા', 'કુંતલ' તેમના ધ્યાનપાત્ર કાવ્યસંગ્રહો છે. 'સોનચંપો', 'અલ્લકદલ્લક', 'ઝરમરિયાં' તેમના બાળગીતોના સંગ્રહો છે.

બાલમુકુન્દ દવેની આ ગીત રચના છે. આ પૃથ્વી ઉપર કશુંક નવું, ચિરસ્થાયી રચી જવાનો ઉત્સાહ આ ગીતમાં વ્યક્ત થયો છે. મોહમાયા ફગાવી, જૂઠી કીર્તિના મોહમાં પડ્યા વગર, આળસ-નિરાશાને હટાવી અજબ આશા અને ઉત્સાહથી આ પૃથ્વી ઉપર જ સ્વર્ગ સર્જવાની નેમ આ ગીતના કેન્દ્રમાં છે. મનુષ્યોનાં ઉત્તમ કામોથી જ આ પૃથ્વી રંગભરી એટલે કે સુંદર બનશે તેવું કવિએ સૂચવ્યું છે.

---

નવસર્જનની વાટે વિહરતા<br>
અમે પ્રગતિના પંથના પ્રવાસી,<br>
ઉર આશા ઉલ્લાસ ભરી ભમતા<br>
અમે નૂતન યુગના પ્રવાસી.

નીંદ આળસ નિરાશા હટાવશું,<br>
વેરઝેર અમે મિથ્યા મિટાવશું,<br>
અમે વિચરતા વગડાના વાસી,<br>
અમે નૂતન યુગના પ્રવાસી.

મોહમાયાના ફંદને ફગાવીશું<br>
જૂઠી કીર્તિના ભૂતને ભગાડશું,<br>
અજબ આશાનાં સ્વપ્ન સજાવીશું,<br>
અમે પૃથ્વી પર સ્વર્ગને ઉતારશું<br>
હવે રહેશો નહિ કો ઉદાસી<br>
અમે રંગીન ધરાના રહેવાસી,<br>
અમે નૂતન યુગના પ્રવાસી.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**નવસર્જન** નવીન સર્જન કરવું **મિથ્યા** નકામું, વ્યર્થ **ફંદ** જાળ **પંથ** રસ્તો, માર્ગ **ધરા** પૃથ્વી, ધરતી

### વિરુદ્ધાર્થી

**સર્જન** વિસર્જન **પ્રગતિ** અધોગતિ **ઉલ્લાસ** નિરાશા **નૂતન** પુરાણું **કીર્તિ** અપકીર્તિ **આશા** નિરાશા

### તળપદા શબ્દો

**વાટ** રસ્તો

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) નવસર્જનની વાટે વિહરતા લોકો માટે નીચેનામાંથી કયું વિધાન બંધ બેસતું છે?

(A) પ્રગતિમાં માનતા નથી. (B) તે હમેશાં સૂતા રહે છે.

(C) પ્રગતિના પંથના પ્રવાસી છે. (D) તે બેસી રહેનારાં છે.

(2) ધરતીને કવિએ કેવી કહી છે?

(A) બેહૂદી (B) કાળી (C) કદરૂપી (D) રંગીન

(3) નવસર્જનની વાટે વિહરનાર વ્યક્તિના હૃદયમાં શું જોવા મળે છે?

(A) આશા (B) ઉલ્લાસ (C) નિરાશા (D) ઉપરનાં A અને B બંને.

(4) નવસર્જનની વાટે ચાલનારને નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) જૂઠી કીર્તિના ભૂતને ભગાડવાની (B) અજબ આશાનાં સ્વપ્ન સજાવવાની

(C) પૃથ્વી ઉપર નર્ક ઉતારવાની (D) મોહમાયાના ફંદને ફગાવવાની

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) કવિ પૃથ્વી ઉપર સ્વર્ગ કઈ રીતે ઉતારવા માગે છે?

**3. નીચેના પ્રશ્નનો છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) નૂતન યુગના પ્રવાસી કેવા હોય?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

● તમે તમારી શાળામાં શું શું નવું કરી શકો તેનાં સૂચનોની યાદી તૈયાર કરો અને તમારા વર્ગશિક્ષકને આપો.

● તમારા ગામમાં શાનું નવસર્જન કરવા જેવું છે તેની યાદી તૈયાર કરી આચાર્યશ્રીને આપો.

## ભાષા-અભિવ્યક્તિ

● ''નૂતન યુગના'' અને 'પ્રગતિ પંથના' જેવા શબ્દો પ્રવાસી માટે વાપરી તેની વિશેષ અને વિશિષ્ટ ઓળખ આપવામાં કવિ સફળ થયા છે.

● વિવિધરંગી પોશાકોવાળી, ફળ-પુષ્પો, પ્રાણીઓવાળી ધરતી માટે કવિ 'રંગીન' જેવું એક જ વિશેષણ વાપરી અલ્પમાં અધિકનું સૂચન કરે છે. કવિતા એ ટૂંકમાં ઘણું કહેવાની કળા છે તે સમજો.

● 'વાટે વિહરતા' અને 'પ્રગતિના પંથના પ્રવાસી' ના વર્ણાનુપ્રાસથી કાવ્યને લયબદ્ધતાથી શરૂ કર્યું છે. એ લય 'અમે વિચરતા વગડાના વાસી', 'અજબ આશાનાં સ્વપ્ન સજાવીશું'માં ઝિલાતો રહ્યો છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

નવર્સજન કરવાનું કાર્ય કપરું જરૂર હશે પણ અશક્ય નથી. તે માટે નીચે દર્શાવેલ ગુણો-લક્ષણો હોવાં જરૂરી છે :

● આળસ, નિરાશા અને વેરઝેરનો ત્યાગ

● ઉત્સાહ સાથે નૂતન અભિગમનો સ્વીકાર

● એકતા અને સમાનતાની ભાવના

● મોહમાયા અને કીર્તિથી અલિપ્ત રહેવાની તૈયારી

● અશક્યને શક્ય કરી બતાવવાનું સામર્થ્ય

● સતત સ્વપ્નદૃષ્ટા બનીને આત્મવિશ્વાસથી કાર્ય કરનારને સફળતા મળે છે તે બાબત વિદ્યાર્થીઓને જણાવી, તે માટે પ્રોત્સાહિત કરવા.

●

# 8 આભાર

**ઉશનસ્**

**(જન્મ : 28-12-1920, અવસાન : 6-11-2011)**

નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્'. તેમનો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામે થયો હતો. તેમણે અધ્યાપક અને આચાર્ય તરીકે કામગીરી કરી હતી. 'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા', 'મનોમુદ્રા', 'તૃણનો ગ્રહ', 'સ્પંદ અને છંદ', 'કિંકિણી', 'ભારત દર્શન', 'અશ્વત્થ', 'રૂપના લય', 'વ્યાકુલ વૈષ્ણવ', 'પૃથ્વીને પશ્ચિમ ચહેરે' અને 'શિશુલોક' તેમના કાવ્યસંગ્રહો છે. તેમની સમગ્ર કવિતા 'સમસ્ત કવિતા' નામે પ્રગટ થઈ છે. 'સદ્‌માતાનો ખાંચો' તેમની સ્મરણ કથા છે.

તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્ય અકાદમી દિલ્હીના પુરસ્કારો એનાયત થયા હતા.

સૉનેટ કાવ્ય સ્વરૂપમાં કવિ પોતાની અનુભૂતિ ચૌદ પંક્તિની મર્યાદામાં વ્યક્ત કરતો હોય છે અને અંતિમ બે પંક્તિઓમાં સમગ્ર કાવ્યભાવ વ્યક્ત કરતી અસરકારક ચોટ સિદ્ધ કરતો હોય છે. આ સૉનેટમાં કવિએ આધુનિક યંત્રયુગને ચિત્રાત્મક રીતે મૂક્યો છે. માનવજાતે કુદરતથી મોં ફેરવી લીધું છે પણ કુદરતે તેનો આદિમ મહિમા ગુમાવ્યો નથી. કવિ પ્રકૃતિ તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે. કાવ્યની પ્રથમ પંક્તિમાં જ કવિ લખે છે, 'અમે તો આકાશો ભણી પીઠ કરી'તી ને ભીંત ચણી હતી. છતાં અમારા ઘરની છેક ભીતર હજુ પણ કબૂતરો, હોલા અને ચકલીઓ આવે છે. રસોડામાં તેમના દ્વારા પડતાં તણખલાં, તેમની ચીં ચીં, ટહુકા અને ખરેલા પીંછાઓથી કવિને ખૂબ સારું લાગે છે. હજુ સારું છે કે ભીંતની તરડમાં પૂછ્યા વગર જ ઘાસ ઊગે છે. આમ માણસે ઊભી કરેલી કૃતક - કઠોર ભીંતોને તોડીને પણ પ્રકૃતિ તેની પાસે દોડી આવે છે. અંતિમ બે પંક્તિઓમાં આખા કાવ્યની ચોટ ધારદાર રીતે વ્યક્ત કરતાં કવિ લખે છે, માટીએ તેનામાં હજી પેલાં આદિમ મૂળો સાચવી રાખ્યાં છે. જેથી વાડ-છોડે પ્લાસ્ટિકનાં ફૂલો ઊઘડતાં નથી. માણસ ભલે બદલાયો પણ પ્રકૃતિએ તેના ગુણધર્મો જાળવી રાખ્યા છે એ બદલ કવિ આભારની લાગણી વ્યક્ત કરે છે.

---

અમે તો આકાશો ભણી પીઠ કરી'તી ભીંત ચણી,
અરે, સારું છે કે હજી પણ અમારા ઘર મહીં
ઘણે ઊંડે ઊંડે ઊડતી ઊડતી આવી ભીતરે
ગૂંથે છે માળાઓ કબૂતર, કપોતો, ચકલીઓ;
લઈ આવે થોડું ગગન ઘરમાં એ મિષ વળી,
અમો સૌનાં ઋણી : નભતી ઘરમાં જેથી નભતાં,
હજી સારું છે કે શિર પર રસોડે તણખલાં,
ઝીણી ચીં ચીં, ટ્હૌકા, મલમલી પીંછાઓ ખરી રહે,
હજીયે આવે છે વનની લીલી કહેવા પરીકથા
હવામાં આઘેનું પરણ મનમાં છેક ખરતું,
હજી તો સારું છે : ભીંત - તરડમાં માથું ઊંચકી
વિના પૂછ્યા - ગાછ્યા તૃણ નીકળતું 'ફુક્ક' કરીને,
ભલું કે મિટ્ટીમાં હજી વન તણાં આદિમ મૂળો,
હજી વાડા-છોડે નથી ઊઘડતાં પ્લાસ્ટિક ફૂલો.

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**કપોત** હોલો, કબૂતર **મિષ** બહાનું **તૃણ** ઘાસ **આદિમ** આદિકાળનું, આદ્યકાળનું **શિર** મસ્તક **ફૂલ** પુષ્પ, કુસુમ **માળો** નીડ **ગગન** આકાશ

### વિરુદ્ધાર્થી

**લીલી** સૂકી **ભીતર** બહાર

### તળપદા શબ્દો

**ભણી** તરફ **પરણ** પર્ણ, પાન

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી વર્તુળને ઘટ્ટ કરો :**

(1) ઘરમાં થોડું આકાશ લઈને કોણ આવે છે?

(A) કબૂતર, કપોત, ચકલી (B) કપોત, કોયલ, પોપટ

(C) ધુવળ, મોર (D) કાબર, હોલા, કાગડો

(2) ભીંતની તિરાડમાંથી કોણ બહાર આવે છે?

(A) તૃણ (ઘાસ) (B) ચકલી (C) માણસ (D) પ્લાસ્ટિકનાં ફૂલો

(3) કવિને શું ગમે છે?

(A) છોડ ઉપર પ્લાસ્ટિકનાં ફૂલો ઊઘડે છે તે

(B) કૂંડાંમાં પ્લાસ્ટિકનાં ફૂલો ઊઘડે છે તે

(C) માટીમાં વનનાં આદિમ મૂળો રહેલાં છે તે

(D) સાચાં ફૂલો ઊઘડે છે તે

(4) 'આભાર' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) સૉનેટ (B) ગઝલ (C) ઊર્મિકાવ્ય (D) પદ

**2. બે-ત્રણ વાક્યોમાં જવાબ આપો.**

(1) 'અમો સૌનાં ઋણી' - એવું કવિ શા માટે કહે છે?

(2) અમે આકાશ તરફ શું ચણી લીધું છે?

(3) ભીંતમાંથી પૂછ્યા વગર શું નીકળે છે?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) આ કાવ્યમાં જોવા મળતો પ્રકૃતિપ્રેમ તમારા શબ્દોમાં લખો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- શહેરનું એક પંખી મિત્ર સાથે ગામડામાં એક અઠવાડિયું રહીને પાછું આવ્યા પછી માણસોને શું શિખામણ આપશે એ તમારા મિત્ર સાથે મળીને લખો (જોડીમાં).
- તમારા ઘરની આસપાસ પંખીના માળા અને પાણી પીવાનાં કૂંડાં મૂકો.
- ધારો કે તમે ગામડામાં રહેતું પંખી છો, તમારું ગામ ધીમે ધીમે મોટું થઈ રહ્યું છે અને શહેર બની રહ્યું છે, તો તમને શી તકલીફ પડે છે એનું વર્ણન લખો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વર્ગમાં એ રજૂ કરો.

### ભાષા-અભિવ્યક્તિ

- કવિ કાવ્યમાં 'સારું છે કે હજી....', 'હજુ સારું છે કે...', 'હજીયે', 'હજી તો સારું છે', 'હજી વન...', 'હજી'ની બાંધણીથી 'હજી' શબ્દનું વિવિધ શબ્દો સાથે પુનરાવર્તન કરી, ઘણું ગુમાવ્યું છે, તેની સામે કાવ્યાત્મક આશ્વાસન વણી લે છે. વળી.... કુદરત તો તેવી જ છે પણ માનવજાત કેટલી હદે કૃત્રિમ થઈ રહી છે તે તીવ્ર રીતે સૂચિત કરે છે.

- 'હજી તો સારું છે : ..... ફુક્ક કરીને'

જર્જરિત દીવાલોમાં ઊગતી વનસ્પતિના દૃશ્યને કવિએ અહીં 'ફુક્ક' શબ્દથી કેવી બાળસહજ ઓળખ આપી છે તે જુઓ. 'ફુક્ક કરીને' માં જે બાળસહજ ધ્વનિ દેખાય છે, તે વર્ણનને વધુ અસરકારક બનાવે છે.

- ઝીણી ચીં ચીં, ટહૌકા, મલમલી પીંછાઓના નિર્દેશથી કવિએ પંખીસૃષ્ટિ પ્રત્યક્ષ કરી દીધી છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

પ્રાકૃતિક વાતાવરણથી દૂર થતો મનુષ્ય કદાચ થોડું ભૌતિક સુખ મેળવતો હશે, પણ પ્રકૃતિનાં તત્ત્વો પાસેથી મળતું ઘણું ગુમાવે છે તેનાથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.

ગ્રામ સંસ્કૃતિ, ગ્રામ પરિવેશ, પશુ-પક્ષી તરફની આત્મીયતા પુનઃ વ્યાપક બને તે માટે વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવાં. ઘરમાં ઘૂસી ગયેલાં નકલી ફૂલો (પ્લાસ્ટિકનાં ફૂલો) પાસે સુંદરતા હશે પણ ફૂલની અસલ સુગંધ, કોમળતા, સજીવતા નથી તે અંગેની ચર્ચા કરી 'પ્રકૃતિ તરફ પાછા વળો'ની ઝુંબેશ અંગે વિદ્યાર્થીઓને સતર્ક કરવા.

પોતાના ઘરમાં કે આસપાસ પક્ષીઓના માળા, પાણીનાં કૂંડાં વગેરેનું કેટલીક સંસ્થાઓ વિતરણ કરતી હોય છે તેનો પરિચય આપી વિદ્યાર્થીઓ તેમાં શું કરી શકે તેની ચર્ચા કરવી.

•

# 9 પારખું

**જયંતિ દલાલ**

**(જન્મ : 18-11-1909, અવસાન : 24-08-1970)**

જયંતિ ઘેલાભાઈ દલાલનું વતન અમદાવાદ હતું. તેઓ વાર્તાકાર, નાટ્યકાર, નવલકથાકાર અને અનુવાદક તરીકે વિખ્યાત હતા. 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'પ્રવેશ ત્રીજો' તેમના પ્રયોગશીલ એકાંકીના સંગ્રહો છે. 'રંગતોરણ' બાળનાટકોનો સંગ્રહ છે. 'ઉત્તરા', 'જૂજવાં', 'કથરોટમાં ગંગા', 'મૂકમ્ કરોતી', 'આ ઘેર, પેલે ઘેર', 'અડ્યો પડખે', 'યુધિષ્ઠિર' તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. 'ધીમુ અને વિભા' તથા 'પાદરનાં તીરથ' એમની પ્રયોગશીલ નવલકથાઓ છે. તેઓએ જગવિખ્યાત નવલકથાઓના સફળ અનુવાદ કર્યા છે.

આ હળવા એકાંકીમાં એક બેકાર ડૉક્ટરની બડાશ, ગેરસમજ અને ગફલતને કારણે ઊભા થતા રમૂજી પ્રસંગોની રજૂઆત કરવામાં આવી છે. સાદા પણ ચબરાક સંવાદો અને પ્રસંગોની ચતુરાઈભરી ગોઠવણી આ કૃતિને છેલ્લે સુધી અસ્વાદ્ય રાખે છે. એકાંકીમાં લેખકે બે ચોટ સિદ્ધ કરી છે - ડૉક્ટરને પહેલાં મનમોહનદાસની અને પછી નરરત્નમણિરાવની ઓળખ મળે છે. ત્યારે. આ એકાંકી તખ્તા ઉપર સફળતાપૂર્વક ભજવી શકાય એવા ગુણો ધરાવે છે.

---

**પાત્રો**

| | |
|---|---|
| **ડૉ પીયૂષ** | **અનિરુદ્ધ** |
| **મનમોહનદાસ** | **નરરત્નમણિરાવ** |

**ગમન**

સ્થળ : દવાખાનું

સમય : સવારના દસ

ડૉક્ટર : હમણાં જ વિઝિટેથી આવ્યો.

અનિરુદ્ધ : હવે રાખ ને, ભાઈ !

ડૉક્ટર : અનિરુદ્ધ !

અનિરુદ્ધ : શું છે !

ડૉક્ટર : તમે આમ ને આમ...

ડૉક્ટર : Say.

અનિરુદ્ધ : (અધવચથી અટકાવી) પણ તમે-તમે શેનો કહી મરે છે ?

ડોક્ટર : You don't understand. તું સમજતો નથી. મારા staff ના દેખતાં

અનિરુદ્ધ : (ખડખડાટ હસતાં) તારો staff ! હા... હા... હા...

ડોક્ટર : I mean my compounder.

અનિરુદ્ધ : સાથે પેલા નોકરને પણ ગણાવ ને ! મહિને આઠ આના પરખાવે છે કે બધું પીળે પાને ?

ડોક્ટર : I don't know how to teach you to talk.

અનિરુદ્ધ : પહેલાં જાતે શીખ ને !

ડોક્ટર : એટલે તારે કહેવું શું છે ?

અનિરુદ્ધ : હું એમ કહું છું કે આપ કશા જ કામ વિનાના અહીં બેઠા હતા એવી નક્કર વસ્તુસ્થિતિથી મને વાકેફ કરવાની સભ્યતા આપે શીખી લેવી.

ડોક્ટર : વા...રું (મોટા થોથામાં મોં ઘાલે છે.)

| | | |
|---|---|---|
| અનિરુદ્ધ | : | જો, ભાઈ, એમ દેખાડે પંડિતાઈ મળતી હોત તો પેલો છગનો જોશીનો અવતાર ગણાત ! |
| ડોક્ટર | : | ભાઈ, હવે ટૂંકું પતાવીશ ? |
| અનિરુદ્ધ | : | અરે ભલા'દમી, ઊલટો ઉપકાર માને ને, કે માખ મારવાની ન હિંસાથી હું તને ઉગારું છું. |
| ડોક્ટર | : | એટલે તું અહીં લડવા જ આવ્યો છે ? |
| અનિરુદ્ધ | : | અરે ભાઈ ! લડ્યેં ક્યાં પાલવે ! જો આપણે બે લડીએ, તો ચોક્કસ જ તું મને તમાચો મારે. મારો આ હાલતો દાંત પડી જાય. મારે નવો નંખાવવો પડે. તારે મફત નાખી દેવો પડે. તું કમાતો હોય તો તો ઠીક, પણ... |
| ડોક્ટર | : | Humbug ! |
| અનિરુદ્ધ | : | એ હમ્બગ-તમ્બગમાં હું કાંઈ ના જાણું. |
| ડોક્ટર | : | (કંટાળી)ને ત્યારે આપ જાણો છો શું ? |
| અનિરુદ્ધ | : | અરે હા, યાર ! બરાબર યાદ આવ્યું. ડોક્ટર, દોસ્ત ! |
| ડોક્ટર | : | ભાઈ, હવે તો તું નામ પાડે તો ઉપકાર... |
| અનિરુદ્ધ | : | પણ અલ્યા પીયૂષ... |
| ડોક્ટર | : | Nonsense ! ડો. પીયૂષરાયજી કહો. |
| અનિરુદ્ધ | : | એ તો પાટિયા ઉપર લખવાનું-બોલવાનું નહીં. પણ ડોક્ટર... |
| ડોક્ટર | : | (ખિજાઈ ને) છે શું તે કહે ને ! |
| અનિરુદ્ધ | : | એ જ. ખિજાતો હોય તો રહે ને તું તારે ત્યાં. આ ચાલ્યો હું તો પછી કાંઈ થાય તો દોગામી ના દેતો. |
| ડોક્ટર | : | વારું ! (રિવોલ્વિંગ ચેરમાં પડખું ફેરવે છે.) |
| અનિરુદ્ધ | : | સારું ! (ઊભો થાય છે.) |
| ડોક્ટર | : | આવજે... |
| અનિરુદ્ધ | : | શું કામ ? અપમાન સહેવા ? ઊલટું તમારા ભલા માટે આવીએ ત્યારે તમે... |
| ડોક્ટર | : | જરા સભ્યતાથી બોલતા હો તો... |
| અનિરુદ્ધ | : | સભ્યતા ? પણ હું શું કહેતો'તો (માથુ ખંજવાળતાં) હા. બરાબર યાદ આવ્યું. (ડોક્ટરની પીઠ થાબડી) શાબાશ, દોસ્ત, Congratulations ! |
| ડોક્ટર | : | (મલકાતા) બહુ મોડા થયા. |
| અનિરુદ્ધ | : | ડોક્ટર, દોસ્ત ! Better late than never. પણ ધીરજનાં ફળ મીઠાં છે એ વાત તેં સાબિત કરી હો ! નીલુ જેવી છોકરી આખી નાતમાં તને ન મળત ! હા... હા... હા... |
| ડોક્ટર | : | (સંતોષના હાસ્યથી) જોજે, કાંઈ હૃદય ઊભરાઈ ન જાય. |
| અનિરુદ્ધ | : | પણ ડોક્ટર, તમારી પરીક્ષા હવે છે, એ ખબર છે ? |
| ડોક્ટર | : | ના. કેમ વારું ? |
| અનિરુદ્ધ | : | તમારા સસરા તમને જોવા-પરખવા આવ્યા છે. |
| ડોક્ટર | : | મારા સસરા ? એ જીવે છે ? |
| અનિરુદ્ધ | : | ત્યારે ? જુવાનિયા વિરુદ્ધ ન પડે તો બીજી વાર ફેરા ફરવાની પણ ઉમેદવારી ધરાવે છે. |
| ડોક્ટર | : | તે અહીં આવ્યા છે ? |

અનિરુદ્ધ : હા, આજે સવારે જ મેલમાં આવ્યા, અને હમણાં જ આ બાજુએ પગલાં થતા હશે.

ડોક્ટર : પણ કાંઈ કહ્યા-કહેવરાવ્યા વિના ?

અનિરુદ્ધ : ઘેલો રે ઘેલો ! એમને તો તને કશી જ તૈયારી વિના જોવો હશે.

ડોક્ટર : That is trange !

અનિરુદ્ધ : તારા વિવાહ જેટલું નહિ !

ડોક્ટર : પણ, અનિરુદ્ધ, મારે શું કરવું ? હું તો એમને ઓળખતો પણ નથી !

અનિરુદ્ધ : Surely this is strange. ડોક્ટર, દીઠે પણ નહિ ?

ડોક્ટર : અરે, ભલા'દમી, અત્યાર લઘી નામે પણ નહિ.

અનિરુદ્ધ : તો તો તારે સંભાળવાનું, કારણ કે માણસ જરા વહેમી છે. અને વળી પાછું જૂના જમાનાનું.

ડોક્ટર : ત્યારે તો કમબખ્તી !

અનિરુદ્ધ : પૂરી. અને એ (દવાખાનું બતાવી) આ બધાના ભભકામાં ન અંજાયા ને તો...

ડોક્ટર : તો ? તો શું ?

અનિરુદ્ધ : (ચપટી વગાડી આંગળીથી એક વર્તુલ દોરે છે.) શું... શું... ? વિવાહ ફોક.

ડોક્ટર : પણ... પણ મારે કરવું શું ? તું ઓળખે છે ?

અનિરુદ્ધ : હા, દીઠે અને નામે બંને રીતે.

ડોક્ટર : એ કેવા છે ?

અનિરુદ્ધ : (ઠંડે કલેજે) માણસ જેવા માણસ.

ડોક્ટર : અરે દોસ્ત My dear friend help me, help me.

અનિરુદ્ધ : ઊહું. મારે તો જરા સભ્યતા શીખવા જવું છે.

ડોક્ટર : ઓ ભાઈ અનિરુદ્ધ, આવી fatel joke ?

અનિરુદ્ધ : શું થાય, ભાઈ, આપણે તો હજી બોલતાં પણ શીખવાનું. (ગોખતો હોય એમ) ડોક્ટર પીયૂષરાયજી, ડોક્ટર પીયૂષરાયજી.

ડોક્ટર : મોટાભાઈ, હવે માફી માગું. થયું ? પત્યું ? હવે મને જરા કહેને, એ દેખાવે કેવા છે ?

અનિરુદ્ધ : જો ભાઈ, વાત એમ છે કે તારા સસરાનું વ્યક્તિત્વ જ જુદું છે. ઘરમાં સાડા-ત્રણ ફૂટની છૂટી પાટલીની ધોતલી, જુવાનીની પહેલવાનીનો ખ્યાલ આવે એવું ખુલ્લું બદન અને ભગવાન ચાણક્ય જેવી ફરફરતી શિખા.

ડોક્ટર : અને બહાર ?

અનિરુદ્ધ : બહાર ? જો ભાઈ, બહારમાં પણ ભેદ છે. જો એ શાક લેવા જતા હોય...

ડોક્ટર : (ચિડાઈને) પણ મારું દવાખાનું ક્યાં શાકબજાર છે ?

અનિરુદ્ધ : ના રે ના, હોય કાંઈ ? અહીંના જેવી શાંતિ ત્યાં ક્યાં મળવાની છે ?

ડોક્ટર : (ગળી જતાં) પણ જ્યારે કોઈ ને મળવા જતા હોય ત્યારે ?

અનિરુદ્ધ : લાંબો કાળો કોટ, ચાર પાટલીનું ધોતિયું અને કાશ્મીરી ટોપી. અરે યાર જૂના દોસ્ત નવા લિબાસમાં.

ડોક્ટર : અનિરુદ્ધ, પ્યારા દોસ્ત, મને કહેને, એ આવે ત્યારે મારે શું કરવું ?

અનિરુદ્ધ : અરે ભાઈ, એ તને શિખવાડવાનું હોય ? હમણાં મારી આગળ જ નાટક ભજવતો'તો ને ? (આંગળીને વેઢે ગણાવતાં) વિઝિટ, સ્ટાફ, એપોઇન્ટમેન્ટ, ઓપરેશન આર્ટિકલ્સ, લેક્ચર, રિસર્ચ,

ઇન્વેન્શન, પ્રિસ્ક્રિપ્શન, પેઇન્ટ, પાઉડર એન્ડ ટેસ્ટ-ટ્યૂબ...

ડોક્ટર : પણ તું હોય તો ફેર પડે !

અનિરુદ્ધ : શો ફેર પડવાનો હતો ! જમાઈ બદલાય, કાંઈ સસરો ઓછો બદલાવાનો છે.

ડોક્ટર : Rascal !

અનિરુદ્ધ : કેમ પાછો સભ્ય બની ગયો ? લે, ભાઈ મારે શું ? માથે પડી ભોગવ. (સીટી વગાડતો જાય છે.)

ડોક્ટર : (રિવોલ્વિંગ ચેરમાં ઘૂમતાં) લાંબો કાળો કોટ, ચાર પાટલીનું ધોતિયું અને કાશ્મીરી ટોપી. કાશ્મીરી ટોપી અને લાંબો કાળો કોટ, (ગોખે છે) (ટેબલ પરનો કોલબેલ દાબે છે.) કાશ્મીરી ટોપી.

ડોક્ટર : ગમનલાલ, લાંબો કાળો કોટ (ગમન કમ્પાઉન્ડર આવે છે.)

ગમન : શું સાહેબ ?

ડોક્ટર : ચાર પાટલીનું ધોતિયું

ગમન : જી, સાહેબ !

ડોક્ટર : કાશ્મીરી ટોપી

ગમન : પણ સાહેબ...

ડોક્ટર : પગમાં શું ? ભૂલી ગયો, સાવ ભૂલી ગયો, પૂછવાનું જ ભૂલી ગયો.

ગમન : (ટેબલને અડકી ઊભો રહે છે.) મને કેમ બોલાવ્યો સાહેબ !

ડોક્ટર : ઓહ ! તમે આવી ગયા ? ગમનલાલ, જુઓ, પેલા જૂના કેઈસીસની ફાઈલ્સ છે તે મારા ટેબલ પર મૂકો. પેલું લિટરેચર છે તેની ધૂળ ઊડાડી તૈયાર રાખો. પેલા ચાર્ટ્સ ખંખેરી નાખો, બધું એકદમ ઓર્ડરમાં લાંબો કોટ, કાશ્મીરી ધોતિયું અને ચાર પાટલીની ટોપી.

ગમન : બીજું કાંઈ, સાહેબ ?

ડોક્ટર : લાંબું કાળું ધોતિયું, ચાર પાટલીનો કોટ અને કાશ્મીરી ટોપી.

ગમન : સાહેબ, આ શું બોલો છો ?

ડોક્ટર : ભૂલ્યો, ભૂલ્યો, કાશ્મીરી કોટ.

ગમન : (જતાં જતાં) હાય બેકારી !

ડોક્ટર : મારી પણ ભૂલ થઈ. છબી જ મંગાવી લીધી હોત તો કેટલું સારું થાત ! કેટલી ઉપાધિમાંથી ઊગરી જાત ! (મનમોહનદાસ દાખલ થાય છે.)

ડોક્ટર : (એને જોતાં જ) એ જ. એ જ. લાંબો કાળો કોટ, કાશ્મીરી ટોપી અને ચાર પાટલીનું ધોતિયું, એ જ... એ જ... (ઊભા થઈ) પધારો... પધારો.

મનમોહનદાસ : અરે એ શું ? તસ્દી માફ કરજો, પણ મારે જરા આવવું પડ્યું.

ડોક્ટર : અરે એમાં શું ? આપનું જ દવાખાનું માની લ્યો. ગમનલાલ, ગમનલાલ !

ગમન : (બહારથી આવી) જી !

ડોક્ટર : પેલા પેસ્તનશા શેઠને ત્યાં કહેવડાવી દ્યો કે અત્યારે મારાથી નહિ જ આવી શકાય.

મનમોહનદાસ : તમે વિઝિટ ન ગુમાવતા.

ડોક્ટર : અરે સાહેબ, આપ જેવા પધારો ત્યારે એક વિઝિટમાં શું ? અને મને એટલો આરામ મળશે.

મનમોહનદાસ : ખૂબ થાક લાગતો હશે !

ડોક્ટર : અરે સાહેબ, વાત ન પૂછો, વાત ન પૂછો. ગમનલાલ !

ગમન : જી !

ડોક્ટર : અને માણસ સાથે કંપનીમાં કહેવરાવો કે Mixture તૈયાર થયું છે. માણસ મોકલી મંગાવી લે. અને પૂછજો, પેટન્ટનું શું કર્યું ? હા, ભૂલતા નહીં.

ગમન : પણ સાહેબ...

ડોક્ટર : મેં કેટલી વાર કહ્યું કે હું બોલું ત્યારે તમારે લખી લેવું ? પછી 'સાહેબ સાહેબ' કરી હેરાન કરો છો. Oh God, save me from these creatures !

ગમન : (ડઘાઈ જઈ) બરાબર, સાહેબ !

ડોક્ટર : જાઓ. (ગમન જાય છે.) શું કરું સાહેબ ! જમાનો જ એવો આવ્યો છે કે માણસ સમજુ અને વિશ્વાસુ તો ન જ મળી શકે. વિશ્વાસુ હોય તો કહ્યું સમજે નહીં, સમજે તો આપણાથી વિશ્વાસ ન મૂકાય.

મનમોહનદાસ : બરાબર છે. પણ ડોક્ટર, એ શાની પેટન્ટ છે ?

ડોક્ટર : (મલકાતાં) એ તો trade secret છે. પણ તમને કહેવામાં વાંધો નહિ. એ મારી શોધ છે. વર્ષોની research પછી એ invention થઈ શકી છે; અને એથી dental surgery માં જ નહિ, allopathy માં પણ મોટું reveolution થશે.

મનમોહનદાસ : હં. એનું નામ ?

ડોક્ટર : (શરમાતાં) એનું નામ તો પીયૂષ-ડ્રોપ્સ છે ? એ ડ્રોપ્સથી નવા naturalteeth ગમે ત્યારે ગમે તે ઉંમરે ઊગશે.

મનમોહનદાસ : અહો. ત્યારે તો fertilizer manure જેવું.

ડોક્ટર : હા જી. પણ આપ અંગ્રેજી ક્યાંથી જાણો ?

મનમોહનદાસ : કેમ વારું ! હું શું મારી છોકરી પણ અંગ્રેજી જાણે છે.

ડોક્ટર : આપની છોકરી ?

મનમોહનદાસ : હા, આ વરસ કન્યાવિદ્યાલયમાંથી પાસ થઈ કોલેજમાં ગઈ.

ડોક્ટર : Oh, I see !

મનમોહનદાસ : વારું, પણ ડોક્ટર !

ડોક્ટર : જી ?

મનમોહનદાસ : વકરાપાણી કેમ ચાલે છે ?

ડોક્ટર : Oh don't wory about it. મારે તો કાંઈ કરી જવું છે.

મનમોહનદાસ : બરાબર, પણ ઘરમાંય જોવાનું તો હોય ને ?

ડોક્ટર : એ તો સાહેબ, ઈશ્વરની કૃપા અને આપ જેવા મુરબ્બીઓની દયા છે. હજાર-બારસોની average હશે.

મનમોહનદાસ : That is magnificent, doctor !

ડોક્ટર : Oh thanks !

મનમોહનદાસ : મેં સાંભળ્યું છે, ડોક્ટર, કે તમે દાંત કાઢવાનો નવો process શોધ્યો છે.

ડોક્ટર : જી. મિત્રોએ તો ઘણુંય કહ્યું કે પેટન્ટ લે, પણ મેં કહ્યું કે જ્ઞાન ઉપર કોઈનો ઇજારો ન હોવો જોઈએ, એટલે મેં તો formula જાહેર કરી. પણ ફેર તો પડે જ ને ?

મનમોહનદાસ : હાસ્તો.

ડોક્ટર : અને મને તો પ્રેક્ટિસને અંગે રમત થઈ ગઈ છે. નહિ નહિ તો મહિને ૫૦૦-૬૦૦ દાંત પાડવાના આવતા હશે.

મનમોહનદાસ : ઓહો !

ડોક્ટર : અને પચાસેક મેજર ઓપરેશન્સ આહ, wisdom-tooth ના તો કંઈ cases આવે છે cases !

મનમોહનદાસ : હા, ડોક્ટર, એ તૂત નવું છે. મારી daughter પણ કહે છે. કે tooth extract કરાવી દઉં.

ડોક્ટર : નહીં જી, As one interested in you, I won't advise. મારા પીયૂષ-ડ્રોપ્સ લો. ત્રણ જ મિનિટમાં દર્દ નાબૂદ ! અને પછી કાયમને માટે મારી પીયૂષ-પેઈસ્ટ વાપરો.

મનમોહનદાસ : ઠીક ડોક્ટર, ત્યારે હું રજા લઈશ.

ડોક્ટર : કેમ ? કાંઈ ઉતાવળમાં.

મનમોહનદાસ : ઓફિસે જવાનું ને ?

ડોક્ટર : ઓફિસ ?

મનમોહનદાસ : હાસ્તો, હું અહીં ઓફિસમાં કામે જ આવ્યો હતો, ઉપકાર થયો કે તમે બધું frankly કહી દીધું.

ડોક્ટર : કઈ ઓફિસ ?

મનમોહનદાસ : ઈન્કમટેક્સ સુપરટેક્સ. હું અહીંનો surchage collector છું.

ડોક્ટર : હેં !

મનમોહદાસ : જી. હવે જૂઓ ડોક્ટર ! હમણાં હું મારા માણસને મોકલું છું. એ પૂછે તે particulars બરાબર નોંધાવજો હોં. લ્યો, સાહેબજી ! (જાય છે.)

ડોક્ટર : Oh, Swindle ! murder ! arson ! બધાં એ અનિરુદ્ધનાં જ કામ. બચ્ચો હાથ આવે તો આખીયે બત્રીસી તોડી નાખું. એક તો અહીં ભાડું, પગાર ઘરમાંથી કાઢવાં પડતાં હોય અને ઉપરથી આવાં લપ વળગાડે. યાદ રાખ, remember remember. (આંટા મારે છે. નરરત્નમણિરાવ દાખલ થાય છે.)

નરરત્ન : આપ છો ? મને ખાતરી ન હતી. મને તો એમ કે ક્યાંક દવા કરવા ગયા હશો.

ડોક્ટર : (પીઠ ફેરવી) ક્યાં, જહન્નમમાં ?

નરરત્ન : કેમ વળી, દરદીને ત્યાં !

ડોક્ટર : દરદી ? ક્યાં છે દરદી ? ક્યાં છે દરદી ? ઓ દરદી ! જેટલી તારા નામની માળા જંપી છે એટલી પ્રભુના નામની ફેરવી હોત તો absolutely painless processથી મુક્તિ મળી હોત !

નરરત્ન : ડોક્ટર, આમ કેમ બોલો છો ?

ડોક્ટર : બેકારી, My dear friend, બેકારી !

નરરત્ન : આપની શોધ ?

ડોક્ટર : કેવી શોધ અને કેવી વાત !

નરરત્ન : આપની દવાઓ ?

ડોક્ટર : ભાડૂતી... ભાડૂતી !

નરરત્ન : આપનાં પીયૂષ ડ્રોપ્સ ?

ડોક્ટર : પીગળી ગયાં, બુઝુર્ગ મિત્ર, પીગળી ગયાં.

નરરત્ન : અરે પણ તમારાં ઓપરેશન્સ ?

ડોક્ટર : ભાઈ, મારો લેન્સેટ પણ ભાડૂતી છે.

નરરત્ન : અને તમારાં લેખો, ભાષણો ?

ડૉક્ટર : લખવા જેટલી આવડત નથી, બોલવા જેટલી હોંશિયારી નથી.

નરરત્ન : પેલી તમારી પીયૂષ-પેઈસ્ટ ?

ડૉક્ટર : એ પીયૂષ બીજો, હું નહિ.

નરરત્ન : આ શું કહો છો ડૉક્ટર ?

ડૉક્ટર : Hard facts. માથું મારીએ તો લોહી નીકળે એવી નક્કર વસ્તુસ્થિતિ.

નરરત્ન : આ દવાખાનું ?

ડૉક્ટર : હજુ બિલ પત્યું નથી.

નરરત્ન : ભાડું ?

ડૉક્ટર : ચાર માસ થયા.

નરરત્ન : તમારો staff ?

ડૉક્ટર : કેસ પર કમિશન. જાઓ, હવે તમે સિધાવો !

નરરત્ન : એમ સિધાવે ક્યાં ? આવી છેતરપિંડી ? હરામખોર !

ડૉક્ટર : હવે જા, ભાઈ, જા. તને ખબર છે મને હથિયાર વિના પણ દાંત પાડતાં આવડે છે ?

નરરત્ન : એટલે ?

ડૉક્ટર : એટલે ? (ઊભો થઈ તમાચો મારે છે.) એટલે આ સમજ્યો ?

નરરત્ન : આટલે સુધી ? નીલુએ બધું કહ્યું હતું. આ નહિ.

ડૉક્ટર : કોણ ?

નરરત્ન : મારી દીકરીએ, ભાઈ, તારો દોષ નથી. પેટનાં જ આડાં ફંટાય ત્યાં પછી પારકાનું શું ?

ડૉક્ટર : ત્યારે આપ... આપ...

નરરત્ન : હા, ભાઈ, હું નરરત્નમણિરાવ. પારખું કરવા નીકળ્યો. પારખું થઈ ગયું. બાપ ! છતી આંખે છોકરીને કૂવામાં નાખી ! (પોક મૂકે છે.)

ડૉક્ટર : પણ આપ તો લાંબો કાળો કોટ, કાશ્મીરી ટોપી અને ચાર પાટલીનું ધોતિયું પહેરતા હતા ને ?

નરરત્ન : (નાક ખંખેરતાં) તે મને એમ કે કમાઉ ભણેલા જમાઈ પાસે જરા વટમાં જાઉં, એટલે કોટ-પાટલૂન માગી આણ્યાં. ઓ મારી દીકરી રે...

ડૉક્ટર : હું કોને રોઉં ?

(''જયંતિ દલાલનાં પ્રતિનિધિ એકાંકીઓ''માંથી)

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**પારખું** પરીક્ષા, કસોટી **લિબાસ** પહેરવેશ, પોશાક **રાસ્કલ** લુચ્ચો, બદમાશ **બુઝુર્ગ** ઘરડો, વૃદ્ધ **ઉપકાર** આભાર, પાડ **ધૂળ** રજ, રેણુ **છબી** તસવીર, ચિત્ર

### વિરુદ્ધાર્થી

**દોસ્ત** દુશ્મન **બુઝુર્ગ** યુવાન **ઉપકાર** અપકાર **સંતોષ** અસંતોષ **વિશ્વાસુ** અવિશ્વાસુ

## રૂઢિપ્રયોગ

**વાકેફ કરવું** માહિતગાર કરવું **નામ પાડવું** સ્પષ્ટ કરવું **માખ મારવી** બેકાર હોવું **દોગામી દેવી** જૂઠો આરોપ મૂકવો **ફેરા ફરવા** પરણવું **આડા ફંટાવું** વિરુદ્ધ જવું **કુવામાં નાખવું** દુઃખમાં નાખવું

## કહેવત

**ધીરજનાં ફળ મીઠાં** ધીરજ રાખવાથી સારૂ પરિણામ આવે છે.

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) 'પારખું' ગદ્યકૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) હળવું એકાંકી (B) પૌરાણિક એકાંકી

(C) ઐતિહાસિક એકાંકી (D) સામાજિક નાટક

(2) 'પારખું' ગદ્યકૃતિમાં રમૂજી પ્રસંગોની રજૂઆત કોને આધારે કરેલી છે ?

(A) બેકાર વકીલની બડાશ અને ગેરસમજ

(B) બેકાર તબીબ (ડોક્ટર)ની બડાશ અને ગેરસમજ

(C) બેકાર સુશિક્ષિતની બડાશ અને ગેરસમજ

(D) બેકાર એન્જિનિયરની બેકારીને કારણે

(3) 'પારખું' એકાંકીમાં નીચેનામાંથી કયું પાત્ર સમાવિષ્ટ નથી ?

(A) મનમોહન (B) અનિરુદ્ધ

(C) ડૉ. પીયૂષ (D) કરૂણાશંકર

(4) 'જમાઈ બદલાય, કાંઈ સસરો ઓછો બદલાવાનો છે' - વાક્ય નીચેનામાંથી કોણ કહે છે ?

(A) ડૉ. પીયૂષ (B) નરરરત્નમણિરાવ

(C) અનિરુદ્ધ (D) ગમન

**2. નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) અનિરુદ્ધ શા માટે ડૉ. પીયૂષને સસરાથી સંભાળવાનું કહે છે ?

(2) અનિરુદ્ધ ડો. પીયૂષને શા માટે પોતાનો ઉપકાર માનવા કહે છે ?

(3) નરરત્નમણિરાવને એવું શામાટે લાગે છે કે પોતે છોકરીને જાણી જોઈને દુઃખમાં નાખી છે ?

**3. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.**

(1) અનિરુદ્ધનું પાત્રાલેખન કરો.

(2) ડો. પીયૂષ નરરત્નમણિરાવ પર પ્રભાવ પાડવા માટે શું કરે છે ?

(3) 'પારખું કરવા નીકળ્યો એટલે પારખું થઈ ગયું' - નરરત્નમણિરાવના આ વિધાનને વિગતે સમજાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- એકાંકીમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી તૈયાર કરો.
- શિક્ષિત બેકારની આત્મકથા લખો.

પ્રસંગની શરૂઆત ધ્યાનથી વાંચો. તમે જોઈ શકશો કે અહીં (1) લગભગ દરેક વાક્યમાં નવી ઘટના સમાવી લેવાઈ છે, તેથી કથનમાં વેગ વરતાય છે. (2) જે કહેવું છે તે કશી આળપંપાળ વિના બરાબર કહી શકાયું છે. (3) ક્યાંય સુસ્ત કે બિનજરૂરી લંબાણવાળી ભાષા જણાતી નથી.

- ''..... ભારત સેવક ગોખલેજીના ચરણે બેસી ગયા.''

ગુજરાતી ભાષામાં ચરણ ચાંપવા, ચરણ પખાળવા, ચરણે પડવું જેવા રૂઢિપ્રયોગો છે. અહીં લેખકે ચરણે બેસી ગયા શબ્દપ્રયોગ કર્યો છે. એનો એક અલગ અર્થ અનુયાયી બની જવું એવો થાય છે જે તમે નોંધ્યું હશે.

## ભાષા-અભિવ્યક્તિ

- આ એકાંકીના બધા જ સંવાદો ધ્યાનપાત્ર, સુરેખ અને સચોટ ભાષા અભિવ્યક્તિ દર્શાવે છે. ટૂંકા છતાં, એકદમ રસપ્રદ સંવાદોની રજૂઆત થઈ છે.

જેમ કે, ડોક્ટર : ભાઈ, હવે ટૂંકું પતાવીશ !

સામાન્ય રીતે પાત્રની ઉક્તિને અવતરણ ચિહ્નોની વચ્ચે લખવામાં આવે છે, દા.ત.,

'ગામ હોય ત્યાં ભવાયા આવે, એની ઉપાધિ આપણે કરવાની ?'

એકાંકી કે નાટકમાં લખાયેલા સંવાદોને જે-તે પાત્રની ઉક્તિઓ હોવા છતાં તે અવતરણચિહ્નો સાથે લખવામાં આવતા નથી. આ નાટક વાંચતી વખતે આ બાબતની નોંધ લેશો. 'પારખું' એકાંકીની પહેલી ઉક્તિ વાંચવા-સાંભળવાની સાથે આ વાત સમજાઈ જશે :

ડોક્ટર : હમણાં જ વિઝિટેથી આવ્યો.

આ એકાંકી વાંચતી વખતે (...) ત્રણ ટપકાં એ એક વિશિષ્ટ વિરામચિહ્નનો ઉપયોગ વારંવાર જોવા મળશે. જેનો અર્થ એવો થાય છે કે, જ્યારે એક વ્યક્તિ પોતાની વાતની રજૂઆત કરતી હોય છે, ત્યારે બીજી વ્યક્તિ તેની વાત પૂરી ન સાંભળતા પોતાની વાતની શરૂઆત કરી દે છે. આ ઉપરાંત ઘણા શબ્દોમાં શબ્દોનો લોપ થતો હોવાથી (') લોપચિહ્ન પણ જોવા મળે છે.

જેમ કે, 'ભલા'દમી' - એટલે 'ભલા અને આદમી પણ હું શું કહેતો'તો ? - પણ હું શું કહેતો હતો ? વગેરે...

## શિક્ષકની ભૂમિકા

આ એકાંકીમાં અનેય છેતરવાની ભાવના કેવીઘાતક બની શકે છે તે રસપ્રદ રીતે વર્ણવ્યું છે. શિક્ષકે વિદ્યાર્થીઓનું નીચેના મુદ્દાઓ તરફ વિશેષ ધ્યાન દોરવું.

- સત્યના રસ્તે ચાલવું વધુ આવકાર્ય છે.
- કોઈને છેતરવાની વૃત્તિથી દૂર રહેવું.
- જેમની સાથે પરિવારનો નાતો બાંધવાનો હોય તેમનાથી વાસ્તવિકતા ન છૂપાવવી.
- બાહ્યડંબર લાંબો સમય ટકી શકતો નથી, માટે સાહજિકતાનો સ્વીકાર કરવો.

પ્રસ્તુત એકાંકીમાં સંવાદમાંથી સર્જાતા મર્માળુ હાસ્યની સાથે કથાવસ્તુને જે ગતિ મળે છે તે બાબત વિદ્યાર્થીઓને સમજાવવી.

દ્વિરેફની 'મુકુન્દરાય' વાર્તા સંદર્ભ તરીકે રજૂ કરી શકાય.

●

# 10 એ લોકો

**પ્રિયકાન્ત મણિયાર**

**(જન્મ : 24-1-1927, અવસાન : 25-6-1976)**

પ્રિયકાન્ત પ્રેમચંદ મણિયાર. તેમનો જન્મ વિરમગામમાં અને તેમનું વતન અમેરલી હતું. માત્ર નવ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ ચૂડીઓ બનાવવાનો વ્યવસાય કરતા હતા. તેમનું વિવિધ છંદો પરનું પ્રભુત્વ ધ્યાનાકર્ષક છે. 'પ્રતીક', 'અશબ્દ રાત્રિ', 'સ્પર્શ', 'સમીપ' તેમના કાવ્યસંગ્રહો છે. 'પ્રબલગતિ' મુખ્યત્વે ગદ્યકાવ્યોનો સંગ્રહ છે.તેઓ સાહિત્ય અકાદમી દિલ્લીના પુરસ્કારથી સન્માનિત થયા હતા.

આ કાવ્ય જગતની પ્રર્વતમાન સ્થિતિનો સચોટ ચિતાર વ્યક્ત કરે છે. ભૌતિકતા પાછળ પડેલો માણસ ધનના લોભમાં માનવતા ભૂલી ગયો છે તેની વેદના અને એની સામેનો આક્રોશ આ કાવ્યમાં છે. ગરીબ માણસ માટે પહેરવા કપડાં નથી, ખાવા અનાજ નથી ને બીમાર પડે તો દવા નથી કારણ કે આ બધું તો કાળાંબજાર કરવાવાળા વેપારીઓએ પોતાના ભંડારોમાં ભરી રાખ્યું છે જેથી વધારેમાં વધારે કિંમત વસૂલ કરીને વેચી શકાય. આવા લોકો એ માણસો નથી પણ પૈસાની નોટો ખાઈને ઉછરનાર ઊધઈ છે. આવા લોકો પર સંવેદનાની કોઈ અસર થતી નથી. કાવ્યને અંતે કવિ આક્રોશપૂર્વક કહે છે કે મારે કવિ નથી થવું. હું જંતુનાશક દવા થાઉં તો બસ, કારણ કે આ ઊધઈનો ખાત્મો કરી શકાય. કાવ્યમાં કાપડ સામે માણસનું ફાટી જવું, અનાજ સામે માણસનું સડી જવું અને શીશી સામે માણસનું ફૂટી જવું એમ વિરોધ રચી કવિએ કાવ્યને ચોટદાર બનાવ્યું છે.

---

એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે
પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે
વાર વાર વેચે છે

એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે
પછી જ્યારે માણસ સડી જાય છે ત્યારે કિલો કિલો વેચે છે
એ લોકો પહેલાં ઔષધની શીશીઓ સંઘરી રાખે છે
અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.

એ તો લોકો છે જ નહિ, એ તો નોટોને ખાઈ ઉછરતી ઊધઈ,
બીજું એને કાંઈ ભાવતું નથી,

મારે કવિ થવું જ નથી.
ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તોય બસ

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**કાપડના તાકા** કાપડનું ફાડ્યા વિનાનું લાંબુ એકસરખા લૂગડાનું થાન. **વાર** ત્રણ ફૂટ જેટલું માપ **ઔષધ** ઓસડ, દવા **સંઘરવું** સંગ્રહ કરવો, **જંતુનાશક** જંતુઓનો નાશ એવો પદાર્થ **ધાન** ધાન્ય, અનાજ

### વિરુદ્ધાર્થી

**વેચવું** ખરીદવું, **અસર** બેઅસર, **ભારે** હલકું

### શબ્દ સમૂહ માટે એક શબ્દ

**શણનો મોટો થેલો** કોથળો, **લાકડું કોરી ખાતી કીડી** ઊધઈ

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) કવિને કવિ કેમ થવું નથી?

(A) કવિ થવું અઘરું છે.

(B) હવે કવિતા કોઈ વાંચતું નથી.

(C) કવિઓ ગરીબ હોય છે.

(D) કવિ શોષણખોરીનો નાશ કરનારી જંતુનાશક દવા બનવા માંગે છે.

(2) કાપડના તાકા ભરી રાખનારા લોકો ક્યારે કાપડ વેચે છે?

(A) સમય આવ્યે દાન કરે છે. (B) માણસ જન્મે ત્યારે વેચે છે

(C) માણસ ફાટી જાય ત્યારે વાર વાર વેચે છે. (D) માણસોને જરૂર હોય ત્યારે આપે છે.

(3) 'માણસનું ફૂટવું' શબ્દનો અહીં આપેલા શબ્દમાંથી સાચો અર્થ જણાવો.

(A) મૃત્યુ થવું (B) જન્મ થવો (C) વહેલી સવાર થવી (D) શીશીઓનું ફૂટવું

(4) સંગ્રહખોરોની સરખામણી અહીં કોની સાથે કરી છે?

(A) ભમરા સાથે (B) ફૂલ સાથે (C) ઊધઈ સાથે (D) રૂપિયા સાથે

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) કવિ જંતુનાશક દવા થવા શા માટે માગે છે?

(2) એ લોકો ધાન્યને કયારે વેચે છે?

**3. નીચેના પ્રશ્નોનાં છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) સ્વાર્થી અને શોષણખોર લોકો ઉપરનો કટાક્ષ કાવ્યના આધારે લખો.

(2) 'એ લોકો' કૃતિનું મૂલ્યાંકન કાવ્યના આધારે વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'ભારતમાં અસમાનતા અને શોષણ' વિષય પર એક ચર્ચાસભાનું આયોજન કરો.
- કાવ્યના ભાવને અનુરૂપ-સંગ્રહ ખોરી કરવાથી પરિસ્થિતિમાં લોકોને કઈ કઈ મુશ્કેલીનો સામનો કરવો પડે તેની નોંધ કરો.
- ગરીબ લોકોના વિસ્તારની મુલાકાત લઈ તેમની પરિસ્થિતિનો અભ્યાસ કરી તેની નોંધ કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- જગતની વિષમતા કવિએ વિરોધી ચિત્રોથી અહીં સબળ રીતે રજૂ કરી છે. કાપડના તાકા સામે ઉઘાડો માણસ, ધાન્યના કોથળા સામે સડી જતો માણસ અને ઔષધની શીશી સામે ફૂટી જતો માણસ - આ વિરોધની રજૂઆત કાવ્યને ચોટદાર બનાવે છે.
- માણસને માટે સ્વાર્થી, લોભી, ભ્રષ્ટ, લાલચુ જેવાં વિશેષણો વાપરવાને બદલે કવિએ તો વજનો જ ઘા કરી દીધો છે. માણસને નોટો ખાઈ ઉછરતી ઊધઈનું સૂચક રૂપક આપીને.
- વાર વાર વેચે છે, કિલો કિલો વેચે છે, થોડી થોડી રેડે છે. આ રીતે પુનરાવર્તિત થતી રચના અસરકારકતાથી માનવીની સ્વાર્થ-વૃત્તિ અને નિર્દયતા રજૂ કરે છે.
- માણસની લાગણીશૂન્યતા પ્રગટ કરવા માટે વિરોધી સ્થિતિઓ અસરકારક અને અર્થસભર રીતે રજૂ થઈ છે. વ્યંગ આખા કાવ્યને કેવું ધારદાર બનાવી દે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

સાંપ્રત સમયમાં સ્વાર્થ માટે લાગણીશૂન્ય બનેલા મનુષ્યોનો એક વર્ગ એવો છે જેને માત્ર નફા સાથે, ફાયદા સાથે કે મળનાર લાભ સાથે સંબંધ છે. એ માનવતા વિરોધી વલણ છે. લોકોને જરૂરિયાત જેટલુંય ના મળતું હોય, શોષણ થતું હોય ત્યારે કવિને કવિ બનવા કરતાં આ બધાનો નાશ કરનાર જંતુનાશક દવા બનવાની ઇચ્છા છે જેથી સમાજમાં વ્યાપી ગયેલી અમાનવીય અભિગમરૂપી ઊધઈનો નાશ કરી શકે.

એ આક્રોશ માટે જવાબદાર પરિબળો

- માનવતાનો અભાવ
- સ્વાર્થવૃત્તિ
- ગરીબોની દુર્દશા
- આવકની અસમાનતા
- શોષણ
- સંવેદનશૂન્યતા વગેરે દૂર કરવા શું કરી શકાય તેની ચર્ચા કરી વિદ્યાર્થીઓ સહૃદયી માનવ બને તે દિશામાં વિદ્યાર્થીઓને વિચારતા કરવાનું વાતાવરણ સર્જવું.

•

# 11 વારસાગત

**દુર્ગેશ ઓઝા**
**(જન્મ : 6-3-1965)**

દુર્ગેશ ભાસ્કરરાય ઓઝાનું જન્મસ્થળ પોરબંદર છે. સિન્ડિકેટ બૅન્ક, પોરબંદરમાં કાર્યરત છે. વિવિધ સામયિકો અને વર્તમાનપત્રોમાં તેમના લેખો પ્રકાશિત થયેલા છે. 'અક્ષત' તેમનો લઘુકથા સંગ્રહ છે. 'ખેલ' વાર્તાસંગ્રહ પ્રકાશિત થયેલો છે. ટીવી સિરિયલોમાં અભિનેતા તરીકે અને સંગીતના કાર્યક્રમોમાં ગાયક તરીકેની ભૂમિકા અદા કરે છે.

લઘુકથા સાહિત્યપ્રકારમાં લાઘવ અને અંતે આવતી ચોટનું અત્યંત મહત્ત્વ છે. આ લઘુકથામાં વારસાગત રીતે આવતા હકારાત્મક મૂલ્યની લેખકે સુંદર રીતે ગૂંથણી કરી છે. મગનને આપેલી જમીન પાછી પડાવી લેવા માટે મોહનને તેનાં સગાંઓ ચઢાવે છે. મોહન તૈયાર થાય છે; પરંતુ અંતે સ્ફોટ થાય છે કે તેણે હવે એ જમીન ખરેખર મગનને નામે કરી આપી છે. પિતા રામશંકરનો ઉદાર સ્વભાવનો વારસો મોહને પણ જાળવ્યો છે તે અહીં આકર્ષક રીતે મૂકાયું છે.

---

છેલ્લાં દસ વર્ષથી રામશંકરના કુટુંબ અને તેમની જમીનનું જતન કરી રહેલા મગને ફળદ્રુપ ખેતર જોઈ રાજીપો વ્યક્ત કર્યો. ટાઢ, તડકો કે વરસાદ કશુંય ગણકાર્યા વિના તેણે દર વર્ષે ફળો, શાકભાજી અને અનાજનો મબલક પાક ઉપજાવી અઢળક કમાણી કરાવી આપી હતી. તેની આ મહેનતનો બદલો વાળવાનો શુભ વિચાર રામશંકરને આવતાં એમણે જમીનનો એક કટકો મગનને કાઢી આપ્યો ને કહ્યું, 'મગન, આજથી આ જમીન તારી. આમાં તું તારું મકાન અને ખેતર બંને બનાવજે ! પરંતુ પાકું લખાણ થાય એ પહેલાં જ રામશંકરે દેહ છોડ્યો ને બન્યું એવું કે મગનની જમીનમાં મબલક પાક પાક્યો અને રામશંકરના દીકરા મોહનનાં ખેતરોમાં પાક નિષ્ફળ ગયો.

સ્વજનોએ સલાહ આપી : 'તારે બાપે આ જમીન મગનને આપી એ સાચું, પણ એનો પુરાવો ક્યાં છે? વહેવારુ બન. આકડે માખો વગરનું મધ છે. ચાર-પાંચ આગેવાનોની ત્યારે હાજરી હતી પણ એને તો આપણે ફોડી લેશું'

મગન તો હરખભેર આવકારી રહ્યો. 'આવો આવો નાના શેઠ, તમારા પ્રતાપે ને તમારા બાપુની કૃપાથી આ મારી જમીનમાં સોનાનો સૂરજ....'

'મારી જમીન એમ? આ જમીન તારી છે એનો કોઈ આધાર, કોઈ લખાણ છે તારી પાસે?'

'રામશંકર બાપાના બોલ એ જ મારે મન ભગવાનનો....'

'એ ન ચાલે. આ જમીન તારી નથી, શું સમજ્યો? લે આ કાગળો ને કર સહી એટલે છેડો ફાટે.'

મોહનના આ શબ્દોથી મગનને પગ નીચેની જમીન સરી જતી લાગી. દોસ્ત સમી જમીન જમીનદોસ્ત થતી લાગી. મગને ધ્રૂજતા હાથે સહી કરી. મોહને કાગળો આંચકી લીધા અને સ્વજનો અટ્ટહાસ્ય કરી રહ્યા. મોહન બોલી ઊઠ્યો : 'હવે કામ પૂરું. હવે તારી પાસે કોઈ સાબિતી નહિ માગે.... મૂરખ, આજથી આ જમીન કાયદેસરની તારી થઈ ગઈ. લે સાચવ આ તારો દસ્તાવેજ.'

સ્તબ્ધ સ્વજનોએ પ્રશ્નસૂચક નજર માંડી એટલે મોહને મગનને ખભે હાથ રાખી કહ્યું, 'હું રામશંકરનો દીકરો છું.'

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**જતન** સંભાળ, જાળવણી **રાજીપો** ખુશી **મબલક** પુષ્કળ, અતિશય **સ્તબ્ધ** આશ્ચર્યચક્તિ **પુરાવો** સાબિતી **આગેવાન** નેતા

### વિરુદ્ધાર્થી

**છેલ્લું** પહેલું **ફળદ્રુપ** ઉજ્જડ **અઢળક** થોડું **સફળ** નિષ્ફળ **હાજરી** ગેરહાજરી **આધાર** નિરાધાર

### તળપદા શબ્દો

**ટાઢ** ઠંડી

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**જોર-જોરથી હસવું** અટ્ટહાસ્ય

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) મગનની મહેનતનો બદલો રામશંકરે કઈ રીતે આપ્યો?

(A) થોડા પૈસા આપીને (B) ઢોર-ઢાંખર આપીને

(C) જમીનનો એક કટકો આપીને (D) મકાન આપીને

(2) મગનને પગ નીચેની જમીન સરી જતી કેમ લાગી ?

(A) ધરતીકંપનો અનુભવ થવાથી (B) 'આ જમીન તારી નથી.' એવા મોહનના શબ્દો સાંભળીને.

(C) સ્તબ્ધ સ્વજનોને જોઈને (D) રામશંકરના અવસાનના સમાચાર સાંભળીને

(3) 'હું રામશંકરનો દીકરો છું' - આ વાક્યનો ભાવાર્થ નીચેનામાંથી જણાવો.

(A) મારા ઉપર વિશ્વાસ કરવો નહિ (B) પિતા-પુત્રના વિચારો જુદા પડે છે.

(C) હું જ જમીનનો વારસદાર છું.

(D) મારા પિતાના વિચારો અને ખાનદાની મને વારસામાં મળી છે.

(4) 'મારી જમીનમાં સોનાનો સૂરજ' વાક્યનો અર્થ શોધો.

(A) જમીનમાં કશું જ ઊપજતું નથી. (B) જમીનમાં મબલક પાક ઊપજ્યો છે.

(C) જમીનમાંથી સોનું મળી આવ્યું છે. (D) સોનાના પતરામાં સૂરજનું ચિત્ર છે.

**3. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) સ્વજનોએ મોહનને કઈ સલાહ આપી?

(2) મોહને દસ્તાવેજમાં સહી કરી આપી કારણ કે..

**3. છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) 'મોહને પિતાની ખાનદાનીનો વારસો જાળવ્યો હતો.'- આ વિધાન સમજાવો.

(2) 'વારસાગત' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- અન્ય લઘુકથાઓ મેળવીને વાંચો.

### ભાષા-અભિવ્યક્તિ

- 'દોસ્ત સમી જમીન, જમીનદોસ્ત થતી લાગી.'

ઉપમા અને યમક અલંકારનો મિશ્ર અર્થ રજૂ કરતું આ વાક્ય લેખનરીતિની કમાલ છે અને કૃતિનું ઘરેણું બની ગયું છે.

- 'હું રામશંકરનો દીકરો છું.'

મોરનાં ઈંડાને ચીતરવા ન પડે- જેવી વાત આ વાક્ય તદ્દન સરળતાથી કહી જાય છે. પિતાની ખાનદાની પુત્રના વારસામાં પણ છે એ ગહન અર્થને કેવી સાહજિકતાથી ઉઘાડે છે આ સાદું વાક્ય !

## શિક્ષકની ભૂમિકા

વાતાવરણ અને વારસો મનુષ્યનો સંસ્કારપિંડ ઘડે છે. માતા-પિતા (કુટુંબ) તરફથી બાળકોને જે સંસ્કારો મળે છે તે જ તેનો સાચો વારસો. સંસ્કાર એ જ સાચી મૂડી છે તે વાત વિદ્યાર્થીઓને પ્રસ્તુત લઘુકથા દ્વારા સમજાવવી.

કોઈ પણ વ્યક્તિનું ઋણ ક્યારેય ભૂલવું જોઈએ નહિ. ‘રહે તેનું ઘર અને વાવે તેનું ખેતર’ એવો કાયદો હોવા છતાં મગને ક્યારેય પોતાના માલિકની જમીન પચાવી પાડવાનો વિચાર કર્યો નથી એ તેની ખાનદાની છે, તો સામે રામશંકર પણ મગને પોતાનું ખેતર સમજી વર્ષો સુધી કરેલી નિષ્ઠાપૂર્વકની મહેનતની કદર કરી તેને જમીનનો એક ટુકડો કાયદેસર આપે છે.નિષ્ઠાવાનની કદર થવી જોઈએ તો બંને પક્ષે સુખ, શાંતિ અને સંતોષ મળે છે. વિઘ્નસંતોષી માણસોની વાતોમાં આવ્યા વિના મોહન નીર-ક્ષીર વિવેક જાળવી નિર્ણય લે છે તે વાત સ્પષ્ટ કરવી.

‘રઘુકુલ રીત સદા ચલી આઈ,

પ્રાણ જાય પર વચન ન જાઈ.’

રામાયણની આ ચોપાઈનો આધાર લઈ વિદ્યાર્થીઓને વચનપાલનનું મહત્ત્વ સમજાવવું.

•

# વ્યાકરણ : લિંગ, વચન, અનુગ, નામયોગી, સંધિ

## લિંગવ્યવસ્થા

નીચેનાં વાક્યો વાંચો :

| ગુજરાતી | हिन्दी | English |
|---|---|---|
| છોકરો બે કલાક રમ્યો | लडकी दो घंटे खेली। | A boy played for two hours. |
| છોકરી બે કલાક રમી | लडकी दो घंटे खेली। | A girl played for two hours. |
| બાળક બે કલાક રમ્યું | बच्चा दो घंटे खेला। | A kid played for two hours. |

તમે ધ્યાનથી વાંચો તો તમને ખ્યાલ આવશે કે ગુજરાતીમાં છોકરો, છોકરી અને બાળક - ત્રણેય માટે જુદાં લિંગ વપરાયાં. છોકરો - પુંલ્લિંગ, છોકરી - સ્રીલિંગ અને બાળક - નપુંસકલિંગ. હિન્દીમાં માત્ર બે જ લિંગ વપરાયા. છોકરો - પુંલ્લિંગ, છોકરી - સ્રીલિંગ અને બાળક - નપુંસકલિંગ. હિન્દીમાં માત્ર બે જ લિંગ વપરાયા. लडका - बच्चा- પુંલ્લિંગ અને लडकी- નપુંસકલિંગ. જ્યારે અંગ્રેજીમાં Boy, Girl કે Kid- ગમે તે વપરાયું, પણ બાકીનું વાક્ય સમાન જ રહ્યું. એટલે કે એમાં કોઈ અલગ લિંગ સૂચવાયું નથી. હવે તમને ખ્યાલ આવ્યો હશે કે દરેક ભાષામાં 'લિંગ' એટલે કે Gender-ની વ્યવસ્થા અલગ અલગ હોય છે. જેમકે, ઉપરનાં વાક્યો જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાતી ભાષામાં ત્રણ લિંગ છે - પુલ્લિંગ (masculine), સ્રીલિંગ (feminine) અને નપુંસકલિંગ (neuter), હિન્દીમાં બે જ લિંગ છે - પુલ્લિંગ અને સ્રીલિંગ. જ્યારે અંગ્રેજીમાં He, She, it- સિવાય અન્યત્ર સ્પષ્ટ લિંગવ્યવસ્થાની જરૂર નથી.

અહીં આપણે ગુજરાતી ભાષાની વ્યક્ત - અવ્યક્ત લિંગવ્યવસ્થાનો પરિચય મેળવીશું.

નીચેના શબ્દો વાંચો અને તેનું લિંગ જણાવો.

અંધારું, હીરો, ભૂમિ, દીકરો, માટી

તમને કેવી રીતે ખબર પડે કે આ શબ્દનું લિંગ કયું છે ? આ તમને મુંઝવતો પ્રશ્ન છે. પણ તમે વિચારો, તમે વર્ષોથી ગુજરાતી ભાષા સાંભળો છો, વાંચો છો - એટલે તમને ગુજરાતી ભાષાનો પરિચય છે જ. બરાબર ? તમારે એ પરિચયનો ઉપયોગ કરવાનો છે. તમારે તમારી જાતને પૂછવાનું કે 'અંધારું કેવું હોય ?' કે 'અંધારું કેવો હોય ?' કે 'અંધારું કેવી હોય ?' - શું બરાબર લાગે છે ? તમને તરત ખ્યાલ આવશે કે 'અંધારું કેવો ?' - ના, બરાબર નથી. 'અંધારું કેવી ?' - ના. આ પણ બરાબર નથી. 'અંધારું કેવું ?' - બરાબર છે. એટલે કે, 'અંધારું' એ નપુંસકલિંગ શબ્દ છે. હવે ઉપરના શબ્દોના લિંગ જોઈએ ?

| | | | | | |
|---|---|---|---|---|---|
| અંધારું | - | નપુંસકલિંગ | હીરો | - | પુંલ્લિંગ |
| ભૂમિ | - | સ્રીલિંગ | દીકરો | - | પુંલ્લિંગ |
| માટી | - | સ્રીલિંગ | | | |

કેટલાક શબ્દોમાં આ લિંગ સ્પષ્ટ દેખાઈ આવતું હોય છે. કેવી રીતે ? ઉપરના શબ્દો જુઓ. તેમાં હીરો, દીકરો - વગેરે શબ્દોને અંતે '-ઓ' છે. તો ભૂમિ, માટી - વગેરે શબ્દોને અંતે '-ઇ' કે '-ઈ' છે. અને 'અંધારું'માં શબ્દને અંતે '-ઉં' છે. સામાન્ય રીતે શબ્દને અંતે '-ઓ' હોય તો તે 'પુંલ્લિંગ' દર્શાવે છે, '-ઇ--ઈ' હોય તો સ્રીલિંગ અને '-ઉં' હોય તો નપુંસકલિંગ દર્શાવે છે. જ્યારે આ પ્રત્યયો દ્વારા લિંગ દર્શાવાય ત્યારે તેને વ્યક્તલિંગવ્યવસ્થા કહે છે.

પરંતુ, ગુજરાતી ભાષાના દરેક શબ્દમાં આ વ્યક્ત લિંગવ્યવસ્થા જોવા મળતી નથી. જેમકે, નીચેના શબ્દો જૂઓ :

હાથી, લાડુ, સંકોચ, બહેન, તેલ

ઉપરના શબ્દોમાં '-ઓ', '-ઈ', '-ઉં' - દ્વારા લિંગ સ્પષ્ટ થતું નથી. જેમકે, 'હાથી' '-ઈ' કારાન્ત છે, 'લાડુ' '-ઉ' કારાન્ત છે, 'સંકોચ' '-અ'કારાન્ત છે. પણ આ બધા શબ્દો પુલ્લિંગ શબ્દ છે.

'સંકોચ', 'બહેન' અને 'તેલ' ત્રણેય શબ્દ '-અ'કારાન્ત છે, પણ ત્રણેયનાં લિંગ અનુક્રમે પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ છે એટલે કે અલગ છે. નીચેનો કોઠો જોતાં અવ્યક્ત લિંગ વધુ સ્પષ્ટ થશે.

અવ્યક્ત લિંગ :

| **સ્વરાન્ત** | **પુંલ્લિંગ** | **સ્ત્રીલિંગ** | **નપુંસકલિંગ** |
|---|---|---|---|
| **'-અ' કારાન્ત** | દેશ | ફરિયાદ | તેલ |
| **'-આ'કારાન્ત** | રાજા | ઈચ્છા | ધોળકા |
| **'-ઈ'કારાન્ત** | પ્રવાસી | આરતી | પંખી |
| **'-ઉ'કારાન્ત** | સાધુ | સાસુ | રૂ |

**લિંગપરિવર્તન :**

નીચેની શબ્દજોડ જૂઓ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| રાજા | - | રાણી | પુત્ર | - | પુત્રી |
| નોકર | - | નોકરાણી | ધોબી | - | ધોબણ |
| ગાયક | - | ગાયિકા | | | |

આ શબ્દજોડ જોતાં તમને ખ્યાલ આવશે કે જીવંત વ્યક્તિ કે પશુ-પંખીમાં લિંગભેદ દર્શાવવા માટે ક્યારેક જુદા શબ્દો છે તો ક્યારેક માત્ર પ્રત્યય બદલાય છે અને તેના દ્વારા નારી અથવા માદાસૂચક લિંગભેદ દર્શાવાય છે. નીચેનો કોઠામાં નમૂનારૂપ શબ્દજોડ જોતાં લિંગપરિવર્તનનો ખ્યાલ આવશે.

| **'-ઈ' દ્વારા સ્ત્રીલિંગ** | **'-ણ' દ્વારા સ્ત્રીલિંગ** | **'-આણી' દ્વારા સ્ત્રીલિંગ** | **'-ઈકા' દ્વારા સ્ત્રીલિંગ** | **વિશેષ શબ્દજોડ** |
|---|---|---|---|---|
| દાસ-દાસી | સુથાર-સુથારણ | શેઠ-શેઠાણી | નાયક-નાયિકા | દીકરી-જમાઈ |
| છોકરો-છોકરી | સોની-સોનારણ | ગોર-ગોરાણી | શ્રાવક-શ્રાવિકા | ગાય - બળદ |
| કાકા-કાકી | સિંહ-સિંહણ | જેઠ-જેઠાણી | બાલક-બાલિકા | પતિ-પત્ની |

આ કોઠો અને શબ્દજોડ જોતાં અન્ય શબ્દજોડ પણ યાદ આવી જ ગઈ હશે. યાદી બનાવીશું ?

**ધ્યાન રાખો :**

દર વખતે '-ઓ' '-ઈ' બદલવાથી લિંગ નહીં બદલાય. નીચેના શબ્દો જુઓ :

હાથો - હાથી, પંખો - પંખી, નકશો - નકશી, માંડવો - માંડવી

'હાથ - હાથી - હાથો' - ત્રણે શબ્દ પુલ્લિંગ જ છે. 'પંખો' પુલ્લિંગ છે પણ 'પંખી' - 'ઈ'કારાન્ત હોવા છતાં નપુંસકલિંગ છે. 'માંડવો' પુલ્લિંગ છે અને 'માંડવી' (રવેશી, મગફળી) સ્ત્રીલિંગ છે.

ઉપરોક્ત શબ્દો દેખીતી રીતે જ સરખા છે, પણ લિંગ કે અર્થ જેવો કોઈ સંબંધ ધરાવતા નથી.

ગુજરાતી ભાષાની લિંગવ્યવસ્થા વિશે તમને પ્રાથમિક પરિચય મળ્યો. બરાબર ? તો હવે નીચેના શબ્દોના લિંગ ઓળખાવતો વિકલ્પ પસંદ કરો :

| | | | | |
|---|---|---|---|---|
| (1) | દિવેલ | (ક) પુલ્લિંગ | (ખ) સ્ત્રીલિંગ | (ગ) નપુંસકલિંગ |
| (2) | જાત્રાળુ | (ક) પુલ્લિંગ | (ખ) સ્ત્રીલિંગ | (ગ) નપુંસકલિંગ |
| (3) | મુલાકાત | (ક) પુલ્લિંગ | (ખ) સ્ત્રીલિંગ | (ગ) નપુંસકલિંગ |
| (4) | માનવી | (ક) પુલ્લિંગ | (ખ) સ્ત્રીલિંગ | (ગ) નપુંસકલિંગ |
| (5) | તેજ | (ક) પુલ્લિંગ | (ખ) સ્ત્રીલિંગ | (ગ) નપુંસકલિંગ |

ઉત્તર જોઈશું (1-ગ) નપુંસકલિંગ (2-ક) પુલ્લિંગ (3-ખ) સ્ત્રીલિંગ (4-ક) પુલ્લિંગ (5-ગ) નપુંસકલિંગ

## વચનવ્યવસ્થા

મિત્રો, નીચેનાં વાક્યો વાંચો :

1.1 John bought a book

1.2 John bought three books.

2.1 A child was playing in the garden.

2.2 Children were playing in the garden.

શું સમજાય છે ? બરાબર. તમે 1.1માં a book છે એ 1.2માં three books-ની વાત છે. એ જ રીતે વાક્ય 2.1માં A child છે અને 2.2માં Children-ની વાત છે. એટલે કે વાક્ય 1.1 અને 2.1માં એકવચન છે. અને વાક્ય 1.2 અને 2.1માં બહુવચન છે. એટલું જ નહીં, વાક્ય 1.2માં શબ્દને 's' પ્રત્યય લાગ્યો છે જ્યારે વાક્ય 2.2માં વિશેષ શબ્દ વપરાયો છે. એટલે કે દરેક ભાષા 'એક' અને 'એકથી વધુ' - દર્શાવવા માટે વચનવ્યવસ્થા ધરાવે છે.

જેમ તમે ઉપરનાં વાક્યોમાં જોયું કે બહુવચન દર્શાવવા માટે બે જુદી રીત પ્રયોજાઈ છે. તે જ રીતે દરેક ભાષાની પોતાની આગવી વચનવ્યવસ્થા હોય છે. આપણે ગુજરાતી ભાષા બોલીએ છીએ, સાંભળીએ છીએ, વાપરીએ છીએ એટલે ગુજરાતીની વચનવ્યવસ્થાથી પરિચિત છીએ જ. અહીં આપણે એ પરિચિત વ્યવસ્થાને થોડી સ્પષ્ટતાથી સમજીએ.

**એકવચન :**

જ્યારે કોઈ એક જ વસ્તુ, વ્યક્તિ, ઘટનાનો નિર્દેશ હોય ત્યારે તે એકવચનમાં પ્રયોજાય છે. જેમકે,

(1) આપને આંજણી થઈ છે તો જવ લાગવો.

(2) મારા ગામ વતી આજની રાતનો ફાળો આપું છું.

(3) આજની આ સભાનું પ્રમુખસ્થાન શ્રી ભાઈસાહેબને લેવાની હું વિનંતી કરું છું.

(4) મારી ગાગર ઉતારો તો હું જાણું કે રાજ તમે ઉચક્યો તો પ્હાડને

(5) આતમનો તારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા.

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો તેમ આંજણી, જવ, ગામ, રાત, ફાળો, સભા, પ્રમુખસ્થાન, ગાગર, પ્હાડ, દીવો વગેરે જેવા શબ્દો એકવચનમાં પ્રયોજાયા છે. તેને કોઈ વિશેષ પ્રત્યય લાગતા નથી. પણ ક્યારેક વધુ સ્પષ્ટતા માટે 'એક' વિશેષણ તરીકે નિર્દેશાય છે. જેમકે,

(1) એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.

(2) જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.

(3) રંગમંચ પર વચ્ચોવચ એક મોટું મેજ છે.

(4) ત્યાં એક વિશાળ રાજમાર્ગ નજરે પડે છે.

(5) એક રાત તો રમાઈ ગઈ ને.

હવે નીચેના શબ્દો વાંચો અને તેનું બહુવચન કેવી રીતે કરવું તે વિચારી જુઓ :

પાણી

દૂધ

આ શબ્દોની આગળ તમે માપ આદિ ઉમેરી શકશો. પણ આ શબ્દોનું બહુવચન નહીં કરી શકો. એટલે કે દ્રવ્યવાચક સંજ્ઞાનું બહુવચન થતું નથી.

**બહુવચન :**

(1) વિશાળ રૂમમાં અમે ચાર જણ જમનારાં હતાં.

(2) રસોઈયો કમ પીસરણિયા જેવો માણસ અમારા ભાણામાં વારાફરતી વિવિધ વ્યંજનો પીરસતો હતો.

(3) પછી તો ઐયપ્પાએ મુંબઈમાં ઘણી હોટલો ખોલી.

(4) બજારમાં પૂજાપાના સામાન, દર્ભાસનો, ઓરસિયા, 'મર્તબાન' (ચીની માટીની બરણીઓ), તુલસી કે રુદ્રાક્ષની માળાઓ, પથ્થર કે ધાતુની મૂર્તિઓ, દેવદેવીઓનાં ચિત્રો ને છબીઓ, જાત્રામાર્ગની ચોપડીઓ, પહાડો ચડવાની લાકડીઓ, ટોર્ચ, ફાનસ, મીણકાપડ, છત્રીઓ, ધાબળા, ચટાઈઓ, ભજનભક્તિ પૂજાઅર્ચા ને દેવદેવાદિને લગતાં ધાર્મિક પુસ્તકો, એવો એવો સાધુ, ભગત ને જાત્રાળુઓના બરનો માલ જ જ્યાં ત્યાં વિશેષ જોવામાં આવે.

(5) તમે અહીં આવવાના છો એ સમાચાર મળ્યા.

ઉપરનાં વાક્યોમાં તમે બહુવચનનો પ્રયોગ જોયો ? તમે જાણો છો કે જ્યારે 'એકથી વધુ'નો નિર્દેશ કરવો હોય ત્યારે બહુવચન પ્રયોજાય છે. પણ એ બહુવચન કેવી કેવી રીતે પ્રયોજાય છે તે તમે ઉપરના વાક્યોમાં જોઈ શકશો. ચાલો, આપણે એ રીતે વધુ સ્પષ્ટ રીતે જોઈએ.

(1) વ્યંજનો, હોટલો, દર્ભાસનો, માળાઓ, મૂર્તિઓ, ચિત્રો, છબીઓ, ચોપડીઓ, લાકડીઓ, છત્રીઓ, પુસ્તકો, જાત્રાળુઓ વગેરે જેવા શબ્દો બહુવચન છે. આ શબ્દોનું બહુવચન બહુ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે - તેમની સાથે જોડાયેલા '-ઓ' પ્રત્યય દ્વારા.

ગુજરાતી ભાષક સામાન્ય રીતે બહુવચન કરવા માટે શબ્દ સાથે '-ઓ' પ્રત્યય જોડે છે.

| | | |
|---|---|---|
| ખુરશી-ખુરશીઓ | વાત-વાતો | શાળા-શાળાઓ |
| નિબંધ-નિબંધો | સાધુ-સાધુઓ | પ્રવાસી-પ્રવાસીઓ |
| ફૂલ-ફૂલો | સ્થાન-સ્થાનો | કુટુંબ-કુટુંબો |

અહીં તમે જોઈ શકશો કે જે શબ્દને અંતે '-અ' સ્વર હોય ત્યાં '-અ'ને બદલે '-ઓ' પ્રત્યય બોલાય - લખાય છે. જેમકે 'ફૂલ', તેનું બહુવચનનું રૂપ 'ફૂલઓ' નહીં લખાય. તે 'ફૂલો' જ લખાશે. 'સ્થાન'નું 'સ્થાનઓ' નહીં, 'સ્થાનો'. પરંતુ '-અ' સિવાયના સ્વરો હોય તો તે શબ્દને અંતે આવતો મૂળ સ્વર જળવાયેલો રહે અને '-ઓ' સ્વર જોડાય છે. જેમકે 'ખુરશી' '-ઈ'કારાન્ત શબ્દ છે. તેથી 'ખુરશો' નહીં પણ 'ખુરશીઓ', 'શાળા' - 'શાળો' નહીં, પણ 'શાળાઓ'.

(2) ઉપરનાં વાક્યોમાં તમે 'પૂજાપા', 'ધાબળા' વગેરે શબ્દ વાંચ્યા ? તમને થશે કે અહીં બહુવચનનો કયો પ્રત્યય લાગ્યો ? અહીં તો શબ્દનો ફેરફાર થઈ ગયો છે. બરાબર ? સાચી વાત છે. નીચેના શબ્દો વાંચો અને તેનું બહુવચન કરો.

તાકો, કોથળો, ઓરસિયો, ઝૂલો, દીવો.

કાપડનો તાકો, અનાજનો કોથળો - આ તો એકવચન છે. તો આ શબ્દોનું બહુવચન શું થશે ? તમે વિચાર્યું ?

આમ તો આ પ્રયોગ કાવ્યમાં છે જ-

- એ લોકો પહેલા કાપડના તાકા ભરી રાખે છે.

- એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે.

ચાલો, આ શબ્દોના બહુવચન ધરાવતા શબ્દો જોઈએ :

| | |
|---|---|
| **તાકો** - તાકા | **કોથળો** - કોથળા |
| **ઓરસિયો** - ઓરસિયા | **ઝૂલો** - ઝૂલા |
| **દીવો** - દીવા | |

આ શબ્દોને બહુવચનમાં પ્રયોજવા માટે શું કર્યું ? શબ્દને અંતે જ્યારે '-ઓ' સ્વર આવે ત્યારે તેને બહુવચનનો

પણ '-ઓ' પ્રત્યય જ લાગે તો એ કેવી રીતે સંભળાય કે સમજાય ? 'તાકોઓ', 'કોથળોઓ'...? એટલે આપણે '-ઓ' સ્વરને બદલે '-આ' સ્વર પ્રયોજીએ છીએ. એટલે કે, 'કોથળો' - 'કોથળો' - 'કોથળા'.

(3) હવે નીચેના શબ્દોનું બહુવચન કરો :

કોડિયું

પીંછું

માટલું

સસલું

તણખલું

આ શબ્દમાં બહુવચનનો અર્થ ઉમેરવો હોય તો કયો પ્રત્યય લગાવશો ? '-ઓ'? 'કોડિયો', 'પીંછો'... વાંચવું કે સાંભળવું બરાબર લાગે છે ? ના. તો આ શબ્દોનું બહુવચન કેવી રીતે કરવું ? જેમ ઉપરના પુલ્લિંગી '-ઓ'કારાન્ત શબ્દમાં '-ઓ'ને સ્થાને '-આ' પ્રત્યય મૂક્યો તે જ રીતે અહીં '-ઉં'કારાન્ત શબ્દમાં '-ઉં' સ્વરને સ્થાને '-આં' પ્રત્યય આવશે. તો અહીં '-ઉં'કારાન્ત નપુંસકલિંગી શબ્દોનું બહુવચન કરીએ ?

કોડિયું - કોડિયાં　　પીંછું - પીછાં

માટલું - માટલાં　　સસલું - સસલાં

તણખલું - તણખલાં

ધ્યાન રાખો : પુલ્લિંગ શબ્દોમાં '-ઓ' સ્વરને સ્થાને '-આ' સ્વર આવશે - અનુસ્વાર વિના. અને નપુંસકલિંગી શબ્દોમાં '-ઉં' સ્વરને સ્થાને '-આં' સ્વર - અનુસ્વાર સહિત - આવશે.

નીચેના શબ્દો બહુવચનમાં ફેરવો :

કૂતરું, વાદળું, વાંદરું, દાતરડું, હલેસું

આ શબ્દો નપુંસકલિંગ છે અને '-ઉં'કારાન્ત છે. તેથી આ શબ્દોનું બહુવચન કેવી રીતે કરીશું ? '-આં' પ્રત્યય દ્વારા. ઉત્તર ચકાસીએ ?

કૂતરું-કુતરાં　　વાદળું-વાદળાં

વાંદરુ-વાંદરાં　　દાતરડું-દાતરડાં

હલેસું-હલેસાં

(4) ઉપરનાં વાક્યોમાંથી ત્રણ વાક્યો ફરીથી જોઈએ.

(1) વિશાળ રૂમમાં અમે ચાર જણ જમનારાં હતાં.

(2) રસોઈયો કમ પીસરણિયા જેવો માણસ અમારા ભાણામાં વારાફરતી વિવિધ વ્યંજનો પીરસતો હતો.

(3) પછી તો ઐયપ્પાએ મુંબઈમાં ઘણી હોટલો ખોલી.

આ વાક્યોમાં તમે જોઈ શકો છો કે 'ચાર જણ', 'વિવિધ વ્યંજનો', 'ઘણી હોટલો' પ્રયોગ થયા છે. અહીં સંજ્ઞા પહેલાં 'ચાર', 'વિવિધ', 'ઘણી' જેવાં વિશેષણ પ્રયોજાયાં છે. આવાં વિશેષણો દ્વારા પણ 'બહુત્વ'નો - બહુવચનનો નિર્દેશ થતો હોય છે.

નીચેનાં વાક્યો વાંચો અને અધોરેખિત શબ્દનું બહુત્વ કયા શબ્દથી સૂચવાય છે તે જણાવો :

- મગનની જમીનમાં મબલખ <u>પાક</u> પાક્યો.
- વરસે દહાડે 5-7 લાખ <u>જાત્રાળુ</u> હિંદુસ્તાનને ખૂણેખૂણેથી આવે.
- નંદનંદનભાઈની સ્મૃતિ આપણા શહેરમાં તો હરેક <u>શહેરી</u>ના હૈયામાં કોતરાયેલી રહેશે.

- તમારા ગામમાં બે રાત તો રમવાના છીએ.

તમે ધ્યાનથી વાંચો અને જણાવો કે 'પાક' શબ્દનું બહુત્વ કયા શબ્દ દ્વારા સૂચવાય છે ? 'મબલખ'. બરાબર ? 'જાત્રાળુ' કેટલા ? '5-7 લાખ'. એટલે કે આ પ્રયોગ દ્વારા બહુત્વ સૂચવાય છે. કયા કયા 'શહેરી' ? 'હરેક', 'રાત' કેટલી ? 'બે'.

આમ, તમે જોયું કે '-ઓ', '-આ', '-આં' જેવા પ્રત્યય; સંખ્યાવાચક વિશેષણ; બહુત્વવાચક વિશેષણવગેરે દ્વારા બહુવચન દર્શાવાય છે. હવે જ્યારે તમે વચન બદલો ત્યારે તમે ધ્યાન રાખજો કે તમે શું કર્યું? તમને ઉપર જણાવ્યા ઉપરાંતની વ્યવસ્થા દેખાશે. જેમકે,

- દાદાએ સફરજન ખાધું.
- દાદાએ સફરજન ખાધાં

હવે તમે વચન પણ ધ્યાનથી વાંચશોને?

## અનુગ અને નામયોગી

નીચેનાં વાક્યોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરો :

(1) I have a map of Gujarat.

(2) Gandhiji was born in 1869.

(3) The door must have been opened with a key.

(4) Have you seen the notice on the notice board ?

(5)This milk has to be used by 14th August.

ચાલો, આપણે આ વાક્યોનું ગુજરાતી કરીએ.

(1) મારી પાસે ગુજરાતનો નકશો છે.

(2) ગાંધીજીનો જન્મ 1869માં થયો હતો.

(3) આ બારણું ચાવીથી જ ખોલાયું હશે.

(4) તમે નોટિસ બોર્ડ પર નોટિસ જોઈ ?

(5) આ દૂધ 14 ઑગસ્ટ સુધીમાં વાપરવું.

તમે વાક્યો વાંચ્યા. તેમાં અધોરેખિત શબ્દ - પ્રત્યય વાંચ્યા. of, in, with, on, by જેવા post positionનાં કાર્યથી તમે પરિચિત છો. હવે એની સાથે ગુજરાતી ભાષાના આ પ્રત્યય, નામયોગી જુઓ : નો, માં, થી, પર, સુધી. અંગ્રેજીમાં જે કાર્ય આ અને આવાં post positions કરે છે, તેવું જ કાર્ય ગુજરાતી ભાષામાં અનુગ (વિભક્તિપ્રત્યય) અને નામયોગી કરે છે.

હવે નીચેનાં વાક્યો વાંચો :

Your writing is similar to mine.

Students are going to school every day.

Rohit gave that notebook to Raj.

You have to wait till your turn come.

અહીં તમે જોઈ શકો છો કે 'to' - post position કેવા જુદા જુદા અર્થ વ્યક્ત કરવા માટે પ્રયોજાય છે. ગુજરાતી ભાષામાં પણ એક વિભક્તિપ્રત્યય એકથી વધુ કાર્યો કરે છે. આપણે આ વિભક્તિપ્રત્યયો અને તેમનાં કાર્યો જોઈએ.

**અનુગો : (વિભક્તિ પ્રત્યય)**

ગુજરાતીમાં કર્મ, સ્થાન, સમય, સાધન આદિનો નિર્દેશ કરનારા અનુગો નીચે મુજબ છે :

એ, ને, થી, માં, -ન-

આ અનુગોનાં વિવિધ કાર્યો નીચે મુજબ જોઈ શકાય :

**(1) એ**

**કર્તા :** (ભૂતકાળમાં - (If the verb is transitive))

- મેં ને મારા વરે મહેનત કરવા માંડી.
- દેશસેવકોએ ફંડફાળો ભેગો કર્યો.
- પાકું લખાણ થાય તે પહેલા રામશંકરે દેહ છોડ્યો.

**સાધન :**

- ટીપે ટીપે સરોવર ભરાય.
- કોઈને આમ સોટીએ ને સોટીએ મરાય ?

**ક્રિયાની રીત :**

- ઉતાવળે આંબા ન પાકે.
- સમરાંગણ તમને તો શોભે હો શ્યામ, વગર હથિયારે ત્યાં જ તમે ફાવશો !
- મગને ધ્રૂજતા હાથે સહી કરી.

**ક્રિયાનું સ્થાન :**

- છોકરી કેડે ચારેક વર્ષના છોકરાને તેડીને ચડે છે.
- મારો ઉતારો પહેલો માળે ગેસ્ટરૂમમાં હતો.
- સવારે સિંહના નશ્વર દેહને અવલ મંઝિલે પહોંચાડાયો.

**ક્રિયાનો સમય :**

- ઘડીક તો અડધી રાતે દિ ઉગાડી દીધો.
- પરમ દિ રાત્યે આંય પુલ માથેથી સ્હાવજે પડતું મેલ્યું.
- હા, નિશ્ચિત સમયે શાળા ખુલે, પણ બંધ થવાનો કોઈ સમય નહીં.

**(2) '-ને'**

**કર્મ :**

- પેલા ભોગીલાલને બોલાવી લાવ જોઉં.
- હજુય હું તમને કબૂલ કરી દેવા કહું છું.
- એમણે જમીનનો એક ટૂકડો મગનને કાઢી આપ્યો.
- હું ગગાને ભણાવીશ.
- નાયકોને વગર ગાયે મહેનતાણું મળી ગયું.

**(3) '-થી'**

**કર્મણી** - ભાવે રચનાનો - ગૌણ કર્તા

- નંદનંદનથી ચલાતું નહોતું.
- કુતમ્માથી આગળ ભણી શકાયું નહીં.

**સાધનઃ**

- બહેન, આ ટુવાલથી જરા ડિલ લૂછી કાઢો.

- ડ્રાઈવરોએ હતાં તે સાધનોથી નીચે જોવા નિષ્ફળ પ્રયત્નો કર્યા.

**ક્રિયાની રીત :**

- છોકરો ગુસ્સાથી પીઠ ફેરવીને ચાલ્યો ગયો.
- સ્હાવજ બેદરકારીથી પુલ માથે હાલ્યો જાતો'તો.

**સમયની પૂર્વમર્યાદા :**

- છોકરો નાનપણથી ઘરે ગુજરાતી સાંભળતો.
- છેલ્લાં ત્રીસ વર્ષથી કલ્યાણકારી પ્રવૃત્તિનાં પ્રેરણાં અને સંચાલન તેમમે જ કર્યાં છે.

**સ્થળની પૂર્વ મર્યાદા :**

- વરસે દહાડે ૫-૭ લાખ જાત્રાળુ હિંદુસ્તાનને ખૂણેખૂણેથી અહીં આવે.
- અમે સાંજે ઓસ્ટ્રેલિયાથી નીકળ્યા.

**સ્થળનો ગાળો :**

- હું જૂનાગઢથી સાસણ પહોંચ્યો.
- સીમમાંથી સાંજે વાડાની કણજીઓ ઉપર મોર ઊડી આવતા.

**સમયનો ગાળો :**

- અમે સાંજે ચાર વાગ્યાથી સાત વાગ્યા સુધી ફૂટબોલ રમીએ છીએ.
- મીટીંગ નવ વાગ્યાથી અગિયાર વાગ્યા સુધી ચાલશે.

**અપાદાન :** (વસ્તુ કે વ્યક્તિનું કશેકથી, કોઈનાથી - છૂટું પડવું તે)

- દીકરી જાતાં એમ લાગતું, ગયો ગોખથી દીવો
- એહમદ ટોળામાંથી બહાર આવ્યો.

**તુલના :**

- મરઘીથી જરાક નાની એવી વનલાવરી

**(4) '-માં'**

**અધિકરણ (સ્થળ - સમય)**

**સ્થળ :**

- દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે.
- આવા ઉંઘરેટા છેવાડાના ગામમાં રહેવું ગમે શી રીતે ?

**સમય :**

- તમે જેને આપબળ કહો છો, તેની પાછળ બે ત્રણ વર્ષના સમયગાળામાં તમે ઉચાપત કરેલા મારા દશ હજાર રૂપિયા હતા.
- છેલ્લા બાર-ચૌદ વર્ષમાં ફોટોગ્રાફી નિમિત્તે મારે દેશવિદેશમાં ઘણું ફરવાનું રહ્યું.

**ગુણ-લક્ષણ :**

- છોકરો ભણવામાં હોશિયાર છે.

**સીમા :**

- આટલામાં જ થાકી ગયો ?

**(5) '-ન-'**

Teacher's book    colour of the shirt.

જ્યારે આવો કોઈ સંબંધ દર્શાવવો હોય ત્યારે ગુજરાતીમાં '-ન-' (-નો, -ની, -નું, -ના, -નાં) પ્રત્યય પ્રયોજાય છે.

- ગંગાના વિશાળ ઘાટો લાંબે લગી પથરાયેલા છે.

- મામાનું ઘર છેટે નથી.
- માણસની આમન્યા કેમ રાખવી એ પણ કોઈ જાણતું નથી લાગતું.
- તેમણે વેપારીઓની પ્રીતિ સંપાદન કરી હતી.

## નામયોગી

તમે '-ન-' વિભક્તિના પ્રત્યય જોતી વખતે અંગ્રેજી ઉદાહરણ જોયાં. તમે જોયું કે 's' અને 'of' બંને દ્વારા સમાન કાર્ય જ થયું છે. તેમાં '-s' એ પ્રત્યય છે. અને 'of' નામયોગી છે. ગુજરાતી ભાષામાં પણ આ રીતે કેટલાક નામયોગીઓ વિભક્તિ પ્રત્યયને સમાંતર કાર્ય કરે છે. જેમકે, '-થી' પ્રત્યય કે અર્થ સૂચવે છે તે જ અર્થ 'વડે, દ્વારા' વગેરે નામયોગી દ્વારા સૂચવાય છે. જેમકે,

- કઠિયારાએ કુહાડાથી ઝાડ કાપ્યું.
- કઠિયારાએ કુહાડા વડે ઝાડ કાપ્યું.

વિભક્તિ પ્રત્યય જેવું જ કાર્ય કરતા નામયોગીઓ વિવિધ કાર્ય કરે છે. નીચેનો કોઠો જોતાં આ વિગત તરત સ્પષ્ટ થઈ જશે :

| પ્રકાર | નામયોગી | ઉદાહરણ |
|---|---|---|
| **કરણવાચી (માધ્યમ)** | વડે, થકી, દ્વારા | -મે મહિનામાં બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવશે. |
| **હેતુવાચક** | માટે, વાસ્તે, સારુ, ખાતર | તારાં માણસો માટે કંઈક કર તો આ જનમારો લેખે લાગે.<br>મારો દીકરો કાયમ માટે અહીં પાછો આવી ગયો. |
| **રીતવાચક** | પ્રમાણે, માફક, પેઠે, | પગની પાની પર પથરાની માફક વરસાદનાં ફોરાં વાગતાં હતાં.<br>છોકરાઓને તો વાંદરાની માફક ચડઉતરને કૂદાકૂદ કરવાનું ગમે, બેસી રહેવાનું નહીં. |
| **સહયોગીવાચક** | સાથે, વિના, સિવાય, સહિત, વગર, જોડે, વિણ | તદ્દન અજાણ્યા કુટુંબ જોડે રહેવું અડવું તો લાગે.<br>હું તેમની સાથે તેમના ઘેર પહોંચી.<br>આતમનો તારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા. |
| **સમય સ્થાન, મર્યાદા, ક્રમ** | સુધીમાં, લગી, બાદ, પછી | આંજણી મટતા સુધી કચૂકો ત્યાં ચોંટી રહેશે.<br>પછી તો ઐયપ્પાએ ઘણી હોટલો ખોલી<br>રમિયે ત્યાં લગ હાથ રમકડું. |
| **દિશાસૂચક** | પર, ઉપર, નીચે, અંદર, બહાર, પાસે, સામે, કને, તરફ વગેરે | રંગમંચ પર વચોવચ એક મોટું મેજ છે.<br>તમારી બેગ અંદર રૂમમાં છે.<br>છોકરો મમ્મી પાસે ગયો.<br>આ કૂદ્યો કે પેલી તરફના અંધારા ખેતરમાં. |
| **સંબંધવાચક** | તણું, કેરું | કૃષ્ણ દયાનંદ દાદા કેરી પુણ્ય વિરલ રસ ભોમ.<br>સ્નેહ શૌર્ય ને સત્ય તણા ઉરવૈભવ રાસ રચાય. |
| **અધિકરણવાચક** | મહીં, | ડચકારા દઈ દઈ ગાયો ચરાવવી, ને છાંય મહીં ખઈલેવો પોરો (તો જાણું) |

તો મિત્રો, તમે અહીં ગુજરાતી વિભક્તિ પ્રત્યય અને નામયોગીઓના વિવિધ કાર્યો જોયાં. તમે જ્યારે તમારા પાઠ કે કવિતાનો અભ્યાસ કરતા હોવ ત્યારે આ વિભક્તિપ્રત્યય અને નામયોગીથી મળતા અર્થને તપાસશો તો કૃતિમાં વધારે મજા આવશે.

## સંધિ

મિત્રો, તમે ચિત્રકામ કર્યું છે ? તમે પીળો રંગ કરતા હોવ અને તેમાં લાલ રંગનો લસરકો લાગી જાય તો શું થાય છે ? ત્યાં કેસરી રંગ દેખાય છે ? એવું કેમ થાય ? તમે કહેશો કે એક રંગમાં બીજો રંગ ભળે એટલે બીજા રંગની અસરથી પહેલો રંગ બદલાય, બરાબર ? હવે કોઈ તમને કહે કે બોલતી વખતે પણ આવું થાય છે, તો ? તમે માનશો ? ચાલો સમજાવું.

તમે ઉચ્ચારણપ્રક્રિયામાં 'ઘોષ' અને 'અઘોષ' ભણી ગયા છો. બરાબર ? 'ઘોષ' એટલે 'વધારે કંપિત હવા' અને 'અઘોષ' એટલે 'થોડી ઓછી કંપિત હવા' - યાદ છે ને ? હવે આગળનો અક્ષર અઘોષ હોય, તેની હવાના કંપનો ઓછા હોય અને તેના પછી જે ધ્વનિ આવે તે ઘોષ હોય, તેની હવાના કંપનો વધારે હોય, તો તે આગળના અક્ષરના હવાના કંપનો વધારે કે નહીં ? ન સમજાયું ? ચાલો, ઉદાહરણ સાથે જોઈએ.

ગુજરાતી ભાષાનો 'ક' ધ્વનિ અઘોષ છે. તેના પછી કોઈ ઘોષ ધ્વનિ એટલે કે કોઈ સ્વર કે ગ, જ, દ જેવા કોઈ ઘોષ ધ્વનિઓ આવે છે. તો શું થશે ? માનો કે, કોઈ સ્વર આવે છે. તો એ સ્વરની હવા ઘોષ છે, તેના કંપનો વધારે છે. આ વધુ કંપનમાત્રા આગળના અઘોષ ધ્વનિ 'ક'ના કંપનોમાં ભળે, એટલે 'ક' અઘોષ ન રહેતાં ઘોષ થઈ જાય. પણ 'ક' તો કંઠ્ય અઘોષ ધ્વનિ છે. તેથી 'ક'નો 'ગ' સંભળાય છે. કારણ કે 'ગ' કંઠ્ય ઘોષ ધ્વનિ છે. આ પ્રક્રિયાને આપણે 'સંધિ' કહીએ છીએ.

દા.ત., વાક્-અવયવ - વાગવયવ

એટલે કે 'સંધિ'એ વાંચવાનો વિષય નથી, બોલવાનો વિષય છે. તમારે જે સંધિ કરવાની હોય તે બે શબ્દોને ઝડપથી બોલશો એટલે ત્યાં સંધિ થશે જ. તમારે માત્ર એને ઓળખવા પર ધ્યાન આપવાનું છે. કારણકે બે શબ્દ પાસે આવે ત્યારે પહેલા અક્ષરના છેલ્લા અક્ષર અને બીજા શબ્દના પ્રથમ અક્ષરમાં ઉચ્ચારણ સંદર્ભે પરિવર્તન આવે - તે સંધિ.

અહીં તમે એ પણ જોયું હશે કે સંધિ થવાને કારણે આપણને 'વાગવયવ' એવો નવો શબ્દ પણ મળ્યો. ભાષામાં આવી કેટલીક પ્રક્રિયાઓ દ્વારા નવા શબ્દો ઘડાય છે.

ભાષામાં 'શબ્દસંધિ'ની પ્રક્રિયા સંસ્કૃત ભાષાકાળથી જોઈ શકાય છે. સંસ્કૃતમાં સ્વર સંધિ, વ્યંજન સંધિ અને વિસર્ગ સંધિ આવે છે. અહીં સ્વર સંધિ અને વ્યંજન સંધિની પ્રક્રિયા જોઈએ.

**સ્વરસંધિ :**

હ્રસ્વ કે દીર્ઘ સ્વર સાથે અન્ય હ્રસ્વ કે દીર્ઘ સ્વર ભળે ત્યારે તે દીર્ઘ સ્વરસંધિ થાય છે.

અહીં તમે જુઓ છો તેમ બે નાની રેખા મળે તો એક મોટી રેખા થાય, એક નાની અને એક મોટી રેખા મળે તો પણ મોટી રેખા થાય અને બે મોટી રેખા મળે ત્યારે તો એ મોટી છે જ. એ જ રીતે બે હ્રસ્વ સ્વર ભેગા થાય કે એક હ્રસ્વ અને એક દીર્ઘ. સ્વર ભેગા થાય કે બંને દીર્ઘ સ્વર ભેગા થાય - બધી પરિસ્થિતિમાં ઉચ્ચારણ 'દીર્ઘ' સ્વરનું જ થાય છે. તે હ્રસ્વ-દીર્ઘ 'અ-આ' હોય, 'ઇ-ઈ' હોય કે 'ઉ-ઊ' હોય.

નીચેના કોઠા જોતાં આ બાબત સ્પષ્ટ થઈ જશે.

| (1) | સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|---|
| | અ + અ | આ | સૂર્ય + અસ્ત | સૂર્યાસ્ત |
| | અ + આ | આ | વાત + આવરણ | વાતાવરણ |
| | આ + અ | આ | ભાષા + અન્તર | ભાષાંતર |
| | આ + આ | આ | વિદ્યા + આલય | વિદ્યાલય |

| | | | | |
|---|---|---|---|---|
| (2) | સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
| | ઇ + ઇ | ઈ | હરિ + ઇચ્છા | હરીચ્છા |
| | ઇ + ઈ | ઈ | પરિ + ઈક્ષા | પરીક્ષા |
| | ઈ + ઇ | ઈ | દેવી + ઇચ્છા | દેવીચ્છા |
| | ઈ + ઈ | ઈ | ગૌરી + ઈશ્વર | ગૌરીશ્વર |
| (3) | સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
| | ઉ + ઉ | ઊ | ગુરુ + ઉપસદન | ગુરૂપસદન |
| | ઉ + ઊ | ઊ | સિંધુ + ઊર્મિ | સિંધૂર્મિ |
| | ઊ + ઉ | ઊ | વધૂ + ઉલ્લાસ | વધૂલ્લાસ |
| | ઊ + ઊ | ઊ | વધૂ + ઊર્મિ | વધૂર્મિ |

આ નિયમો સમજાયા છે કે નહીં, તે જોવા નીચેના શબ્દ સાથે આપેલા સંધિવિગ્રહ તપાસો. સાચો વિગ્રહ ધરાવતો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| (1) | સત્યાગ્રહ : | (ક) સત્યા + આગ્રહ | (ખ) સત્ય + આગ્રહ |
| | | (ગ) સત્યા + ગ્રહ | (ઘ) સત્ય + ગ્રહ |
| (2) | ચિંતાતુર : | (ક) ચિંતા + આતુર | (ખ) ચિંતા + તુર |
| | | (ગ) ચિંત + તુર | (ઘ) ચિંત + આતુર |
| (3) | સૂક્તિ : | (ક) સૂ + ઉક્તિ | (ખ) સૂ + ઊક્તિ |
| | | (ગ) સુ + ઉક્તિ | (ઘ) સુ + ઊક્તિ |

ઉત્તર જોઈએ (1) સત્ય + આગ્રહ (ખ), (2) ચિંતા + આતુર (ક), (3) સુ + ઊક્તિ (ઘ)

પણ આ તો સરખા વર્ગના સ્વર હતા. જો જુદા વર્ગના સ્વર એકબીજામાં ભળે તો ? તો વળી, ત્રીજો સ્વર ઉચ્ચારાય. આ સમજવા વળી આપણે ઉચ્ચારણ પ્રક્રિયા યાદ કરીએ. તમે સ્વરનો કોઠો કેવી રીતે લખતા હતા તે યાદ છે ?

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઇ | - | ઉ |
| મધ્ય | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

હવે, ગુણસંધિ જોવા માટે આ કોઠામાં સ્વર કેવી રીતે ભળી શકે તે જોઈએ.

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઇ | - | ઉ |
| મધ્ય | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

જેમ લાલ અને પીળો રંગ ભળતાં કેસરી રંગ થાય કે વાદળી અને પીળો રંગ ભળતાં લીલો રંગ થાય તે રીતે આ સ્વર ભળતાં ત્રીજો સ્વર ઉચ્ચારાય છે. ઉદાહરણ જોતાં વિગત વધુ સ્પષ્ટ થશે.

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| અ + ઇ | એ | સ્વ + ઇચ્છા | સ્વેચ્છા |
| અ + ઈ | એ | ગણ + ઈશ | ગણેશ |
| આ + ઇ | એ | યથા + ઇષ્ટ | યથેષ્ટ |
| આ + ઈ | એ | મહા + ઈશ | મહેશ |
| અ + ઉ | ઓ | વન + ઉત્સવ | વનોત્સવ |
| અ + ઊ | ઓ | નવ + ઊઢા | નવોઢા |
| આ + ઉ | ઓ | મહા + ઉદધિ | મહોદધિ |
| આ + ઊ | ઓ | ગંગા + ઊર્મિ | ગંગોર્મિ |
| અ + ઋ | અર્ | સપ્ત + ઋષિ | સપ્તર્ષિ |
| આ + ઋ | અર્ | મહા + ઋષિ | મહર્ષિ |

'ઋ' સ્વર સંસ્કૃતમાં જે રીતે ઉચ્ચારાતો હતો, તે રીતે ગુજરાતીમાં ઉચ્ચારાતો નથી. તેથી તેની સંધિ સંસ્કૃત ઉચ્ચારણને જ અનુસરે છે. તેથી તેને નિયમ તરીકે જ.

કેટલાક શબ્દોની સંધિ છૂટી પાડીએ ?

હરેન્દ્ર - (ક) હર + એન્દ્ર (ખ) હરિ + એન્દ્ર (ગ) હર + ઇન્દ્ર (ઘ) હરિ + ઇન્દ્ર

પરોપકાર - (ક) પરો + પકાર (ખ) પર + ઉપકાર (ગ) પરી + ઉપકાર (ઘ) પરા + ઉપકાર

વિદ્યોપાસના - (ક) વિદ્યાર્થી + ઉપાસના (ખ) વિદ્યો + પાસના (ગ) વિદ્યા + ઉપાસના (ઘ) વિધુ + ઓપાસના

સાચા વિકલ્પ મળ્યા ? હરેન્દ્ર - હરિ + ઇન્દ્ર (ઘ), પર + ઉપકાર (ખ), વિદ્યા + ઉપાસના (ગ).

(ઇન્દ્ર - માં ઇ હ્રસ્વ આવશે, તે યાદ રાખવું.)

હવે બીજી એક વાત. તમે જ્યારે 'કૈલાસ' શબ્દ બોલો ત્યારે ખરેખર શું બોલો છો ? 'કૈલાસ', 'કઈલાસ' કે 'કયલાસ'. 'મૈત્રી' બોલો ત્યારે 'મૈત્રી' બોલો છો, 'મઈત્રી' બોલો છો કે 'મયત્રી' ? કંઈ સમજાયું ? બોલતી વખતે 'અ' સ્વર પછી જો 'ઈ' સ્વર આવે તો તે 'ઈ'ના બદલે 'ય' બોલાય કે સંભળાય છે. 'જયશ્રી કૃષ્ણ'ના બદલે 'જેશ્રીકૃષ્ણ' સંભળાય છે, તે તમે જોયું હશે. બીજા શબ્દ બોલી જુઓ તો વધુ ખ્યાલ આવશે. 'પૈસા, નૈઋત્ય, વૈકુંઠ' વગેરે

એ જ રીતે 'ગૌરી'ના બદલે 'ગવરી' સાંભળ્યું હોય, એવું બન્યું છે ? 'ઈ'ના 'ય'ની જેમ 'ઉ'નો 'વ' સંભળાય છે. તમે કૌતુક (કઉતુક, કવતુક), મૌલિક (મઉલિક, મવલિક), ચૌદશ, 'ઔરંગઝેબ - બોલી જુઓ અથવા બીજા બોલે ત્યારે ધ્યાનથી સાંભળો. તમને સમજાશે કે આ પણ એક પ્રકારની સંધિ જ છે. સંધિના ઉદાહરણરૂપે આ નિયમ જોઈએ.

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| ઇ/ઈ + અ/આ | ય | ઇતિ + આદિ | ઇત્યાદિ |
| ઉ/ઊ + અ/આ | વ | સુ + આગત | સ્વાગત |
| ઋ + અ/આ | ર્ | પિતૃ + આજ્ઞા | પિત્રાજ્ઞા |

ચાલો, નીચેના શબ્દોની સંધિ કરીએ :

(1) પ્રતિ + અક્ષ (2) પરિ + આવરણ (3) વિ + અર્થ (4) સુ + આગત (5) ગુરુ + આજ્ઞા.

સંધિ કરી ? ઉત્તર જોઈએ ? (1) પ્રત્યક્ષ (2) પર્યાવરણ (3) વ્યર્થ (4) સ્વાગત (5) ગુર્વાજ્ઞા.

સંસ્કૃતમાં આ નિયમ 'યણ' સંધિ તરીકે ઓળખાય છે. એ જ રીતે 'અયાદિ' સંધિ પર પણ નજર નાખવી જોઈએ.

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| એ + અ | અય | ને + અન | નયન |
| ઐ + અ | આય | ગૈ + અક | ગાયક |
| ઓ + અ | અવ | પો + અન | પવન |
| ઔ + અ | આવ | પો + અક | પાવક |

હવે, વ્યંજન સંધિ સમજવા ફરીથી ઉચ્ચારણ પ્રક્રિયા પાસે જઈએ.

| | અઘોષ-અલ્પપ્રાણ | અઘોષ-મહાપ્રાણ | ઘોષ-અલ્પપ્રાણ | ઘોષ-મહાપ્રાણ | અનુ-નાસિક | પાર્શ્વિક | પ્રકંપી | સંઘર્ષી | અર્ધ-સ્વર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કંઠ્ય | ક | ખ | ગ | ઘ | ઙ | | | હ | |
| તાલવ્ય | ચ | છ | જ | ઝ | ઞ | | | શ | ય |
| | સ્પર્શસંઘર્ષી | | | | | | | | |
| મૂર્ધન્ય | ટ | ઠ | ડ | ઢ | ણ | ળ | | ષ | |
| દંત્ય | ત | થ | દ | ધ | ન | લ | ર | સ | |
| ઓષ્ઠ્ય | પ | ફ | બ | ભ | મ | | | | વ |

કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ઠ્ય - એ ઉચ્ચારણ અનુસાર ધ્વનિઓના વર્ગ છે. કેટલાક વિદ્વાનો એને પ્રથમ અક્ષર એટલે કે ‘ક, ચ, ટ, ત, પ’ વર્ગ તરીકે પણ ઓળખાવે છે. એટલે કે ‘ક’ વર્ગના કોઈ ધ્વનિમાં સંધિ અનુસાર બદલાવ આવે તો મહદંશે તે તેના જ વર્ગનો અન્ય ધ્વનિ લેશે. જેમકે, આપણે સૌથી પહેલા ‘વાક્-અવયવ’નું ઉદાહરણ જોયું હતું. ‘ક’માં ઘોષત્વ ઉમેરાય તો ‘કંઠ્ય’ વર્ગ કે ‘ક’ વર્ગના જ ઘોષ ધ્વનિ તરીકે તેમાં પરિવર્તન આવે. તેથી ‘ક’નો ‘ગ’ થાય. એટલે કે ‘અઘોષ ધ્વનિ પછી ઘોષ ધ્વનિ આવે તો તે સમવર્ગીય ઘોષ ધ્વનિ થાય.’ એવો નિયમ કહી શકાય.

| | અઘોષ-અ.પ્રા. | અઘોષ-મ.પ્રા. | ઘોષ-અ.પ્રા. | ઘોષ-મ.પ્રા. |
|---|---|---|---|---|
| કંઠ્ય | ક | ખ | ગ | ઘ |
| તાલવ્ય | ચ | છ | જ | ઝ |
| | સ્પર્શસંઘર્ષી | | | |
| મૂર્ધન્ય | ટ | ઠ | ડ | ઢ |
| દંત્ય | ત | થ | દ | ધ |
| ઓષ્ઠ્ય | પ | ફ | બ | ભ |

આ સંધિના કેટલાંક ઉદાહરણ જોઈએ :

| | સંધિપ્રક્રિયા | સંધિશબ્દ |
|---|---|---|
| દિક + અંત | ક + અ - ક > ગ | દિગંત |
| ષટ્ + આનન | ટ + આ - ટ > ડ | ષડાનન |
| જગત + ગુરુ | ત + ગ - ત > દ | જગદ્-ગુરુ |
| અપ + જ | પ + જ - પ > બ | અબ્જ |

કેટલાક શબ્દોનો સંધિવિગ્રહ કરીએ ?

(1) વાગ્દાન (ક) વા + ગ્દાન (ખ) વાગ્ + દાન (ગ) વાક્ + દાન (ઘ) વા + ક્દાન

(2) ષટ્કોણ (ક) ષટ્ + કોણ (ખ) સત્ + ગુણ (ગ) સય્ + ગુણ (ઘ) સદ્ + ગુણ

(3) સદગુણ (ક) સદ્ + ગુણ (ખ) સત્ + ગુણ (ગ) સચ્ + ગુણ (ઘ) સડ્ + ગુણ

જવાબ જોઈએ ? (1) (ગ) વાક્ + દાન (2) (ક) ષટ્ + કોણ (3) (ખ) સત્ + ગુણ

નોંધ : કેટલાંક પુસ્તકોમાં તત્, સત્ આદિને બદલે તદ્, સદ્ - આદિથી સંધિ છૂટી પાડે છે. પણ 'તદ્, કે સદ્-નો પોતાનો અર્થ નથી. સંધિને કારણે તત્ અને સત્-માં આવતું પરિવર્તન છે. તેથી તત્, સત્ આદિથી જ સંધિ છૂટી પડે.)

હવે, અનુનાસિક સંધિ જોઈએ. તે પહેલાં તમે વિચારો કે જો 'ચંદ્ર' શબ્દમાં તમારે અનુસ્વાર નથી લખવો તો તમે કયો અક્ષર લખશો ? 'ન' - ચન્દ્ર - બરાબર ?, તમારે 'કંપન' શબ્દમાં અનુસ્વાર નથી લખવો. તો તમે કયો અક્ષર લખશો ? 'મ' - કમ્પન - બરાબર ? શા માટે આપણે 'ચમ્દ્ર' કે 'કન્પન' ન લખીએ ? કારણ કે ઉચ્ચારણપ્રક્રિયા અનુસાર આપણે ઓષ્ઠ્ય વર્ગના ધ્વનિઓમાં 'પ, ફ, બ, ભ, મ' કહીએ છીએ. જેમાં 'મ' અનુનાસિક છે. તો આ પાંચમાંથી કોઈ પણ ધ્વનિ આગળ તીવ્ર અનુસ્વાર આવે તો તે જોડાક્ષરને આપણે 'મ' અક્ષર દ્વારા લખી શકીએ. અનુનાસિક સંધિમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. પહેલા શબ્દના અંતે જે વર્ગનો ધ્વનિ આવતો હોય, અને બીજા શબ્દનો આરંભ 'મ' કે 'ન' ધ્વનિથી થાય તો પહેલા શબ્દને અંતે તે જ વર્ગનો અનુનાસિક ધ્વનિ ઉચ્ચારાય. નીચેનો કોઠો જોતાં વિગત સ્પષ્ટ થશે.

| વર્ગ | અઘોષ અલ્પપ્રાણ સ્પર્શ | + | અનુ-નાસિક ધ્વનિ | | સંધિ |
|---|---|---|---|---|---|
| કંઠ્ય | ક | | ઙ | વાક્+મય | વાઙમય |
| તાલવ્ય | ચ | | ઞ | | |
| મૂર્ધન્ય | ટ | મ | ણ | ષટ્+માસ | ષણ્માસ |
| દંત્ય | ત | ન | ન | ઉત્+નયન | ઉન્નયન |
| ઓષ્ઠ્ય | પ | | મ | | |

નીચેના શબ્દોની સંધિ કરો :

(1) દિક્ + મૂઢ (2) સત્ + મતિ (3) ચિત્ + મય (4) જગત + નાથ (5) સત્ + નારી

ઉત્તર જોઈએ. (1) દિઙમૂઢ (2) સન્મતિ (3) ચિન્મય (4) જગન્નાથ (5) સન્નારી

વ્યંજન પછી 'મ' આવે તો ઉપર જોઈ તેમ સંધિ થાય. પરંતુ, 'મ' પછી અન્ય વ્યંજન આવે તો 'મ'નું અનુસ્વારમાં પરિવર્તન થાય છે. જેમકે,

| | **સંધિશબ્દ** | | **સંધિશબ્દ** |
|---|---|---|---|
| કિમ્ + ચિ | કિંચિત | સમ્ + તોષ | સંતોષ |
| સમ્ + યોગ | સંયોગ | સમ્ + વાદ | સંવાદ |
| સમ્ + રક્ષણ | સંરક્ષણ | સમ્ + લગ્ન | સંલગ્ન |

## વિસર્ગ સંધિ :

બે શબ્દો ભેગા થાય ત્યારે પહેલા શબ્દને અંતે જો વિસર્ગ આવતો હોય તો તેમાં જુદાં ધ્વનિપરિવર્તન આવતાં હોય છે. આવી સંધિને વિસર્ગ સંધિ કહે છે.

→ વિસર્ગ પહેલાં 'અ' સ્વર અને પછી 'અ' સ્વર અથવા અન્ય કોઈ પણ ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો 'ઓ' થાય.

- અધઃ + ગતિ - અધોગતિ

- મનઃ + બલ - મનોબલ

→ વિસર્ગ પહેલાં 'અ' અને 'આ' સિવાયના અન્ય કોઈ પણ સ્વર હોય અને વિસર્ગ પછી અન્ય કોઈ પણ સ્વર કે ઘોષ ધ્વનિ હોય તો વિસર્ગનો 'ર' થાય છે.

- નિઃ + આહાર - નિરાહાર
- નિઃ + ધન - નિર્ધન

→ વિસર્ગ પહેલાં 'ઈ', 'ઉ' અને વિસર્ગ પછી - 'ક, પ, ટ, ફ' - માંથી કોઈ પણ ધ્વનિ હોય તો વિસર્ગનો 'ષ' થાય.

- દુઃ + કર્મ - દુષ્કર્મ
- ચતુઃ + પાદ - ચતુષ્પાદ
- નિઃ + ફળ - નિષ્ફળ
- ધનુઃ + ટંકાર - ધનુષ્ટંકાર

→ વિસર્ગ ધરાવતા 'નિઃ' પ્રત્યય પછી 'ર' ધ્વનિ આવે તો 'ની' દીર્ઘ થાય છે અને વિસર્ગનો લોપ થાય છે.

- નિઃ + રોગ - નીરોગ
- નિઃ + રસ - નીરસ

→ વિસર્ગ પછી 'ચ', 'છ' કે 'શ' ધ્વનિ હોય તો વિસર્ગનો 'શ' થાય.

- નિઃ + ચિંત - નિશ્ચિંત
- મનઃ + ચક્ષુ - મનશ્ચક્ષુ
- પુનઃ + ચ - પુનશ્ચ

→ 'નિઃ', 'દુઃ' પૂર્વ પ્રત્યય પછી શ, સ આવે તો વિસર્ગ યથાવત્ રહે છે.

શ - નિઃશંક, નિઃશબ્દ, નિઃશસ્ત્ર, નિઃશુલ્ક, નિઃશેષ, નિઃશ્વાસ, નિઃસંકોચ,

સ - નિઃસંદેહ, નિઃસત્ત્વ, નિઃસ્વાર્થ,

દુઃસાધ્ય, દુઃસાહસ, દુઃસ્વપ્ન, દુઃશાસન

→ વિસર્ગ પછી 'ત', 'સ' હોય તો વિસર્ગનો 'સ' થાય.

- નમઃ + તે - નમસ્તે
- અંતઃ + તત્ત્વ - અંતસ્તત્ત્વ
- નિઃ + તેજ - નિસ્તેજ

ઉદાહરણો ધ્યાનથી વાંચ્યા હશે, તો સંધિના નિયમો સમજી શકાશે. અને યાદ રાખજો, સંધિ 'બોલવા'થી સમજાશે.

નીચેનાં વાક્યમાંથી સંધિ થયેલા શબ્દો શોધી શકશો.

1. સુદ્રણી બાળક ફક્ત સોળ જ વરસ ભલે જીવે (ગુણી-સદ્)
2. એ જ બાળક કુલોદ્ધારક થશે.

**નોંધ :**

મિત્રો, અહીં અન્ય એક બાબત જોઈ શકાય તેમ છે. તમે અંગસાધક પ્રત્યય ભણ્યા છો. તેમાં 'ત્વ', 'તા' પરપ્રત્યય ખ્યાલ હશે. આ પ્રત્યય વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે. જેમકે, 'ગુરુ - ગુરુત્વ, જડ - જડત્વ,

લઘુ - લઘુતા, માનવ - માનવતા વગેરે.

હવે, જો વિશેષણને અંતે 'ત્' વ્યંજન હોય અને તેને 'ત્વ' પ્રત્યય લાગે તો શું થાય ? 'ત્' બેવડાઈ જાય અને 'ત્ત્વ' થાય. બરાબર ? તો વિશેષણ 'મહત્'ને 'ત્વ' લાગે એટલે 'ત્' બેવડાય અને 'મહત્ત્વ' લખાય. નીચેના શબ્દોની જોડણી હવે તમને સ્પષ્ટ થશે.

તત્ + ત્વ - તત્ત્વ

| | |
|---|---|
| મહત્ + ત્વ - મહત્ત્વ | મહત્ + તા - મહત્તા |
| સત્ + ત્ત્વ - સત્ત્વ | સત્ + તા - સત્તા |

**શબ્દાલંકાર :**

શબ્દનો મૂળભૂત ઘટક ધ્વનિ છે. તે ધ્વનિ અથવા શબ્દના વિશિષ્ટ સંયોજનને કારણે કાવ્યમાં ધ્વનિ, શબ્દનો મૂળભૂત ઘટક ધ્વનિ છે સૌદર્યા વિશિષ્ટ સંયોજનને કારણે ચમત્કૃતિ સધાય અને આ બધાને કારણે કાવ્યના, નાદ સૌંદર્ય નીપજે, હોવાથી 'શબ્દ' આ અલંકારના સૌંદર્યનો આધાર સૌંદર્યમાં વધારો થાય ત્યારે તેને શબ્દાલંકાર કહે છે પંક્તિમાં એક શબ્દને સ્થાને અન્ય શબ્દ પ્રયોજાતાં તેનું સૌંદર્ય હણાઈ જાય છે.

**1. વર્ણાનુપ્રાસ :**

જ્યારે કોઈ એક વર્ણના પુનરાવર્તનથી કાવ્યપદાવલિમાં સૌંદર્ય અનુભવાય, ધ્વનિસૌદર્ય નીપજે, કર્ણમાધુર્ય અનુભવાય ત્યારે તે અલંકારને વર્ણાનુપ્રાસ અલંકાર કહેવાય છે. જેમકે,

કામિની કોકિલા કેલિ કૂજન કરે, સાગરે ભાસતી ભવ્ય ભારતી.

અહીં આ પંક્તિમાં પહેલી પંક્તિમાં 'ક' વર્ણનું અને બીજી પંક્તિમાં 'ભ' વર્ણનું પુનરાવર્તન ધ્વનિસૌદર્ય નીપજાવે છે. તેથી અહીં વર્ણાનુપ્રાસ અલંકાર છે.

**અર્થાલંકાર :**

શબ્દ એ બાહ્ય દેહ છે અને અર્થ એ તેનો આંતરિક દેહ છે, શબ્દ એ બાહ્ય દેહ છે અર્થ દ્વારા ચમત્કૃતિ સધાય, હોવાથી એ જ 'અર્થ' આ અલંકારનો આધાર કાવ્યના સૌદર્યમાં વધારો થાય ત્યારે તેને અર્થાલંકાર કહે છે, અર્થનો અન્ય શબ્દ પ્રયોજાય તો સૌદર્યનો હાનિ પહોંચતી નથી.

**મહત્ત્વના પારિભાષિક શબ્દ :**

(1) ઉપમેય : કવિ અથવા સર્જક જે બાબત વિશે વાત કરવા માંગે છે, જે વસ્તુને અન્ય સાથે સરખાવે છે તેને 'ઉમેય' કહેવાય છે.

(2) ઉપમાન : કવિ અથવા સર્જક જે બાબતને આધારે વાત કરવા માંગે છે, ઉમેયને જે વસ્તુ કે બાબત સાથે સાંકળે છે તેને 'ઉપમાન' કહે છે.

(3) સાધારણ ધર્મ : ઉપમેય અને ઉપમાન વચ્ચે રહેલા સમાન ગુણ, ક્રિયા, સ્વભાવ, પ્રકૃતિ વગેરે બાબતને સાધારણ ધર્મ કહે છે.

**1. ઉપમા અલંકાર :**

જ્યારે બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ સમાન ગુણધર્મોને લક્ષ્યમાં રાખીને સરખામણી - તુલના કરવામાં

આવે ત્યારે તે અલંકારને ઉપમા અલંકાર કહેવાય છે. અહીં ઉમેય અને ઉપમાન વચ્ચે સાધારણ ધર્મની તુલના દર્શાવવા જેવો-જેવી-જેવું, સરખો-સરખી-સરખું, પેઠે, પેઠમ, શો-શી-શું, સમો-સમી-સમું, સમોવડ' ગેરે જેવા ઉપમાવાચક શબ્દો પ્રયોજાતા હોય છે. જેમકે,

દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

અહીં 'દમયંતીનું મુખ' ઉમેય અને 'ચંદ્ર' ઉપમાન વચ્ચે 'સુંદર' સાધારણ ધર્મને આધારે સરખામણી કરવામાં આવી છે. આ સરખામણી 'જેવું' - ઉપમાવાચક શબ્દથી દ્વારા કરવામાં આવી છે. આમ, અહીં ઉમેય, ઉપમાન, સાધારણ ધર્મ તથા ઉપમાવાચક શબ્દ એમ ચારેય ઘટક છે. તેથી અહીં ઉપમા અલંકાર છે.

**2. રૂપક :**

જ્યારે ઉપમેય અને ઉપમાન બન્ને એક જ છે એમ દર્શાવવું હોય ત્યારે સર્જક એ બન્ને વચ્ચે 'અભેદત્ત્વ' છે તેમ દર્શાવે છે. ઉમેય અને ઉપમાન વચ્ચેની એકરૂપતા - અભેદત્વ દર્શાવાય ત્યારે તેને રૂપક અલંકાર કહે છે. જેમકે,

દમયંતીનો મુખચંદ્ર શોભી રહ્યો છે.

અહીં ઉપમેય 'મુખ' અને 'ઉપમાન 'ચંદ્ર' વચ્ચે એકરૂપતા - અભેદત્વ દર્શાવવા 'મુખચંદ્ર' - એમ એક જ બાબત તરીકે રજૂ કરાયા છે. અહીં 'મુખ' અને 'ચંદ્ર' વચ્ચે સરખામણી કરવામાં આવી નથી. પરંતુ 'મુખ રૂપી ચંદ્ર' અથવા 'મુખ એ જ ચંદ્ર' એમ કહેવાયું છે. તેથી અહીં રૂપક અલંકાર છે.

ક્યારેક આ સંબંધ વિશેષણ-વિશેષ્ય દ્વારા પણ દર્શાવાય છે. જેમકે,

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા, મારી વીણાની વાણી જગાડી તું જા.

- મારી બંસીમાં બોલ બે વગાડી તું જા. મારી વીણાની વાણી જગાડી તું જા.

અહીં 'વીણાની વાણી' દ્વારા. 'વાણી રૂપી વીણા'ના સૂર જગાડવાની વાત કરવામાં આવી છે. એટલે કે વિશેષણ વિશેષ્યના સંબંધ દ્વારા ઉપમેય 'વાણી' અને ઉપમાન 'વીણા' વચ્ચેની એકરૂપતા - અભેદતા દર્શાવવામાં આવી છે. તેથી અહીં રૂપક અલંકાર છે.

**3. ઉત્પ્રેક્ષા અલંકાર :**

જ્યારે ઉમેયની ઉપમાન તરીકે હોવાની સંભાવના, શંકા કે કલ્પના કરવામાં આવી હોય ત્યારે તેને ઉત્પ્રેક્ષા અલંકાર કહેવાય છે. અહીં ઉપમેય અને ઉપમાન વચ્ચેની સંભાવના, શંકા કે કલ્પના સૂચવવા જાણે, રખે, શકે, લાગે, દીસે વગેરે ઉત્પ્રેક્ષાવાચક શબ્દો પ્રયોજાય છે. જેમકે,

દમયંતીનું મુખ એવું શોભી રહ્યું છે કે જાણે ચંદ્ર ન હોય !

અહીં 'દમયંતીનું મુખ' ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે. ઉપમેય 'મુખ' એ ઉપમાન 'ચંદ્ર' હોય તેવી કલ્પના કરવામાં આવી છે. તેથી અહીં ઉત્પ્રેક્ષા અલંકાર છે.

**4. વ્યતિરેક અલંકાર :**

જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં કોઈક ગુણધર્મની બાબતમાં ચડિયાતું દર્શાવવામાં આવે ત્યારે તેને વ્યતિરેક અલંકાર કહે છે. સામાન્ય રીતે ઉપમેય કરતાં ઉપમાન ચડિયાતું હોય છે. પરંતુ આ અલંકારમાં ચડિયાતા ગણાતા ઉપમાનને ઉપમેય કરતાં ઉતરતું દર્શાવવામાં આવે છે, તેમાંથી ચમત્કૃતિ નીપજે છે. જેમકે,

દમયંતીના મુખ આગળ તો ચંદ્ર પણ ઝાંખો લાગે

આ ઉક્તિમાં 'દમયંતીનું મુખ' ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે. અહીં ઉપમેય 'મુખ'ને ઉપમાન 'ચંદ્ર'

કરતાં ચડિયાતું દર્શાવ્યું છે અથવા એમ કહી શકાય કે ઉપમાન 'ચંદ્ર'ને ઉપમેય 'મુખ' કરતાં ઉતરતો દર્શાવ્યો છે. તેથી અહીં વ્યતિરેક અલંકાર છે.

**5. અતિશયોક્તિ અલંકાર :**

જ્યારે ઉપમાન દ્વારા ઉપમેયનું નિગરણ કરવામાં આવે, એટલે કે ઉપમાન ઉપમેયને ગળી જાય, (પોતાની વાતે સચોટતાથી રજૂ કરવા સર્જક ઉપમેયનો ઉલ્લેખ જ ન કરે) ઉપમેયનો લોપ થાય અને માત્ર ઉપમાનનો જ નિર્દેશ થાય ત્યારે પ્રસ્તુત અલંકારને અતિશયોક્તિ અલંકાર કહે છે. જેમકે,

મહારાજ ચંદ્રને નીરખતાં પોતાના ચંદ્રની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

અહીં 'મહારાજની પ્રેયસી અથવા રાણી' ઉપમેય છે. પરંતુ. તેની સુંદરતાને સચોટતાથી રજૂ કરવા કવિએ તેનો ઉલ્લેખ કરવાને બદલે માત્ર ઉપમાન 'ચંદ્ર'ને જ રજૂ કર્યું છે. એટલે કે અહીં માત્ર ઉપમાન 'ચંદ્ર'નો જ નિર્દેશ થયો છે અને ઉપમેય 'પ્રેયસી કે રાણી'નો લોપ થયો છે. એટલે કે ઉપમેય દ્વારા ઉપમાનનું નિગરણ થયું છે. તેથી અહીં અતિશયોક્તિ અલંકાર છે.

•

# 12 તો જાણું

**સુરેશ દલાલ**

**(જન્મ : 11-10-1932, અવસાન : 10-8-2012)**

સુરેશ પુરુષોત્તમદાસ દલાલ. મહારાષ્ટ્રના થાણા જિલ્લામાં તેમનો જન્મ થયેલો. 'એકાન્ત', 'તારીખનું ઘર', 'નજરું લાગી', 'ઈટ્ટાકિટ્ટા', 'ધીંગા મસ્તી', 'અલક ચલાણું', 'ભિલ્લુ', 'પગની હોડી, હાથ હલેસા', 'ટીંગાટોળી', તેમના મુખ્ય કાવ્ય સંગ્રહો છે. ગદ્ય કાવ્યોનો સંગ્રહ 'અસ્તિત્વ' તેમણે આપ્યો છે. 'સમિધ', 'કવિનો શબ્દ', 'તપોવન', 'ઉપહાર', 'સહવાસ', 'વીથિકા' વગેરે તેમનાં સંપાદનો છે. 'કાવ્યાયન' અને 'કાવ્યવિશ્વ' એ બે તેમનાં નોંધપાત્ર સંચયો છે. 'કવિતા' દ્વૈમાસિકનું સંપાદન તેમણે યશસ્વી રીતે કર્યું હતું. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્ય અકાદમી દિલ્હીના પુરસ્કારથી સન્માનિત થયા હતા.

કૃષ્ણ પ્રેમને વ્યક્ત કરતી આ રચના છે. ગોપી કૃષ્ણને પડકાર આપતાં કહે છે કે તમે મારી ગાગર ઉતારો તો હું માનું કે તમે પહાડને (ગોવર્ધન પર્વતને) ઊંચક્યો હતો. ગાગર ઉતારવાને બહાને કૃષ્ણઘેલી ગોપી કૃષ્ણનું નૈકટ્ય ઝંખે છે. ગાગર ઉતારે તે પતિ એવો લોકજીવનનો સંદર્ભ પણ જોઈ શકાય. તેથી જ ગોપી કહે છે કે પ્રેમ સ્વીકારનો આવો અવસર ફરી ફરી આવતો નથી. આજે આ અમૂલખ અવસરને એળે ના જવા દેશો. વાંસળી, જમુનાજી, ગાયો જેવા સંદર્ભોથી કવિએ આ ગીતરચનામાં ગોકુળનું અને પ્રેમનું વાતાવરણ રચ્યું છે.

---

મારી ગાગર ઉતારો તો જાણું
કે રાજ, તમે ઊંચક્યો'તો પ્હાડને!
હું તો ઘરે ઘરે જઈને વખાણું
કે રાજ, તમે ઊંચક્યો'તો પ્હાડને!

આખો દિ વાંસળીને હાથમાં રમાડો ક્હાન
એમાં શા હોય ઝાઝા વેતા?
કાંટાળી કેડી પર ગાગર લઈને અમે
આવતાં જતાં ને સ્મિત દેતાં.
હું તો વ્હેતી જમુનાને અહીં આણું:
મારી ગાગર ઉતારો તો જાણું.
કે રાજ, તમે ઊંચક્યો'તો પ્હાડને!

ડચકારા દઈ દઈને ગાયો ચરાવવી
ને છાંયમહીં ખાઈ લેવો પોરો.
ચપટીમાં આવું તો કામ કરી નાખે
અહીં નાનકડો ગોકુળનો છોરો.
ફરી ફરી નહિ આવે ટાણું.
મારી ગાગર ઉતારો તો જાણું
કે રાજ, તમે ઊંચક્યો'તો પ્હાડને!

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**ગાગર** ઘડો, સાંકડા મોંનું પાણી ભરવાનું વાસણ **વેતા** ભલીવાર, ડહાપણ, આવડત **કેડી** સાંકડો પગરસ્તો **ડચકારા** ડચ એવો અવાજ, ગાય અને બળદ હાંકતા કરાતો અવાજ

### વિરુદ્ધાર્થી

**સ્મિત** રુદન

### તળપદા શબ્દો

**પોરો** થાક ખાવો, વિરામ કરવો **ટાણું** અવસર **છોરો** છોકરો

### રૂઢિપ્રયોગ

**ઝાઝાવેતા** વધારે પડતું ડહાપણ **પો'રો લેવો** આરામ કરવો

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) શ્રી કૃષ્ણે પહાડ ઊંચક્યો હતો તે હકીકત સ્વીકારવા ગોપી કઈ શરત રાખે છે?

(A) પર્વતારોહણની (B) પોતાની ગાગર ઉતારવાની

(C) ફરી પહાડ ઊંચકવાની (D) વાંસળી વગાડવાની

(2) શ્રી કૃષ્ણ કઈ રીતે ગાયો ચરાવતા હતા?

(A) હાકલા - પડકારા કરીને (B) હાથમાં લાકડી લીધા વગર

(C) ચપટી વગાડતા (D) ડચકારા દઈ દઈને

(3) ગોપી કઈ વાત ઘરે ઘરે જઈને વખાણવા માગે છે?

(A) ગાયો ચરાવવાની (B) વાંસળી વગાડવાની

(C) પહાડ ઊંચકવાની (D) માખણ ચોરવાની

(4) ગોપી કેવા રસ્તા ઉપર ચાલીને ગાગર ભરવા જતી?

(A) કાંટાળી કેડી પર (B) ડામરની સડક પર

(C) ગામડાની શેરીમાં (D) ફૂલથી શણગારેલા રસ્તે...

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ગોપી પોતાનાં કયાં-કયાં કાર્યોની વાત કરે છે?

(2) કૃષ્ણને ઉદ્દેશી ગોપી શું કહે છે?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) 'તો જાણું' કાવ્યનું રસદર્શન કરાવો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- કાન-ગોપીનાં અન્ય ગીતો મેળવીને સાંભળો.
- શ્રીકૃષ્ણનાં પરાક્રમોની યાદી તૈયાર કરો.
- ગોપીઓ સાથેના શ્રીકૃષ્ણના સંબંધનાં પાંચ દૃષ્ટાંતો નોંધી વર્ગમાં રજૂ કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કાવ્યમાં વપરાયેલ 'રાજ' શબ્દ કાવ્યને લોકગીતનો સ્પર્શ આપે છે. વળી, કૃષ્ણ રાજા છે તેથી પણ આ શબ્દ પસંદગી દાદ અપાવે એવી આકર્ષક થઈ છે.

● ગોપી જમનાજળ ભરીને લાવે છે પણ જમનાની આગળ મુકાયેલું 'વહેતી'નું વિશેષણ અને 'અહીં આણું'ની રજૂઆત વર્ણનને કેવું અદ્‌ભુત બનાવે છે. આ કલ્પનાથી ગોપી જાણે કૃષ્ણથી ય મહાન કામ કરી શકતી હોય તેવું બતાવી કૃષ્ણને આહ્‌વાન કરીને તેમને માટેનો પ્રેમ બતાવે છે તે રજૂઆતની રીતનું સૌંદર્ય પારખો.

● ઘરે ઘરે, દઈ દઈને, ફરી ફરી જેવી પુનરાવર્તિત રજૂઆત કાવ્યને લય અને ગતિ આપે છે તે જુઓ. નાનાં નાનાં કાર્યો સૂચવતી ગોપી કૃષ્ણને એ બહાને નજીક બોલાવવા, પોતીકા કરવા મથે છે તે પણ સમજો.

## શિક્ષકની ભૂમિકા

કૃષ્ણની ખૂબ મોટી સિદ્ધિઓને રાધા પોતાનાં નાનાં દૈનિક કાર્યો સાથે જોડીને માનવજીવનની મધુરતા પ્રગટ કરે છે. કાવ્યનો મૂળ ભાવ કૃષ્ણપ્રેમ છે તે સ્પષ્ટ કરવું. અનેક કવિઓએ રાધા-કૃષ્ણ અને કાન-ગોપીના સંબંધો વિશે કાવ્યો લખ્યાં છે. તેમાં કૃષ્ણનો મહિમા હોય છે. પરંતુ અહીં કવિએ ગોપીના કાર્યોનો મહિમા ગાયો છે. એ દ્વારા બંનેના મધુર સંબંધને પ્રગટ કર્યો છે. રજૂઆતની રીત વિશિષ્ટ છે તે વિદ્યાર્થીઓના ધ્યાન પર મૂકવું.

●

# 13 ઘડવૈયા

નાનાભાઈ જેબલિયા
(જન્મ : 11-11-1938, અવસાન : 25-11-2013)

ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપરમાં તેમનો જન્મ થયેલો. જીવનભર તેમણે પ્રાથમિક શિક્ષક તરીકે કાર્ય કર્યું હતું. 'મેઘરવો', 'રંગ બિલોરી કાચના', 'તરણાનો ડુંગર', 'વંકી ધરા, વંકાં વહેણ', 'સૂરજ ઊગે સાંજ', 'ભીનાં ચઢાણ', 'અરધા સૂરજની સવાર', 'અમે ઊગ્યા'તા શમણાને દેશ' વગેરે નવલકથાઓ લખી છે. 'શૌર્યધારા', 'સથવારો', 'મારી શ્રેષ્ઠવાર્તાઓ' તેમના નવલિકાસંગ્રહ છે. સૌરાષ્ટ્રના તળપદ જીવનના આલેખક તરીકે તેઓ વિખ્યાત છે.

'તોરણ' સંગ્રહમાંથી આ પ્રસંગકથા લેવામાં આવી છે. તે આદર્શ શિક્ષકનું આદર્શ વર્તન આપણી સામે રજૂ કરે છે. પોતાના વિદ્યાર્થીઓ પર કુસંસ્કારો ન પડે તે માટે સતત કાર્યરત કરુણાશંકર માસ્તર સાચા શિક્ષકની આગવી છાપ ઊપસાવે છે. પોતાનો જીવ રેડીને શિસ્તબદ્ધ, સંયમી અને સંસ્કારી બનાવેલા ગંભીરા ગામનાં બાળકો પર કુસંસ્કાર ન પડે તે માટે તેઓ સદા જાગ્રત છે. ભવાયા આવીને દ્વિઅર્થી શબ્દો દ્વારા સૌનું મનોરંજન કરે છે ત્યારે બાળકો તેનું અનુકરણ ન કરે તે માટે માસ્તર ચિંતિત છે. તેથી પોતાનો આખા મહિનાનો પગાર ભવાયાના નાયકને આપીને બીજા દિવસનો ખેલ બંધ કરાવે છે. આમ, અહીં બાળકોના જીવનનું ઘડતર કરનારા સાચા શિક્ષકનું રેખાચિત્ર સચોટ અને આસ્વાદ્ય રીતે મુકાયું છે.

---

ખેડા જિલ્લાનું ગંભીરા ગામ. માસ્તર કરુણાશંકર નામ. વાળુની થાળી, થાળીમાં ખીચડી, ખીચડીમાં ઘી, એની પડખે સંભારો. ભાખરી પાસે કઢીની વાડકી અને એની અડોઅડ ચમચી, ભાવે પીરસેલું વાળુ પણ જમનારો જમણો હાથ 'ભાનબારો' થઈને થાળીમાં ભટકતો હતો ! ચમચી ઉપાડે અને કઢીને બદલે સંભારામાં ઘુસાડે. ત્યાંથી વળી ભાખરી ઉપર ચમચી મુકાઈ જાય અને આંગળી ઊની કઢીમાં ઝબોળાઈ જાય, તેનો સિસકારો બોલી જાય !

'અરે મહેતાજી' માસ્તરનાં ધર્મપત્ની લોટવાળા હાથે પતિની થાળી પાસે દોડી આવે છે. થાળીમાં ચાલતા બખડજંતરને જોઈને, 'અરે, માસ્તર, તમે જમો છો કે વગદાં કરો છો?'

'હેં ?' માસ્તર કરુણાશંકર બાઘા થઈને પૂછે, 'મને કંઈ કીધું?'

'તમને થયું છે શું?' થાળીમાં બધું રમણભમણ કરી નાખ્યું ! જમો તો ખરા'

'ગમે તે થયું હશે, આજ સ્વાદ નથી આવતો.'

'તો પછી ચોખ્ખી વાત કરો ને કે મને રસોઈ નથી આવડતી!'

'અરે... એવું અજુગતું મારાથી કેમ બોલાય?'

'તો પછી છે શું? શાળામાં કોઈ ઝઘડ્યું? કોઈ ઉપરી અધિકારી ખિજાયા? વાત તો કરો!' પત્ની દુઃખદ ચહેરે ઊભી છે હજી.

'સાંભળ! કરુણાશંકર માસ્તરની શાળામાં એવું બને તો પછી ધરતીનો છેડો આવી જાય! પણ શું કે ગામમાં ભવાયા રમવા આવ્યા છે, તેથી મને ચેન નથી.'

'લે, હાંઉ? ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર!'

પત્ની હળવાં થઈને હસી પડ્યાં : 'ગામ હોય ત્યાં ભવાયા આવે, એની ઉપાધિ આપણે કરવાની?'

'ન કરું? મલ્લ-મદારીથી મારાં બાળકોના સંસ્કાર ન બગડે, બાકી ભવાઈની નટીઓ અને ડાગલો દાટ વાળી નાખે. હલકાં નખરાં, હલકા ચેનચાળા, હલકાં ગાણાં અને હલકાં ફટાણાં. બાળકો જોશે અને અનુકરણ કરશે. બબ્બે દાયકાથી હું એમને ઘડી રહ્યો છું, પણ આજ એના પર પાણી ફરી વળશે...'

પત્નીને વાતનો ઘૂંટડો ગળે ઊતરી ગયો. ગંભીરા ગામની શાળા માસ્તર કરુણાશંકરે સંભાળી, ત્યારથી શાળાની દીવાલો પર કાન માંડીને માસ્તરની રૂપાળી વાતો સાંભળ્યા કરે છે. શાળાને સમયપત્રક છે, પણ સમયને કોઈ સ્થાન નથી. હા, નિશ્ચિત સમયે શાળા ખૂલે, પણ બંધ થવાનો કોઈ સમય નહિ! ક્યારેક તો ઝાલરના ડંકા પડે ત્યાં સુધી કરુણાશંકરનાં રામાયણ-મહાભારતનાં પાત્રો શાળામાં મહાલતાં હોય. માસ્તરની આ શાળાનું બાળક અસત્ય ન બોલે, અપશબ્દ ન બોલે.

'થોડુંક જમી લો, મારા સમ!' ઘણી વારે વિચારમાંથી જાગેલાં શિક્ષક પત્ની ગળગળાં થઈને કહે છે, 'કોઈ ઈલાજ ન હોય એવી વાતમાં જીવ બાળવાનો શો અર્થ?'

પત્નીના જીવને નિરાંત કરવા કરુણાશંકર માસ્તરે બે કોળિયા પેટમાં નાખ્યા, પણ આજ ઓડકાર ન આવ્યો. પથારીમાં પડ્યા.

'મોડી રાતે ભૂંગળ વાગ્યાં' પખવાજ ઉપર થાપીઓ પડી. ગણેશવંદના થઈ. ડાગલો આવ્યો. લોકરંજનના નામે દ્વિઅર્થી વાણીનો ઘાણ શરૂ થયો. માસ્તર કરુણાશંકર કાને હાથ દેતા રહ્યા. એમનું આખુંય અસ્તિત્વ પોતાનાં બાળકોના સંસ્કારની આસપાસ મહાકવચ બનીને વિચરતું હતું.

સવારટાણે કરુણાશંકર માસ્તરે નિર્ણય કરીને આંખ મીંચી.

'નમસ્કાર નાયક !' દસ વાગ્યે નાયકો જાગ્યા, ત્યારે કરુણાશંકર માસ્તરે મુખ્ય નાયકની મુલાકાત લીધી.

'આજ તો, નાયક !' માસ્તરે નખ જેવડો મર્મપ્રહાર કર્યો : 'તમારા ખેલમાં ગામલોકોએ બહુ દાંત કાઢ્યા!'

'ન કાઢે? અમારી પાસે એવી કળા હોય છે, માસ્તર !' નાયક હસ્યો ગર્વ ભરીને.

'કળાની વાત પછી કરશું.' માસ્તર ગંભીર થઈને બોલ્યા, 'પણ હસાવવા માટે... આવું બધું ?'

'અમારે પહેલી વાત પેટની આવે, માસ્તર ! પેટ માટે સૌને હસાવવા પડે. એમાં કોઇ બાધ ન ગણાય.' નાયક હસ્યો, 'પણ તમારે કંઈ કહેવાનું છે, માસ્તર ?'

'હા, નાયક ! મારે જુદી જ વાત કહેવી છે.'

'અમારાથી આપનું કોઈ અહિત થયું ?'

'હું તમને પૂછું કે ગામેગામ તમે કેટલી રાત રમો ?'

'જેવું ગામ.. ક્યાંક એક રાત, ક્યાંક બે, ક્યાંક વધારે.'

'અમારા ગામમાં કેટલી રાત રમવાના છો ?'

'બે રાત તો ખરી જ.'

'એક રાત તો રમાઈ ગઈ ને !'

'હા, બાપા, હા...!' નાયક ઊકળી ગયો, 'કંઈ વાત કરશો કે પૂછ્યા જ કરશો ?'

'ગઈ રાતે ફાળામાં તમને શું મળ્યું ?'

'બાર રૂપિયા.'

'આજ પણ એટલા જ મળશે ને !'

'હા, એટલા તો ખરા જ. પણ હવે તો બોલો કે તમે શા માટે પૂછો છો ?'

'આ માટે.' આટલું બોલીને કરુણાશંકર માસ્તરે બંડીના ગજવામાંથી પોતાના આખા પગારના રૂપિયા બાર નાયકના હાથમાં મૂક્યા, 'આ બાર રૂપિયા.'

'દાન આપો છો, માસ્તર ?'

'ના, મારા ગામ વતી આજની રાતનો ફાળો આપું છું.'

'શું કામ, માસ્તર ?'

'રમત બંધ રખાવવા. તમારી આજની આવક લઈ લો અને બીજે ગામ પધારો. ખોટું ન લગાડશો, પણ મારા વિદ્યાર્થીઓ તમારી રમતનું અનુકરણ ભોળાભાવે કરે પછી એમનું મન શિક્ષણમાંથી હટી જાય...'

નાયકો પણ સંસ્કારપૂજક હતા. બાળકોના ભાવિનો એમને પણ વિચાર આવ્યો. સામાન બાંધીને બીજે ગામ જતા રહ્યા. આજે વગર નાચ્યે, વગર ગાયે મહેનતાણું મળી ગયું હતું. વાત પર વર્ષો વીત્યાં છે, છતાં ગંભીરા ગામ માસ્તર કરુણાશંકરને વીસર્યું નથી. કેમ વીસરે ? માસ્તરે આખા માસનો પગાર ગામનાં બાળકોના સંસ્કાર-રક્ષણ માટે અર્પણ કરીને છાશ, રોટલો અને મીઠાની કાંકરીથી મહિનો કાઢ્યો હતો...!

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**વાળુ** રાત્રિ ભોજન **અજુગતું** અયોગ્ય, અઘટિત **ફટાણાં** મેણાં મારતાં ગીતો **બખડજંતર** આડાઅવળું

### વિરુદ્ધાર્થી

**ઊનું** ઠંડું **ચેન** બેચેન **નિશ્ચિત** અનિશ્ચિત **સત્ય** અસત્ય

### તળપદા શબ્દો

**પડખે** બાજુમાં **અડોઅડ** પાસપાસે **વગદાં** ફાંફા મારવાં

### કહેવત

**ખોદ્યો ડુંગર કાઢ્યો ઉંદર** ખૂબ મહેનત કરવા છતાં ધાર્યું પરિણામ પ્રાપ્ત ન થવું

### રૂઢિપ્રયોગ

**બાધા થઈ જવું** ગતાગમ વિનાનું થઈ જવું, સમજ ન પડવી. **રમણભમણ કરી નાખવું** વેરવિખેર કરી નાખવું **દિવાલને કાન હોવા** ખાનગી વાત જાહેર થઈ જવી **ઓડકાર ન આવવો** તૃપ્તિ ન થવી

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) કરુણાશંકર માસ્તર ઉદાસ કેમ બની ગયા?

(A) શાળાના ઉપરી-અધિકારી ખિજાયા હતા. (B) મલ્લ - મદારી રમવા આવ્યા હતા.

(C) ભવાયા રમવા આવ્યા હતા. (D) પત્ની સાથે ઝઘડો થયો હતો.

(2) માસ્તરે પોતાનો આખો પગાર ફાળામાં શા માટે આપી દીધો?

(A) માસ્તર દાનવીર હતા. (B) માસ્તર પ્રતિષ્ઠા મેળવવા માગતા હતા.

(C) વધુ બે દિવસ ભવાયા રમાડવા માટે (D) ભવાયાની રમત બંધ રખાવવા માટે

(3) આખો પગાર ભવાયાને આપી દીધા પછી માસ્તરે શું કર્યું?

(A) છાસ, રોટલો અને મીઠાની કાંકરીથી મહિનો કાઢ્યો...

(B) ગામ લોકો પાસેથી ફાળો ઉઘરાવી લીધો.

(C) પત્નીને પિયર મોકલી દીધાં.

(D) ઉદાસ બની દિવસો પસાર કર્યા.

(4) કરુણાશંકર માસ્તરની શાળામાં કેવા કાર્યક્રમો થતા હતા?

(A) હિન્દી ફિલ્મના શો ગોઠવાતા (B) રામાયણ-મહાભારતનાં નાટકો ભજવાતાં.

(C) મોટા ભાગે લાડવા ખાવાનાં આયોજન થતાં. (D) ક્યારેક ભવાયા રમાડવામાં આવતા.

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) કરુણાશંકર માસ્તરે ભવાયાની રમત શા માટે બંધ રખાવી?

(2) ગામ લોકો આજે પણ કરુણાશંકર માસ્તરને કેમ ભૂલ્યા ન હતા?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) કરુણાશંકર માસ્તરનું પાત્રાલેખન કરો.

(2) કરુણાશંકર માસ્તરની શાળાનું વાતાવરણ તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

● તમને મળેલા શ્રેષ્ઠ શિક્ષક વિશે નિબંધ લખો. એ તમને કેમ યાદ રહી ગયા છે એ વિશે વર્ગમાં વર્ણન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● આ કૃતિમાં લેખકે રામાયણ-મહાભારત, લોકરંજન, સંસ્કારપૂજક, સંસ્કારરક્ષણ, ગામેગામ, ગણેશવંદના, સમયપત્રક જેવા સમાસો વાપરી કૃતિનું મજબૂત શબ્દચણતર કર્યું છે.

● નીચેનાં વાક્યો તપાસો. કૃતિની ધરીરૂપ બનેલાં આ વાક્યો આપણને વિચારતા કરવા સક્ષમ બન્યાં છે :

● કરુણાશંકર માસ્તરની શાળામાં એવું બને તો પછી ધરતીનો છેડો આવી જાય. (વ્યતિરેક)

● મલ્લ-મદારીથી મારાં બાળકોના સંસ્કાર ન બગડે.

● ઝાલરના ડંકા પડે ત્યાં સુધી... રામાયણ - મહાભારતનાં પાત્રો શાળામાં મહાલતાં હોય. (સજીવારોપણ)

● નાયકો પણ સંસ્કારપૂજકો હતા.

● માસ્તરની આ શાળાનું બાળક અસત્ય ન બોલે, અપશબ્દ ન બોલે (સહજોદ્ગાર)

## શિક્ષકની ભૂમિકા

શિક્ષકની જવાબદારી માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવાની નથી પણ બાળકનો સર્વાંગી વિકાસ કરવાની છે. જેને હૈયે બાળક વસ્યું હોય તેવો શિક્ષક તેનું અહિત ન થવા દે.

પ્રવર્તમાન સમયમાં બાળકને અવળે રસ્તે લઈ જાય તેવાં સાધનો અનેક છે :

● દ્વિઅર્થી સંવાદો અને ગલગલિયાં કરાવતાં હલકી કક્ષાનાં કેટલાંક નાટકો.

● મોબાઈલનો સમજ વગર ઉપયોગ

● ઈન્ટરનેટનો દુરુપયોગ

● ટી.વી. જોવામાં સમયનો અતિબગાડ

● મિત્રો સાથે રખડવામાં કે ગપ્પાં મારવામાં થતો સમયનો દુર્વ્યય

● વધુ પડતી ફિલ્મો જોવાની કુટેવ

સાચો શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ માટે આખા માસનો પગાર આપી દઈ બાળકમાં આવનાર કુસંસ્કારથી બચાવે છે. વિદ્યાર્થીઓના અભ્યાસ પર, સંસ્કાર પર, જીવનવિકાસ પર સાચો શિક્ષક અસર કરે છે તે સ્પષ્ટ કરવું.

શિક્ષક વિદ્યાર્થીનો ઘડવૈયો બને તે કક્ષાએ વિચારવું.

●

# 14 મારું તારું !

**રાજેન્દ્ર શુકલ**
**(જન્મ : 12-10-1942)**

રાજેન્દ્ર અનંતરાય શુકલ, જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે તેમનો જન્મ થયો હતો. તેમનું વતન વઢવાણ છે. 'કોમલ રિષભ', 'અંતર ગાંધાર', 'સ્વ વાચકની શોધમાં', તેમના કાવ્યગ્રંથો છે. 'ગઝલ સંહિતા'- ભાગ-૧થી ૫માં તેમની તમામ ગઝલો સંગ્રહિત થયેલી છે. તેમની કવિતામાં અધ્યાત્મના રંગની અનુભૂતિ થાય છે. 'સેંજળ' તેમનો તાજેતરનો ગઝલ સંગ્રહ છે. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમી, દિલ્હીના પુરસ્કારથી સન્માનિત થયેલા છે.

આ રચના ગઝલ સ્વરૂપની છે. સહિયારાપણાની ભાવના દ્વારા જીવનમાં ખુશીઓ અને આનંદ પ્રગટાવવાની વાત આ કાવ્યમાં છે. સ્વાર્થ અને મારાપણાથી દૂર રહીને મારું એ તારું જ છે એવી ભાવના કેળવવાની છે. સામેની વ્યક્તિ જીતીને ખુશ થતી હોય તો તે માટે વારે વારે હારવું પણ બહેતર છે. એકબીજા સાથે હસતાં રમતાં રહી જીવનનાં ગીતો લલકારી આ જીવનને આનંદભર્યું બનાવવાનું છે. જેમ બાળકોને ઈટ્ટા-કિટ્ટા બે જ ઘડીના હોય છે, ફરી પાછા એ સાથે હોય છે, એમ મારા-તારાથી પર સૌનું એવી ભાવના આ ગઝલના કેન્દ્રમાં છે.

---

લે, આ મને ગમ્યું તે મારું
પણ જો તને ગમે તો તારું !

મારું, તારું ને ગમવું પણ,
લાવ, લાવ કરિયેં સહિયારું !

તું જીતે ને થાઉં ખુશી હું,
લેને ફરી ફરીને હારું !

ઈટ્ટા-કિટ્ટા એક ઘડીના,
બાકી સઘળું પ્યારું પ્યારું !

હસિયે રમિયે મીઠું લાગે,
થૂ, આંસુ તો લાગે ખારું !

ગીત હોય તો શીદ અબોલા,
તું ઝીલી લે, હું લલકારું !

રમિયે ત્યાં લગ હાથ રમકડું
મોજ મહીં શું મારું - તારું !

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી

**સહિયારું** ભેગું, ભાગ વહેંચ્યા ન હોય તેવું **અબોલા** રિસાઈને અમુકની સાથે ન બોલવું તે **મોજ** આનંદ

#### વિરુદ્ધાર્થી

**જીત** હાર **સહિયારું** નોખું

#### તળપદા શબ્દો

**શીદ** શા માટે **ત્યાં લગ** ત્યાં સુધી **થૂ** અણગમતું થૂંકી નાખવું

#### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) હસવું-રમવું કવિને કેવું લાગે છે?

(A) ખારું (B) મીઠું (C) કડવું (D) ખરાબ

(2) ઈટ્ટા - કિટ્ટા કેટલો સમય ચાલે છે?

(A) એક ઘડી માટે (B) વર્ષ માટે (C) આખો દિવસ (D) વર્ષો-વર્ષ

(3) કવિ મારા-તારાના બદલે શું કરવા માગે છે?

(A) પારકું (B) પરાયું (C) સહિયારું (D) પોતાનું

(4) કવિ વારંવાર હારવા માગે છે કારણ કે...

(A) બીજાને દુઃખી કરવા માટે (B) બીજાને ન્યાય આપવા માટે

(C) બીજાને અન્યાય કરવા માટે (D) બીજાને ખુશી આપવા માટે

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) કવિ શા માટે અબોલા કરતા નથી?

(2) કવિ પોતાની હાર પર પણ કેમ ખુશ થાય છે?

(3) મારું-તારું કાવ્યમાં સહિયારાપણાની ભાવના દ્વારા કવિ શું પ્રગટાવવા માગે છે?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) કવિ મારા-તારાનો ભેદભાવ ટાળવા કયો માર્ગ બતાવે છે?

(2) આનંદથી જીવન જીવવા માટે કવિ શું કરવાનું કહે છે?

#### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- વસ્તુ, સગવડ, સ્થાન સહિયારાં અને સ્વતંત્ર હોય તો લોકો વચ્ચેના સંબંધમાં કયો કયો ફેર પડે? કઈ રીતે? ચાર-પાંચ વિદ્યાર્થીઓના જૂથમાં બેસી ચર્ચા કરી તેનાં તારણો વર્ગમાં રજૂ કરો.
- હવેથી તમે કઈ કઈ વસ્તુઓ સાથે મળીને ઉપયોગમાં લેશો એની યાદી કરો.
- તમારા ઘરમાં વસ્તુઓ માટે 'તારી-મારી' એવા ઝઘડા થાય છે? એનો અંત કેવી રીતે આવે છે એની વર્ગમાં રજૂઆત કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ આ કાવ્યની ગાગરમાં સમજદારીનો સાગર સમાવ્યો છે. મારું, તારું, સહિયારું, હારું, પ્યારું, ખારું, લલકારું જેવા પ્રાસસભર શબ્દો ગઝલને મધુર બનાવે છે જ. પણ લાવ-લાવ, ફરી-ફરીને, પ્યારું-પ્યારું જેવા દ્વિરુક્ત શબ્દો ગઝલને લય સાથે ગતિ પણ આપે છે.

● કવિને આંસુ ગમતાં નથી પણ અણગમો બતાવવાની શૈલી જુઓઃ 'થૂ' આ એક જ અક્ષરથી કવિ આંસુ અણગમતાં છે એમ કહી જાય છે, તેનું ચિત્ર રજૂ કરી શક્યા છે તે માણો.

## શિક્ષકની ભૂમિકા

કાવ્યના શીર્ષકમાં મારું તારું પછી પૂર્ણવિરામ નથી પરંતુ ઉદ્ગારચિહ્ન છે. સંબંધોમાં 'મારું તારું'ના ભાવથી એકત્વ સાધી શકાય નહિ, તેમાં તો 'આપણા'ની ભાવના જરૂરી છે એવા વિચારને સરળ બાનીમાં, રમતિયાળ શૈલીમાં કવિએ અસરકારક રીતે રજૂ કર્યો છે.

નિર્મળ અને નિરપેક્ષ સંબંધો કોઈપણ પ્રકારના સંબંધ માટે આવકાર્ય છે, તેવું વ્યક્ત કરી માનવતાને, એકતાને, મિત્રતાને, ત્યાગભાવનાને પ્રસ્થાપિત કરવાનો શિક્ષકે પ્રયત્ન કરવો.

સામાન્ય રીતે 'મને ગમે એ મારું' એવો ભાવ દરેકમાં જોવા મળે છે પરંતુ અહીં 'તને ગમે તો મારું નહિ પણ તારું'ની ઉદાત્ત ભાવના પ્રગટ થઈ છે તેની સમજ આપવી. તેની પાછળ પ્રેમનો ભાવ છે તે સ્પષ્ટ કરવો. વાર્તા, ઉદાહરણો, પ્રસંગો, કાવ્યપંક્તિઓ જરૂરિયાત પ્રમાણે રજૂ કરી આત્મીયતાની ભાવના વિદ્યાર્થીઓમાં ઘૂંટાય, ગહન બને તેવો પ્રયાસ કરવો.

●

# 15 સો ટચનું સોનું

**સુધા મૂર્તિ**

**(સમય : 19-8-1950)**

કર્ણાટકના શીગાવમાં તેમનો જન્મ થયો હતો. તેઓ ઇન્ફોસીસના સ્થાપક નારાયણ મૂર્તિનાં પત્ની છે. તેઓ કન્નડ અને અંગ્રેજી ભાષાના લેખિકા હોવા ઉપરાંત ઇન્ફોસીસ ફાઉન્ડેશનના ચૅરપર્સન છે. તેમણે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરની ડિગ્રી, ગોલ્ડમેડલ સાથે મેળવી છે. 'ડૉલર વહુ', 'મનની વાત', 'સંભારણાની સફર', 'મહાશ્વેતા', 'બોરસલ્લીની પાનખર' તેમનાં સંસ્મરણાત્મક નિબંધોનાં પુસ્તકો છે. સામાજિક સેવાના પ્રદાન માટે તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરાયાં છે.

એક ગરીબ વિધવા કુતમ્મા ભણતરનું મહત્ત્વ સમજીને મહેનત-મજૂરી કરીને પણ પોતાના દીકરા ઐયપ્પાને ભણાવે છે, જે દીકરો ભણતરથી આગળ વધી અનેક હોટલનો માલિક બને છે ને અંતે એ બધું પોતાના દીકરાને સોંપી કુતમ્માના બોલ પર પોતાના વતન-ગામ આવી શાળાઓ બનાવે છે. ઐયપ્પા પોતાની માતાને એક દિવસ કહે છે કે 'મા આખું જીવન દુઃખો સહન કર્યાં તો હવે સોનાના જેટલા દાગીના ઘડાવવા હોય એટલા ઘડાવ' તો કુતમ્મા જવાબ આપે છે : 'બેટા સો-ટચનું સોનું ઘરેણું તો એક જ છે : ભણતર'. આમ, આ વાર્તામાં ભણતરનું મહત્ત્વ રજૂ થયું છે. મૂળ અંગ્રેજીમાં લખાયેલ આ પ્રસંગ 'સંભારણાંની સફર' માંથી લેવામાં આવ્યો છે.

---

ભારતમાં 'અતિથિ દેવો ભવ'ની ભાવના ખરા અર્થમાં જોવી હોય તો ગામડાંઓમાં જવું પડે. જેમ ખોરડું વધારે ગરીબ, એમ એ ભાવના વધારે મજબૂત. ભારોભાર પ્રેમ અને આદરસત્કાર મળે. વળી, ખરો આનંદ તો એ વાતનો હોય કે સામે એ સાચુકલાં માનવીઓની કંઈ અપેક્ષા ન હોય.

એક વાર હું કનારા જિલ્લાના એક નાનકડા, રૂપકડા ગામે શાળાના સમારંભમાં હાજરી આપવા ગઈ હતી. અરબી સમુદ્રને કાંઠે આવેલ ગામ. સાવ ઠંડું. કાળ જાણે થંભી ગયો હોય ત્યારે ભગવાને ફુરસદે ઘડ્યું હોય તેવું લીલુંછમ્મ છેવાડાનું ગામ. એક પણ હોટેલ ન મળે. નાનકડી શાળાના જે મુખ્ય શિક્ષક હતા તે અપરિણીત હતા. તેઓ કોઈના ઘરે ભાડાના રૂમમાં રહેતા તેથી તેમણે મને ધીમેથી કહ્યું, 'મેડમ, આ શાળાના ચૅરમૅન અને મુખ્ય દાતા ખૂબ જ ભલા સજ્જન છે. આપને તેમના ઘરે રહેવું ફાવશે? આજે વરસાદ ઘણો છે. નદીમાં તો ઘોડાપૂર ઊમટ્યાં છે, એટલે આજની રાત તો આપે અહીં જ રોકાઈ જવું પડશે.'

તદ્દન અજાણ્યા કુટુંબ જોડે રાત રહેવું અડવું તો લાગે, પણ બીજો કોઈ વિકલ્પ જ ન હતો. એવામાં તો શાળાના ચૅરમૅન શ્રી ઐયપ્પા એક હાથમાં મોટી કાળી છત્રી તથા બીજા હાથમાં લુંગી, સહેજ ઊંચી પકડીને આવી પહોંચ્યા. હું તેમની સાથે તેમના ઘેર પહોંચી.

ઘર ઘણું જ વિશાળ હતું. તદ્દન સાદું છતાંય સગવડવાળું. કોઈ ઠાઠ-ભપકો નહિ. એક તરફ મોટો કોઠાર હતો તથા ઘરની પછવાડે નારિયેળ તથા વાડીમાં ઊગતાં શાકભાજી સંઘરવા માટેની કૂંડી હતી. મેંગ્લોરી નળિયાંની છત અને ઘરની ફરસ લાલ ચટ્ટક રેડ ઑક્સાઇડની. વરસાદ એવો સાંબેલાધાર પડતો હતો કે પગની પાની પર પથરાની માફક ફોરાં વાગતાં હતાં.

અમે ઘરમાં પ્રવેશ્યાં કે તરત જ શ્રી ઐયપ્પાનાં પત્ની અમને સત્કારવા આવી પહોંચ્યાં. સાઠેક વર્ષનાં ખૂબ જ ભાવુક, ભદ્ર સન્નારી જણાયાં. હાથમાં કોરો ટુવાલ આપીને તેમનાં મધુરા સ્મિતથી તેમણે મને પળભરમાં જ વશ કરી લીધી. મને કહે, 'બહેન, જરા ડિલ લૂછી કાઢો. જમવાને હજુ અર્ધોએક કલાકની વાર છે. તમારી બૅગ અંદર રૂમમાં છે.'

હું ફ્રેશ થઈ, કપડાં બદલીને ડાઇનિંગ હૉલમાં આવી. વિશાળ રૂમમાં જમનારાં અમે ચાર જ હતાં. શ્રી ઐયપ્પા, તેમનાં પત્ની, શ્રી ઐયપ્પાનાં વયોવૃદ્ધ બા કુતમ્મા અને હું. જમીન પર કેળનાં પાન પાથરવામાં આવ્યાં. અમે સામે ચટાઇઓ પર બેસી ગયાં. રસોઇયો અમારા ભાણામાં વારાફરતી વિવિધ વ્યંજનો પીરસતો હતો. વાનગીઓનું વૈવિધ્ય એટલું બધું હતું કે મને તો મૂંઝારો થઈ ગયો. શરૂ ક્યાંથી કરવું? આ તો સાક્ષાત અન્નપૂર્ણાનો અવતાર. મને મારાં બા યાદ આવી ગયાં.

મારો ઉતારો પહેલે માળે ગેસ્ટરૂમમાં હતો, પણ જમ્યા પછી મેં બા સાથે વાતો માંડી. એટલે બા મને કહે, 'ઉપલા માળે એકલી સૂવા કરતાં મારી સાથે જ સૂઈ જા. અલકમલકની વાતો કરતાં નીંદરે વહેલી આવશે.' મને પણ તેમની સાથે લાગણીતંતુ બંધાઈ ગયો હતો.

મેં જરા આડે પડખે થઈ તેમને પૂછ્યુંઃ 'બા, તમારી વાતો પરથી તમે તો એ જમાનામાં ભણેલાં હો તેવું લાગે છે.'

કુતમ્માએ નિસાસો નાંખ્યો.

'ના રે, બહેન. અમે તો બૌંવ જ ગરીબ હતાં. હું નાનપણથી જ એક નિશાળના સાહેબના બાગમાં માળી સાથે મજૂરીએ જતી. ભણવાનો તો બહુયે અભરખો હતો. મારા બાપાએ, પછી તો મને નાની જ પૈણાવી દીધી, એટલે આ દીકરો નાનપણમાં જ જન્મ્યો. ત્યારથી જ મનમાં ગાંઠ વાળેલી કે હું મૂઈ ભલે અભણ રહી પણ ઐયપ્પાને ભણાવીશ. મેં ને મારા વરે આને સારું ભણતર આપવા માટે એ જમાનામાં કુટુંબનિયોજન અપનાવેલું. બહુ વસ્તાર ભેળો કરીએ તો એકેયમાં ભલીવાર નોં આવે, ખરું ને?'

બાની વાત કેટલી સાચી હતી!

'મેં ને મારા વરે મે'નત કરવા માંડી. પણ દેવનું કરવું, તે આ ઐયપ્પા પાંચ વરહનો થયો ત્યાં એમને એરું આભડ્યો. સાપ એવો ઝેરી હતો કે પાણી માગવાય ન રહ્યા. તોય મેં એમને વચન દીધું, 'તમ-તમારે ચિંત્યા કરશો મા. એક ભવમાં બે ભવ નહિ કરું. ગગાને ભણાવીશ ને પગભર થાય એવો તૈયાર કરીશ.' બાને ગળે ડૂમો બાઝ્યો.

મેં ઊભા થઈને કુતમ્માને પાણી આપ્યું. બા સહેજ સ્વસ્થ થઈને કહે, 'મારો દીકરો તો ભારે હોશિયાર નીકળ્યો. બારેક વર્ષનો થયો ને મુંબઈ ઊપડ્યો. મને જતાં જતાં કહે, 'મા, તું ચિંતા ન કરીશ. હું ચોક્કસ ભણીશ.' ત્યાં એને હોટેલમાં કપરકાબી વીંછળવાની નોકરી મળી ગઈ. ધીરે ધીરે શેઠનો વિશ્વાસ જીતી લીધો એટલે શેઠે ચાયપાઉ તરીકે આજુબાજુની ઑફિસોમાં કીટલી ફેરવતો કરી દીધો. બક્ષિસ અને પગારની રકમ ભેગી કરીને રાત્રે 'મોંઘા વીરા'ની રાત્રિશાળામાં ભણવાનું ચાલુ રાખ્યું.'

ત્યાંથી જ મૅટ્રિક પાસ થયો. ટકા સારા આવ્યા એટલે એ હોટેલના માલિકે એને ક્લાર્ક તરીકે રાખી લીધો. નોકરીની નિરાંત થઈ એટલે તેણે રાતની કૉલેજમાં નામ લખાવ્યું. કૉલેજ પતાવીને તરત જ મુંબઈમાં હોટેલ ચાલુ કરી. બાર વર્ષ એક જ હોટેલમાં કામ કરીને બધો હુન્નર શીખી ગયેલો. એના જૂના શેઠે જ અમારી હોટેલનું ઉદ્‌ઘાટન કરેલું. આજેય અમારે ઘર જેવા સંબંધ છે.'

'તો બા, ઐયપ્પા અહીં ગામડે કેમ રહે છે?'

કુતમ્માનાં ભરાવદાર મોં પર શીળું સ્મિત રેલાયું. તેમનો ગર્વ અછતો ન રહ્યો. મને કહે, 'પછી તો ઐયપ્પાએ મુંબઈમાં ઘણી હોટેલો ખોલી. મને ત્યાં બોલાવી લીધી, પણ મને ત્યાંના ઘોંઘાટમાં ન ગોઠ્યું. હું તો આ ધરતીની પેદાશ. મને મારા દેશ, મારા ખોરાક ને ભાષા વગર મુંબઈમાં વહમું લાગે.'

'હાસ્તો બા, અમારા દાદા અમને નાનપણમાં એક શ્લોક કહેતાઃ 'જનની જન્મભૂમિશ્ચ, સ્વર્ગાદપિ ગરિયસી.' માતૃભૂમિથી મીઠું કાંઈ જ નહિ. સ્વર્ગથીયે અદકેરી હોય તો જનમભોમકા.'

કુતમ્મા કહે, 'તું તો બહેન ભણેલી એટલે તને આવું બધું રૂપાળું બોલતાં આવડે, પણ મને તો મારો અંતરાતમા સાદ કર્યા કરે.' 'તારે ગામ પાછી જા અને તારાં માણસો માટે કંઈક કર, તો આ જનમારો લેખે લાગે.' મેં તો ઐયપ્પાને વાત કરી. એને મારી વાત ગળે ઊતરી. દસેક વર્ષ પહેલાં મારો દીકરો, એના દીકરાને બધું સોંપીને પંચાવન વર્ષની ઉંમરે અહીં કાયમ માટે પાછો આવી ગયો.'

'બા, મુંબઈમાં તો એમને ધંધામાંથી ટાઇમ નહિ મળતો હોય અને અહીં સાવ નવરાધૂપ થઈ ગયા હશે નહિ? મુંબઈ રહ્યા પછી આવા ઉઘરેટા, છેવાડાના ગામમાં રહેવું ગમે શી રીતે?' મારાથી પૂછ્યા વગર ન રહેવાયું.

કુતમ્માએ કહ્યું, 'ઐયપ્પાએ મને એક દિવસ પૂછેલું, 'બા, મારી પાસે અઢળક પૈસો છે. તું કહે તેમાં વાપરવો છે. તેં મને પેટે પાટા બાંધીને એકલવાયું જીવીને, મને હિંમત દઈને શહેર જવા દીધો તો હું લાયક બન્યો. તારા રહ્યાસહ્યા દાગીનાય તેં મને કોલેજ મોકલવા માટે વેચી દીધેલા. એ હું કેમ કરીને ભૂલું? તેં ભૂખ્યા સૂઈને મને ભાવતાં ભોજન

જમાડ્યાં છે. બા, તારે જેટલા દાગીના હવે ઘડાવવા હોય તેટલા ઘડાવ.'

મેં મારા દીકરાને કહ્યું, 'બેટા, સો ટચનું સોનું - ઘરેણું તો એક જ છે : ભણતર. હું નાની હતી ત્યારે જે માસ્તરના બાગમાં મજૂરીએ જતી, તે ઘણી વાર કહેતા, સમય જતો જાય એમ બધુંય નાશ પામે. રૂપ, સંપત્તિ, ફૂલો કે રાંધેલું ધાન. પણ ભણતરનું, ખાનદાનીનું તેજ જેનાં મોં પર હોય તે કદીયે ઘૈડું ન થાય. એ જ સાચું રૂપ. મારે હવે આ ઉંમરે દાગીના પહેરીને શું કરવું? તું જો ખરેખર કાંઈ કરવા માંગતો જ હોય, તો આપણા વિસ્તારના ગરીબ છોકરાં ઘેર રહીને જ ભણી શકે તેવું કાંઈ કર. તારી જેમ નાની ઉંમરે તેમણે મુંબઈમાં ટિચાવું ન પડે, દીકરા.' આજે આ દસમી નિશાળ તેણે બાંધી છે. બધામાં બબ્બે પાળી ચાલે છે અને ઐયપ્પાને તો શ્વાસ લેવાનોય ટેમ નથી.

જૂના જમાનાના ખખડધજ અવશેષ જેવા કુતમ્માના મોં પર સંપૂર્ણ આનંદ વરતાતો હતો. દક્ષિણ કિનારા વિસ્તારમાં શિક્ષણમાં ઊંચા સ્તર અને ટકાવારી, આવાં જ ખમીરવંતા સ્ત્રી-પુરુષોને કારણે હશે. એવાં અનુભવવૃદ્ધ વડીલો કે જેઓ સારા શિક્ષણનું મહત્ત્વ સમજ્યાં છે. સો વાતની એક વાત - ભણેલી કે ગણેલી સો ટચના સોના જેવી સ્ત્રી જે કુટુંબમાં હોય, તે આખા ગામને દિપાવે.

**અનુવાદક : સોનલ મોદી**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**શિરમોર** અહીં માથાનો મુગટ **સૂઝ** સમજ **ખોરડું** ઘર **અભરખો** કોડ, ઇચ્છા **અતિથિ** મહેમાન

### વિરુદ્ધાર્થી

**સરળ** કઠિન **અમીર** ગરીબ **મજબૂત** તકલાદી **અપેક્ષા** ઉપેક્ષા **પરિણીત** અપરિણીત **સજ્જન** દુર્જન **અભણ** ભણેલું

### તળપદા શબ્દો

**મે'નત** મહેનત **વરહ** વરસ, વર્ષ **ડિલ** શરીર, તન **એરુ** સાપ નાગ **ચિંત્યા** ચિંતા

### શબ્દ સમૂહ માટે એક શબ્દ

**અનાજ ભરવાનું સ્થાન** કોઠાર

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) કુતમ્માની દૃષ્ટિએ સો ટચનું સોનું એટલે...

(A) હૉલમાર્કાવાળું સોનું (B) ભણતર

(C) શુદ્ધ સોનું (D) ચાંદી

(2) સુધા મૂર્તિની દૃષ્ટિએ અતિથિ દેવો ભવની ભાવના જોવા

(A) શહેરોમાં જવું પડે (B) ગામડાંઓમાં જવું પડે

(C) વગડામાં રહેવું પડે (D) મહાનગરોમાં જવું પડે

(3) કુતમ્માના અંતરાત્માનો સાદ હતો કે...

(A) તું બાકીનું જીવન શહેરમાં જ વિતાવી દે.

(B) તું જંગલમાં સંન્યાસિની બની જા

(C) તારે ગામ પાછી જા અને તારા માણસો માટે કંઈક કર.

(D) તારે કશું જ કરવાની જરૂર નથી.

(4) એક ગણેલી સ્ત્રી...

(A) અભિમાની બને (B) શણગાર સજે

(C) બધા પર રોફ જમાવે (D) આખા ગામને દિપાવે

(5) ઐયપ્પાનું પાત્ર કઈ કૃતિનું છે?

(A) પ્રાણીઓનું ગોકુળ (B) સો ટચનું સોનું

(C) સોયનું નાકું (D) સિંહનું મૃત્યુ

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) કુતમ્માએ દાગીના ઘડાવવાની ના પાડી દીધી કારણ કે.....

(2) લેખિકા સાથે વાત કરતા કુતમ્માના ગળે ડૂમો બાઝયો કારણ કે...

(3) ઐયપ્પા મુંબઈ જઈ કેવી રીતે ભણ્યા?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) ઐયપ્પાના જીવનની ચડતી વર્ણવો.

(2) કુતમ્માનું પાત્રાલેખન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ધારો કે તમારી પાસે અઢળક સંપત્તિ આવી જાય તો તમે એને કયાં-કયાં સત્કાર્યોમાં વાપરો એની યાદી તૈયાર કરો.
- આ પાઠમાં રજૂ થયેલ વાતને નાટ્યસ્વરૂપે ભજવો.
- તમારી આસપાસના સમાજમાં જેઓ શિક્ષણ મેળવી સામાજિક આદરપાત્ર વ્યક્તિ બન્યાં હોય તેમની મુલાકાત લઈ શકાય.

## ભાષા-અભિવ્યક્તિ

● ભાષાની સાદગી અને આદર્શની ઊંચાઈ આ કૃતિનું ધ્યાનાકર્ષક પાસું છે. આ અનુવાદિત કૃતિમાં 'અડવું લાગવું.', 'આડે પડખે થવું', 'પગભર થવું', 'વસમું લાગવું', 'વાત ગળે ન ઊતરવી', 'લેખે લાગવું', 'ઘોડાપૂર ઉમટવાં', 'મનમાં ગાંઠ વાળવી', 'વશ કરવું' જેવા રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી અનુવાદકે લેખકના ભાવોને સરસ રીતે ઉતાર્યા છે. અહીં તેમનું ગુજરાતી ભાષા અને કૃતિની મૂળભાષા ઉપરનું પ્રભુત્વ જોઈ શકાય છે.

● અનુવાદકે નાનકડા, રૂપકડા જેવાં પ્રાસસભર વિશેષણો, શીળું સ્મિત, વિવિધ વ્યંજનો, ભાવુક - ભદ્ર સન્નારી જેવાં વર્ણાનુપ્રાસસભર વિશેષણ - વિશેષ્યોથી પાત્રોને અને વાતાવરણને હૂબહૂ ચીતર્યાં છે.

## શિક્ષકની ભૂમિકા

સો ટચનું સોનું એટલે શુદ્ધ સોનું. શિક્ષણ એ શુદ્ધ સોનું છે. શિક્ષણ મનુષ્ય જીવનમાં ક્યાં-ક્યાં, કેવી રીતે કામ લાગી શકે તેની ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

વતન પરસ્તી, વતન માટે કંઈક કરી છૂટવાની ભાવના વિશે અયપ્પા જેવાં અન્ય વ્યક્તિનાં કાર્યો વિશે માહિતી આપવી. (જેમ કે મોતીભાઈ અમીને ગ્રંથાલયો શરૂ કરાવ્યાં, વિદેશમાં રહેતા અનેક ભારતીઓએ પોતાના વતનમાં શાળા, મહાશાળા, દવાખાનાં વગેરે માટે અઢળક દાન આપ્યાં છે.)

'ભણતરનું અને ખાનદાનીનું તેજ ક્યારેય ઘરડું ન થાય' તે વાતને વિસ્તારપૂર્વક સમજાવવી.

●

# 16 ગોકુળમાં આવો તો

**માધવ રામાનુજ**
**(જન્મ : 22-4-1945)**

માધવ ઓધવદાસ રામાનુજનો જન્મ અમદાવાદ જિલ્લાના પચ્છમ ગામમાં થયો હતો. સી.એન. ફાઇન આર્ટસમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. હાલ કિડની હોસ્પિટલમાં સેવાઓ આપી રહ્યા છે. 'તમે', 'અક્ષરનું એકાંત', 'અનહદનું એકાંત', તેમના કાવ્યસંગ્રહો છે. તળપદા ભાવો તથા રાધા-કૃષ્ણની ભાવલીલાઓ ગીત સ્વરૂપે તેમણે મૂર્ત કરેલી છે. 'પિંજરની આરપાર' રુબિન ડેવિડના જીવનને આધારે લખાયેલી નવલકથા છે.

આ ગીતમાં કવિએ કાવ્યરૂપે રાધાનો પત્ર આલેખ્યો છે. આ પત્ર રાધાનો અને કૃષ્ણ માટેનો છે એટલે ખાસ છે. એ કદંબના પાંદડા ઉપર લખાયો છે, પાંપણની ભાષામાં લખાયો છે. રાધા ચાહે છે કે ગોકુળ છોડી ગયેલા કૃષ્ણ પાછા આવે પણ પ્રગટ પણે કહે છે કે આવો તો રાધાને મુખ ન બતાવશો. તમે મહાભારતમાં વગર હથિયારે ભલે ફાવ્યા અહીં તો વેણુ સાથે આવશો તો જ ફાવશો. કૃષ્ણપ્રેમમાં તન્મય રાધાના હૃદયભાવો સુકોમળ અને રમણીય રીતે કવિએ રજૂ કર્યા છે. ભૂતકાળના સ્થળ-સંબંધને વ્યક્ત કરી, વધુ યાદ અપાવતી રાધા અંતમાં કૃષ્ણને માઠું ન લગાડવાનું કહીને પોતાને કેવું માઠું લાગ્યું છે તેની વાત સૂચવી દે છે. એટલે આ ગીતરચના ફરીફરી માણવી ગમે છે.

---

ગોકુળમાં કોકવાર આવો તો કાન,
હવે રાધાને મુખ ના બતાવશો,
ગાયોનું ધણ લઈને ગોવર્ધન જાવ ભલે,
જમાનાને કાંઠે ના આવશો.
તાંદુલની પોટલીએ પૂનમની રાત
ભલે બાંધીને આવો ગોકુળમાં,
અડવાણે નૈં દોડે કોઈ અહીં,
વિરહાનાં રાજ નહિ જીતો ગોકુળનાં,
સમરાંગણ તમને તો શોભે હો શ્યામ,
વગર હથિયારે ત્યાં જ તમે ફાવશો !
પાંદડે કદમ્બના પાંપણની ભાષામાં,
લખી લખી આંખ હવે ભરીએ,
જમનાનાં જળ, તમે દેજો હાથોહાથ
માધવને દ્વારકાના દરિયે :
લખિતંગ રાધાના ઝાઝા જુહાર...
શ્યામ, અંતરમાં ઓછું ના લાવશો ?

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**ધણ** ગાયોનું ટોળું **તાંદુલ** એક જાતનું અનાજ **સમરાંગણ** યુદ્ધભૂમિ **જુહાર** નમસ્કાર, સલામ

### વિરુદ્ધાર્થી

**રાત** દિવસ **વિરહ** મિલન **ઝાઝું** ઓછું

### રૂઢિપ્રયોગો

**આંખ ભરાઈ આવવી** - આંખમાં આંસુ આવવા.

**શબ્દસમૂહ માટે એક શબ્દ**

**ગાયોનું ટોળું** ધણ

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) શ્રીકૃષ્ણને ગોકુળમાં કોને મુખ બતાવવાની ના પાડી છે?

(A) ગાયોને (B) રાધાને

(C) શ્યામને (D) ગોકુળવાસીઓને

(2) સમરાંગણમાં શ્રીકૃષ્ણ કઈ રીતે સફળ થશે?

(A) હાથમાં હથિયાર લીધા વિના જ (B) હાથમાં હથિયાર લઈને

(C) મિત્રોનો સાથ લઈને (D) સુદર્શન ચક્ર ચલાવીને

(3) ગાયોનું ધણ લઈને શ્રીકૃષ્ણ ક્યાં જશે?

(A) ગંગાના કાંઠે (B) ગોવર્ધન પર્વત ઉપર

(C) યુદ્ધના મેદાનમાં (D) જમનાને કાંઠે

(4) આ કાવ્યમાં કોણ કોને પત્ર લખી રહ્યું છે?

(A) સુદામા, શ્રીકૃષ્ણને (B) દ્વારકાવાસીઓ શ્રીકૃષ્ણને

(C) રાધા, શ્યામને (D) ગોકુળવાસીઓ રાધાને

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) રાધા શ્યામને દુઃખ ન લગાડવાનું શા માટે કહે છે?

(2) રાધાની રીસને તમારા શબ્દોમાં વર્ણવો.

**3. નીચેના પ્રશ્નોના છ - સાત લીટીમાં ઉત્તર આપો :**

'ગોકુળમાં આવો તો' કૃતિમાં રાધા કૃષ્ણને અંતરમાં ઓછું ન લાવવાની વાત કેમ કરે છે?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પત્રરૂપે સંદેશો મોકલ્યો હોય તેવાં કાવ્યો એકઠાં કરો.
- નીચેનાં જેવાં પાંચ જોડકાં બનાવી ભગવાન અને ભક્તની ઓળખ મેળવો :

ભગવાન - ભક્ત  સ્વામી - સેવક

## ભાષા-અભિવ્યક્તિ

- વિરહની વેદનાને વિસ્મયકારી વાચા આપતું આ કાવ્ય તેના ભાષાપ્રયોગથી આસ્વાદ્ય બન્યું છે તે પારખો.
- 'પાંદડે કદમ્બના, પાંપણની ભાષામાં'

રિસાયેલાં રાધાજી કદમ્બના પર્ણ ઉપર સંદેશ લખવા માગે છે પણ ભાષા? કવિની કમાલ આ માટે શબ્દ પ્રયોજવામાં આવે છે. રાધાજી તો પાંપણની ભાષામાં લખશે જે માત્ર કૃષ્ણ જ વાંચી શકે ને !

- 'સમરાંગણ તમને તો શોભે હો શ્યામ' માં રાધાજી કયું હથિયાર લઈને આવવાનું સૂચવે છે તેની રજૂઆતની રીત સમજો.

'પાંદડે કદમ્બના, પાંપણની ભાષામાં' જેવા વર્ણાનુપ્રાસથી કાવ્ય અસાદ્ય બન્યું છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

કૃષ્ણ ગોકુળ છોડીને દ્વારકા ગયા છે ત્યારથી રાધા કૃષ્ણવિયોગમાં તડપે છે. સંદેશા દ્વારા રાધાની વિરહ-વેદનાને વાચા આપતું આ કાવ્ય રાધાના મનોભાવોને એક સ્ત્રીસહજ લાક્ષણિકતાથી હૃદયસ્પર્શી રીતે વ્યક્ત કરે છે. તેમાં કૃષ્ણ સાથેનાં ગોકુળનાં સંસ્મરણો તાદૃશ્ય બને છે.

કાવ્યમાં રાધાના વિરહમાં પ્રેમની સાથે થોડીક રીસ પણ સ્વાભાવિક રીતે સ્થાન પામે છે. કેટલાક પ્રસંગોની યાદ આપવામાં આવે છે જેમ કે -

- કૃષ્ણનું ગાયો ચરાવવા જેવું

- ગોવર્ધન પર્વતને ટચલી આંગળીથી ઊંચકવો.

- કૃષ્ણ- સુદામાના મિલનમાં તાદુલની પોટલી હતી, અહીં મિલનમાં પોટલી તો લાવવાની છે પણ તેમાં પૂનમની રાત લાવવાનું કહે છે એમાં રાસલીલાની માગણી સૂચવાય છે તે ભાવને માણો.

- વગર હથિયારે મહાભારતમાં કૃષ્ણના કાર્યને વાર્તા સ્વરૂપે વિદ્યાર્થીઓને જણાવી કાવ્યમાં વ્યક્ત થયેલી કૃષ્ણની વિવિધ ભૂમિકાઓ સ્પષ્ટ કરવી.

- જમુનાનાં જળ, કદમ્બનું વૃક્ષ જેવાં પ્રતીકો કાવ્યમાં ભાવ પ્રગટાવવામાં કઈ રીતે સહાયક થાય છે તે સ્પષ્ટ કરવું.

ગીતમાં કવિ દ્વારા ગૂંથાયેલાં લય, પ્રાસ, પ્રતીકો, સંસ્મરણો અને ભાવપુષ્પો શબ્દદેહે ઊર્મિગીત બનીને ઊભરે છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

•

# 17 છબી ભીતરની

અશ્વિન મહેતા
(જન્મ : 17-7-1931, મૃત્યુ : 26-7-2014)

આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ પામેલા તસવીરકાર છે. બાયોટેક્નોલૉજીમાં એમ.એસ.સી.ની ડિગ્રી મેળવેલી હતી. પછી ફોટોગ્રાફીમાં કારકિર્દી અપનાવી. એમની ફોટોગ્રાફીનાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો ગોઠવાયાં હતાં અને આલબમ પણ પ્રકાશિત થયાં છે. હિમાલય અને પ્રકૃતિની ફોટોગ્રાફીને અનેક પુરસ્કારો મળેલા હતા. હિમાલયનાં ફૂલોની એમની ફોટોગ્રાફીની ટપાલ ટિકિટ છપાયેલી છે. ગુજરાત, દેશ અને આંતરરાષ્ટ્રીય વ્યક્તિઓના ચરિત્ર નિબંધોનો સંગ્રહ 'છબી ભીતરની' એ નામે પ્રગટ થયેલો છે. તેમને આ પુસ્તક માટે સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર એનાયત થયેલો હતો.

ફોટોગ્રાફી નિમિત્તે દેશ-વિદેશમાં ફરતા લેખકના કેટલાક અનુભવો છબી ભીતરની પુસ્તકમાંથી અહીં મૂકવામાં આવ્યા છે. બે જુદાં જુદાં શીર્ષક હેઠળના આ પાઠમાં પ્રથમ મહાત્મા ગાંધી જેવા દેખાતા હોવાને કારણે લેખકને થયેલા સુંદર અનુભવો વ્યક્ત થયા છે. ઑસ્ટ્રેલિયામાં સિડની તરફ બસમાં જઈ રહેલા લેખક દંપતીને હોટલના માલિક બીજા બધા પ્રવાસીઓથી અલગ રીતે જુએ છે. લેખક 'ગાંધી' ફિલ્મના હીરો બેન કિંગ્સલી જેવા દેખાય છે એટલે તેમનું સન્માન કરે છે. આવો જ બીજો અનુભવ સિંગાપુર ઍરલાઇન્સનો છે. એક હબસી અમેરિકન લેખકને ફોટાના સંયોજનમાં પંચતારક હોટલમાં પિરસણીયાઓ લાઇન લગાવી દે છે. આ ત્રણ અનુભવોમાં દુનિયાના જુદા - જુદા દેશનો ગાંધીપ્રેમ વ્યક્ત થયો છે. છેલ્લા પ્રસંગમાં અજાણી સ્ત્રીના પ્રેમનો મહિમા આલેખાયો છે.

---

છેલ્લાં બાર-ચૌદ વરસમાં ફોટોગ્રાફી નિમિત્તે મારે દેશ-વિદેશમાં ઘણું ફરવાનું રહ્યું. નેપાળને ભારતની જ અટારી ગણીએ તો તે સિવાયના દેશોમાં મારે સોળ વાર જવાનું થયું.

આટલા બધા પ્રવાસોમાંથી કોઈ એક વિશે લખવાને બદલે, જુદા જુદા પ્રવાસોમાં થયેલા અમુક અસાધારણ અનુભવોને બે શીર્ષક હેઠળ રજૂ કરીશ.

## ગાંધીની બલિહારી

હું ને ગૌરી ઑસ્ટ્રેલિયાની સરકારનાં મહેમાન હતાં. ગૌરી ઑબેરૉય હૉટલના ત્રૈમાસિકની તંત્રી ને હું ફોટોગ્રાફર. આઠ દિવસના બસપ્રવાસનો છેલ્લો દિવસ હતો ને સાંજે અમે સિડની પહોંચવાનાં હતાં. લગભગ પાંચેક વાગ્યે ડ્રાઈવરે જાહેર કર્યું કે પહોંચતાં મોડું થશે ને મધરાત પહેલાં હૉટેલ ભેગાં થઈશું નહિ. રાતે આઠ-સાડા આઠે, કોંકણની ખાણાવળ જેવી ગામઠી હોટેલ પાસે બસ ઊભી રહી. ડ્રાઈવરે અમને જમવાને રોકડો અડધો કલાક આપ્યો. હોટેલના ડાઇનિંગ રૂમમાં ત્રીસેક જણ ઠલવાયાં તેમાં અમે બે જ અશ્વેત ને પરદેશી હતાં. બધાંએ પોતપોતાના ઑર્ડર નોંધાવ્યા અને થોડીવારમાં જાતે ખાવાનું લાવીને જમવા મંડ્યાં. મેં જોયું કે હોટેલના માલિક મને કંઈક જુદી રીતે જોતો હતો. મારો નંબર આવ્યો છતાં મને ખાવાનું નહોતો આપતો. મેં એને બે વાર તો ટકોર્યો પણ એણે સાંભળ્યું જ ન હોય એવો ડોળ કર્યો. રહેવાયું નહિ એટલે ગુસ્સે થઈને હું ચાલવા માંડ્યો. એણે માણસ મોકલીને મને પાછો તેડાવ્યો. ખૂણાના એક ટેબલ પર બેસાડીને કહે, 'તમે તો મારા મોંઘેરા મહેમાન છો.' મેં કહ્યું કે, 'હા, એ તો દેખાય જ છે ને. બધાંનું ખાવાનું આવી ગયું પણ તેં મને લટકાવી રાખ્યો છે.' એટલે કહે, 'જરા નવરો પડું ત્યારે તમને જમાડું ને?' મેં કહ્યું, 'મને કંઈ સમજાતું નથી.' ત્યારે કહે 'મારી હોટેલમાં ગાંધી ક્યારે?' હવે ઘટસ્ફોટ થયો ! ગાંધી ફિલ્મ જોઈને ભાઈ ગાંધીજીના ભગત બની ગયેલા અને હું કંઈક બેન કિંગ્સલી જેવો લાગું છું એટલે એણે મને જાતે પીરસીને જમાડ્યો ને પૈસા ન લીધા તે ન જ લીધા.

સિંગાપુર ઍરલાઇન્સ માટે હું ન્યૂયૉર્કના ફોટા પાડી રહ્યો હતો. કુખ્યાત આઠમા ઍવન્યુના નાકા પાસે એક હબસી-અમેરિકન જૂનાં અપ્રાપ્ય પુસ્તકો ને સામયિકો ફૂટપાથ પર વેચતો હતો. દુકાનદારની આકૃતિ ને કદ બિહામણાં હતાં. ફોટાના સંયોજન (કંપોઝિશન) માટે એનું અમુક જગ્યાએ ઊભા રહેવાનું જરૂરી હતું. હું વિમાસણમાં હતો કે મારે એને ખસવાનું કહેવું કે નહિ એ સમજે નહિ ને આડો ફાટે તો વાત સાવ જ વણસી

જાય. કોણ જાણે કેમ પણ એ મારી મૂંઝવણ સમજી ગયો. મને પૂછે, 'તમને હું કંઈ મદદ કરી શકું છું?' મેં એને સમજાવ્યું ને ફોટા પડી ગયા. કૅમેરાબૅગનાં બટન બંધ કરતાં-કરતાં મેં એને પૂછ્યું કે, 'તને એવું તે શું થયું કે તું મને મદદ કરવા તૈયાર થઈ ગયો?' હત્તારીની ! આ તો પાછી ગાંધીની જ બલિહારી ! આગલા વરસે 'ગાંધી' ફિલ્મને આઠ 'ઑસ્કાર' મળ્યા હતા અને આ હબસી ગાંધીજીનો પ્રશંસક હતો. મને કહે, 'ગાંધી માટે કોણ શું ન કરે !'

ઉપર નોંધી ઘટના પછી, ન્યૂયૉર્કની મોટી પંચતારક હોટેલમાં મારે એક પ્રકાશક બાઈ સિન્થિયા સાથે 'લંચ-મીટિંગ' હતી. અમે બંનેએ મનોમન પોણાથી એક કલાક ફાળવેલો પણ વાતવાતમાં અઢી કલાક નીકળી ગયા ! એક પછી એક વાનગી (કોર્સ) આવતી ગઈ પણ પેટ સુધી માંડ બે-ત્રણ મોટા ચમચા પહોંચ્યા હશે. સિન્થિયા કહે, 'મારે એક બીજી મીટિંગ છે એટલે મારતી ટૅક્સીએ જવું પડશે.' મેં કહ્યું, 'મને કકડીને ભૂખ લાગી છે. ગાજરની કેક ને ઇટાલિયન કૉફી 'કાપુચીનો' પીધા પછી જ હું તો ઊભો થઈશ.' બિલ ચૂકવીને સિન્થિયાએ જેવો હૉલની બહાર પગ મૂક્યો કે મારા ટેબલની આસપાસ પિરસણિયાઓનો મેળો જેવો જામી ગયો. મને થયું, નક્કી આ ટેબલનું બૂકિંગ હોવું જોઈએ ને મારે જરા ઉતાવળ કરવી જોઈએ. ત્યાં એક અશ્વેત પિરસણિયાને બંગાળી માનીને મેં બાજુમાં બોલાવ્યો. કોલકાતામાં રહેતા મારવાડીઓની હિંદી - બંગાળીમાં એને પૂછ્યું કે, 'આ બધો ઝમેલો શાનો છે?' એ બાંગ્લાદેશી મુસલમાન નીકળ્યો. 'તમે ગાંધી જેવા લાગો છો ને એટલે તમને જોવા, તમારી 'સેવા' કરવા, બધા ભેગા થયા છે.' એકે હસ્તાક્ષર માગ્યા. મેં કહ્યું, 'બાય ગૉડ, હું ગાંધી પણ નથી ને બેન કિંગ્સલી પણ નથી. છતાં તને 'અશ્વિન મહેતા' ચીતરી આપવામાં મને વાંધો નથી.' માનું છું કે 'ગાંધી' ફિલ્મને દસ-બાર વરસ તો સહેજે થયાં હશે, અને છતાં...

## માનવીમનની ગંગાજમની

આજથી ચાલીસેક વરસ અગાઉ મેં હિમાલયનો પહેલો એકલપ્રવાસ કરેલો. મારો સાથી, ભોમિયો, મજૂર, જે કહો તે એક હુકમસિંહ. હું પચીસનો તો એ પાંત્રીસનો. હુકમસિંહ મારા પર ખુશ. કહે, પંદર વરસથી મેદાનના સાહેબોને ફેરવું છું, પણ મારા પેંગડામાં પગ ઘાલીને મારી ઝડપે દસ-બાર કલાક ચાલનારો તમારા સિવાય કોઈ મળ્યો નથી. તે દિવસોમાં હું ચા-કૉફી પણ પીતો નહિ. માંસાહાર કરતો નહિ તેનું હુકમસિંહને ભારે આશ્ચર્ય. મેં એની આગળ સૂંઠ-ગોળની ગોળીનો મહિમા ગાયેલો ને મુખ્યત્વે દૂધ ને ઘઉં-મગના સત્તુના મારા ખોરાકના ફાયદા ગણાવેલા. વધારામાં કહેલું કે, હિમાલય સાથેનો મારો નાતો આજકાલનો નથી, જનમોજનમનો છે, નહિ તો ગાડીમાંથી જેવા શિવાલિકના પહાડો દેખાય ને આખા શરીરમાં વીજળી શાને સળવળે?

રાજગરાનાં લાલઘૂમ ખેતરોમાં થઈને મોડી સાંજે અમે પાના પહોંચ્યા. ગોધૂલિનો સમય હતો ને વાતાવરણ 'બેં-બેં'ને 'હમ્ભા-હમ્ભા'થી ભર્યુંભર્યું હતું. ઘરની ખુલ્લી પરસાળમાં અમારા ધામા હતા. મારું દૂધ-સૂંઠ-સત્તુનું ભોજન હું પતાવતો જ હતો ત્યાં મોટું તપેલું ભરીને બાફેલાં બટાકાં આવ્યાં. આગમાં શેકતાં શેકતાં બધાએ ખાધાં ને વાતવાતમાં સહુ ઊંઘી ગયાં. રાતે કોઈનો હાથ ફરતો હોય એવું મને લાગ્યું ને હું ઝબકીને જાગ્યો. જોયું તો યજમાન - ખેડૂતની ઘરડી મા મારું ઓઢવાનું સરખું કરતી હતી ! પછી ખબર પડી કે માજીને મારી બહુ ચિંતા હતી. રાત્રે પણ બે-ત્રણ વાર નજર નાખી ગયેલાં. અમે તો મોંસૂઝણું થતાંવેંત નીકળી ગયા. માંડ અડધો ફર્લાંગ ચાલ્યા હોઈશું ત્યાં એક માણસ અમને પાછો બોલાવી ગયો. માજી શિરામણ કરવામાં રોકાયેલાં હતાં એટલે વિદાય નહોતાં આપી શક્યાં. સૌ પ્રથમ એમણે મારાં બધાં ખિસ્સાં જરદાલુથી ઠસોઠસ ભરી દીધાં, પછી કપાળે ચાંલ્લો કર્યો, ચોખા ચોડ્યા ને લમણે ટાચકા ફોડીને મારાં ઓવારણાં લીધાં. વધારામાં હુકમસિંહને કહ્યું કે, રાતે પેલી ગુફામાં મારું ધ્યાન રાખે. કોઈ ડાઘિયાને મારી પડખે સુવાડે. ગરમીની ગરમી રહે ને મામો (દીપડો) લવારાં લેવા આવે તો મને હેરાન ન કરે. રાતે પહેલાં વરસાદ પડ્યો ને પછી બરફ. પણ માજીની કૃપાથી રાત સરસ ગઈ. સવારે હજાર ફૂટનું ચઢાણ ચડી કુંઆરી પહોંચી ગયા ને નિરભ્ર આકાશમાં ધરાઈ-ધરાઈને બરફાનો જોયાં. પણ અરે ! આટલાં વરસે આ લખતાં લખતાં કાગળ પર પાણી જેવું શું ઝળકવા માંડ્યું?

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**અપ્રાપ્ય** મળી ન શકે તેવું, પ્રાપ્ત ન થઈ શકે તેવું **મહિમા** મહત્ત્વ **ગોધૂલિ** ગાયોના ચાલવાથી ઊડતી ધૂળ (સાંજ વેળા) **મોંસૂઝણું** વહેલી સવાર, પ્રભાત **શિરામણ** નાસ્તો **સત્તુ** સાથવો, શેકેલો અનાજનો લોટ

### વિરુદ્ધાર્થી

**સાધારણ** અસાધારણ **ગામઠી** શહેરી **શ્વેત** શ્યામ **પ્રાપ્ય** અપ્રાપ્ય **ફાયદો** ગેરફાયદો **યજમાન** મહેમાન **ધ્યાન** બેધ્યાન

### રૂઢિપ્રયોગો

**ડોળ કરવો** બનાવટ કરવી **વાત વણસી જવી** વાત બગડી જવી **પેંગડામાં પગ ઘાલવો** બરોબરી કરવી

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**મળી ન શકે એવું** અપ્રાપ્ય **ગાયોના ચાલવાથી ઊડતી માટી** ગોધૂલી **સવારનો નાસ્તો** શિરામણ **વાત વણસી જવી** કામ બગડી જવું **દરેક જન્મે** જન્મો જન્મ **ધામા નાખવા** અડ્ડો જમાવવો

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) હોટેલવાળો લેખકને કયા કારણે ગાંધીજી માનવા લાગ્યો?

(A) લેખકનો દેખાવ ગાંધી ફિલ્મના હીરો જેવો હતો.

(B) લેખક ભારતથી આવી રહ્યા હતા.

(C) લેખક પાસે ગાંધીજીનો ફોટોગ્રાફ હતો.

(D) લેખકે ગાંધીજીની વેશભૂષા ધારણ કરી હતી.

(2) લેખકના ટેબલની આસપાસ પિરસણિયાઓનો મેળો શા માટે જામ્યો હતો?

(A) તે ટેબલનું બુકિંગ થઈ ગયું હતું.

(B) પિરસણિયા આપસમાં ઝઘડયા હતા.

(C) લેખક ગાંધીજી જેવા લાગતા હતા એટલે તેમની સેવા કરવા માટે

(D) તે અશ્વિન મહેતાથી પરિચિત હતા.

(3) આઠમા ઍવન્યૂના નાકા પાસે એક હબસી - અમેરિકન શું વેચી રહ્યો હતો?

(A) મુખવાસ અને પાન-મસાલા (B) ગાંધીજીના ફોટોગ્રાફ્સ

(C) કૅમેરા બૅગ (D) જૂનાં અપ્રાપ્ય પુસ્તકો અને સામયિકો

(4) 'ગાંધી' ફિલ્મમાં હીરોનું પાત્ર કોણે ભજવ્યું હતું?

(A) બેન કિંગ્સલીએ (B) અશ્વિન મહેતાએ

(C) અમિતાભ બચ્ચને (D) શાહરુખ ખાને

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) ન્યૂયૉર્કમાં લેખકને એક હબસીએ શા માટે મદદ કરી?

(2) ન્યૂયૉર્કની હોટેલના પિરસણિયાએ લેખક પાસે હસ્તાક્ષર કેમ માગ્યા?

(3) યજમાન ખેડૂતની ઘરડી માએ લેખકને કેવી રીતે વિદાય આપી?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) પરદેશના લોકોનો ગાંધીજી પ્રત્યેનો પ્રેમ તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી–પ્રવૃત્તિ

- તમારા કુટુંબ સાથે તમે કરેલા પ્રવાસના બે વિશિષ્ટ અનુભવોનું વર્ણન શાળાના સાંસ્કૃતિક વર્ગમાં રજૂ કરો.
- 'ગાંધી' ફિલ્મ જોઈ એમાંનું કયું દૃશ્ય તમને શા માટે સ્પર્શી ગયું એની સમૂહચર્ચા કરો.
- શ્રી અશ્વિન મહેતા દ્વારા પડાયેલા ફોટોગ્રાફ્સ મેળવી એક આલબમ બનાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'મારી હોટલમાં ગાંધી ક્યારે?'

માત્ર ચાર શબ્દોનું નાનકડું ઝૂમખું ગાંધીપ્રતિભાને કેવી ઉજાગર કરી દે છે ! સાચે જ એ મહાત્મા અને વિશ્વમાનવી હતા. એ સત્ય આ ચાર શબ્દો પ્રગટ કરી દે છે. આવાં વાક્યો કેવાં પ્રભાવક બની શકે છે તેનો અભ્યાસ કરો.

- 'કોંકણની ખાણાવળ જેવી ગામઠી હોટેલ...'

  'આસપાસ પિરસણિયાઓનો મેળો જેવો જામી ગયો.'

'તમે ગાંધી જેવા લાગો છો' જેવી ઉપમાઓ અને 'પેંગડામાં પગ ઘાલવો', 'આડા ફાટવું' જેવા રૂઢિપ્રયોગો કૃતિનાં ધ્યાનાકર્ષક પાસાં બન્યાં છે.

- 'ફિલ્મને દસ-બાર વરસ તો સહેજે થયાં હશે, અને છતાં...'

ગાંધીની વિરાટ પ્રતિભા અહીં આ વાક્યમાં ઝિલાઈ છે. એક અપૂર્ણ વાક્યથી લેખક સરસ રીતે એ બાબત સમજાવી શક્યા છે કે ગાંધી ફિલ્મની, ગાંધીના વ્યક્તિત્વની કેવી જાદુઈ અસર હતી ! આમ વાક્ય અધૂરું છોડીને બાકીનો વિચાર કે ભાવ વાચક જાતે સમજી લે એવાં વાક્યોની રચનાની ખૂબી સમજો.

અન્ય કૃતિઓમાં આવો વાક્યપ્રયોગ જુઓ ત્યાં એની નોંધ લો.

## શિક્ષકની ભૂમિકા

અશ્વિન મહેતા મૂળે ફોટોગ્રાફર પણ પ્રકૃતિ સાથે નજીકનો નાતો તેથી તેમનાં અવલોકનોમાં પ્રકૃતિની સુંદરતા સાથે માનવતા, દેશભક્તિ, ગાંધીજીના વિચારોનું ગૌરવ, વાત્સલ્ય વગેરે તેમનાં પ્રવાસ વર્ણનોમાં સાહજિકતાથી પ્રગટ થાય છે તે દર્શાવવું.

બેન કિંગ્સલે દ્વારા જેમાં ગાંધીજીની ભૂમિકા સુપેરે નિભાવવામાં આવી છે તે એટનબરો દ્વારા તૈયાર થયેલી હિન્દી-અંગ્રેજી ફિલ્મના ગાંધીજીના વિચારોની અસર ભારત બહાર પણ કેવી ઝીલાઈ છે તે ત્રણેક પ્રસંગો દ્વારા સરસ રીતે વ્યક્ત થઈ છે તે જણાવવું.

ગાંધીજી શા માટે આટલા મહાન છે ? આટલા લોકપ્રિય છે ? શા માટે ગાંધીજીને સમગ્રવિશ્વ સ્વીકારે છે તે અંગે ગાંધીજીના પ્રસંગો રજૂ કરીને સમજાવવું. તેમનું 'સત્યના પ્રયોગો' પુસ્તક વાંચવા માટે પ્રેરણા આપવી.

માનવતા, એકતા, આત્મીયતા, સમાનતા, પ્રેમ, લાગણી જેવા ગુણોને આત્મસાત કરવાથી ગાંધીજી માણસમાંથી મહાત્મા બની શક્યા તે અંગે સમજ આપી તે રસ્તે વિદ્યાર્થીઓને આગળ વધવા પ્રોત્સાહિત કરવા.

•

# વ્યાકરણ : વિશેષણ, ક્રિયાવિશેષણ, સંયોજક, વિરામચિહ્નો

## વિશેષણ

નીચેનાં વાક્યો વાંચો :

(1) નાની સળી અડી ન અડી પરગટશે રંગમાયા.

(2) ઘરમાં નાના છોકરાઓની જોડે ગુજરાતીમાં બોલો.

મિત્રો, તમે 'વિશેષણ' ભણી ગયા છો. તમે કહી શકશો કે ઉપરનાં વાક્યોમાં નામ ક્યાં છે અને વિશેષણ ક્યાં છે ? મિત્રો, નામ ઓળખવાની સીધી અને સરળ રીત છે, તેનું લિંગ જોવું. જેમકે, ઉપરનાં વાક્યોમાં જોઈએ તો 'સળી' શબ્દ સ્ત્રીલિંગ છે, 'અડી ન અડી'માં 'અડવું' ક્રિયાપદ છે, 'પરગટશે'માં 'પ્રગટવું' ક્રિયાપદ છે. 'રંગમાયા'એ 'રંગોની માયા' - સમાસ છે, જેમાં જેમાં 'માયા' સ્ત્રીલિંગ ધરાવે છે તેથી નામ છે. 'નાનું' શું છે ? એ 'સળી' નામના અર્થમાં વધારો કરે છે, અર્થને ચોક્કસ કરે છે. તેથી 'નાનું' વિશેષણ છે. વળી, તમે એ પણ જોઈ શકો કે વાક્ય-1.માં 'નાનું' એ 'સળી' - સ્ત્રીલિંગી નામનું વિશેષણ છે. તેથી ત્યાં 'નાની' વપરાયું છે. તો વાક્ય-૨.માં 'છોકરાઓ' એ પુલ્લિંગી બહુવચન નામ છે. તેથી ત્યાં 'નાના' વપરાયું છે. બંને વાક્યો ફરીથી વાંચી જુઓ એટલે વધુ ખ્યાલ આવશે.

મિત્રો, તમે વાંચ્યું કે 'નામના અર્થમાં વધારો' કરે છે... તમને પ્રશ્ન થયો હશે કે 'અર્થમાં વધારો કરવો' એટલે શું ? ચાલો, આપણે સમજીએ :

'છત્રી' એટલે ? 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'માં તેનો અર્થ છે : તાપ તથા વરસાદથી બચવા માથે ઓઢવાનું એક સાધન. આપણે 'છત્રી'ને નજર સામે લાવીએ તો છત્રી એટલે જેમાં એક દાંડો છે, એક પલળે નહીં એવું કપડું છે, તેને ખોલી કે બંધ કરી શકાય છે. લગભગ આ પ્રકારનો અર્થ સમજાય. બરાબર ? હવે, તમે એ કહો કે તમે જે છત્રી નજર સામે લાવ્યા તે કયા રંગની હતી ? કયા કદ (સાઈઝ)ની હતી ? અન્ય કોઈ દેશની હતી ? - આ બધા પ્રશ્નોના ઉત્તર જુદા જુદા હોઈ શકે. નીચેનું વાક્ય વાંચો :

શ્રી ઐયપ્પા એક હાથમાં કાળી મોટી છત્રી સાથે આવી પહોંચ્યા.

તમે જુઓ કે અહીં 'કાળી', 'મોટી' દ્વારા છત્રીના રંગ અને કદનો ઉલ્લેખ કર્યો છે. તમે કહેશો કે હા, છત્રી નાની હોય, મોટી હોય, એકદમ નાની હોય, ખાસ્સી મોટી હોય. રંગ પણ જુદા જુદા હોઈ શકે. લાલ, કાળો, વાદળી... તો તમે એવું કહી શકો કે 'નાની છત્રી' 'મોટી છત્રી' 'કાળી છત્રી', 'ગુલાબી છત્રી' 'દાંડાવાળી છત્રી', 'દાંડા વગરની છત્રી' (???) તમને થશે કે 'દાંડાવાળી' કે 'દાંડા વગરની' તો ન કહી શકાય. કારણ કે દાંડો તો છત્રીમાં હોય જ. બરાબર? તો હવે તમે સમજો કે 'દાંડો' તો હોય જ - એટલે 'દાંડો' છત્રીના મૂળ અર્થનો ભાગ છે. પણ 'નાનું, મોટું, લાલ, કાળું' વગેરે જેવી રંગ, કદની વિગતો છત્રીના મૂળ અર્થનો હિસ્સો નથી. તેથી તે 'છત્રી'ના મૂળ અર્થમાં વધારો કરે છે.

તમે 'ઊંચો છોકરો' કહી શકો, પણ 'બે હાથવાળો છોકરો' કહી શકો ?

તમે 'ગોળ ટેબલ' કહી શકો, પણ 'પાયાવાળું ટેબલ' કહી શકો ?

એટલે કે 'બે હાથ' હોવા એ 'છોકરો' શબ્દના મૂળ અર્થ અથવા 'પાયો હોવો' એ 'ટેબલ' શબ્દના મૂળ અર્થનો જ હિસ્સો છે. તેથી તમને એવું બોલવા-સાંભળવાનું વિચિત્ર લાગે છે. પણ 'ઊંચું' કે 'ગોળ' કહેતાં અર્થ વધુ ચોક્કસ થાય છે. જેમકે, 'સામે ઉભેલા છોકરાઓમાંથી ઊંચો છોકરો.' જો આવું કહેવાય તો તમે છોકરાઓનું જૂથ જોશો અને તેમાં 'ઊંચો' છોકરો જોશો. બરાબર ? 'ઊંચો' દ્વારા તમે 'છોકરા'ના અર્થમાં કરેલો વધારો સમજ્યા અને ચોક્કસ છોકરાને જોયો. એટલે કે 'ઊંચો' શબ્દ દ્વારા 'છોકરા' શબ્દના અર્થમાં વધારો થયો. 'છોકરો' નામ છે, તેથી 'ઊંચો' એ છોકરાનું વિશેષણ છે.

ચાલો, નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધો :

(1) દાદા ગરમ ચા પીએ છે.

(2) રીમાએ સુંદર ગીત ગાયું.

(3) સાહેબને લાલ પેન આપો.

(4) વરસાદમાં મોટાં ઝાડ પડી ગયાં.

(5) ખાટી છાશ કોને ભાવે ?

વિશેષણ મળ્યા ? વાક્ય-1.માં 'ગરમ, વાક્ય-2.માં 'સુંદર', વાક્ય-3.માં 'લાલ', વાક્ય-4.માં 'મોટાં', વાક્ય-5.માં 'ખાટી'. બરાબર ?

વિકારી-અવિકારી વિશેષણ :

હવે, આપણે આ જ વિશેષણોને થોડી જુદી રીતે જોઈએ :

પદજૂથ-1. ગરમ ચા, ગરમ કપડાં, ગરમ પ્રદેશ.

પદજૂથ-2. સુંદર ગીત, સુંદર સવાર, સુંદર સાડી

પદજૂથ-3. લાલ પેન, લાલ ફૂલ, લાલ કાગળો

તમને થશે કે આ શું કરીએ છીએ ? સમજાશે, પણ પહેલાં નીચેનાં પદો પણ જુઓ :

પદજૂથ-4. મોટાં ઝાડ, મોટો ભાઈ, મોટી પ્રાર્થના

પદજૂથ-5. ખાટી છાશ, ખાટું ફળ, ખોટો સ્વાદ

હવે તમને કાંઈ સમજાયું ? પદજૂથ-1.માં 'ચા' સ્ત્રીલિંગ, 'કપડાં' નપુંસકલિંગ બહુવચન અને 'પ્રદેશ' પુલ્લિંગ સંજ્ઞા છે. અને વિશેષણ 'ગરમ' છે. 'ગરમ' શબ્દમાં કોઈ ફેરફાર થયો નથી. પણ પદજૂથ-4.માં 'ઝાડ' નપુંસકલિંગ બહુવચન છે, તો 'મોટાં', 'ભાઈ' પુલ્લિંગ સંજ્ઞા છે તો 'મોટો' અને 'પ્રાર્થના' સ્ત્રીલિંગ છે, તો 'મોટી', ઉપરનાં પદજૂથ ફરીથી વાંચો. તમે જોશો કે પદજૂથ-1, 2, 3માં સંજ્ઞા સ્ત્રીલિંગ, પુલ્લિંગ કે નપુંસકલિંગ હોય, વચન-એકવચન કે બહુવચન હોય છતાં વિશેષણ 'ગરમ', 'સુંદર' કે 'લાલ'માં કોઈ બદલાવ નથી, વ્યાકરણની ભાષામાં કહીએ તો કોઈ વિકાર નથી. જ્યારે પદજૂથ 4 અને 5 જુઓ : તો 'છાશ' સ્ત્રીલિંગ છે, તો 'ખાટી', 'ફળ' નપુંસકલિંગ 'ખાટું', 'સ્વાદ' પુંલ્લિંગ તેથી 'ખાટો'. એટલે કે આ વિશેષણોમાં નામ-સંજ્ઞા (વિશેષ્ય)ના લિંગ-વચન અનુસાર બદલાવ આવી શકે છે. જે વિશેષણમાં નામ-વિશેષ્યના લિંગવચન અનુસાર બદલાવ આવે તેને વિકારી વિશેષણ કહે છે અને જે વિશેષણમાં નામ-વિશેષ્યના લિંગવચન અનુસાર બદલાવ ન આવે તેને અવિકારી વિશેષણ કહે છે.

નીચેનાં વિશેષણ-વિશેષ્ય જૂથમાંથી વિકારી વિશેષણ ધરાવતું જૂથ અલગ તારવો : (વિકારી વિશેષણ ઓળખવા માટે 1. વિશેષ્યના લિંગવચન જોવાં. વિશેષણમાં એ દેખાય છે કે કેમ ? 2. તમારે અન્ય લિંગ કે વચન ધરાવતું વિશેષ્ય વાપરી જોવું. વિશેષણ બદલાય છે કે કેમ ? - બરાબર ?)

| | |
|---|---|
| સૂકું ખેતર | મહેનતુ ખેડૂત |
| મીઠું સફરજન | મૂર્ખ ગધેડો |
| શાણો પ્રધાન | ધીમો અવાજ |
| ઉત્સાહી વિદ્યાર્થી | |

વિકારી - અવિકારી વિશેષણ અલગ તારવી શક્યા ?

- સૂકું ખેતર :

'ખેતર' નપું. એકવચન. તેથી વિશેષણ 'સૂકું'. અન્ય પ્રયોગ 'સૂકી દ્રાક્ષ' - 'દ્રાક્ષ' સ્ત્રીલિંગી વિશેષ્ય - તેથી 'સૂકી'. એટલે કે 'સૂકું' વિકારી વિશેષણ.

- મહેનતુ ખેડૂત :

'ખેડૂત' પું. બહુવચન. અન્ય પ્રયોગ - મહેનતુ છોકરી. 'છોકરી' સ્ત્રીલિંગી વિશેષ્ય. પણ કોઈ બદલાવ નથી. તેથી 'મહેનતુ' અવિકારી વિશેષણ.

- મીઠું સફરજન - મીઠી કેરી - 'મીઠું' વિકારી વિશેષણ
- મૂર્ખ ગધેડો - મૂર્ખ રાજા - 'મૂર્ખ' અવિકારી વિશેષણ
- શાણો પ્રધાન - શાણી દીકરી - 'શાણું' વિકારી વિશેષણ
- ધીમો અવાજ - ધીમી ગતિ - 'ધીમું' વિકારી વિશેષણ.
- ઉત્સાહી વિદ્યાર્થી - ઉત્સાહી લોકો - 'ઉત્સાહી' અવિકારી વિશેષણ.

હવે તમે એક કામ કરો. રંગ, સ્વાદ, આકાર-ના શબ્દોની યાદી બનાવો. જેમકે, લાલ, પીળું કે ગોળ, ચોરસ. અને જૂઓ કે તે વિશેષણો વિકારી છે કે અવિકારી.

**વિશેષણના પ્રકાર :**

નીચેનો ફકરો વાંચો :

એ વખતે ખૂબ વરસાદ પડી રહ્યો હતો. શ્રી ઐયપ્પા એક મોટી કાળી છત્રી લઈને આવ્યા. તેમણે મને બીજી છત્રી આપી. ઘેરો અંધકાર છવાયેલો હતો. તેમનું ઘર લગભગ એકાદ કિલોમીટર દૂર હતું.

અહીં ક્યાં કયાં વિશેષણો વાપરવામાં આવ્યાં છે ? ખૂબ, એક, મોટી, કાળી, બીજી, ઘેરો, લગભગ એકાદ કિલોમીટર. બરાબર ? હવે આ વિશેષણો શું દર્શાવે છે તે સમજીએ.

ખૂબ વરસાદ - 'ખૂબ' જથ્થાવાચક

એક - સંખ્યા દર્શાવે

મોટી - કદ દર્શાવે, 'ગુણ' દર્શાવે.

કાળી - રંગ દર્શાવે, 'ગુણ' દર્શાવે.

બીજી - ક્રમવાચક સંખ્યા (જો 'બે' હોત તો સંખ્યા હોત. પણ પહેલું, બીજું... ક્રમ દર્શાવે)

ઘેરો - માત્રા દર્શાવે.

લગભગ એકાદ કિલોમીટર - અંદાજ દર્શાવે.

વિશેષણોના આ કાર્યને આધારે તેમના પ્રકાર કરી શકાય :

(1) ગુણવાચક વિશેષણ :

સુંદર, ખરાબ, ચોખ્ખું, ઊંચું, કાળું, સફેદ, જાડું, મોટું, ઘરડું, ઠંડું, તીવ્ર, સમજુ, લોભી, ક્રૂર, દયાળું, મુખ્ય, શોખીન, ડાહ્યું, વિશાળ, સાંકડું, અજાણ્યું, પરિચિત વગેરે

(2) સંખ્યાવાચક વિશેષણ :

(ક) સાદી - પૂર્ણ સંખ્યાવાચક : એક, બે, પાંત્રીસ, નેવ્યાશી વગેરે

(ખ) ક્રમિક સંખ્યાવાચક - પહેલું, બીજું, આઠમું વગેરે

(ગ) સંખ્યાંશવાચક - પા, અડધું, પોણું, સવા વગેરે

(3) જથ્થાવાચક - બહુ, ઘણુ, થોડું, ઓછું, વધારે (બહુ કામ, ઘણી પ્રવૃત્તિ...)

(4) માત્રાસૂચક - આછું, ઘેરું, સાવ, તદ્દન વગેરે

(5) સાર્વનામિક વિશેષણ - મારું, તારું આપણું, તેનું, તેમનું, આટલું, આવડું.

વિશેષણના આ પ્રકારોનો ખ્યાલ આવ્યો ?

નીચેનાં વાક્યો-પંક્તિઓમાંથી વિશેષણ તારવી તેના પ્રકાર જણાવી શકો ?

(1) આ શાળાના મુખ્ય દાતા ખૂબ જ ભલા અને સજ્જન છે.

(2) તદ્દન અજાણ્યા કુટુંબ જોડે રાત રહેવું અડવું તો લાગે.

(3) મારો ઉતારો પહેલે માળે હતો.

(4) એક તરફ મોટો કોઠાર હતો.

(5) મને મારાં બા યાદ આવી ગયાં.

ચાલો, વિશેષણ તારવી તેના પ્રકાર જોઈએ :

(1) મુખ્ય - ગુણવાચક, ભલા - ગુણવાચક

(2) તદ્દન - માત્રાસૂચક, અજાણ્યું - ગુણવાચક

(3) મારો - સાર્વનામિક, પહેલે - ક્રમિક સંખ્યાવાચક

(4) એક - સંખ્યાવાચક, મોટો - ગુણવાચક

(5) મારાં - સાર્વનામિક.

આ વિશેષણોમાંથી વિકારી-અવિકારી અલગ તારવીએ ? ચાલો ઝડપથી જોઈએ, યાદી બનાવતા જોઈએ :

વિકારી : ભલું, અજાણ્યું, મારું, પહેલે, મોટું

અવિકારી : તદ્દન, એક

સમજાઈ ગયું ?

આ વિશેષણો ઉપરાંત સંબંધવાચક વિશેષણ, મૂળ વિશેષણ - સાધિત વિશેષણ જેવી ઘણી બાબતો સમજવાની છે. પણ તે પછી ક્યારેક.

## ક્રિયાવિશેષણ

નીચેનાં વાક્યો વાંચો :

(1) સસલું દોડે છે.

(2) સસલું ઝડપથી દોડે છે.

(3) રાજકુમારીએ આંખ ખોલી.

(4) રાજકુમારીએ ધીરેથી આંખ ખોલી.

ઉપરનાં વાક્યોમાં શું જોયું વાક્ય-1.માં 'દોડવા'ની વાત છે. પણ વાક્ય-2.માં 'ઝડપથી દોડવા'ની વાત છે. વાક્ય-3.માં 'આંખ ખોલવા'ની વાત છે. પણ વાક્ય-4.માં 'ધીરેથી આંખ ખોલવા'ની વાત છે. એટલે કે વાક્ય-4 અને વાક્ય-4માં 'ઝડપથી', 'ધીમેથી' દ્વારા ક્રિયાના અર્થમાં ઉમેરો કરવામાં આવ્યો છે. જેમ નામના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહેવાય. તેમ જે ક્રિયાના અર્થમાં વધારો કરે તેને ક્રિયાવિશેષણ કહેવાય.

ક્રિયાવિશેષણને મુખ્ય બે વર્ગમાં વહેંચી શકાય : (1) મૂળ ક્રિયાવિશેષણ (2) સાધિત ક્રિયાવિશેષણ.

સાધિત ક્રિયાવિશેષણ એટલે મૂળ નામ, ધાતુ, રવાનુકારી શબ્દો, દ્વિરુક્ત પ્રયોગો હોય અને તેના પરથી ક્રિયાવિશેષણ બનાવવામાં આવે. જેમકે : સાંજ (સંજ્ઞા) - સાંજે (ક્રિ.વિ.), બેસવું (ક્રિયા) - બેઠાં બેઠાં (ક્રિ.વિ.), ફટફટ - ફટાફટ વગેરે.

કેટલાંક શબ્દો વિશેષણ તરીકે પણ વપરાય છે અને ક્રિયાવિશેષણ તરીકે પણ વપરાય છે. જેમકે : ખૂબ, ઘણું, બહુ, ચોક્કસ વગેરે

| વિશેષણ | ક્રિયાવિશેષણ |
|---|---|
| મારે ખૂબ કામ છે. | આજે અમે ખૂબ રમ્યા. |
| તમે મને ચોક્કસ સરનામું આપી શકો ? | સાંજે તું ચોક્કસ આવજે. |
| આજે બહુ મહેમાન આવશે. | સાહેબે અમને બહુ દોડાવ્યા. |

જ્યારે 'કામ', 'સરનામું' વગેરે સંજ્ઞાના અર્થમાં વધારો કરે ત્યારે આ શબ્દો 'વિશેષણ'નું કાર્ય કરે છે. પણ જ્યારે 'રમવું', 'આવવું' વગેરે ક્રિયાના અર્થમાં ઉમેરો કરે ત્યારે તે 'ક્રિયાવિશેષણ'નું કાર્ય કરે છે.

કેટલાંક ક્રિયાવિશેષણો મૂળભૂત રીતે ક્રિયાના અર્થમાં જ વધારો કરે છે. ક્રિયાનું સ્થાન, સમય, રીત આદિ દર્શાવે છે. અહીં આ ક્રિયાવિશેષણો જોઈએ.

(1) રીતવાચક ક્રિયાવિશેષણ : ચૂપચાપ, એકદમ, જલદી, તરત, માંડ, તાબડતોબ, એકાએક

(2) સમયવાચક ક્રિયાવિશેષણ : અત્યારે, ત્યારે, હમણાં, નિરંતર, સદા, હંમેશા, ક્યારેક, કદી, વારંવાર, અવારનવાર

(3) સ્થળવાચક ક્રિયાવિશેષણ : અંદર, બહાર, ઉપર, નીચે, નજીક, પાસે, દૂર, અહીં

(4) ક્રમવાચક : આગળ, પાછળ, પછી, પહેલા, ત્યારબાદ

(5) નિશ્ચયવાચક : જરૂર, ખરેખર, અવશ્ય વગેરે

(6) સંભાવનાવાચક : કદાચ વગેરે

નીચેનાં વાક્યોમાં ક્રિયાવિશેષણ પ્રયોજાયાં છે. તેમને શોધીને વર્તુળ કરો.

(1) તેમણે મને ધીમેથી કહ્યું.

(2) અલકમલકની વાતો કરતાં નીંદર વહેલી આવશે.

(3) સામેનું વાહન વળાંકમાંથી અચાનક નીકળ્યું.

(4) હોલો-હોલી તો સૂનમૂન બેસી રહે છે.

(5) શ્રી ઐયપ્પા થોડા ભીંજાયા હતા.

ઉપરનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધ્યા ?

વાક્ય-1. ધીમેથી, વાક્ય-2. વહેલી, વાક્ય-3. અચાનક, વાક્ય-4. સૂનમૂન, વાક્ય-5. થોડા

આ વાક્યોમાં મૂળ ક્રિયાવિશેષણ હોવાથી તરત ઓળખી શકાય તેમ છે. નીચેનાં વાક્યો વાંચો. તેમાં મૂળ ક્રિયાવિશેષણ નથી. પણ તેમનાથી ક્રિયાના અર્થમાં વધારો થાય છે તે તરત ખ્યાલ આવે તેમ છે.

(1) બા સહેજ સ્વસ્થ થઈને કહે.

(2) ભગવાને ફૂરસદે ઘડ્યું હોય તેવું લીલુંછમ્મ છેવાડાનું ગામ.

(3) તેઓ ભારપૂર્વક કહેતા.

(4) સ્હાવજ તો ઠાઠથી હાલ્યો જાય.

(5) વ્યવસ્થિત રીતે ચશ્મા પહેરી કાગળ તરફ નજર નાંખે છે.

તમને ખ્યાલ આવશે કે વિભક્તિપ્રત્યય દ્વારા - ફૂરસદે, ઠાઠથી - પણ ક્રિયાવિશેષણ સાધી શકાય છે.

સમયવાચક : '-એ' પ્રત્યય : સવારે, પાંચ વાગ્યે

સ્થાનવાચક : '-એ' પ્રત્યય - છેડે, છેલ્લે,

રીતવાચક : '-થી' પ્રત્યય - શાનથી, ધીમેથી, ઝડપથી

અહીં આપણે ક્રિયાવિશેષણનો પ્રાથમિક પરિચય મેળવ્યો છે. વધુ વિગતો ચર્ચા પછી કરીશું.

## સંયોજક

I wanted to see you, but you were out of station.

If possible, give me that book.

This weekend we will go to Rajasthan and enjoy.

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે જ્યારે આપણે એકબીજા સાથે સંકળાયેલી પરિસ્થિતિને રજૂ કરવી હોય ત્યારે સંયોજકોનો ઉપયોગ કરીએ છીએ. તમે અગાઉ વિવિધ સંયોજકોનો અભ્યાસ કર્યો જ હશે. આપણે આ સંયોજકો અને તેના વપરાશને ફરી એક વાર જોઈએ.

| સંયોજક | અર્થસંબંધ | ઉદાહરણ |
|---|---|---|
| અને, ને | સમુચ્ચય | આંજણી મટતાં સુધી કચૂકો ત્યાં ચોંટી રહેશે; અને મટશે એટલે એની મેળે ઉખડી જશે.<br>તમારા પ્રતાપે અને તમારા બાપુની કૃપાથી આ મારી જમીનમાં...<br>સોનાનો સૂરજ આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય ગાંધી કદી સૂતા નથી.<br>એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા.<br>તમારે આવવું છે કે રોકાવું છે ? |
| કે, અથવા, કાં તો | વિકલ્પવાચક | તમે કાં તો જૂનાગઢ પહોંચો અથવા સાસણ.<br>તદ્દન સાદું છતાંય સગવડવાળું ઘર હતું. |
| છતાં, પણ, છતાંપણ, ઊલટું, પરંતુ | વિરોધવાચક | બબ્બે દાયકાથી હું એમને ઘડી રહ્યો છું પણ આજ એના પર પાણી ફરી વળશે.<br>મારો નંબર આવ્યો છતાં એ મને પીરસતો ન હતો.<br>અજાણ્યા કુટુંબ જોડે રાત રહેવું અડવું તો લાગે પણ બીજો કોઈ વિકલ્પ જ નહતો.<br>સંકોચ તો ન હતો પરંતુ પ્રાર્થના આવડતી જ નહોતી, પછી બોલે શી રીતે ? |
| એટલે, અર્થાત્<br>માટે, તેથી, એટલે, | પર્યાયવાચક<br>કાર્ય-કારણ-પરિણામવાચક | છકડો એટલે ગિલો અને ગિલો એટલે છકડો.<br>સ્તબ્ધ સ્વજનોએ પ્રશ્નસૂચક નજર માંડી એટલે મોહને કહ્યું કે, 'હું રામશંકરનો દીકરો છું.' સ્હાવજનું મરણ થયું છે એટલે ગામ આખા યે શોક પાળ્યોછે.<br>અમે ઘરમાં પ્રવેશ્યાં કે તરત જ શ્રી ઐયપ્પાના પત્ની અમને સત્કારવા આવી પહોંચ્યાં. |
| કે | પૂરક વિગત | ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. |

| | | |
|---|---|---|
| | | મોહને કહ્યું કે, 'હું રામશંકરનો દીકરો છું. |
| કે | અવતરણવાચક | લગભગ પાંચેક વાગ્યે ડ્રાઇવરે જાહેર કર્યું કે પહોંચતાં મોડું થશે. |
| જેમકે | દૃષ્ટાંતવાચક | જીવનમાં કેટલીક બાબતો ખૂબ ઉપયોગી નીવડે છે. <u>જેમકે,</u> સમયપત્રક.<br>સ્હાવજ વંડી ઠેકી ગયો <u>કારણકે</u> રાત્યના અંધારામાં બીજી બાજુ તળ નથી ઇ ઇને નો દેખાણું. |
| કારણકે | કારણકવાચક | એ બધા તમારી સેવા કરવા માંગે છે <u>કારણ કે</u> તમે ગાંધીજી જેવા લાગો છો.<br><u>જો</u> બદામ હોય <u>તો</u> થોડી નાંખું. |
| જો...તો | શરત | <u>જો</u> તમે જવ આડો ઘસીને લાગવશો <u>તો</u> આંજણી તરત મટી જશે.<br>હું ઘરે આવ્યો <u>ત્યારે</u> અમારા કુટુંબના એક મિત્ર મને મળવા આવેલા હતા. |
| જ્યારે...ત્યારે | શરતી-સમય | (જ્યારે) દસ વાગ્યે નાયકો જાગ્યા <u>ત્યારે</u> કરુણાશંકર માસ્તરે મુખ્ય નાયકની મુલાકાત લીધી.<br>હું જ્યારે નવરો પડું <u>ત્યારે</u> તમને જમાડું ને. |
| જ્યાં...ત્યાં | શરતી-સ્થાન | <u>જ્યાં જ્યાં</u> વસે એક ગુજરાતી, <u>ત્યાં ત્યાં</u> સદાકાળ ગુજરાત.<br><u>જ્યાં</u> મેરેથોન જાહેર થાય <u>ત્યાં</u> તે હાજર હોય જ. |
| જેનું...તેનું | શરતી-વિશેષણ | <u>જેની</u> ઉષા હસે ફેલાતી <u>તેનાં</u> તેજ પ્રફુલ્લ પ્રભાત. |

તમે ઉપરનાં વાક્યો જોયાં. તમે એ પણ જોયું હશે કે કોઈ એક વાક્યમાં એકથી વધુ સંયોજકો આવી શકે છે. જેમકે,

આંજણી મટતાં સુધી કચૂકો ત્યાં ચોંટી રહેશે, <u>અને</u> મટશે <u>એટલે</u> એની મેળે ઉખડી જશે.

મારી ગાગર ઉતારો <u>તો</u> <u>હું</u> જાણું <u>કે</u> રાજ તમે ઊંચક્યો'તો પ્હાડ ને

નીચેનાં વાક્યોને યોગ્ય સંયોજકથી જોડો.

(1) સાડી ખરેખર શોભે છે. પરદેશમાં સાડીની પ્રતિષ્ઠા છે.

(2) લે, આ મને ગમ્યું તે મારું. જો આ તને ગમે તો સારું.

(3) હું મૂઈ ભલે અભણ રહી. હું ઐયપ્પાને ભણાવીશ.

(4) સિન્થિયા કહે. 'મારે બીજી એક મીટીંગ છે.'

(5) દરેકને ભાઈ સમજીએ. કોઈનો ભાર ન લાગે.

ઉપરનાં વાક્યોને સંયોજકથી જોડ્યા ?

ચાલો જોઈએ :

(1) સાડી ખરેખર શોભે છે અને પરદેશમાં તેની પ્રતિષ્ઠા છે.

(2) લે, આ મને ગમ્યું તે મારું, પણ જો આ તને ગમે તો તારું.

(3) હું મૂઈ ભલે અભણ રહી પણ હું ઐયપ્પાને ભણાવીશ.

(4) સિન્થિયા કહે કે 'મારે બીજી એક મીટીંગ છે.'

(5) જો દરેકને ભાઈ સમજીએ તો કોઈનો ભાર ન લાગે.

## વિરામચિહ્નો

મિત્રો તમે જાણો છો કે. તમે અગાઉ વિરામચિહ્નો વિશે અભ્યાસ કર્યો છે, આપણે જ્યારે બોલતા હોઈએ છીએ ત્યારે તેમાં આરોહ-અવરોહ હોય છે. પણ લખવામાં એ આરોહ-અવરોહ દર્શાવવા હોય ત્યારે શું કરવું ? બોલચાલની લઢણને લખાણમાં મૂકવા માટે આપણે વિરામચિહ્નોનો ઉપયોગ કરીએ છીએ. વિરામચિહ્નો દ્વારા આરોહ-અવરોહ, અટકસ્થાન આદિ ઉચ્ચારણગત બાબતોનું લિપ્યંકન કરવામાં આવે છે. શબ્દો, પદો કે પદસમૂહને યોગ્ય જૂથમાં દર્શાવી શકીએ છીએ કે જેથી અર્થગ્રહણમાં સરળતા રહે. માત્ર અર્થ જ નહીં પણ કહેનારના મનમાં રહેલો આશય, ભાવ આદિ બાબતો પણ સમજી શકાય છે.

**વિરામચિહ્નનું કાર્ય :**

આ વિરામચિહ્નોના મુખ્ય 4 કાર્ય છે.

(1) સમાપન : વાક્યાંતે આવતા - આરોહ કે અવરોહ સૂચવતા - વિરામચિહ્નોનું કાર્ય 'સમાપન' દર્શાવવાનું છે. પૂર્ણવિરામ (.), પ્રશ્નાર્થચિહ્ન (?), ઉદ્ગારચિહ્ન (!) આદિ સમાપન દર્શાવે છે.

(2) ઉદ્‌ઘાટન : પ્રથમ વાક્યાંશમાં જે વિગતો હોય તેનું વધુ વિવરણ, સ્પષ્ટતા કે પ્રકાર આદિ બાબતોનો બીજા વાક્યાંશમાં નિર્દેશ થયો છે તે સૂચવવા માટે ગુરુવિરામ (:), ગુરુરેખા (-) આદિ વિરામચિહ્ન પ્રયોજાય છે.

(3) વિભાજન : અર્થગ્રહણની સરળતા માટે શબ્દો, પદો, વાક્યાંશોનું વિભાજન કરવા માટે અલ્પવિરામ(,), અર્ધવિરામ (;), ગુરુરેખા (-), વિગ્રહરેખા(-) આદિ વિરામચિહ્નો પ્રયોજાય છે.

(4) સીમાંકન : જે શબ્દ, પદ, પદસમૂહ, વાક્યાંશ કે ગૌણવાક્યને વિશેષ રીતે દર્શાવવા હોય - focus કરવા હોય તેમને જોડમાં પ્રયોજાયેલા વિરામચિહ્નોની વચ્ચે મૂકવામાં આવે છે. વિશેષ બાબતોના આરંભ-અંતની સીમા દર્શાવતા હોવાથી હંમેશા જોડમાં વપરાય - અવતરણ ચિહ્ન - એકવડા (''), બેવડા (“ ”)

આમ ભાષામાં આપણે નીચેનાં વિરામચિહ્નોનો ઉપયોગ કરીએ છીએ : તમે આ ચિહ્નોના કાર્યથી પરિચિત છો. તેમ છતાં તે વિરામચિહ્નોનો ઉપયોગ જોઈ લઈએ.

(1) પૂર્ણવિરામ : અલકમલકની વાતો કરતાં નીંદર વહેલી આવશે.

મગનની જમીનમાં મબલખ પાક પાક્યો.

(2) પ્રશ્નચિહ્ન : (માહિતી મેળવવા) તમે મને ક્યાં લઈ જઈ રહ્યા છો ?

ભાઈ ક્યાં જઈ આવ્યા ?

(ખાતરી કરવા) કોઈ ઉપરી અધિકારી ખિજાયા ?

ભોગીલાલ અહીં ક્યાંથી ?

(નકાર સૂચવવા) મારે હવે આ ઉંમરે દાગીના પહેરીને શું કરવું ?

હાસ્તો, એને બિચારાને પગ જ ક્યાં છે ?

(3) ઉદ્‌ગારચિહ્ન : આજે તો મારું જીવન ધન્ય થઈ ગયું.

આ સાંભળી ફકીર તો આખી મસ્જિદમાં નાચવા લાગ્યો.

(4) અલ્પવિરામ : બજારમાં પૂજાપો, દર્ભાસન, ઓરસિયા, તુલસીમાળા, રુદ્રાક્ષમાળા, જાત્રામાર્ગની

ચોપડીઓ,મૂર્તિઓ, ચિત્રો વગેરે વેચાય છે.

હરદ્વાર અનેક આશ્રમ, સંસ્થાઓ, સેવામંડળો અને સુધારપ્રવૃત્તિઓ ધરાવતું તીર્થધામ છે.

(5) અર્ધવિરામ : (યોગ્ય પદજૂથ દર્શાવવા) :

અમારી શાળામાંથી દોડમાં મોહન, ચૈતાલી અને રાજ, ભાલાફેંકમાં નીતા, જગન, ખો-ખોમાંચૈતાલી, નીતા, ફાલ્ગુની, ચિત્રા વગેરેની ટીમ, કરાટેમાં જગન, રાજેશ, શીતલ અને નીકિતાએ ભાગ લીધો છે.

(6) ગુરુવિરામ : (ઉદ્‌ઘાટનનું કાર્ય) વિશેષણના પ્રકારઃ, વિરામચિચિહ્નોઃ

(વાક્યને અંતે તેને લગતી વધુ વિગત આપવાની હોય.)

ક્રિયાવિશેષણને મુખ્ય બે વર્ગમાં વહેંચાય :

(૧) મૂળ ક્રિયાવિશેષણ (૨) સાધિત ક્રિયાવિશેષણ.

(7) ટપકાં : (વાત અધૂરી રહી છે, વાક્ય કપાયું છે તે દર્શાવવા માટે)

રામશંકર બાપાનો બોલ એ જ મારે મન ભગવાનનો...

સ્વાર્થને સારુ મિત્રને ગરદન મારનાર...

(8) અવતરણ : તેમણે કહ્યું, ‘‘ભાઈ, ક્યાં જઈ આવ્યા ? આ આંખે શું થયું છે ?’’

મેં ઉત્તર દીધો, ‘આંજણી થઈ છે, માટે દાક્તર પાસે ગયો હતો.’’

(9) વિગ્રહરેખા : મેં મારા દીકરાને કહ્યું, ‘બેટા, સો ટચનું સોનું - ઘરેણું તો એક જ છે : ભણતર.’

(10) લોપચિહ્ન : કો’ આવી વાત સૂર્યની કરે, તે આગળ લેઈ ચાંચ જ ધરે.

મેં ને મારા વરે મે’નત કરવા માંડી.

નીચેના ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :

(1) કોઈને દયા આવી પૂછ્યું અલી આ છોકરાને તેડીને ચડે છે તે તેને ભાર નથી લાગતો છોકરીએ જવાબ આપ્યો ના રે ભાર શાનો એ તો મારો ભાઈ છે.

(2) ફકીરે જવાબમાં કહ્યું આજે તો મારું જીવન ધન્ય થઈ ગયું મારી બંદગી કબૂલ થાય કે ન થાય એની કોને પરવા છે પરંતુ ખુદાને એટલી ખબર તો છે જ કે હું નમાજ પઢી રહ્યો છું મારે માટે તો એટલું બસ છે ફળ મળે કે ન મળે એની શી જરૂર છે હા ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે ખુદા અમને તારી સાથે મહોબ્બત છે બંદગી સફળ

નીચેના સંવાદમાં યોગ્ય વિરામચિચિહ્ન મૂકો :

મગન તો હરખભેર આવકારી રહ્યો આવો આવો નાના શેઠ તમારા પ્રતાપે ને તમારા બાપુની કૃપાથી આ મારી જમીનમાં સોનાનો સૂરજ

મારી જમીન એમ આ જમીન તારી છે એનો કોઈ આધાર કોઈ લખાણ છે તારી પાસે

રામશંકર બાપાનો બોલ એ જ મારે મન ભગવાનનો

એ ન ચાલે આ જમીન તારી નથી શું સમજ્યો લે આ કાગળો ને કર સહી એટલે છેડો ફાટે.

વિરામચિચિહ્નોના ઉત્તર જોઈએ :

(1) કોઈને દયા આવી, પૂછ્યું, 'અલી, આ છોકરાને તેડીને ચડે છે તે તેને ભાર નથી લાગતો ?' છોકરીએ જવાબ આપ્યો, 'ના રે, ભાર શાનો ? એ તો મારો ભાઈ છે.'

(2) ફકીરે જવાબમાં કહ્યું : 'આજે તો મારું જીવન ધન્ય થઈ ગયું. મારી બંદગી કબૂલ થાય કે ન થાય, એની કોને પરવા છે ? પરંતુ ખુદાને એટલી ખબર તો છે જ કે, હું નમાજ પઢી રહ્યો છું. મારે માટે તો એટલું બસ છે.' ફળ મળે કે ન મળે, એની શી જરૂર છે ? હા, ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે, ખુદા અમને તારી સાથે મહોબ્બત છે, બંદગી સફળ.

**<u>સંવાદ</u>**

મગન તો હરખભેર આવકારી રહ્યો. 'આવો આવો નાના શેઠ, તમારા પ્રતાપે ને તમારા બાપુની કૃપાથી આ મારી જમીનમાં સોનાનો સૂરજ...

મારી જમીન એમ ? આ જમીન તારી છે એનો કોઈ આધાર. કોઈ લખાણ છે તારી પાસે ??

રામશંકર બાપાનો બોલ એ જ મારે મન ભગવાનનો...

એ ન ચાલે. આ જમીન તારી નથી, શું સમજ્યો ? લે આ કાગળો ને કર સહી એટલે છેડો ફાટે.

તમે જ્યારે ઉત્તર લખતા હોવ ત્યારે યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખવાની આદત પાડશો તો તમારું લખાણ વધારે અવગમનક્ષમ (communicable) બનશે.

●

# 18 દીકરીની વિદાય

અનિલ ચાવડા
(જન્મ : 10-5-1985)

અનિલ પ્રેમજીભાઈ ચાવડાનું જન્મસ્થળ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાનું કારેલા ગામ. તેઓ મુક્ત રીતે લેખનનું કામ કરી રહ્યાં છે. 'સવાર લઈને' તેમનો કાવ્યસંગ્રહ છે. 'એક હતી વાર્તા' તેમનો કથા સંગ્રહ છે. 'મીનિંગ ફૂલ જર્ની' તેમનો નિબંધ સંગ્રહ છે. 'સુખ દુઃખ મારી દૃષ્ટિએ', 'શબ્દ સાથે મારો સંબંધ', 'પ્રેમ વિશે,' 'આકાશ વાવનારા', 'આચરે તે આચાર્ય' તેમના ચિંતન, નિંબધોનાં પુસ્તકો છે.

સાહિત્ય અકાદમી દિલ્હીના યુવા પુરસ્કારથી તેઓ સન્માનિત થયા છે.

દીકરીની વિદાયના કારણે ઘરની પરિસ્થિતિ અને સંવેદન ગીતનાં મધુરલયમાં આ રચનામાં મુકાયાં છે. લગ્ન પછી દીકરીની વિદાય થતાં ઘરમાં અને શેરીમાં વ્યાપી વળતો એક ખાલીપો આ ગીતનું મુખ્ય સંવેદન છે. જે દીકરીએ એના સ્નેહથી ઘર તથા શેરીને હૂંફથી જોડવાનું કામ કર્યું છે તેના જવાથી ગોખેથી જાણે દીવો ચાલી ગયો હોય એવું અનુભવાય છે. દીકરી એ ઘરનું અજવાળું છે એ મહેંદી મૂકીને અન્યત્ર ચાલ્યું ગયું છે. એનો અભાવ સ્વજનોને વ્યથિત કરે છે. ઘરના આંગણામાં કરાતી રંગોળીમાં હવે પહેલાં જેવી ભાત પડશે નહિ કારણ કે દીકરી ચાલી ગઈ છે. દીકરીની વિદાયથી ઊભા થતા ખાલીપાનું કરુણ સુંદર ચિત્ર આ ગીતમાં છે.

---

આટઆટલાં વરસો જેણે રાખ્યું ઘર હૂંફાળું
મ્હેંદી મૂકી ચાલ્યું આજે ઘરનું એ અજવાળું

દીકરી જાતાં એમ લાગતું
ગયો ગોખથી દીવો
નૈં સંધાય હવે આ ફળિયું
ગમે એટલું સીવો
જેની પગલી પડતાં સઘળે થઈ જાતું રજવાડું
મ્હેંદી મૂકી ચાલ્યું આજે ઘરનું એ અજવાળું

રંગોળીમાં પડશે નહિ રે
પહેલાં જેવી ભાત
દૂર દૂર રે ચાલી જાશે
ઘરની આ મિરાંત
આંસુથી ભીંજાશે સૌની આંખોનું પરવાળું
મ્હેંદી મૂકી ચાલ્યું આજે ઘરનું એ અજવાળું

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી

**હૂંફાળું** સ્નેહભર્યું **ગોખ** ગોખલો **મિરાંત** વારસો, દોલત, પૂંજી

#### વિરુદ્ધાર્થી

**અજવાળું** અંધારું **દીકરી** દીકરો

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) 'મ્હેંદી મૂકી ચાલ્યું આજે ઘરનું એ અજવાળું એટલે કોણ?'
(A) પ્રકાશ (B) ઘરનું અજવાળું (C) દીકરી (D) દીકરો

(2) નીચેનામાંથી કયું રૂપક દીકરીને લાગુ પડતું નથી?
(A) ઘરની અમીરાત (B) ઘરનું અજવાળું (C) ગોખનો દીવો (D) ફાનસ

(3) દીકરી જતાં સૌની આંખો કેવી થઈ ગઈ?
(A) કોરી પડી ગઈ (B) ભીંજાઈ ગઈ (C) લાલ થઈ ગઈ (D) ફાટી રહી

(4) દીકરી ક્યાં જઈ રહી છે?
(A) ફરવા (B) પ્રવાસમાં (C) પિયરમાં (D) સાસરે

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) રંગોળીમાં પહેલાં જેવી ભાત હવે કેમ નહિ પડે?
(2) દીકરીને ઘરનું અજવાળું કેમ કહેવામાં આવે છે?

**3. નીચેના પ્રશ્નના છ - સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) દીકરી વિદાયની વેદના કાવ્યના આધારે વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- લગ્નમાં દીકરીની વિદાયના પ્રસંગનું વર્ણન તમારા શબ્દોમાં કરો.
- દીકરીની વિદાયને લગતાં અન્ય ગીતો મેળવીને તેનું ગાન કરો.
- ઇન્ટરનેટની મદદથી તેને સાંભળો.

## ભાષા-અભિવ્યક્તિ

- હૂંફાળું-અજવાળું, દીવો-સીવો, રજવાડું-અજવાળું, ભાત-મિરાંત, પરવાળું-અજવાળું, જેવા અંત્યાનુપ્રાસવાળા શબ્દોથી કવિએ કાવ્યને સુંદર લય-માધુર્ય આપ્યાં છે તે સમજો.

- દીકરી એટલે ઘરનું અજવાળું, ગોખનો દીવો, ઘરની મિરાંત જેવાં મનભર રૂપકોથી કવિએ દીકરીની મહત્તા, દીકરીની અનન્યતા સુંદર રીતે આલેખી છે તે જુઓ.

- દીકરીથી ઘર કેવું રોનકભર્યું અને ભર્યું-ભર્યું લાગે છે તે દર્શાવવા લેખકે 'રજવાડું'નો સુંદર શબ્દપ્રયોગ કર્યો છે તે જુઓ. આ શબ્દ પ્રાસસભર હોવા ઉપરાંત કેટલો અર્થસભર છે તેની ખાસ નોંધ લો.

## શિક્ષકની ભૂમિકા

આપણા સમાજમાં દીકરા અને દીકરી વચ્ચેનો ભેદ હજુ પૂર્ણ સ્વરૂપે નષ્ટ થયો નથી. બેટી બચાવો, દીકરીને ભણાવો, દીકરા-દીકરીને સમાન ગણો, દીકરી-વહુને સન્માન આપો, દીકરી એટલે સાપનો ભારો નહિ પણ તુલસીનો ક્યારો, દીકરી એટલે ઘરનો દીવો, દીકરી બે કુળ અજવાળે... વગેરે સૂત્રો દ્વારા લોક-જાગૃતિના પ્રયાસ થાય છે. દીકરી વિશેની રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ વિવિધ યોજનાઓ પણ અમલમાં છે તે બધી વાતોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.

- દીકરી વ્હાલનો દરિયો (પુસ્તક)
- 'પાણીડાં ભરતી'તી, દોરડાંઓ કુદતી'તી (કવિ - મૂકેશ જોશી)
- 'કેસરિયાળો સાફો' (કવિ - અનિલ જોશી)
- 'કાળજા કેરો કટકો મારો' (કવિ - દુલા ભાયા કાગ)

જેવા દીકરીની મહત્તા દર્શાવતા સંદર્ભો દ્વારા દીકરીનું ગૌરવ વધે તેવા વિચારો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી કન્યાઓનું સન્માન જળવાય તેવું વાતાવરણ સર્જવું.

●

# 19 પંખી લોક

**મણિલાલ હ. પટેલ**
**(જન્મ : 9-11-1949)**

મણિલાલ હરિદાસ પટેલનો જન્મ પંચમહાલ જિલ્લાના મોટા પાલ્લા ગામે થયો હતો. ગોલાના પાલ્લા તેમનું વતન છે. સરદાર પટેલ યુનિ.માં ગુજરાતી વિભાગના વડા તરીકે નિવૃત્ત થયા છે. 'પદ્મા વિનાના દેશમાં', 'સપ્તમી ઋતુ', 'ડુંગર કોરી ઘર કર્યાં' અને 'વિચ્છેદ' તેમના કવિતા સંગ્રહો છે. 'રાતવાસો', 'હેલી', 'બાપાનો છેલ્લો કાગળ' તેમના વાર્તાસંગ્રહો છે. 'લલિતા', 'અંધારું', 'તરસઘર અને કિલ્લો', 'અંજળ' તેમની નવલકથાઓ છે. 'વૃક્ષાલોક', 'માટીવટો', 'કોઈ સાદ પાડે છે', 'ભૂંસાતા ગ્રામચિત્રો', 'મલકની માયા', 'તોરણમાળ' વગેરે તેમના નિબંધ સંગ્રહો છે. 'તરસી માટી' તેમની આત્મકથા છે. 'ધૂળમાં ઊડતો મેવાડ' તેમની પ્રવાસકથા છે.

આધુનિક યંત્રયુગે સમગ્ર પ્રકૃતિને બદલી નાખી છે. આ બદલાયેલા જીવનમાં પ્રકૃતિના અભિન્ન અંગ એવાં પંખીઓની અવદશાનો ચિતાર આ નિબંધમાં છે. આજે પક્ષીઓની સંખ્યા ઘણી પાંખી થઈ ગઈ છે. લેખકને પોતાનાં ઘર, ગામ અને સીમમાં પોતે જોયેલાં અનેક પંખીઓના અવાજો, ખોરાક, વસવાટની જગ્યાઓનો ગાઢ પરિચય છે એ આ નિબંધમાંથી પમાય છે. માણસે વિકાસના નામે ઊભી કરેલ જીવન પદ્ધતિએ પંખીલોકનું અસ્તિત્વ નામશેષ થઈ રહ્યું છે. એથી લેખક દુઃખી છે. માટે જ એ છેલ્લે પોતાની જાતને પૂછે છે, ક્યાં છે મારો પંખીલોક?

પૃથ્વી ઉપરના જીવનચક્રમાં પંખીઓનો પણ કેટલો મોટો ફાળો છે અને એનું અસ્તિત્વ ટકાવવું જરૂરી છે તે આ નિબંધમાં લલિત રીતે વર્ણવાયું છે.

---

છે, પંખીઓ હજી ગામ છોડીને- સીમખેતરો છોડીને ગયાં નથી. જોકે એમનાં આશ્રયસ્થાનો ઓછાં થઈ જવાથી એમનાં ટોળાં નાનાં થયાં છે ને ઊડાઊડ કે અવરજવર પાંખી પડી છે ખરી. આ કબૂતરો જ જુઓને ! નહિ તો ગામડામાં તો કબૂતરોનો પાર નહિ. એય હવે માંડ આઠદસના જૂથમાં જોવા મળે છે. ચબૂતરો તૂટવા સાથે એમનાં સહવાસ સ્થળો બદલાયાં છે. પેલાં દેશી નળિયાંવાળાં બબ્બે પડાળિયાં મોટાં ઘર હવે ક્યાં રહ્યાં છે ? શિયાળામાં આ ઘર-પડાળે ને વચલા મોભારે કબૂતરોનાં જૂથ મીઠો તડકો માણતા - રસાણે ચઢેલાં - દેખાતાં. એમના એ સહચાર સાંજસવારોમાં તોફાનમસ્તીવાળા રહેતા હતા. ઘરના કરામાં અને એનાં પડાળ- ભીંતોના વચગાળામાં રહેતાં કબૂતરો હવે જૂનાં ઘર તૂટતાં બેઘર બન્યાં છે જાણે ! 'ધાબાવાળાં' પાકાં મકાનોમાં જાણે કબૂતરોને બેસવાની સગવડ નથી, ત્યાં વસવાની તો વાત જ ક્યાં ! ફળિયે જુવાર-બાજરીની ચણ નાખનારા દાદા, વૃદ્ધ વડીલો ગયા એટલે ફળિયાં પંખીઓથી હવે છલકાતાં નથી. અરે, એવાં ફળિયાં જ ક્યાં છે - જેની પડસાળોમાં પાણીની ઠીબો અને ચણનાં પાત્રો લટકતાં હોય ! પડસાળો ગઈ ને ઠીબોય ગઈ. અરે, કૂવાય જૂના થયા ને પડ્યા કે પુરાયા - કબૂતરો ક્યાં જઈને વસે? ત્યારે તો કૂવાની ભીતરી બખોલોની ઠંડકમાં એ નમણાં-નાજુક પારેવાં ઘૂઘૂ કરીને પ્રેમમંત્ર ઘૂંટ્યા કરતાં હતાં. હવે તો પાણી માટે 'બોર', હેન્ડપંપ કે 'સબમર્સિબલ પંપ' આવી ગયાં છે. ચકલીને ન્હાવાય પાણી ખોળવું પડે છે ને સંકોચશીલ હોલો-હોલી તો સૂનમૂન બેસી રહે છે. જ્યાં ત્યાં પાણી અને મનગમતી ચણ હતી તે હવે નથી રહ્યાં. 'મારા વાડામાં બોલે બુલબુલ' ગાનારા કવિ પણ હવે ક્યાં રહ્યા છે !

ગામ તૂટ્યું ને વૃક્ષો કપાયાં. સીમનાં વૃક્ષોને નહેરનાં પાણી લાગ્યાં તે એય સુકાયાં. ઝાડમાં 'લાકડું' જોનારા લોકો વધ્યા. ગામ ઉઘાડું પડી ગયું. લેલાંનાં ટોળાં તો ઘર-વાડાથી લઈને સીમ વગડો માથે લઈને હજીય કલકલાટ કરી મૂકતાં ઊડે છે. પણ ચકલી-હોલા ઘટી ગયાં છે. અરે, ચિકચિકાટ કરી મૂકતી પીળી ચાંચવાળી કથ્થાઈ-કાળી કાબરોય ઓછી દેખાય છે.. ચોટલા કાબર પણ ઘટી છે. હા, કાગડા છે. પણ ચરાના વડ ઉપર એમની સભાઓ હવે ભરાતી નથી. એક સામટા ભેગા થયેલા કાગડા કદીક જ જોવા મળે.... એવી સંખ્યામાં એ ક્રાક્રા કરતા ટોળે વળતા જ્યારે કોઈ 'કાગડાનું શબ' - જોતા. અમે કહેતા 'કાગડા લોકાચારે' મળ્યા છે. હવે એકસામટા કાગડાઓને લોકાચારે જતા જોવાનું સરળ સહજ કે હાથવગું નથી રહ્યું. ફળિયાની કોર ઉપર

ઊભેલી બકમલીમડી ઉપર સાંજે ચકલીઓ ચીંચીંના કોહરામ સાથે ભેગી થતી. નદીકાંઠાનાં ખેતરોમાં ફરીને સૂડાઓ પાદરને લીમડે મુકામ કરતા. મહાદેવ પાસેની આંબલી ઉપર કાબરો રાત ગાળવા મળતી. જાણે પંખીઓએ ઝાડવાં વહેંચી લીધાં હતાં ! એ વૃક્ષો કપાઈ જતાં પંખીઓ નોંધારાં થઈને ઊડી ગયાં છે. ગામ પંખીઓના કલરવોથી સ્વાભાવિક લાગતું હતું. હવે વધુ સમય સૂનમૂન લાગે છે. સીમમાંથી સાંજે વાડાની કણજીઓ ઉપર ઊડી આવતા ને રાત ગાળતા મોર હવે ક્યાં જતા હશે? કણજીઓ તો લાકડાં થઈ ગઈ છે. ગામ ટહુકાઓ વિના પણ મજામાં રહેતું હશે? કેમ કરીને? રામ જાણે !

હા, ખેતરોમાં હજી ટીંટોડીઓ વક્તી તી વક્તી તી રટતી જીવતરની આશા બંધાવે છે. પણ તળાવનાં પાણી સાથે કમળ તો ગયાં, સાથે પેલી જળકૂકડીઓય ખપી ખૂટી !

ઘર પાસેની ટેકરીઓનાં તેતર છેક વાડા સુધી આવી જતાં, ને જરાક અવાજ થતાં ફરુક કરતાં ઊડીને અમને છળાવી દેતાં. બંદૂકમાં તુવરના દાણા ભરીને બાપુ તેતરનો શિકાર કરતા - એમ દાદા વાતો કરતા. હવે તો છેક ખેતરોમાં જાઉં છું ને ટેકરીઓ પાસેનાં વાડ-પાન ફંફોસું છું ત્યારે ભાળવા મળે છે એકાદ-બે ગભરુ તેતરો ! ત્યારે તો સવારે સીમની વાટે 'લોટો ઢોળવા' નીકળતા અને વનલાવરીના અવાજો મનને ભરી દેતાં. મરઘીથી જરાક નાની એવી વનલાવરી-એનાં પીછાં પરનાં ટપકાંની ભાત-જોવાની તાલાવેલી રહેતી. વનલાવરી નવી પેઢીને તો કાગળમાં ચિત્ર દોરીને બતાવવી પડશે એમ લાગે છે. અરે, એકબીજા વિના ઝૂરી ઝૂરીને મરી જતા- હંમેશાં યુગલમાં જ રહેતા-સારસ હવે વિરલ થતાં જાય છે. ત્યારે તો અમારાં ખેતરોમાં અમે કામ કરતાં હોઈએ અને થોડેક દૂર આ સારસબેલડીઓ ચરતાં હોય-ગમ્મત કરતાં હોય. કેટકેટલાં યુગલો હતાં-ઊડે કે આકાશ ભરાઈ જતું ! એમની લાંબી ડોક આગળ અને એવા જ પાછળ ખેંચાતા લાંબા પગ... બે મોટી પાંખો - અમને તો એ ઊડતાં વિમાનો લાગતાં. એમના મધુર રણકદાર અવાજો તો રાત્રિના પ્રહરેપ્રહરે મહીસાગરના કાંઠાથી સંભળાયા કરતા. હવે તો ચારે દિશાની સીમ ફરતાંય એકાદબે સારસબેલડી માંડ જોવા મળે છે. ક્યાં ગયાં એ મહાકાવ્ય યુગનાં ઋષિમુનિઓને પણ પ્રિય એવાં નિર્દોષ પ્રેમાળ પંખીઓ !

ખેતરોના ક્યારાઓમાં પાણી ફરે છે ત્યારે થોડાં ઢેંક અને બગલાં આવી બેસે છે. લણણી થયેલાં ખેતરોમાં દીવાળીઘોડાઓ પૂંછડી હલાવતા ઊડે છે. કાળિયાકોશી પણ ફળિયેથી ખેતર સુધી આંટાફેરો મારતો ઊડે છે. જાણે કશાકનું 'સુપરવિઝન' કરતો રહે છે એ. હજી પૂંછડીની સળી હલાવતા પતરંગા હવામાં સેલ્લારા લે છે. ને ઊડતાંવેંત પીછાંના અંદરના રંગોથી આભને-સીમને છાંટી દેતાં ચાસ વીજળીની તારલાઈનો ઉપર મૂંગા મૂંગા બેસી રહે છે. ક્યાંક કલકલિયો તારસ્વરે બોલે છે. શરદ ઊતરતાં કંસારા બોલે છે પણ દેખાતા નથી. ત્યારે તો ધૂળિયા નેળિયામાં હુદહુદ ચણતાં રહેતાં.. હવે તો એનાં દર્શન પણ દુર્લભ થયાં છે. હા, સવારમાં દરજીડા અને બુલબુલ સંભળાય છે. પણ દૈયડના ઝીણા ટહુકા ભાગ્યે જ સંભળાય છે. ક્યાંકથી ઝીણું તીણું ટહુકતાં શક્કરખોર ફૂલો શોધતાં આવે છે. કહે છે કે વિલાયતી ખાતરો અને વિલાયતી દવાઓ ખેતરોમાં વપરાવા માંડ્યાં ને જીવજંતુ ઘટવા માંડ્યાં ત્યારથી પંખીઓનું પર્યાવરણ પણ જોખમાયું છે. સાચી વાત છે. જમીનને વણખેડયે પોચી રાખતાં પેલાં જમીન ખેડુ અળસિયાંય નથી બચ્યાં ! ઝેરી દવાનો પટ તો અનાજનેય લાગ્યો છે ને હવાનેય ! જાણે રહ્યાં સહ્યાં પંખીઓ ઉદાસ આંખે જોતાં જોતાં આપણને 'ખમૈયા' કરવાનું કહે છે ! પણ યંત્રો આગળ હવે કલરવો જાણે સંભળાતા નથી.

ગીધ-સમડી-ઘૂવડ-ચીબરી પણ કોતરોની કણજીઓ પાંખી પડતાં મૂંઝાવાં લાગ્યાં છે. હોલો-ચકલી-કાગડો માળા માટેની જગા શોધવા બાવરાં લાગે છે. થોડાં ઝાડ છે ને એમાં કાળે ઉનાળે મીઠું બોલતી કોયલ હજી સંભળાય છે - એના અવાજમાં વેદના પણ છે ને થોડી ચીમકી પણ ! કયારેક જ જોવા મળતું લક્કડખોદ હજી મારી લીલીછમ છાતીમાં ચાંચ મારતું કળાય છે.. હું મને પૂછું છું - 'ક્યાં છે મારો પંખીલોક?'

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**ચબૂતરો** પક્ષીઓને દાણા ચણવાની જગ્યા **મોભારો** છાપરાનો મોભવાળો ભાગ **ફળિયું** મહોલ્લો, શેરી **પડસાળ**

ઘરનો આગળનો ભાગ, ઓસરી **સીમ** ખેતર કે ગામની હદ, તે ભાગની જમીન **કોહરામ** ધમાલ, અવાજ **કળજી** એક જાતનું વૃક્ષ **વિરલ** દુર્લભ **લણણી** પાક કાપવો **સેલારા લેવા** ફરવું, વિચરવું **નેળિયું** સાંકડી ગલી, સાંકડો રસ્તો **બાવરું** બેબાકળું, આકુળવ્યાકુળ **લોઢો ઢોળવા જવું** સંડાસ જવું

### વિરુદ્ધાર્થી

**સગવડ** અગવડ **મનગમતું** અણગમતું **પોચું** સખત

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**જેનું ઘર નથી તે** બેઘર **ખેડ્યા વગરનું** વણખેડ્યું **ઘરના આગળનો ભાગ** પરસાળ

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) કબૂતરો બેઘર બન્યાં છે કારણ કે...

(A) જૂનાં દેશી નળિયાવાળાં ઘર તૂટ્યાં છે. (B) ધાબાવાળાં મકાનો તૂટ્યાં છે.

(C) નવા કૂવા બનતા નથી. (D) નવાં મકાનો તૂટ્યાં છે.

(2) ફળિયાં હવે પંખીઓથી છલકાતાં કેમ નથી ?

(A) ચણ નાખનારા વૃદ્ધ વડીલો રહ્યાં નથી. (B) ફળિયામાં હવે ફટાકડા ફૂટે છે.

(C) પંખીઓ પરદેશ ચાલ્યાં ગયાં છે. (D) કર્કશ અવાજ કરનારાં મશીનો આવી ગયા છે.

(3) વક્તી તી... વક્તી તી રટતી ટીંટોડીઓ આપણને શો સંદેશા આપે છે?

(A) હવે ગમતી નથી (B) અકળાવે છે.

(C) મૃત્યનો સંદેશો આપે છે. (D) જીવતરની આશા બંધાવે છે.

(4) 'સારસ' માટે નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) તે હંમેશાં યુગલરૂપે જ રહે છે.

(B) લેખકને તો એ ઊડતાં વિમાનો લાગે છે.

(C) મધુર રણકદાર અવાજ રાત્રિના પ્રહરે પ્રહરે સંભળાવે છે.

(D) જમીનને વણખેડ્યે પોચી રાખે છે.

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) પંખીઓનું પર્યાવરણ કેમ જોખમાયું છે ?

(2) ગામ કેમ હવે સૂનમૂન લાગે છે ?

**3. નીચેના પ્રશ્નોના છ - સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) જુદાં જુદાં પક્ષીઓની વિશેષતા તમારા શબ્દોમાં લખો

(2) પક્ષીઓની સંભાળ તમે કઈ રીતે લેશો? પાઠના આધારે સમજાવો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમને યાદ હોય એટલાં પક્ષીઓનાં નામની યાદી બનાવો. એને તમારા મિત્રની યાદી સાથે સરખાવી આ પક્ષીઓનો પરિચય મેળવો.
- જયમલ્લ પરમાર, બંસીધર શુક્લ, મીનપિયાસી જેવા લેખકોનાં પક્ષીઓ વિશેનાં પુસ્તકો મેળવી પક્ષીઓ વિશે જાણો.

## ભાષા-અભિવ્યક્તિ

● 'ઝાડમાં લાકડું જોનારા લોકો વધ્યા'

'લાકડું જોનારા' આ બે જ શબ્દોથી, લાઘવથી લેખક કેવી સરસ રીતે માનવીની સ્વાર્થવૃત્તિને, એક ગંભીર બાબતને મૂકી આપે છે તે નોંધો.

● અહીં એક તરફ લેખક, 'કાગડાઓની સભા ચરાના વડ ઉપર હવે ભરાતી નથી', 'ગામ ટહુકા વિના પણ મજામાં રહેતું હશે?' જેવાં લલિત વાક્યોથી વાચકને આનંદવિહાર કરાવે છે તો બીજી તરફ 'પતરંગા હવામાં સેલ્લારા લે છે', 'હુદ હુદ ચણતા રહેતાં' જેવા શબ્દપ્રયોગોથી ગ્રામવાતાવરણને તાદૃશ કરી દે છે.

● ગ્રામ સંસ્કૃતિને આબેહૂબ વર્ણવવા લેખકે નીચે જેવા કેટલાય તળપદા શબ્દો વાપર્યા છે તેની ખાસ નોંધ લો :

- પડાળિયાં
- નેળિયાં
- મોભાર
- પડસાળ
- કરો
- કોહરામ
- ઠીબા

અભયારણ્ય કે પ્રાણી - પક્ષી સંગ્રહાલયો કે પુસ્તકોમાં ભાગ્યે જ જોવા મળતાં પક્ષીઓ જેવાં કે ટીંટોડી, વનલાવરી, ઢેંક, કાળિયોકોશી, દીવાળી ઘોડાઓ, પતરંગા, કલકલિયો, કંસારા, શક્કરખોર, નાચણ, કરકડિયા કુંભાર જેવાં પક્ષીઓનો ઉલ્લેખ કરી લેખકે એક ભૂલાઈ જતી પણ અજાયબ સૃષ્ટિ ઊભી કરી દીધી છે તે પારખો.

● વિવિધ પક્ષીઓની ખાસિયાત, એમની ઓળખ લેખકે એક-બે શબ્દોના પ્રયોગથી કેવી સરસ રીતે આપી છે તે લાઘવની કળા જુઓ.

- નમણાં નાજુક પારેવાં
- આંટાફેરા મારતો કાળિયોકોશી
- સંકોચશીલ હોલોહોલી
- મધુર રણકાદાર અવાજોવાળી સારસ બેલડીઓ
- ગભરુ તેતરો
- પૂંછડી હલાવતા દીવાળી ઘોડાઓ
- પૂંછડીની સળી હલાવતા પતરંગા
- ટહુકતાં શક્કરખોર
- ચંચળ નાચણ
- વાડ-ઝાડમાં લપાતાં કરકડિયા કુંભાર

## શિક્ષકની ભૂમિકા

બદલાતા સમયમાં મનુષ્ય પોતાનાં સુખ-સગવડ વિશે સતત વિચારે છે; પરંતુ પ્રકૃતિનાં તત્ત્વો તરફની બેદરકારી દિન-પ્રતિદિન વધતી જાય છે.

પરોઢમાં ઊઠે ત્યારથી તે રાત્રે સૂઈ જાય ત્યાં સુધી મનુષ્યને પહેલાંના સમયમાં પક્ષીઓનો સહવાસ રહેતો હતો. આપણો દેશ ગામડામાં વસેલો અને ખેતીપ્રધાન દેશ હોવાથી મનુષ્યજીવન પક્ષીઓ સાથે જોડાયેલું હતું. પક્ષીઓ જ સવારે કૂકડે કૂકથી ઉઠાડે, પક્ષીઓ જ સાપ કે અન્ય ઝેરી જનાવરથી ચેતવે. આવનારી મુશ્કેલીઓની આગોતરી જાણ કરવાનું કામ પણ પક્ષીઓ કરતાં હતાં. સમાચારની આપ-લે પણ પક્ષીઓના માધ્યમથી થતી તે બધું હવે ભૂતકાળ બની ગયું છે. મોટાં શહેરમાં રહેતા બાળકને પાંચ પક્ષી ઓળખવામાં પણ તકલીફ પડે તે વાસ્તવિકતા સ્વીકારવી રહી. પક્ષીઓ માનવજીવન સાથે જોડાયેલાં છે. કેટલીક બાબતોમાં પરસ્પરાલંબી પણ બની શકે છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

એકમમાં રજૂ થયેલ પક્ષીઓનાં નામ, તેમનો દેખાવ, તેમની ટેવો, તેમની વિશિષ્ટતાઓ વગેરેથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા. વિશ્વની પ્રાકૃતિક સુંદરતામાં પક્ષીઓનો ખૂબ મોટો ફાળો છે તે વાતથી માહિતગાર કરવા.

મનુષ્યની જીવનશૈલી ભલે બદલાઈ છે, તો પણ પક્ષીઓ, પશુઓ, પ્રાણીઓ વિશે વિચારવું અને તેમની સાથેનું આપણી આત્મીયતા નિભાવવી તે વિચારનું વિદ્યાર્થીઓમાં વાવેતર કરવું.

●

# 20 હરિ આવો ને

સંકલિત

લોકગીતમાં સમગ્ર પ્રજાસમૂહની ભાવનાઓનું નિરૂપણ થતું હોય છે. આ લોકગીતમાં હરિને પોતાના ઘરે પધારવા માટેનું ભાવાત્મક નિમંત્રણ છે. હરિ પોતાના ઘરે પધારે તો તેમના માટે કેવી કેવી સુંદર આગતા-સ્વાગતા કરશે એનું વિગતસભર વર્ણન છે. હરિના આગમનથી લઈને તેમની દૈનિક ક્રિયાઓ હોંશપૂર્વક કરવાનો ભક્તનો મનોરથ છે. આ સઘળું કરવામાં હૃદયનો ઉમળકો અનુભવાય છે. પ્રભુ તરફનો પ્રેમ અને સત્કારનો આનંદ આ લોકગીતમાં રજૂ થયો છે.

શેરી વળાવી સજ્જ કરું, ઘરે આવોને,
આંગણિયે વેરું ફૂલ, હરિ, ઘરે આવોને. ધ્રુવ
ઉતારા આપીશ ઓરડા, ઘરે આવોને,
મેડીના મોલ જ દૈશ હરિ, ઘરે આવોને. - શેરી વળાવી
દાતણ આપીશ દાડમી, ઘરે આવોને,
કરેણી કાંબ જ દૈશ, હરિ, ઘરે આવોને. - શેરી વળાવી
નાવણ આપીશ કૂંડીયું, ઘરે આવોને,
નદીયુંનાં નીર જ દૈશ, હરિ, ઘરે આવોને. - શેરી વળાવી
ભોજન આપીશ લાપસી, ઘરે આવોને,
કઢિયેલાં દૂધ જ દૈશ, હરિ, ઘરે આવોને. - શેરી વળાવી
મુખવાસ આપીશ એલચી, ઘરે આવોને,
પાન બીડલાં દૈશ પચાસ, હરિ ઘરે આવોને. - શેરી વળાવી
રમત આપીશ સોગઠાં, ઘરે આવોને,
પાસાની જોડ જ દૈશ, હરિ, ઘરે આવોને. - શેરી વળાવી
પોઢણ આપીશ ઢોલિયા, ઘરે આવોને,
હીંડોળા ખાટ જ દૈશ, હરિ, ઘરે આવોને. - શેરી વળાવી

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**સજ્જ** સજીને તૈયાર કરેલું **નીર** પાણી **કઢિયેલ** કઢાયેલું, ઉકાળેલું **હીંડોળાખાટ** ઝૂલવાનો હીંચકો

### તળપદા શબ્દો

**દૈશ** આપીશ

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ભગવાન માટે ભક્ત આંગણાને કેવી રીતે શોભાવશે?

(A) રંગોળી દોરવા માગે છે. (B) ફૂલો વેરવા માગે છે.

(C) રેતી પથરાવવા માગે છે. (D) પાંદડાં વેરવા માગે છે.

(2) આ લોકગીતમાં હરિને ભોજનમાં શું આપવાનું કહેવાયું છે?

(A) લાપસી (B) ખમણ (C) કઢિયેલા દૂધ (D) શીરો

(3) આ કાવ્યમાં કઈ રમતનો ઉલ્લેખ થયો છે?

(A) કબડ્ડી (B) ખો-ખો (C) સોગઠાં (D) ક્રિકેટ

(4) હરિને સૂવા - બેસવા માટે કઈ વ્યવસ્થા નીચેનામાંથી કરવામાં આવી નથી ?

(A) ઢોલિયાની (B) હીંડોળાની (C) ખાટની (D) બાજઠ

**2. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) હરિને ભોજનમાં શું-શું પીરસવામાં આવશે તે જણાવો.

(2) શેરીને વાળીને સજ્જ શા માટે કરવામાં આવે છે?

**3. નીચેના પ્રશ્નના છ-સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) ભક્ત ભગવાનને શું શું આપવાની તૈયારી બતાવે છે તે ગીતના આધારે લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા ઘરે મહેમાન આવવાના હોય એ વખતે ઘરમાં કેવી કેવી તૈયારીઓ કરો છો એની યાદી બનાવો. ખાસ પ્રકારના મહેમાન આવવાના હોય ત્યારની તૈયારીમાં શો તફાવત હોય છે એ લખો.
- નિમંત્રણમાં વિવિધ રીતે સ્વાગત કરવાનું વર્ણવાયું હોય એવાં લોકગીતો મેળવીને નોંધો.
- તમારી શાળામાં આવનાર મહેમાન માટેની આમંત્રણ પત્રિકાનો નમૂનો તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- '.......ને'

  આપણા સાહિત્યમાં લોકગીત સહજ ભાવ-અભિવ્યક્તિ માટે રચાતાં હતાં. સંસારની ખટમધુરી વાતો કે રાધાકૃષ્ણની વાતો એનું વિષયવસ્તુ બનતું. આ ગીતો રાગને કારણે શ્રવણમધુર તો રહ્યાં જ છે પણ ક્યારેક કોઈ એક શબ્દ એના નાદમાધુર્યમાં મહત્ત્વનો ફાળો આપી જતો હોય એવી ઘણી રચનાઓ થઈ છે. અહીં નાદમાધુર્યમાં 'ને'નો ફાળો નાનોસૂનો નથી તે સમજો.
- કવિએ 'દઈશ' ને બદલે 'દૈશ' વાપરીને તથા 'શેરી સજ્જ કરું', 'ઉતારા આપીશ ઓરડા', 'મેડીના મોલ', 'નદીયુંના નીર'થી વર્ણાનુપ્રાસ રચી આ રચના યાદગાર અને ચિરંજીવ બનાવી છે.
- 'અતિથિ દેવો ભવ' એ આપણી સંસ્કૃતિ છે, વળી અતિથિ હરિ હોય તો પૂછવું જ શું? અતિથિનું આતિથ્ય કેવી કેવી રીતે થાય છે એ મુદ્દાઓ ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

લોકો દ્વારા રચાયેલું, લોકો માટે અને લોકો થકી ગવાતું ગીત એટલે લોકગીત. જેમાં તત્કાલીન સમાજનું, લોકજીવનનું પ્રતિબિંબ ઝીલાયેલું જોવા મળે છે.

ભારતીય પરંપરા મુજબ થતી આગતા-સ્વાગતા, સુવિધા, માન-સન્માન અને ગમતી દરેક બાબત હરિ માટે રજૂ કરવાની પૂર્વતૈયારી દર્શાવી પ્રભુ (હરિ)ને આવકારતા ભક્તની ઈશ્વર પ્રત્યેની ભક્તિભાવના જીવનની દિનચર્યા સાથે સુપેરે જોડાઈ છે.

ઈશ્વર માટેનાં કાળજી અને પ્રેમ વ્યક્ત થયાં છે તે સ્પષ્ટ કરવું. જે સર્વશ્રેષ્ઠ છે તે બધું ઈશ્વર માટે અર્પણ કરવાની ભાવના ઈશ્વરને હૃદયપૂર્વક આવકાર આપે છે તે જણાવવું. સ્વચ્છતા ઈશ્વરને પણ પ્રિય છે તેથી આપણી આસપાસ સ્વચ્છતાનો આગ્રહ રાખવા વિદ્યાર્થીઓને અનુરોધ કરવો.

•

# 21 પ્રાણીઓનું ગોકુળ

**પ્રકાશ આમટે**

**(જન્મ : 29-12-1948)**

પ્રકાશ બાબા આમટે. મહારાષ્ટ્રનું આનંદવન એમનું વતન. પોતે વ્યવસાયે ડૉક્ટર છે. 'લોક બિરાદરી પ્રકલ્પ' નામની સંસ્થા દ્વારા લોકસેવાનાં કાર્યો કરે છે. 'પ્રકાશ વાટ' (Path ways of light) તેમની આત્મકથા છે. 'રાનમિત્ર' પ્રાણીઓ સાથેના અનુભવોનું પુસ્તક છે. તેમનાં કાર્યો પરથી ફિલ્મ તૈયાર થયેલી છે. તેઓ 'પદ્મશ્રી' અને મેગ્સેસ એવૉર્ડથી સન્માનિત થયેલા છે.

લેખકનો ઊંડો પ્રાણીપ્રેમ આ કૃતિમાં વ્યક્ત થયો છે. મૂળ મરાઠીમાં લખાયેલી અનુભવ કથાના 'પ્રકાશની પગદંડી' એવા ગુજરાતી અનુવાદમાંથી આ અંશ લેવામાં આવ્યો છે. હેમલકસા પ્રકલ્પના અનુસંધાન ને વિવિધ અનાથ અને બીમાર પ્રાણીઓની સારવાર કરતાં તેમાંથી ઊભું થયેલું પ્રાણીઓનું સુંદર 'ગોકુળ' આકર્ષક રીતે વર્ણવાયું છે. લેખકની સરળ ભાષામાં બબલી, કાળું, હરણનું બચ્ચું, ખિસકોલી, ચિત્તો, રીંછ, નીલગાય, શિયાળ, ઝરખ, મોર, સાપ વગેરેનાં પ્રેમભર્યા સંબંધનાં ચિત્રો રોચક રીતે રજૂ થયાં છે. લેખકનો પ્રાણીપ્રેમ વનવાસી બાળકોને પ્રાણીપ્રેમી બનાવે છે. વાચકમાં પણ પ્રાણીપ્રેમ જગાડે છે. લેખક પ્રાણીઓની સંભાળ અંગે જાણકાર નહોતા પરંતુ પ્રેમને કારણે બધું શીખી શક્યા એ ખૂબી સરસ રીતે વ્યક્ત થઈ છે. માનવ અને પશુપંખીનું સહઅસ્તિત્વ કેવું નિકટ, પ્રેમભર્યું અને સહજ બની શકે તે પ્રાણીઓના 'ગોકુળ'માં પ્રત્યક્ષ થાય છે. આખું વર્ણન સહજ એટલું જ આકર્ષક છે.

---

આ બધાં કામની શરૂઆત થઈ તે હેમલકસા પ્રકલ્પ શરૂ થયા પછી બનેલા એક પ્રસંગને કારણે. હેમલકસાનો પ્રકલ્પ શરૂ થયે પાંચ-છ મહિના થયા હશે. વાંદરાના બચ્ચાને લઈને સ્થાનિક લોકો જતા હતા. 'એને બદલે અનાજ આપીશું' એમ કહ્યું એટલે એ લોકોએ બચ્ચું અમને આપ્યું.

બચ્ચાને અમે અમારા ઘરે લઈને તો આવ્યાં, પણ એને ઉછેરવાનું શી રીતે એની અમને ક્યાં ખબર હતી? શરૂઆતમાં મિલ્ક પાઉડરનું દૂધ ડ્રૉપરવાળી શીશીથી એને પિવડાવ્યું. એ વખતે એણે એ દૂધ પીધું. પછી એને ને અમને ફાવી ગયું. એ અમારી જ ઝૂંપડીમાં સતત અમારી સાથે જ રહેતું. એ બચ્ચું માદા હતું, એટલે એનું નામ 'બબલી' રાખ્યું. બબલી અમારા પ્રાણી અનાથાલયની પહેલી સભ્ય.

એ વખતે અમારે ત્યાં 'કાળુ' નામનો એક દેશી કૂતરો હતો. એ સતત મારી સાથે રહેતો. બબલી બહુ નાની હતી. ક્યારે ક્યારેક તે મારા ખભા પર બેસતી. ક્યારેક અમારાં શાંતાબાઈના પગની પિંડીએ વળગીને એમની સાથે આખા ઘરમાં ફર્યા કરતી. હું એને ક્યારેક કૂતરાની પીઠ પર બેસાડતો અને 'એને ત્યાં રહેવા દેજે' એમ કહેતો. પહેલાં એને એ વાત વિચિત્ર લાગતી. પણ પછી એટલી બધી આદત પડી કે બબલી એને પોતાની જવાબદારી લાગતી. અમે ફરવા જઈએ ત્યારે સાથે આ કાળુ રહેતો અને બબલી એની પીઠ પર બેઠેલી હોય જ. વાંદરું એ પ્રાણી જ એવું કે ઠરીને બેસે નહિ. બબલી વચ્ચે જ કોઈક ફળ ખાતી, એને ઝાડ પર ચડી જવાનો તુક્કો આવતો એટલે એ કાળુની પીઠ પરથી કૂદીને જતી રહેતી. પણ કાળુને એ બાબતે કોઈ વાંધો ન હતો. ઊલટું, એ પાછી આવીને એની પીઠ પર બેસે ત્યાં સુધી તે રોકાઈ રહેતો

એક વાર કોઈકે અમને હરણનું સાવ નાનકડું બચ્ચું લાવી આપ્યું. શરૂઆતમાં એ બહુ જ બાવરું બની ગયું. માના સ્પર્શથી એને જેવી સલામતી લાગે એવું કંઈ અહીં ન લાગે એ સ્વાભાવિક હતું. પણ અમે થોડું વિચાર્યું કે જન્મ વખતે તો બચ્ચાની આંખો બંધ હોય છે. પછીના ચાર-આઠ દિવસ એ બંધ જ રહે છે. પછી તે માને શી રીતે ઓળખે છે? એમ હોય છે કે મા એમની પાસે આવે એટલે એમના શરીરનો પાછળનો ભાગ ચાટતી હોય છે. એ સ્પર્શ ધ્યાનમાં આવે એટલે આ બચ્ચાં એમની સામાન્ય ક્રિયાઓ કરે છે. દૂધ વગેરે પીએ છે. અમારાં ધ્યાનમાં આ આવ્યા પછી અમે પણ એવું જ કરવાં લાગ્યાં. પાછળનો ભાગ ખંજવાળીએ એટલે એ બચ્ચું અમારા હાથ પર બધી ક્રિયા પતાવતું. અમારી આ યુક્તિનો ઉપયોગ આ પ્રાણીઓ અમારે ત્યાં ગોઠવાય તેમાં થયો. બે-ત્રણ દિવસમાં વાસ અને સ્પર્શનો પરિચય થાય એટલે બચ્ચાં સામે ચાલીને જાતે દૂધ પીતાં.

અમારા વિસ્તારમાં 'દેવખાર' તરીકે ઓળખાતી ખિસકોલીઓ ઘણી. પણ અમારી શાળાનાં બાળકોય આ

ખિસકોલીઓને મારતાં. ધીમે ધીમે અમે એ બાળકોને જ આ પ્રાણીઓની સંભાળ રાખવાનાં, તેમને ખવડાવવાનાં કામ સોંપવાં લાગ્યાં. એમાંથી એ બાળકોને પણ પ્રાણીઓનો પ્રેમ મળ્યો. પ્રાણીઓના શિકાર બંધ થયા.

પાકા ઘરમાં રહેવા આવ્યાં પછી બે ઘરોની વચ્ચે જે જગ્યા હતી એ બંને બાજુથી બંધ કરીને એમાં અમારી પાસેનાં પ્રાણીઓ રાખવાની અમે શરૂઆત કરી. આ જગ્યા પસંદ કરી હતી, કારણ કે ઘરની બારી ખોલો એટલે તેમના પર ધ્યાન રાખી શકાય. આ સતતના સહવાસથી અમે બધાં જ પ્રાણીઓને બિલકુલ પરિચિત બન્યા. અમે અનાથ પ્રાણીઓની જે રીતે સંભાળ રાખતા હતા તે વનાધિકારીને ખૂબ ગમ્યું. અમારા પ્રાણી-અનાથાલયના એટલા પ્રેમમાં પડ્યા કે એમણે એમની પાસેનું રીંછનું એક બીમાર બચ્ચું સારવાર અને સંભાળ માટે અમને લાવી આપ્યું. આ અમારું રાણી રીંછ. આ રાણીના અને પછી 'નેગલ' તરીકે જાણીતા થયેલા ટપકાવાળાં ચિત્તાને અમારે ત્યાં બહુ લાડ લડાવ્યા. રાણી આવી ત્યારે તે એક મહિનાની હતી. રાણીને અમે પાકા પાંજરામાં રાખતા. એ સિવાય સવારે તે છૂટી જ રહેતી. એને અમારી એટલી માયા લાગી હતી કે તે વિલાસના અથવા મારા ઓરડામાં જ રહેતી. અમે બંને એને એટલા પ્રિય હતાં કે એ અમારી નજીક હોય એ વખતે કોઈ આવે એ એનાથી સહન થતું નહિ. એ કશું કરતી નહિ પણ અવાજથી અથવા નજરથી નારાજગી વ્યક્ત કરતી.

અમારા નાનાં બાળકો સાથે પણ પ્રાણીઓ ખૂબ કુમાશથી વર્ત્યાં. આપણે આપણાં બાળકોમાં અમસ્તો જ ડર બતાવીએ છીએ. એમને એમની નિર્દોષ રીતે પ્રાણીઓ સાથે રમવા દેવામાં આવે તો આ પ્રાણીઓ બાળકોને કંઈ કરતાં નથી. મારાં સંતાનો જેમ પ્રાણીઓના સંગાથે જ મોટાં થયાં તે જ પ્રમાણે મારો પૌત્ર અર્ણવ પણ નાનપણથી પ્રાણીઓની વચ્ચે રાજી રહે છે. આ ખુશી સામે પ્રાણીઓને કાંઈ વાંધો હોતો નથી.

રાણીની અને અમારી ખાસ દોસ્તી થઈ. વિલાસ અને હું દરરોજ નદીએ જતાં ત્યારે એ નદી સુધી એટલે કે બેએક કિલોમીટર સુધી અમારી સાથે ફરવા આવતી. એની એક આદત એ હતી કે રસ્તામાં ક્યાંક ઊધઈની વાસ આવે એટલે પગથી જમીન ખોતરીને એ ઊધઈ ખાવા બેસતી. પણ અમે એના માટે રોકાયાં નથી એ સમજાય એટલે થોડીવાર પછી દોડતી દોડતી અમારી પાછળ આવતી.

પ્રાણીઓ વિશે લોકો જે કંઈ માનતા હોય તે, પણ હેમલકસાનું અમારું જીવન પ્રાણીઓએ ખૂબ આનંદમય બનાવ્યું. અમે પ્રાણીઓની સંગાથે અને અમારે ત્યાંનાં બધાં પ્રાણી એકમેકનાં સંગાથે ખુશીથી જીવતાં હતાં. અમારે ત્યાં વાંદરાં ને કૂતરાં હતાં જ. તદુપરાંત નીલગાય, હરણ, રીંછ, શિયાળ, જરખ, મોર, સાપ, નાગ, ખિસકોલી, ઘો જેવાં જુદાં જુદાં પ્રાણીઓ પણ હતાં. એમાં 1979માં એક મગરનો ઉમેરો થયો. બન્યું એવું કે પ્રકલ્પ પરનો એક જણ માછલી પકડવા ગયો હતો. એ વખતે તેને આ મગર મળ્યો. મગર એટલે મગરનું બે દિવસ પર જન્મેલું નાનકડું બચ્ચું હતું. એનું કદ કાચંડા જેવડું હતું. મગરના બચ્ચાને કેવી રીતે ઊછેરવું, કેવી રીતે ખાવા આપવું, એનો અમને કોઈ જ ખ્યાલ ન હતો. બાજુમાં તાડોબા અભયારણ્ય હતું. ત્યાં પૂછ્યું તો તરત જ કંઈ માહિતી ન મળી. આખરે એમ વિચાર્યું મગરને પાણી તો જોઈએ જ. એટલે એક બૅરલમાં અરધે સુધી પાણી ભર્યું, ઉપર વચ્ચોવચ આડું લાકડું નાખ્યું અને તેની પર જાળી ફિટ કરી. હેતુ એ કે જ્યારે એને પાણીમાં કંટાળો આવે ત્યારે તે ચઢીને લાકડા પર બેસી શકે. અમારા મનમાં જે હેતુ હતો તે એને ગળે ઊતર્યો હોવો જોઈએ. કારણ, જરૂરિયાત મુજબ એ મગર જાળી પર તડકે બેસતો. મગર શું ખાતો હશે એનો પણ અમને કશો ખ્યાલ ન હતો. પણ અંદાજ કરીને રાત્રે પંદર દેડકાં એના પાણીમાં ઉતાર્યા. સવારે જોયું તો એમાંથી દસ જ બાકી હતાં. એની પરથી 'મગર દેડકાં ખાય છે' એવી શોધ અમે કરી. નાની માછલીઓ પાણીમાં નાખો તો પણ તે દેડકાં જ પસંદ કરે છે. અમે એના ખાવાપીવાની આવી બરદાસ કરી, એ અમારી મહેમાનીથી ખુશ થઈને અમારે ત્યાં ગોઠવાઈ ગઈ.

મુન્ના નામનો બીજો એક ટપકાંવાળો ચિત્તો અમારે ત્યાં હતો. એ આરતી સાથે શાળાએ પણ જતો. એ વર્ગમાં બેસતી અને આ ત્યાં જ બહાર બેસી રહેતો. એની નિશાળ છૂટે એટલે એની સાથે ઘરે પાછો આવતો. કોઈ પણ છોકરાને એણે ક્યારેય તકલીફ આપી નહિ. આરતી ત્રીજા ધોરણમાં ગઈ ત્યાં સુધી આમ ચાલ્યું. આગળ ઉપર તે મોટો થયો. નાનાં બાળકો તેને જોઈને ડઘાઈ જવાં લાગ્યાં એટલે અમે મુન્નાને શાળાએ મોકલવાનું બંધ કર્યું. શરૂઆતમાં લ્યૂસી અને બેન એ બે ટપકાંવાળા ચિત્તા બાદ કરતાં અમારે ત્યાં આવેલા બધા ચિત્તા ઉત્તમ જીવ્યા. રાજા અને નેગલીનાં

સાત-આઠ બચ્ચાં અમે બહાર આપ્યાં. પણ એમાંના કોઈ જ જીવ્યાં નહિ. ચાર-આઠ વર્ષમાં મરી ગયાં. અમારે ત્યાં પ્રાણીઓ રોગમુક્ત અને તંદુરસ્ત રહે છે એ સાબિત કરનારી આ બાબત છે. આ બચ્ચાં તો ગયાં પણ એમનો બાપ અમારા પ્રકલ્પ પર ઘણાં વર્ષ જીવ્યો. ચિત્તાની જિંદગી સામાન્ય રીતે પંદર વર્ષની હોય છે, પણ રાજા ચોવીસ વર્ષ જીવ્યો. આ ચિત્તાએ અમને બહુ માયા લગાડી. એટલે પ્રકલ્પ પર ટપકાંવાળા બે-ત્રણ ચિત્તા રાખવાનો શિરસ્તો ચાલુ રહ્યો અને બધાંને એવી આદત જ પડી ગઈ.

આપણે ત્યા સાપ વિશે ઘણી ગેરમાન્યતાઓ છે. સાપ દેખાય એટલે માણસો પહેલાં એને મારે છે અને પછી તેને ઓળખવાની કોશિશ કરે છે. બધા સાપ ઝેરી હોતા નથી. નાગ, મણ્યાર, ઘોણસ, ફુરસં, ચટાપટાવાળો અથવા આગ્યા મણયાર એ ખરેખર ઝેરી સાપ. કૉબ્રા એટલે નાગ. ફેણ ચઢાવનારો એકમાત્ર સાપ. ધામણ ઝેરી નથી હોતી, પણ એ ઝેરી હોય છે એવી આપણે ત્યાં ગેરમાન્યતા છે. તેની પર પગ પડવાથી એ કોઈને કરડી હોય, એ વ્યક્તિને ઍલર્જિક કારણોસર ઝીણી ફોલ્લીઓ થઈ હોય અને એ વાત જ બધે ફેલાઈ હોય એવું બની શકે. ધામણ પૂંછડેથી કરડે એવી એક ગેરમાન્યતા છે. સાપ ખુન્નસ રાખે ને વેર વાળે એ ગેરસમજ બહુ ફેલાયેલી છે. ખુન્નસ રાખવા જેટલી યાદશક્તિ જ સાપમાં હોતી નથી. એ ક્યારેય તમારો પીછો કરતો નથી. કોઈ પણ સાપ આપમેળે હુમલો કરતો નથી. એને તકલીફ પડે તો જ એ સ્વરક્ષણ માટે કરડે છે. આપણને કરડેલો સાપ ઝેરી છે કે બિનઝેરી, એ જાણી લેતા પહેલાં જ માણસ અધમૂઓ થઈ ગયેલો હોય છે.

દરેક સાપને ઓળખતાં આવડવો જોઈએ. આવું લાગવાનું બીજું એક કારણ એ કે હું નાનપણથી બહુ મોટી સંખ્યામાં સાપ મરાતા જોતો આવ્યો છું. આનંદવન ઊભું કરતી વખતે પણ ગેરમાન્યતાઓને કારણે સાપ દેખાયો નથી કે માર્યો નથી એવી રીત અપનાવવામાં આવી હતી. એટલે હેમલકસા આવ્યા પછી શરૂઆતમાં જ મેં સાપ પકડવાની અને એ ઝેરી છે કે બિનઝેરી એ પારખવાની પદ્ધતિ શીખી લીધી હતી.

સાપ પકડવાનો અને એની જાતિ-પેટાજાતિ નક્કી કરવાનો કસબ હું શીખ્યો એનું કારણ હતું કે,'જંગલમાં રહેવું ને સાપને નકારવો' એ વાત મને ગળે ઊતરતી ન હતી. પણ સાપ દેખાય એટલે માણસો એને મારવા મચી પડે છે. એટલે પછી અમે પ્રકલ્પ પર અમારું પોતાનું નાનકડું સર્પોદ્યાન જ શરૂ કર્યું. ઘરમાં, આસપાસ, અધરાતે-મધરાતે નીકળેલા સાપ પકડવાના અને એમની દેખભાળ કરવાની એવું અમે શરૂ કર્યું.

ભાત ભાતના સાપ, નાગ, પટાવાળા સાપ વગેરે અમારા સર્પોદ્યાનમાં હતા. સાપને મારવાનો નહિ એવો નિયમ જ અમે હેમલકસામાં કર્યો હતો. કાર્યકર્તાઓને, શાળાનાં બાળકોને સાપ પકડતાં શીખવ્યું, એને લીધે સાપની હત્યાનું પ્રમાણ ઘણું ઘટ્યું. બાબાએ શીખવેલા સાહસના બળે અને મને તેમ જ વિલાસને થયેલા સર્પપ્રેમના જોરે અમે સાપની ભરપૂર ભાળ મેળવી. સાપ ઓળખવા સુધી અને એને પકડવા સુધી અમે પહોંચી શક્યાં.

બ્રૅન્ડેડ ક્રેટ એ અમારા સર્પોદ્યાનનો મોભાનો સાપ. જેટલા સાપ, એટલી જ એમની કથાઓ. અમારા પ્રાણીપ્રેમ સાથે સર્પપ્રેમ જોડાયેલો હોવાને કારણે અમારું પ્રાણી સંગ્રહાલય વધુ ખીલ્યું. પણ હું પ્રાણી સંગ્રહાલય કહેતો નથી, 'પ્રાણીઓનું ગોકુળ' એમ કહું છું. આ 'ગોકુળ' માં 60-6૫ પ્રાણીઓ સુખ-શાંતિથી સહવાસ કરતાં રહ્યાં છે. વાંદરાં, કૂતરાં, ચિત્તા, નોળિયો જેવાં આમ એકબીજાનાં દુશ્મન હોય તેવાં પ્રાણીઓ અહીં તો મિત્રોની જેમ રહે છે. આ બધાનો એક પરિવાર જ બન્યો છે. સૅલી વૉકર નામનાં અમેરિકન મહિલા અહીં આવ્યાં હતાં. એમણે અમારા ગોકુળને 'આમટેઝ ઍનિમલ આર્ક' એવું નામ આપ્યું. બાઇબલમાં એવી વાર્તા છે કે કોઈ એક જમાનામાં નોહાઝ આર્ક નામના એક વહાણ પર બધાં પશુપંખી ખુશીથી ભેગાં રહેતાં હતાં. અહીંનું વાતાવરણ એ મહિલાને એવું જ લાગ્યું, એટલે એણે આ નામ આપ્યું.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**નિરપેક્ષ** અપેક્ષા વગર, **બાવરું** વ્યાકુળ, **કુમાશ** કોમળતા, નરમાઈ, **અભયારણ્ય** જ્યાં પ્રાણીઓ મુક્ત રીતે વિહરી રહે તેવું જંગલ, **બૅરલ** પીપડું, **શિરસ્તો** પ્રથા, રિવાજ, **ખુન્નસ** વેરઝેર, વેર લેવાની લાગણી, **કસબ** કળા, હુન્નર

## વિરુદ્ધાર્થી

**સાપેક્ષ** નિરપેક્ષ, **નર** માદા, **દેશી** વિદેશી, **સલામતી** અસલામતી, **પ્રેમ** નફરત, **પરિચિત** અપરિચિત, **દોસ્તી** દુશ્મની, **તકલીફ** રાહત, **તંદુરસ્ત** નાદુરસ્ત, **માન્યતા** ગેરમાન્યતા

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**જેના માતા-પિતા મરી ગયા હોય તેવું બાળક** અનાથ **જેના માતા પિતા મરી ગયા હોય તેવા બાળકની રહેવાની જગ્યા** અનાથાલય **સર્પોના બગીચો** સર્પોદ્યાન **જ્યાં પ્રાણીઓ મુક્ત રીતે વિહરી શકે તેવું જંગલ** અભ્યારણ

## રૂઢિપ્રયોગો

**વાત ગળે ન ઊતરવી** સમજ ન પડવી **ભાળ મેળવવી** શોધ કરવી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) બબલી વાંદરી ઝાડ પર ચડવા કૂદતી ત્યારે કાળુ કૂતરો શું કરતો?

(A) ચાલ્યો જતો.

(B) એ પાછી આવીને એની પીઠ પર બેસે ત્યાં સુધી રોકાઈ રહેતો.

(C) ફરી તેને પીઠ પર બેસવા ન દેતો.

(D) દોડવા માંડતો.

(2) પંદર દેડકા પાણીમાં ઉતાર્યા તો

(A) સવારે પંદરે-પંદર જીવતા હતા. (B) એક પણ દેડકાને મગરે ખાધો ન હતો.

(C) પણ મગરે તે ખાધા નહિ. (D) તેમાંથી પાંચને મગરનું બચ્ચું ખાઈ ગયું હતું.

(3) મુન્ના નામના ટપકાવાળા ચિત્તા માટે કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) તે આરતી સાથે શાળાએ પણ જતો.

(B) આરતી વર્ગમાં બેસતી ત્યારે તે બહાર બેસતો.

(C) નાનાં બાળકો તેને જોઈને ડઘાઈ જવાં લાગ્યાં.

(D) નાનાં બાળકો તેને જોઈને ખુશ થવા લાગ્યાં.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.**

(1) હેમલકસામાં સાપની હત્યાનું પ્રમાણ કેવી રીતે ઘટ્યું ?

(2) અમેરિકન મહિલાએ પ્રાણીઓના ગોકુળને 'આમટેઝ ઍનિમલ આર્ક' એવું નામ કેમ આપ્યું ?

(3) અનાથાલયનો પ્રથમ સભ્ય કોણ અને કેવી રીતે રાખતા?

(4) લેખકે ક્યા ક્યા પ્રાણીના વિશિષ્ટનામ રાખ્યાં હતાં?

**3. નીચેના પ્રશ્નોના છ - સાત લીટીમાં ઉત્તર આપો :**

(1) સાપ અંગેની માન્યતા અને ગેરમાન્યતા પાઠના આધારે વર્ણવો.

(2) 'હેમલકસા ખરેખર પ્રાણીઓનું ગોકુળ હતું.' - આ વિધાનની સમજૂતી આપો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પ્રકાશ આમટેની આત્મકથા 'પ્રકાશની પગદંડીઓ' વાંચો.
- તમારા શિક્ષકની મદદથી પ્રકાશ આમટેના જીવન પર આધારિત ફિલ્મ જુઓ. જેમાં પ્રકાશ આમટેનું પાત્ર નાના પાટેકરે ભજવ્યું છે.

## ભાષા-અભિવ્યક્તિ

- 'જંગલમાં રહેવું ને સાપને નકારવો...' આ વાક્ય 'પાણીમાં રહેવું ને મગર સાથે વેર' એ કહેવતની યાદ અપાવે છે. કોઈ જાણીતી પંક્તિઓને પોતાના કથયિત્વમાં ભેળવી દઈ લખવાની આ એક શૈલી છે. વાક્ય કે પંક્તિ અત્યંત જાણીતી હોવાથી લેખક ઉપર કોઈ આળ આવતું નથી.
- લેખક અને એમના પરિવારે પ્રાણીઓને પણ માનવો જેવાં નામ આપી, દરેકની સાથે આત્મીયતા કેળવી અને દરેકને એક અલગ ઓળખ આપી છે. પ્રાણીઓ લાગણી સમજે છે એમ પણ દર્શાવ્યું છે જે અત્યંત અદ્ભુત બાબત છે.

| પ્રાણી | નામ | પ્રાણી | નામ |
|---|---|---|---|
| વાંદરાનું બચ્ચું | બબલી | એક ટપકાંવાળો ચિત્તો | મુન્નો |
| દેશી કૂતરો | કાળુ | એક બે ટપકાંવાળા ચિત્તા | લ્યૂસી અને બેન |
| રીંછ | રાણી | ચિત્તો | નેગલ |

'સાપ ઓળખવા સુધી અને એને પકડવા સુધી અમે પહોંચી શક્યાં.'- જંગલમાં એક ડૉક્ટર પરિવાર જીવદયા માટે કેટલી મથામણ કરે છે એનું દર્પણ આ એક વાક્ય બની રહ્યું છે.

## શિક્ષકની ભૂમિકા

યુગોથી મનુષ્ય અને પ્રાણીઓ સમગ્ર પૃથ્વી પર એકબીજાનાં પૂરક બનીને જીવે છે. મનુષ્યોનો પ્રાણીપ્રેમ અને પ્રાણીઓનો મનુષ્ય પ્રત્યેના પ્રેમ અને વફાદારીના અનેક કિસ્સા નોંધાયેલા છે. જેમ કે - 'જુમો ભિસ્તી', 'જાકારો', જેવી કૃતિઓ તેમજ રાણા પ્રતાપ અને ચેતક જેવા પ્રસંગો-વાર્તાઓ વિદ્યાર્થીઓને સંભળાવી તેમનામાં પશુ, પક્ષી, પ્રાણીઓ વિશે ઉત્સુકતા અને આત્મીયતા વધે તે માટે શિક્ષકે પ્રયત્ન કરવો.

રીંછ, ચિત્તા, સાપ વગેરેથી સાવધ રહેવાની વાત સમજાવી પણ તેમને જોતાંની સાથે જ તે આપણા દુશ્મન હોય તેમ હુમલો કરી તેમને મારી નાખવાનો અભિગમ અયોગ્ય છે તે વિશે ચર્ચા કરવી.

જુદાં જુદાં પ્રાણીઓની ખાસિયતો વિશે પુસ્તકો, સામયિકો કે ઇન્ટરનેટ જેવાં માધ્યમનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરી વિદ્યાર્થીઓને આપી શકાય. પશુ-પક્ષી પણ મનુષ્યપ્રેમનાં ભૂખ્યાં હોય છે તે વાત વાર્તા કે પ્રસંગો દ્વારા જણાવવી. 'નેશનલ જોગ્રોફી' ચેનલ દ્વારા પ્રાણીજીવન બતાવવું.

રૂબિન ડેવિડે અમદાવાદ ખાતે આવેલા કાંકરિયાના પ્રાણી સંગ્રહાલયમાં કરેલાં કાર્યો વિશે જાણકારી આપવી. 'પિંજરની આરપાર' માધવ રામાનુજની નવલકથા વાંચવા કહેવું.

•

# 22 લઘુકાવ્યો

**હસમુખ પાઠક**
**(જન્મ : 12-2-1930)**

હસમુખ રતિલાલ પાઠક. અટિરા અને મા. જે. પુસ્તકાલય અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે કાર્ય કર્યું. અડીસ-અબાબામાં પણ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી. 'વસ્તુનું મૂળ અને બીજાં કાવ્યો' માં તેમના અનુવાદો છે. જાપાની નાટક 'ટવીનાઇટ'નો અનુવાદ 'સારસીનો સ્નેહ' નામે કર્યો છે. 'મા દીકરો' અને 'રાત્રિ પછીનો દિવસ' એ બે વાર્તાઓ એમણે લખેલી છે. 'નમેલી સાંજ' એ તેમનો કાવ્યસંગ્રહ સ્વાતંત્ર્યોત્તર પ્રયોગશીલ કવિતાનો નોંધપાત્ર સંગ્રહ છે.

આ મુક્તકમાં મહાત્મા ગાંધીના જીવનનો ખરો સંદેશ લાઘવથી પ્રતીકાત્મક રીતે વર્ણવ્યો છે. ગાંધીજી આખું જીવન સતત કાર્ય કરતા રહ્યા હતા. તેમણે કદી પ્રમાદ કર્યો નહોતો. એવા ગાંધીજીની સમાધિને ફૂલોથી ઢાંકી તેમને સુવડાવ્યા છે તેવું જોઇને લેખક વ્યંગરૂપે ગાંધીજીના કર્મમય જીવનનો મહિમા પ્રગટ કરે છે.

### રાજઘાટ પર

આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતા નથી -

**(સાયુજય)** **હસમુખ પાઠક**

★

**રાવજી પટેલ**
**(જન્મ : 15-11-1939, અવસાન : 10-08-1968)**

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના વલ્લભપુરામાં થયો હતો. તેમણે વિવિધ સ્થળે નોકરી કરી હતી. 'અશ્રુઘર' 'ઝંઝા' એમની નવકલથાઓ છે. 'અંગત' સર્જકનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે. કૃષિ ચેતનાની મનોહર રચનાઓમાં કવિની અંગત વેદના અને મૃત્યુની અનુભૂતિઓ રમણીય રીતે પ્રગટ થઈ છે.

લઘુકાવ્ય હાઈકુ જાપાની કાવ્યપ્રકાર છે. હાઈકુ ત્રણ પંક્તિમાં પાંચ-સાત-પાંચ અક્ષરોનું ચોક્કસ બંધારણ ધરાવે છે. સત્તર અક્ષરોનું આ લઘુકાવ્ય કોઈ વિચાર, સંવેદન કે પ્રકૃતિદશ્યનું ચિત્ર આલેખે છે. અહીં મોલથી લહેરાતા ખેતરના એક ઠૂંડા પર બેસી ગીત ગાતી ચકલીનું ચિત્ર અંકિત થયું છે. કવિએ કહ્યું છે કે ચકલી જ નહિ ઠૂંઠું પણ ગાઈ રહ્યું, આખું ખેતર ગાઈ રહ્યું છે. આખું વાતાવરણ મધુર બની ગયું છે.

ગીત સાંભળી
ઠૂંઠું ડોલ્યું, ઊપર
ચકલી બેઠી

**રાવજી પટેલ**

★

દુહામાં કવિ જગતથી ઉફરા રસ્તે ચાલી અલગ કેડી કંડારનારા વીરની વીરતાનો મહિમા ગાય છે. એવા વીરોને ધન્ય છે. એ જ રીતે જે કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિની ખેવના વિના દાન કરે છે એ મહાન છે. જીવન જંગમાં જે એકલા ઝઝૂમે છે, નવી કેડી કંડારે છે; એમને ડગલે પગલે રૂઢ પરંપરાઓ, સંકુચિત લોકોની નિંદાનો સામનો કરવો પડે છે; પરંતુ આવા આવા એકલવીરો જ દુનિયાને એક ડગલું આગળ લઈ જાય છે. કવિ આ દુહામાં એની પ્રશંસા કરે છે.

એકલ દેતા દાન જે, એકલ ઝૂઝત જંગ,
એકલ જગનિંદા સહે, એ વીરોને રંગ

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી

**એકલ** એકલા, **ઝૂઝત** ઝઝૂમવું, **જંગ** યુદ્ધ

#### વિરુદ્ધાર્થી

**વીર** કાયર, **નિંદા** પ્રશંસા, **સૂતું** જાગતું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) હાઈકુના આધારે સાચો વિકલ્પ શોધો.

(A) ચકલીના ગીતની ઠૂંડા ઉપર અસર થઈ. (B) ઠૂંઠું ગીત ગાઈ રહ્યું છે.

(C) ચકલી ગીત સાંભળી રહી છે. (D) ઠૂંડા ઉપરથી ચકલી ઊડી ગઈ છે.

(2) 'રાજઘાટ પર' કાવ્યના કવિનું નામ...

(A) રાવજી પટેલ (B) હસમુખ પાઠક

(C) ગાંધીજી (D) કલાપી

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) કવિ વીર કહી કોને બિરદાવે છે ?

(2) 'રાજઘાટ પર'માં ગાંધીજીનો જીવન સંદેશ કયા પ્રતીકોથી વર્ણવ્યો છે ?

(3) મુક્તકમાં ગીત ગાતી ચકલીનું શબ્દ ચિત્ર કેવી રીતે આલેખાયું છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમને ગમતાં મુક્તકોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમારાં દાદા-દાદીને હોઠવગાં હોય એવાં બે-ત્રણ દુહા/મુક્તક તમારી નોટબુકમાં લખી શાળાના સૂચના ફલક પર મૂકો.

## ભાષા-અભિવ્યક્તિ

● 'જંગ' અને 'રંગ'ના પ્રાસસભર આ દુહામાં 'એકલ' શબ્દનું ત્રણ વખત પુનરાવર્તન થયું છે. પુનરાવર્તન કેવું અસરકારક બની રહે છે તે બાબત આ દુહો બતાવે છે.

● થોડા જ શબ્દો અને મોટી વાત મુક્તકની લાક્ષણિકતા છે. 'ફૂલો નીચે' અને 'લાંબો સમય' સાથે વપરાયેલ 'આટલાં' અને 'આટલો' શબ્દો ગાંધીજીના વ્યક્તિતત્વને આબેહૂબ વર્ણવી જાય છે. નાના મુક્તકમાં શબ્દપસંદગી કેટલી તો મહત્ત્વની અને હૃદયસ્પર્શી બની જાય છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

**મુક્તક** : ગાંધીજીનું જીવન સાદગીયુક્ત, શ્રમયુક્ત, સ્વાશ્રયી હતું. 'આરામ હરામ હૈ'માં માનનાર ગાંધીજી ક્યારેય સમયનો વ્યય કરતા નહોતા. રાજઘાટનું ગાંધીજીનું સ્મારક જોઈને કવિને થયું કે આટલા લાંબા સમય સુધી, ગાંધીજી જીવતે જીવ તો સૂતા નથી જ પણ તે પછીની પેઢીએ તેમને આ રીતે સુવડાવ્યા છે તેનો વ્યંગ વિદ્યાર્થીઓને સમજાવવો. ગાંધીજીનાં કર્મઠતા, દેશપ્રેમ, સમયનું આયોજન વગેરે ઓછા શબ્દોમાં સૂચવાય છે તે સ્પષ્ટ કરવું.

**હાઈકુ** : પ્રવર્તમાન સમયમાં મનુષ્ય પ્રકૃતિથી દૂર થતો જાય છે પણ ખરેખર તો મનુષ્ય અને પ્રકૃતિ એકબીજાનાં અભિન્ન અંગ છે. ખેતરમાં લહેરાતા મોલ, પંખીઓનો કલરવ, પ્રકૃતિમાંથી પ્રગટતું સંગીત આ બધું આપણે માણી શકીએ તે દિશામાં વિદ્યાર્થીઓને વિચારતા કરવા.

**દુહો :** અહીં 'એકલ'શબ્દ દ્વારા વીર, ત્યાગી, દાતાની ખૂબી વર્ણવી છે તે તરફ વિદ્યાર્થીનું ધ્યાન દોરવું. સિંહનાં ટોળાંન હોય તેમ આવી વ્યક્તિ એકલી હોય તો પણ પોતાના તેજથી બધાને અજવાળે છે, એની કવિ પ્રશંસા કરે છે. આવું જીવન જીવી ગયેલી નોંધપાત્ર વ્યક્તિઓનો પરિચય આપવો.

●

# 23 પ્રેરક પ્રસંગો

**સંકલિત**

**જીવનની સુગંધ**

અહીં મુકાયેલા ત્રણ પ્રસંગો પ્રેરણાદાયક છે. થોડાકમાં ઘણું બધું કહી જતા આવા પ્રસંગો ઉત્તમ નાગરિકના નિર્માણમાં અને એ જ રીતે સમાજ ઘડતરમાં અત્યંત ઉપયોગી નીવડે છે. પ્રથમ પ્રસંગમાં સામાન્ય લોખંડના ટુકડાને જેવો ઘાટ આપીએ તેવું તેનું મૂલ્ય ઊપજે છે. સામગ્રી તો એ જ, ઘડતર મૂલ્ય વધારે છે. તેમ માણસનું પણ યોગ્ય ઘડતર થાય તો માનવનો સર્વાંગી વિકાસ થઈ શકે છે.

બીજા પ્રસંગમાં બાર વર્ષની છોકરીને ડુંગર ચઢતાં કેડે લીધેલા ભાઈનો ભાર લાગતો નથી. કારણ કે એ એનો ભાઈ છે. તેમ જો સમાજમાં આપણે બધાની સાથે ભ્રાતૃભાવથી વર્તીએ તો કોઈનો ય ભાર આપણને લાગતો નથી. નવી દુનિયા બનાવવા માટેના આ ભાવ ખૂબ સરસ છે.

ત્રીજા પ્રસંગમાં ફળની કે વળતરની અપેક્ષા વિના પ્રેમથી કરાતા કર્મનો મહિમા વ્યક્ત થયો છે. વીસ વર્ષ સુધી કરેલી નમાજો પછી આકાશવાણી થાય છે કે ખુદાના દરબારમાં તારી એક પણ નમાજ મંજૂર થઈ નથી છતાં નમાજી ખુશ થાય છે કારણ કે એને આનંદ એ છે કે ઈશ્વરને એટલી તો ખબર છે કે એ બંદગી કરી રહ્યો છે. ખુદાનો ભક્ત કેવો હોય તેનું આ દૃષ્ટાંત છે. ગીતાએ પણ ફળની આશા વિના કર્મ કરવાનો સંદેશ આપ્યો છે.

---

(1) લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઊપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઉપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો 600 રૂપિયા ઊપજે અને નાળ કે સોયને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો ૫0,000 રૂપિયા ઊપજે. લોખંડ તો એનું એ, અને એટલું જ છે. તેનું ઘડતર કરો તેવું તેનું મૂલ્ય. માણસ વિશે પણ એવું જ છે.

**- નવલભાઈ શાહ**

★

(2) ડુંગરનું ચઢાણ આકરું હતું. સૌ યાત્રાળુનાં મોં પર થાકનાં ચિહ્નો દેખાતા હતાં. બધાંની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડ્યો હતો. કોઈને દયા આવી, પૂછ્યું 'અલી, આ છોકરાને તેડીને ચડે છે તે તને ભાર નથી લાગતો?'

છોકરીએ જવાબ આપ્યો, 'ના રે, ભાર શાનો? એ તો મારો ભાઈ છે'

દરેકને ભાઈ સમજીએ તો કોઈનો ભાર ન લાગે.

★

એક ફકીર વીસ વરસથી નિયમિતપણે મસ્જિદમાં દિવસની પાંચ નમાજ પઢતો હતો. તે જે જગ્યાએ નમાજ અદા કરતો હતો, એટલી જગ્યામાં એના હાથનાં અને પગનાં નિશાન પડી ગયેલાં. વીસમું વરસ અને સાંજની છેલ્લી નમાજ જ્યારે તે અદા કરતો હતો, ત્યારે આકાશવાણી થઈ-

'હે ફકીર, તું વીસ વરસથી એક જ જગ્યાએ રોજ પાંચ પાંચ નમાજ અદા કરે છે પણ ખુદાના દરબારમાં તારી એક પણ નમાજ મંજૂર થઈ નથી'

આ સાંભળી ફકીર તો આખી મસ્જિદમાં નાચવા લાગ્યો ! પાગલ બની ગયો !

એક મૌલવી બાજુમાં ઊભેલા એ કહે : 'અરે બેવકૂફ ! તારે તો રડવું જોઈએ. તું નાચે છે કેમ? વીસ વરસથી તું નમાજ પઢે છે અને ખુદાએ તારી એકેય નમાજ કબૂલી નથી તો તારે આંસુડાં પાડવાં જોઈએ અને તું હસે છે?'

ફકીરે જવાબમાં કહ્યું : 'આજે તો મારું જીવન ધન્ય થઈ ગયું ! મારી બંદલી કબૂલ થાય કે ન થાય, એની કોને પરવા છે? પરંતુ ખુદાને એટલી ખબર તો છે જ કે, હું નમાજ પઢી રહ્યો છું. મારે માટે તો એટલું બસ છે.' ફળ મળે કે ન મળે, એની શી જરૂર છે? હા, ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે, ખુદા અમને તારી સાથે મહોબ્બત છે, બંદગી સફળ.

**- મોરારી બાપુ**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**અદા કરવું** અર્પણ કરવું, **આકાશવાણી** આકાશમાંથી પ્રગટતી દેવવાણી, **પરવા** ચિંતા, ફિકર, **ઘોડાની નાળ** ઘોડાના પગે જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી. **ઘડતર** ઘડીને, ટીપીને બનાવેલી વસ્તુ, **મૂલ્ય** કિંમત, **કેડ** કમ્મર, **દોરવું** રસ્તો બતાવવો, દોરવણી કરવી

### વિરુદ્ધાર્થી

**નિયમિત** અનિયમિત, **મહોબ્બત** નફરત, **આકરું** સહેલું

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ફકીર કેટલા સમયથી નિયમિતપણે મસ્જિદમાં નમાજ પઢવા જતો હતો?

(A) દસ વરસથી (B) પંદર વરસથી

(C) વીસ વરસથી (D) બાર વરસથી

(2) ફકીર વીસમા વરસની અને સાંજની છેલ્લી નમાજ અદા કરતો હતો ત્યારે કઈ ઘટના બની?

(A) ફકીર મૃત્યુ પામ્યા (B) આકાશમાંથી વરસાદ વરસ્યો

(C) ફકીર રડવા લાગ્યો (D) આકાશવાણી થઈ

(3) 'ફળ મળે કે ન મળે, એની શી જરૂર છે? હા, ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે, ખુદા અમને તારી સાથે મહોબ્બત છે, બંદગી સફળ.' - આ વાક્ય ફકીર કોને કહે છે?

(A) ખુદાને (B) સંતાનોને

(C) સ્વજનોને (D) મૌલવીને

(4) ફકીરના પ્રેરક પ્રસંગના કર્તાનું નામ જણાવો

(A) મોરારિબાપુ (B) સ્વામી આનંદ

(C) સ્વામી સચ્ચિદાનંદ (D) રામાનંદ

(5) જીવનની સુગંધ પ્રસંગમાં માણસનો સર્વાંગી વિકાસ થાય તે માટે શેનું ઉદાહરણ આપવામાં આવ્યું છે?

(A) સોનાના ટુકડાનું (B) પત્થરના ટુકડાનું

(C) લોખંડનાં ટુકડાનું (D) લાકડાના ટુકડાનું

(6) બીજા પ્રસંગમાં નવી દુનિયા બનાવવા માટે લોકોમાં કયો ભાવ હોવો જોઈએ?

(A) આતિથ્યભાવ (B) ભ્રાતૃભાવ

(C) પિતૃભાવ (D) માતૃભાવ

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) નમાજ અદા કરનાર ફકીર કેમ ખુશ થાય છે?

(2) મૂલ્યઘડતરની વાત લેખક કયા ઉદાહરણથી કેવી રીતે સમજાવે છે?

(3) કોઈએ ડુંગર ચઢતી છોકરીને શું પૂછ્યું? છોકરીએ તેનો શો જવાબ આપ્યો?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

● અન્ય પ્રેરક પ્રસંગો મેળવી એક અંક બનાવો.

## ભાષા-અભિવ્યક્તિ

● શરતવાચક સંયોજક 'તો' અહીં ચાર વખત વાપરીને લેખકે જુદા જુદા પરિણામની શક્યતા બતાવી છે. અંતિમ વાક્યોમાં સારરૂપ સત્ય સમજાવવા 'તો' અને 'જ' નિપાત વપરાયા છે, તેની અસર જુઓ. અભિવ્યક્તિની આવી ખૂબીઓ અને રીતોનો અભ્યાસ કરો.

● 'ભાર' અને 'ભાઈ' શબ્દોમાં એક જ અક્ષરનો તફાવત છે. અહીં લાઘવથી, એક શબ્દના બદલાવથી બહેનની ભાઈ માટેની લાગણી સબળતાથી વર્ણવાઈ છે તે લાક્ષણિકતા નોંધો.

## શિક્ષકની ભૂમિકા

**(1)** કોઈ પણ વ્યક્તિ જેમ વધુ કેળવાય તેમ તેના વિચારો, વર્તન, વ્યવહાર, વાણી, ઉન્નત બને. તે સારો માણસ બને. તે જ સાચી કેળવણી. એટલે તો કહેવાયું છે કે કેળવે તે કેળવણી.

લોખંડના સાદા ટુકડાની ખાસ કિંમત નથી. તેને તેનો કારીગર જે બનાવે તે બનવાનું છે, જ્યારે મનુષ્ય (વિદ્યાર્થી) સ્વયં પોતાને શું બનવું છે તે નક્કી કરી તે મુજબ આગળ વધી શકે છે, તે માટે તે સક્ષમ છે તેથી શ્રેષ્ઠત્વ તરફ આગળ વધવું અને મૂલ્યવાન બનવું તે વાત વિદ્યાર્થીઓને જણાવવી.

**(2)** જ્યારે કોઈ કાર્ય આનંદથી કરો તો તે આનંદ પ્રદાન કરે છે, જ્યારે તેને ભારણ સમજીને કમને કરો છો ત્યારે તે વેઠ બની જાય છે. ભાઈ કે પરિવારના સભ્યો તરફની કર્તવ્યભાવનાનો સ્વીકાર થાય તો તે ભારરૂપ લાગવાને બદલે આનંદપ્રદ બને છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

પરિવારનું કેન્દ્રબળ સ્નેહ છે. સ્નેહને કારણે સૌ પરસ્પરની કાળજી લે છે એ મુખ્યભાવની ચર્ચા કરવી.

**(3)** 'कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ।'

ઘરે ઘરે લખાતું- બોલાતું, ગીતાના સારરૂપ આ વાક્ય ખૂબ ઓછા માણસો જીવનમાં આત્મસાત્ કરે છે. ફળની આશા રાખ્યા વિના કાર્ય કરો, ફળ આપોઆપ મળશે તેવી શ્રદ્ધા પેદા થાય તેવી ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી.

ઇચ્છિત મળે તે માટે ઇરાદાપૂર્વકની થતી બંદગી/ ભક્તિ પણ ઉચિત નથી. ઈશ્વર સદાય આપણી સાથે છે, આપણાં કાર્યો-કર્મોની નોંધ લે છે તેથી શ્રદ્ધાપૂર્વક હંમેશાં સારાં કાર્યો કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

●

# વ્યાકરણઃ સમાસ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત, અલંકાર

## સમાસ

નીચેનાં વાક્યો વાંચો :

- પોસ્ટમેન ટપાલ લઈને આવ્યો હતો.
- મારો ઉતારો પહેલે માળે ગેસ્ટરૂમમાં હતો.

આ વાક્યોમાં નીચેના શબ્દો છે.

Postman

Guestroom

આ શબ્દો વાંચો તો તેનો શો અર્થ સમજાય છે.

Postman - A man who brings post.

Guestroom - A room where a guest...

તમે Compound wordsથી પરિચિત છો. શા માટે આપણે આવા શબ્દો વાપરીએ છીએ ? મિત્રો, તમે નીચેનો સંવાદ જુઓ :

રોહન : આ વખતે આપણે પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાના છીએ.

રોહિત : તું પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાનો છે ?

રોહન : હા, હું પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાનો છું.

રોહિત : તું પહેલા એડલેબ્સ ઈમેજિકા ગયો છે ?

તમને થશે કે કોઈ આવી રીતે વાત કરતું હશે ? તો આ સંવાદ કેવો હોઈ શકે ? ચાલો જોઈએ.

રોહન : આ વખતે આપણે પ્રવાસમાં એડલેબ્સ ઈમેજિકા જવાના છીએ.

રોહિત : તું જવાનો છે ?

રોહન : હા, (હું જવાનો છું.)

રોહિત : તું પહેલા ગયો છે ?

તમને બીજો સંવાદ વધુ સહજ લાગે છે ? બરાબર. શા માટે આપણે આવી રીતે વાત કરીએ છીએ ? કારણ કે આપણી પાસે જે માહિતી હોય તેનું પુનરાવર્તન કરતા નથી. બિનજરૂરી લંબાણ સંવાદમાં કંટાળો લાવે છે, ગેરસમજ પણ પેદા કરી શકે છે.

તો આપણે અહીં શું કર્યું ? જે વાત વારંવાર ન કહીએ તો ચાલે એવું હોય તે વિગત જ કહીને, જણાવીને બિનજરૂરી પુનરાવર્તનને ટાળ્યું.

તમને ખ્યાલ આવ્યો હશે કે આ રીતે આપણે નવા શબ્દ બનાવીએ છીએ. શબ્દ ઘડતરની આ પ્રક્રિયાને 'સમાસરચના' કહે છે.

**નીચેનાં વાક્ય વાંચો :**

હવે ફળિયે જુવાર-બજારીની ચણ નાખનાર દાદા રહ્યા નથી.

તમે આ વાક્યનો શો અર્થ સમજ્યા ? આમાં બે વાક્ય સમજાયાં ?

- હવે ફળિયે જુવારની ચણ નાખનાર દાદા રહ્યા નથી.
- હવે ફળિયે બાજરીની ચણ નાખનાર દાદા રહ્યા નથી.

આમાં કેટલી વિગતોનું પુનરાવર્તન છે ? ‘હવે ફળિયે, -ચણ નાખનાર દાદા રહ્યા નથી.’ - બરાબર? તમે આ પુનરાવર્તન પામતી વિગતોને કોઈ એક વાક્યમાંથી કાઢી નાખ્યા અને બે જુદા પડતા શબ્દો ‘જુવાર’ અને ‘બાજરી’ ભેગાં કરીને ‘જુવારબાજરી’ પ્રયોગ કર્યો. આ ‘જુવારબાજરી’ તે સમાસ.

એટલે કોઈ પણ સમાસને જ્યારે સમજવો હોય, ઓળખવો હોય ત્યારે પહેલા તેની ‘ટાળેલી’ વિગતોને ઉમેરવી પડે. આપણે નીચે આપેલા કેટલાક સમાસની આ વિગતો ઉમેરવાનો પ્રયત્ન કરીએ.

રાત્રિશાળા, વેરઝેર, મધરાત.

‘રાત્રિશાળા’ એટલે ? તમને શો વિચાર આવ્ય ? ‘પ્રયોગ માટેની શાળા’ તે પ્રયોગશાળા, તો ‘રાત માટેની શાળા’ તે રાત્રિશાળા ? ‘રાતની પ્રવૃત્તિ શીખવાડતી શાળા’ ? કે ‘રાત્રે અભ્યાસ કરાવતી શાળા ?’

‘નવસર્જન’ એટલે ? ‘નવનું સર્જન’ ? ‘નવ વખત સર્જન’, ‘નવું સર્જન ?’

‘મધરાત’ એટલે ? ‘મધ જેવી મીઠી રાત’ ? ‘રાતનો મધ્ય ભાગ ?’

તમે જોઈ શકો છો કે માત્ર જો વિગત ઉમેરવાની હોય તો કદાચ આમાંની બધી વિગત તમે ઉમેરી શકો છો. પણ એ સમાસ બોલાય ત્યારે તમારા મનમાં કયો અર્થ ઝબકે છે, તે જોવું જોઈએ. જેમકે,

રાત્રિશાળા - રાત્રે અભ્યાસ કરાવતી શાળા

નવસર્જન - નવું સર્જન

મધરાત - મધ્ય રાત - રાતનો મધ્ય ભાગ

આ અર્થ સમજવાની, નહીં મૂકેલી મૂળ વિગતોને ઉમેરવાની પ્રક્રિયાને ‘સમાસવિગ્રહ’ કહીએ છીએ. પણ સમાસવિગ્રહ કરતાં પહેલાં જરૂરી છે કે એ શબ્દોને ઓળખી શકાય. જેમકે, ‘જીવનજંગ’ સમાસ છે, એવી ત્યારે ખબર પડે કે જ્યારે ‘જીવન’ અને ‘જંગ’ એવા બે શબ્દો ઓળખી શકાય. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. એમાંથી તમે સમાસ ઓળખી શકો ?

**(1)** જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

**(2)** તેમની સાથે લાગણીતંતુ બંધાઈ ગયો હતો.

**(3)** ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે.

**(4)** એને હોટલમાં કપરકાબી વીછળવાની નોકરી મળી ગઈ.

**(5)** પાણીધારે પાથરણાં પાથરી, ખાઈપીને આનંદ કરે છે.

ઉપરના વાક્યોમાં કયા શબ્દો સમાસ છે? (1) સદાકાળ, (2) લાગણીતંતુ, (3) વિશ્વવિખ્યાત (4) કપરકાબી (5) પાણીધાર બરાબર?

હવે, તમે એ સમાસના બન્ને શબ્દોને ઓળખી શકો છો?

| | |
|---|---|
| સદાકાળ-સદા, કાળ | લાગણીતંતુ - લાગણી, તંતુ |
| વિશ્વ વિખ્યાત - વિશ્વ, વિખ્યાત | કપરકાબી - કપ, રકાબી |
| પાણીધાર - પાણી, ધાર. | |

કારણ કે તમે સમાસના શબ્દોને ઓળખી શકશો તો તેનો અર્થ સમજી શકશો. બરાબર ને?

કેટલીક વાર સમાસના આ પદો સંધિથી જોડાયેલા પણ હોઇ શકે. તો તમારે સંધિ છૂટી પાડવી પડે, પછી બે શબ્દો ઓળખાય. જેમકે,

નરેન્દ્ર, સૂર્યોદય, શાળોપયોગી, મિથ્યાભિમાન, વિદ્યુલ્લતા, મુખારવિંદ, રાજર્ષિ

તમારે સમાસ ઓળખવા હોયતો તમારે આ સંધિ છૂટી પાડવી પડે. ચાલો, સાથે મળીને આ સંધિ છૂટી પાડીએ.

નરેન્દ્ર - નર + ઇન્દ્ર    સૂર્યોદય - સૂર્ય + ઉદય    શાળોપયોગી - શાળા + ઉપયોગી

વિદ્યુલ્લતા - વિદ્યુત + લતા    મિથ્યાભિમાન - મિથ્યા + અભિમાન    મુખારવિંદ - મુખ + અરવિંદ

રાજર્ષિ -રાજા + ઋષિ

જો સંધિ છૂટી પાડતા ન આવડે તો યોગ્ય શબ્દ જ ન મળે, પરિણામે સમાસની ખબર જ ન પડે તેવું બને. જેમ કે, તમે 'મુખારવિંદ'નું 'મુખાર + વિંદ' કરો કે 'મુખા + રવિંદ' કરો તો આવા કોઈ શબ્દ જ નથી. પરિણામે તેનો અર્થ નથી. તો વિગ્રહ કેવી રીતે થાય અને સમાસ કેવી રીતે ખબર પડે?

ક્યારેક એવું બને કે બે સરખા લાગતા શબ્દો હોય, પણ સંધિભેદ હોય અથવા ન હોય.

જેમ કે, સ્વાગત, સ્વસ્થ

'સ્વાગત' શબ્દમાં સંધિ છે – સુ + આગત. પરંતુ

'સ્વસ્થ' એટલે 'સુ + અસ્થ' નથી.

'સ્વસ્થ'માં 'સ્વ (પોતે) – સ્થ (રહેનાર) છે. તેથી 'સ્વાગત'માં સંધિવિગ્રહ થઈ શકે અને 'સ્વસ્થ'માં સમાસવિગ્રહ થાય.

**નોંધઃ** ગુજરાતીમાં અનેક સમાસ એવા છે, જેમાં સંસ્કૃત શબ્દો આવે છે. આવા શબ્દોના અર્થ ખબર હોય તો સમાસનો અર્થ ખબર પડી શકે. જેમ કે,

અહ્ન - દિવસ    (મધ્યાહ્ન)

આલય, નિકેતન - ઘર (ન્યાયાલય, આનંદનિકેતન)

આવલિ - હારમાળા    (નિયમાવલિ)

આઢ્ય - ભરપૂર (ગુણાઢ્ય)

હવે તમે વાક્યમાં સમાસ શોધી શકો? નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે તેમાં સમાસ શોધીને તેને વર્તુળ કરો.

(1) નદીકાંઠાના ખેતરોમાં ફરીને સૂડાઓ પાદરને લીમડે મુકામ કરતા.

(2) સ્વજનો ખડખડાટ હસી રહ્યા હતા.

(3) તમારી દેશ સેવાની વાત કરીશ.

(4) બાજુમાં તાડોબા અભયારણ્ય હતું.

(5) હિમાલય સાથેનો મારો નાતો આજકાલનો નથી.

સમાસ મળ્યા? 1. નદીકાંઠા, 2. સ્વજનો, 3. દેશસેવા, 4. અભયારણ્ય, 5. હિમાલય, આજકાલ.

**દ્વન્દ્વ સમાસ**

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમાસ નીચે રેખા દોરેલી જ છે. તમારે એ સમાસનાં પદ છૂટાં પાડવાનાં છે, તેમનો વિગ્રહ કરવાનો છે.

(1) <u>મોહમાયા</u>ના ફંદને ફગાવીશું.

(2) એને હોટલમાં <u>કપરકાબી</u> વીછળવાની નોકરી મળી ગઇ.

(3) કોઇનો <u>વંશવારસ</u> ન હોય તો તેનું ધન ધર્માદાનું જ ગણાય ને

(4) જીવનમાં <u>પાપપુણ્યના</u> સરવાળા સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

(5) બધા <u>પશુપંખી</u> ખુશીથી ભેગાં રહેતાં હતાં.

તમારે અધોરેખિત સમાસનો પહેલા અર્થ સમજવાનો અને પછી તેને આધારે વિગ્રહ કરવાનો છે તેમ આવો કોઇ અર્થ સમજો છો?

(1) મોહ અને માયાના ફંદને ફગાવીશું.

(2) એને હોટલમાં કપ અને રકાબી વીછળવાની નોકીર મળીગઇ.

(3) કોઈનો વંશ કે વારસ ન હોયતો તેનું ઘન ધર્માદાનું જ ગણાય ને

(4) જીવનમાં પાપ અને પુણ્યના સરવાળા સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

(5) બધા પશુ અને પંખી ખુશીથી ભેગાં રહેતાં હતાં.

આપણે શું કર્યું? વાક્ય વાંચતી વખતે સમાસ એક શબ્દ તરીકે વાંચ્યો પણ અર્થ સમજતી વખતે વધારે શબ્દો કે પદ સમજાયાં. આ સમજણને આધારે સમાસનો વિગ્રહ થાય. ઉપર આપેલા અર્થઘટન અનુસાર સમાસનો વિગ્રહ કરીએ.

| **સમાસ** | **વિગ્રહ** |
|---|---|
| મોહમાયા | મોહ અને માયા |
| કપરકાબી | કપ અને રકાબી |
| વંશવારસ | વંશ કે વારસ |
| પાપપુણ્ય | પાપ અને પુણ્ય |
| પશુપંખી | પશુ અને પંખી |

વિગ્રહ કર્યો તો સમાસનો પ્રકાર ખબર પડી? તમે તો સમાસ અગાઉ ભણી ગયા છો. તો જ્યારે સમાન વ્યાકરણી મોભો ધરાવતા બે પદ જોડાય અને તેનો ‘અને’, ‘કે’, ‘અથવા’થી વિગ્રહ થાય ત્યારે તેને ‘દ્વન્દ્વ’ સમાસ કહે છે. અહીં ‘મોહ, માયા’ બન્ને સંજ્ઞા છે. ‘કપ’ અને ‘રકાબી’ પણ સંજ્ઞા છે, તેમનો વિગ્રહ ‘અને’થી થયો છે તો ‘વંશ’, ‘વારસ’- નો વિગ્રહ ‘કે’થી કર્યો છે. તેથી આ દ્વન્દ્વ સમાસ છે.

**તત્પુરુષ સમાસઃ**

હવે, નીચેના વાક્યો વાંચો. હવે નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમાસ નીચે રેખા દોરેલી જ છે. તમારે એ સમાસનો વિગ્રહ કરવાનો છે.

(1) રોજરોજ સાંજવેળાએ મોડે સુધી આ ઘાટમેળા જામ્યા રહે છે.

(2) તેમની સાથે લાગણીતંતુ બંધાઈ ગયો હતો.

(3) હરદ્વારમાં હજારો કિંમતી ગ્રંથોવાળું ગ્રંથાલય પણ સ્થપાયું છે.

(4) ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે.

(5) પ્રાણીઓ રોગમુક્ત અને તંદુરસ્ત રહે છે.

સમાસ ધ્યાનથી વાંચ્યા? અર્થઘટન કર્યું? ચાલો, સાથે મળીને અર્થઘટન કરીએ.

(1) રોજરોજ સાંજની વેળાએ મોડે સુધી આ ઘાટમેળા જામ્યા રહે છે.

(2) તેમની સાથે લાગણીનો તંતુ બંધાઈ ગયો હતો.

(3) હરદ્વારમાં હજારો કિંમતી ગ્રંથોવાળું ગ્રંથનું આલય પણ સ્થપાયું છે.

(4) ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વમાં વિખ્યાત છે.

(5) પ્રાણીઓ રોગથી મુક્ત અને તંદુરસ્ત રહે છે.

તો વિગ્રહ ચકાસીએ?

સાંજવેળા - સાંજની વેળા

લાગણીતંતુ- લાગણીનો તંતુ

ગ્રંથાલય - ગ્રંથનું આલય

વિશ્વવિખ્યાત - વિશ્વમાં વિખ્યાત

રોગમુક્ત - રોગથી મુક્ત

અહીં આપણે વિગ્રહ કરતી વખતે '-ની, -નો, -નું, -માં, -થી'– વગેરે વિભક્તિપ્રત્યય ઉમેર્યા. જે સમાસનું પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિથી જોડાયેલું હોય તેને **તત્પુરુષ સમાસ** કહે છે. સામાન્ય રીતે તેનું ઉત્તરપદ મુખ્ય અને પૂર્વ પદ ગૌણ હોય છે. આ પદનો વિગ્રહ કરતી વખતે વિભક્તિપ્રત્યયો અથવા નામયોગી ઉમેરાય છે. એટલે કે આ સમાસને સમજવા માટે વિભક્તિપ્રત્યયોની ખબર હોવી જરૂરી છે. આમ તો તમે વિભક્તિપ્રત્યય જાણો જ છો. પણ નીચેના કોઠા પર નજર નાખીને એકવાર ઝડપથી યાદ કરી લઈએ.

| વિભક્તિ | સંબંધ | વિભક્તિપ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|---|
| દ્વિતીયા | કર્મ | શૂન્ય, –ને | સ્નેહાધિન, નિદ્રાવશ, રામશરણ, આદરપાત્ર |
| તૃતીયા | કરણ (સાધન) | -થી, વડે | હસ્તલિખિત, શોકગ્રસ્ત, કલેશયુક્ત, ક્ષુધાતુર |
| ચતુર્થી | તાદર્થ્ય (તે માટે) | માટે | શયનગૃહ, ખિસ્સા ખર્ચ, દેશપ્રેમ, યજ્ઞવેદી |
| પંચમી | અપાદાન (છૂટા પડવું) | -થી, થકી, -એ, | ધર્મભ્રષ્ટ, ઋણમુક્ત, ગર્ભશ્રીમંત, કર્તવ્યચ્યુત |
| ષષ્ઠી | સંબંધ | -ન, -(ઓ,ઇ,ઉ,આ) | ફૂલહાર, પ્રભુપ્રતિમા, શિવાલય, ગણેશવંદના |
| સપ્તમી | અધિકરણ (સ્થાન) | -માં, -એ, પર | વ્યવહારકુશળ, વનવાસ, વિચારમગ્ન |

(નોંધઃ સામાન્ય રીતે 'આતુર'નો અર્થ 'ખૂબ ઉત્સુક, ઉત્કંઠિત' થતો હોય છે. પરંતુ, 'આતુર' શબ્દના 'અધીરું', 'તૈયાર', 'બિમાર' જેવા અન્ય અર્થો પણ થાય છે. તેમાં 'પીડાતું, દુઃખી' અર્થનો પણ સમાવેશ થાય છે. 'ચિંતાતુર, શોકાતુર' આદિ સમાસમાં 'આતુર' આ 'પીડાતું, દુઃખી'ના અર્થમાં પ્રયોજાય છે.)

આ કોઠામાં વિભક્તિપ્રત્યય ઉપરાંત કેટલાંક ઉદાહરણ પણ આપ્યાં છે. જેથી આ સમાસ વધુ સ્પષ્ટ થાય.

**કર્મધારય સમાસ :**

હવે નીચેનાં વાક્ય વાંચો. તમને ખબર છે ને કે શું કરવાનું છે? અધોરેખિત સમાસનો વિગ્રહ કરો.

(1) <u>પરદેશની</u> એ ગુજાતી બાળાઓને એ પ્રાર્થના આવડતી ન હતી.

(2) એમનું આખુંય અસ્તિત્વ પોતાના બાળકોના સંસ્કારની આસપાસ <u>મહાકવચ</u> બનીને વિચરતું હતું.

(3) ઘણા <u>પરમેશ્વર</u> એ ક્યાંની વાત.

આ સમાસનો વિગ્રહ કરીએ?

પરદેશ - પર (અન્ય) દેશ

મહાકવચ - મહા કવચ

પરમેશ્વર - પરમ ઈશ્વર

તમે જોઈ શકો છો કે અહીં વિગ્રહમાં આપણે કશું જ ઉમેર્યું નથી. માત્ર બે શબ્દોને જુદા જ કર્યાં છે. થોડું ધ્યાનથી વાંચશો તો ખ્યાલ આવશે કે અહીં પહેલું પદ વિશેષણ છે અને બીજું પદ વિશેષ્ય (સંજ્ઞા) છે. આ સમાસને 'કર્મધારય' સમાસ કહેવાય છે.

હવે નીચેનાં વાક્ય વાંચો.

(4) વરસાદ સાંબેલાધાર પડતો હતો.

(5) ઉત્સાહી તરવૈયા યુવાનો ગંગાના ઠંડાગાર મસ્ત વેગીલા પ્રવાહમાં તરવા પડે છે.

(6) સંસારસાગર મહાજળ ભરિયો, તમે તરી શકાય તો તરજો,

આ સમાસનો વિગ્રહ કરીએ?

સાંબેલાધાર- સાંબેલા જેવી ધારા

ઠંડાગાર - ગાર (માટી) જેવું ઠંડુ

સંસારસાગર- સંસાર રૂપી સાગર

અહીં તમે જોયું કે આપણે બે શબ્દોની તુલના કરી છે અથવા એક બાબતને અન્યરૂપે રજૂ કરી છે. જેમ કે, 'સંસાર'ને 'સાગર' રૂપે મૂકીને, એટલે કે 'સંસાર' અને 'સાગર' જાણે એક જ છે. ગંગાનું પાણી અત્યંત ઠંડું છે. તેની ઠંડકની સરખામણી ભીની માટી - ગાર સાથે કરી છે. તો 'સંસાર'ની વિશાળતા, તેમાં આવતાં મોજા. તોફાનો આદિને કારણે જાણે તે 'સાગર' હોય, 'સંસાર' એ જ 'સાગર' હોય તે રીતે રજૂ કરવામાં આવ્યો છે.

જ્યારે સમાસના બે પદવચ્ચે આ પ્રકારના સરખામણીનો કે અભેદત્વનો સંબંધ હોય (ઉપમેય - ઉપમાનનો સંબંધ હોય) ત્યારે પણ તેને 'કર્મધારય' સમાસ કહે છે. આ પ્રકારના અન્ય ઉદાહરણ જોતાં વધુ સ્પષ્ટતા થશે.

| | |
|---|---|
| નરકેસરી - કેસરી (સિંહ જેવો નર) | નરપશુ- પશુ જેવો નર |
| હૃદયસરોવર - હૃદય રૂપી સરોવર | જ્ઞાનદીપ - જ્ઞાન રૂપી દીપ |
| વજ્રદેહ - વજ્ર જેવો દેહ | વ્યોમસર - વ્યોમ (આકાશ) રૂપી સરોવર |
| કડવુંઝેર - ઝેર જેવું કડવું | જીવનનૌકા - જીવનરૂપી નૌકા |

**ઉપપદ સમાસઃ**

હવે નીચેનાં વાક્યોવાંચો. અધોરેખિત સમાસને સમજો.

(1) જમીનને વણખેડયે પોચી રાખતાં પેલાં જમીનખેડૂ અળસિયાં ય નથી બચ્યાં.

(2) પડખે બેઠેલા કાર્યકર્તા સાથે મસલત કરી લે છે.

(3) નાયકો પણ સંસ્કારપૂજક હતા.

(4) સ્વર્ગસ્થ શેઠ નંદનંદનન સાથે મારો સંબંધ દાયકા જૂનો.

(5) મારા હિતેચ્છુઓએ મારી દયા ખાઇને મારા દુઃખનો ભાર ઓછો કરવા કાળજી રાખી હતી.

આ સમાસોનો વિગ્રહ કરીએ.

જમીનખેડૂ- જમીન ખેડનાર

કાર્યકર્તા - કાર્ય કરનાર

સંસ્કારપૂજક - સંસ્કાર પૂજનાર

સ્વર્ગસ્થ - સ્વર્ગમાં 'સ્થ'- રહેનાર

હિતેચ્છુ - હિચ ઇચ્છનાર

અહીં તમે જોઈ શકો છો કે સમાસનું છેલ્લું પદ કોઇ ક્રિયાસૂચક નામ છે. જે સમાસનું ઉત્તરપદ ક્રિયાવાચી નામ હોયતેને ઉપપદ સમાસ કહે છે. આવા સમાસના અન્ય ઉદાહરણ જોઈએ.

| | |
|---|---|
| ગોપાળ- ગાયોને પાળનાર | રક્ષક - રક્ષા કરનાર |
| તટસ્થ - તટ (કિનારે) રહેનાર | ધૂરંધર - ધૂરાને ધારનાર |
| જીવરખું - જીવ રાખનાર | ઘરભંગ - ઘરનો ભંગ થવો તે, તૂટવું તે |

ગુજરાતીમાં કેટલાક સંસ્કૃત સમાસ પણ પ્રયોજાય છે. તેમાં ઉપપદ સમાસનો પણ સમાવેશ થાય છે. એટલે કે આ તત્સમ સમાસનું ઉત્તરપદ પણ સંસ્કૃત ક્રિયાવાચી નામ હોયતે સ્વાભાવિક છે. આવા કેટલાક સંસ્કૃત ક્રિયાવાચી નામનો પરિચય નીચેના કોઠામાં સોદાહરણ જોઈ શકાશે.

| સંસ્કૃત | ક્રિયારૂપ | અર્થ | ઉદાહરણ |
|---|---|---|---|
| જ્ઞ | જાણનાર | | મર્મજ્ઞ, સર્વજ્ઞ, સુજ્ઞ, તજજ્ઞ, કૃતજ્ઞ |
| ઘ્ન | હણનાર | | કૃતઘ્ન |
| જ | જન્મનાર | | અનુજ, સરોજ, અનુજ, પંકજ, ક્ષિતિજ |
| જા | જન્મનાર | | ગિરિજા, શૈલજા, હિમજા, તનુજા |
| દ | દેનાર | | દુઃખદ, સુખદ, નીરદ. |
| દા | દેનાર | | કીર્તિદા, યશોદા, પ્રેમદા,મોક્ષદા, અભયદા |
| ક | કરનાર | | સહાયક, ઉદ્ધારક, સંચાલક, પ્રેક્ષક, મોહક |
| કર | કરનાર | | ભયંકર, દિવાકર, સુધાકર, શાંતિકર |
| કાર | કરનાર | | ગ્રંથકાર, કુંભકાર, કૃષિકાર, સુવર્ણકાર |
| પાલ | પાળનાર | | ગોપાલ, મહિપાલ, રાજ્યપાલ, ગ્રંથપાલ |
| સ્થ | રહેનાર | | ગૃહસ્થ, સ્વસ્થ, કંઠસ્થ, તટસ્થ, મંચસ્થ |
| ધર | ધારનાર | | ફણીધર, મુરલીધર, ગદાધર, ધુરંધર |
| ધરા | ધારનાર | | વસુંધરા, યશોધરા |
| સર | સરનાર | | અગ્રેસર, અપ્સરા |
| ચર | ફરનાર | | નિશાચર, અનુચર, ખેચર, વનચર |
| હર | હરનાર | | મનોહર, ચિત્તહર |

આ પ્રકરણમાં આપણે સમાસની ચર્ચા કરી. તમે નીચેના વાક્યો વાંચો. અને આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સમાસ નથી. તે જણાવો.

(1) ગંગા, જમના, સિંધુ, સતલજનું ઉદ્‌ગમસ્થાન હિમાલયાનો ઉત્તરાખંડ હિંદુ પુરાણોમાં બહુ ગવાયો છે.

(ક) પુરાણો (ખ) ઉદ્‌ગમસ્થાન (ગ) હિમાલય (ઘ) ઉત્તરાખંડ

(2) સ્વર્ગથી યે શ્રેષ્ઠ જન્મદાત્રી જનનીની જોડાજોડ જન્મભૂમિને મૂકવાની કલ્પના આર્યલોકમાં ઉદય પામી.

(ક) જન્મદાત્રી (ખ) જનની (ગ) જન્મભૂમિ (ઘ) આર્યલોક

(3) સંધ્યાઆરતીના ઘંટારવ, નગારાં ને શંખનાદ બધે સામટાં ગુંજી ઊઠે.

(ક) સંધ્યાઆરતી (ખ) ઘંટારવ (ગ) નગારાં (ઘ) શંખનાદ

(4) નંદનંદનનો રાષ્ટ્રપ્રેમ, જ્વલંત દેશભક્તિ, એમની સિદ્ધાન્તનિષ્ઠા અપ્રતિમ હતાં.

(ક) નંદનંદન (ખ) રાષ્ટ્રપ્રેમ (ગ) જ્વલંત (ઘ) સિદ્ધાન્તનિષ્ઠા

(5) બજારમાં પૂજાપો, દર્ભાસન, ઓરસિયા, તુલસીમાળા, રુદ્રાક્ષમાળા, જાત્રામાર્ગની ચોપડીઓ, મૂર્તિઓ, ચિત્રો વગેરે વેચાય છે.

(ક) પૂજાપો (ખ) દર્ભાસન (ગ) તુલસીમાળા (ઘ) જાત્રામાર્ગ

આટલી બધી સમાસની ચર્ચા કર્યાપછી કયો વિકલ્પ સમાસ નથી, તે ઓળખવામાં કોઈ તકલીફ તો નથી પડી ને ચાલો ઉત્તર જોઈએઃ

(1). (ક) (2) (ખ) (3) (ગ) (4) (ગ) (5) (ક) - સાચા વિકલ્પ પસંદ કર્યા હતા ને!- સરસ-

મિત્રો, આપણે આ પ્રકરણમાં દ્વન્દ્વ, તત્પુરુષ, કર્મધારય તથા ઉપપદ સમાસ વિશે અભ્યાસ કર્યો છે. તો હવે

નીચેનાં વાક્યોમાં અધોરેખિત સમાસનોપ્રકાર જણાવશો?

(1) ઉપનિષદની એ પ્રાર્થના વિશ્વવિખ્યાત છે.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(2) નંદનંદન જીવનમાં આપ બેળે આગળ આવેલા.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(3) હર કી પૈડી પર અબોલ ધર્મભાવનાનું વાતાવરણ છવાયેલું રહે છે.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(4) શેઠે એને ચાયપાઉ તરીકે આજુબાજુની કીટલી ફેરવતો કરી દીધો.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(5) નવસર્જનની વાટે વિહરતા

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

ઉત્તર : (1) (ખ) તત્પુરુષ (2). (ગ) કર્મધારય (ગાર - માટી જેવું - ઠંડું) (3) (ખ) તત્પુરુષ (4) (ઘ) ઉપપદ (5) (ગ) કર્મધારય

તમારા અભ્યાસક્રમ ઉપરાંત અન્યઅખબાર, સામિયક કે પુસ્તક વાંચતી વખતે તમે જોઈ શકશો કે 'સમાસ' દ્વારા કેવી સચોટ અને સહજ અભિવ્યક્તિ થઈ શકે છે.

## શબ્દસમૂહ માટે એક શબ્દ

નીચેનું વાક્ય વાંચો :

બાજુમાં તાડોબા નામનો પશુપક્ષીઓ નિર્ભય રીતે ફરી શકે તેવો આરક્ષિત વિસ્તાર હતો.

જો આ વાત આમ કહેવાયતો -

બાજુમાં તાડોબા નામનું અભ્યારણ હતું.

ક્યારેક વાત વિસ્તારથી કહેવાય તો વધુ સ્પષ્ટ થાય છે તો ક્યારેક લાઘવથી કહેવાય તો વધુ સ્પષ્ટ થાયછે. અહીં લાઘવથી કહેતાં વધુ સ્પષ્ટતા અનુભવાય છે. જ્યારે કોઈ વાત સંક્ષેતમાં કહેવી હોય ત્યારે આપણે આ યુક્તિ અજમાવીએ છીએ. શબ્દસમૂહ કે પદસમૂહ દ્વારા જે અર્થનો નિર્દેશ થતો હોય તે અર્થને કોઇ એક જ શબ્દ દ્વારા રજૂ કરીએ છીએ. અહીં આવા કેટલાક શબ્દસમૂહનો પરિચય મેળવીએ. જેને એક શબ્દમાં મૂકતા વાત લાઘવથી, સંક્ષેપમાં કહી શકાય.

સ્થિતપ્રજ્ઞ - જે સ્થિર બુદ્ધિ ધરાવે છે તે, જ્ઞાની
નાન્દી - વસ્તુનિર્દેશવાળો નાટકનો પ્રારંભનો શ્લોક
મસલત - અસરપરસ કરેલી ચર્ચા વિચારણા
રંગમંચ - નાટકની ભજવણી માટેનું સ્થાન
અમાનત - સાચવી રાખવા સોંપેલી થાપણ
તાકો - ફાડ્યા વિનાનું લાંબુ લૂગડાનું થાન
વાર - ત્રણ ફૂટ જેટલું માપ
ગાગર - પાણી ભરવાનું સાંકડા મોંનું વાસણ
કેડી - સાંકડો પગરસ્તો
ડચકારો - ગાય, ભેંસ આદિ પ્રાણીને હાંકતા કરાતો અવાજ
લહાણી - શુભ પ્રસંગે ભેટની વહેંચણી
ઉચાપત - ખોટી રીતે પડાવી લેવું

ચબૂતરો - પંખીઓને દાણા નાખવાની, ઊંચી જગ્યા
અભયારણ્ય - પશુપક્ષીઓ નિર્ભય રીતે ફરી શકે તેવો આરક્ષિત વિસ્તાર
કલ્પવૃક્ષ - ઈચ્છા અનુસાર આપનાર વૃક્ષ
સ્વયંવર - કન્યા પોતે વર પસંદ કરે તે
સંપેતરું - કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ, ભેટસોગાતની ચીજ
કંજૂસ - ખપ કરતાં ઓછો ખર્ચ કરનાર
ઉડાઉ - ખપ કરતાં વધારે ખર્ચ કરનાર
કરકસર - જરૂરી ખર્ચ જ કરવું - થવા દેવું તે
પારસમણિ - જેના સ્પર્શથી લોખંડ સોનું બની જાય તેવો મણિ
ક્ષિતિજ - જ્યાં પૃથ્વી અને આકાશ અડે છે તેવી કલ્પિત રેખા
અનામિકા - ટચલી આંગળી પાસેની આંગળી
અનાથાશ્રમ - નિરાધાર બાળકોને રહેવાનું સ્થળ
શિલાલેખ - પથ્થર ઉપર કોતરેલો લેખ
પુરોગામી - પહેલાના સમયમાં થઈ ગયેલું
આત્મકથા - પોતાને હાથે લખાયેલું પોતાનું જીવનવૃત્તાંત
શહીદ - યુદ્ધમાં પ્રાણ અર્પણ કરનાર
ઉપનામ, તખલ્લુસ - લેખકે ધારણ કરેલું બીજું નામ
મરજીવો - સમુદ્રમાંથી ડૂબકી મારી મોતી કાઢનાર
કામચોર - સોંપેલા કામમાં ઓછું કરવાની વૃત્તિવાળું
શેખચલ્લી - હવાઈ કિલ્લા બાંધનાર

મિત્રો, જ્યારે તમે નિબંધ કે અર્થવિસ્તાર લખો કે સંક્ષેપીકરણ કે સારાંશલેખન કરો ત્યારે તમે આ અને આવા શબ્દોનો પ્રયોગ કરી શકો. તેનાથી તમારું લખાણ વધુ સમૃદ્ધ લાગશે.

## રૂઢિપ્રયોગ

નીચેનાં વાક્યો વાંચો :

(1) અહીં સાયકલ રીપેર કરવામાં આવે છે. (2) અહીં ટાયર પંક્ચર કરવામાં આવે છે.

જ્યારે તમે પહેલું વાક્ય વાંચો છો ત્યારે જે કહેવાયું છે તે જ સમજો છો/ કે એ દુકાન પર સાયકલ રીપેર કરવાનું કામ થાય છે. પણ જ્યારે બીજું વાક્ય વાંચો છો / ત્યારે તમે શું સમજો છો ? શું ત્યાં તમે ટાયરને 'પંક્ચર' કરાવવા જશો કે 'પંક્ચર થયેલા ટાયર'ને રીપેર કરાવવા જશો? એટલે કે, ભલે એવું લખાયું હોય કે અહીં ટાયર પંક્ચર કરવામાં આવે છે. પણ તમે એનો અર્થ એવો જ સમજો છો કે પંક્ચર થયેલું ટાયર ત્યાં રીપેર થાય છે. તમે આવું સમજો છો તેનું કારણ રૂઢિ છે. આપણે આવા અનેક અર્થ રૂઢિને કારણે, પરંપરાથી મળેલા વિશેષ અર્થને આધારે મેળવીએ છીએ. ભાષામાં આવા અનેક રૂઢિપ્રયોગ છે.

દરેક ભાષામાં રૂઢિપ્રયોગ પ્રયોજાતા હોય છે. આ રૂઢિપ્રયોગ સમાજ, સંસ્કૃતિ, વિશેષ ભાષાવપરાશ આદિને કારણે રૂઢ થતા હોય છે. નીચે કેટલાક રૂઢિપ્રયોગો આપ્યા છે તમે જોઇ શકશો કે જુદી જુદી ભાષામાં પણ સમાંતર રૂઢિપ્રયોગ પ્રયોજાય છે.

| ગુજરાતી | हिन्दी | English |
|---|---|---|
| અણીના વખતે | एन वक्त पर | In the nick of time |
| આકાશના તારા તોડવા | आसमान के तारे तोडना | To make bricks without straw. |
| આબરુ લીલામ થવી | आबरु नीलाम होना | To ruin one's reputation |
| આંખની કીકી | आँख का तारा | Apple of one's eye. |

| | | |
|---|---|---|
| ઓલામાંથી ચૂલામાં પડવું | आसमाँ से टपके, खजूर में अटके | Out of the frying pan, in to the fire |
| કક્કો ખરો કરવો | ज़िद पर अड़ें रहना | Harp on the same straing. |
| કાન ભંભેરવા | कान भरना | To Poison someone's ear |
| કાણાને કાણો કહેવો | कालें को काला कहना | To call a spade, a spade |
| કાગનો વાઘ કરવો, | | |
| રાઈનો પર્વત કરવો. | राई का पहाड़ बनाना | Make a mountain out of a mole hill. |
| ખબર લઇ નાખવી | खिटया खड़ी कर देना | To take someone to task |
| ગલ્લાંતલ્લાં કરવાં | बहाने बनाना | To dodge an issue. |
| તલવારની ધાર પર ચાલવું | तलवार की धार पर चलना | To walk on a tight rope |
| દોરી સંચાર કરવો. | नाच नचाना | To pull the strings. |
| પડતા પર પાટુ મારવું | गिरते को गिरना | Add insult to injury. |
| પોતાનું ગાણું ગાવું. | अपने मुँह मियाँ मिट्ठु बनाना | To blow one's trumpet |
| માથું મારવું | हस्तक्षेप करना | To pock one's nose |
| મિજાજ ગુમાવવો | आपा खो बैठना | To lose one's tempure |

**ગુજરાતી ભાષાના આવા કેટલાક રૂઢિપ્રયોગો જોઈએ :**

અંતરમાં ઓછું લાવવું - હૃદયથી દુઃખી થવું

ડોળ કરવો- બનાવટ કરવી

વાત વણસી જવી - વાત બગડી જવી

પેંગડામાં પગ ઘાલવો - બરોબરી કરવી

આકાશ-પાતાળ એક કરવા - કોઇ પ્રયાસ બાકી ન રાખવો

આગ લાગે ત્યારે કૂવો ખોદવો - ખરેખરી મુશ્કેલી આવે ત્યારે ઉપાય શોધવો

આંખ આડા કાન કરવા - ધ્યાન ન આપવું, ન ગણકારવું

આંખમાં ધૂળ નાખવી - છેતરવું

એકના બે ન થવું - પોતાની વાત ન છોડવી

કાન ભંભેરણી કરવી - કોઈના વિરુદ્ધ ઉશ્કેરવા

કાડું કાપી આપવું - પોતાની વિરુદ્ધમાં જઈ શકે તેવી લેખિત કબૂલાત આપવી

ચોળીને ચીકણું કરવું - વાતનું નિરર્થક લંબાણ કરવું

જીભ ન ઉપડવી - બોલી ન શકવું

જીભના કૂચા વળવા - કહી કહીને થાકી જવું

દહીંદૂધમાં પગ રાખવો - બન્ને પક્ષમાં રહેવું

પથ્થર પર પાણી - વ્યર્થ જવું

પાણી પહેલાં પાળ બાંધવી - મુશ્કેલી આવે તે પહેલાં ઉપાય કરવો

બાજી ધૂળમાં મેળવવી - કોઈની યોજના ઊંધી વાળી દેવી

બારમો ચંદ્રમા હોવો - અણબનાવ હોવો

મોં ચડવું - રીસ ચડવી

લોહી ઊકળી ઊઠવું - ખૂબ ઉશ્કેરાઈ જવું

વજ્રપાત થવો - મોટો આઘાત લાગવો

હાથ ધોઈ નાંખવા - આશા મૂકી દેવી

હાહાકાર વર્તાઈ રહેવો - ગભરાટ ફેલાઈ જવો

હૈયે ટાઢક વળવી - મનમાં નિરાંત થવી

## કહેવત

**નીચેની કહેવત વાંચો :**

બોલે તેનાં બોર વેચાય

તમે આ કહેવત વાંચો અને તરત સમજાઈ જાય કે જો તમારે કાંઈ વેચવું હશે તો તમારે તેના વિશે બોલવું પડશે, એની જાહેરાત કરવી પડશે. અર્થાત્ જે બોલશે, તેનું કામ દેખાશે. અથવા નીચેની કહેવત વાંચો :

ભાવતું હતું ને વૈદે કહ્યું.

અર્થાત્ સામાન્ય રીતે ડોક્ટર કે વૈદ પાસે જવાનું થાય ત્યારે તેમની કડવી દવાની બીક લાગતી હોય છે. તેઓ 'આ જ ખાવ, આ ન ખાવ' વગેરે જેવી પરેજી પાળવાનું કહેશે તેવી બીક, લાગણી હોય છે પણ તેના બદલે જો દાંતમાંથી લોહી નીકળે અને ડોક્ટર કહે કે 'આઈસક્રીમ ખાવ' તો એવા દર્દની તકલીફ નથી થતી. ઉલટું, એના કારણે કહી શકાય કે 'મારે આઈસક્રીમ ખાવો છે, મને ડોક્ટરે કહ્યું છે', અર્થાત્ જે કરવું ગમે છે, તે જ કરવાની સલાહ મળે.

એટલે કે, તમે જોઈ શકો છો કે કહેવત એક લાંબા વાક્ય જેવી હોય છે અને તેના દ્વારા ઘણું બધું કહી શકાય છે. સૂચવી શકાય છે. આ કહેવત કોઇ પણ ભાષાનો અનેરો ખજાનો હોય છે. આ કહેવતોમાં ઊંડી સમજ છૂપાયેલી હોય છે. તમને ખબર છે કે દરેક ભાષામાં કહેવતો હોય છે અને તમે ધ્યાનથી વાંચો તો તમને એ પણ ખ્યાલ આવશે કે દરેક ભાષામાં વધતે-ઓછે અંશે માનવમન, સમાજ આદિના પ્રતિબિંબ ઝીલતી કહેવતો હોય છે. તેથી જુદી ભાષાની હોવા છતાં આપણને કહેવતોમાં સામ્ય જોવા મળે છે. નીચેના કોઠામાં આપેલી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી કહેવત જુઓ, આપોઆપ વાત સ્પષ્ટ થઈ જશે.

| ગુજરાતી | हिन्दी | English |
|---|---|---|
| સોબત તેવી અસર | जैसा संग वैसा रंग | A man is known by the company he keeps |
| સો દહાડા સાસુના, તો એક દહાડો વહુનો | सो सुनारकी एक लुहार की | Every dog has his day. |
| સૌ સારુ જેનો અંત સારો | अंत भले का सब भला | All is well that ends well. |
| વાવે તેવું લણે | बोया पेड बबुल का, आम | As you sow, so you reap. |
| | कहां से खाय | |
| રાંધ્યા પછીનું ડહાપણ | अब पछतायें होत क्या, | To lock the stable, when the steed is stolen |
| | जब चिड़िया चुग गई खेत | |
| માણસ ધારે છે કાંઇ અને ઇશ્વર કરે છે કાંઇ | इन्सान सोचता कुछ और है, और होता कुछ और है । | Man proposes, God disposes |
| મન હોય તો માળવે જવાય. | मुराद हो तो मंज़िल मिले । | Where there is will, there is a way. |
| પૂછતો નર પંડિત થાય. | पूछे सो पंडित होय । | He that nothing questions, nothing learns. |
| પારકી આશ સદા નિરાશ | आस पराई, कभी | Self help is the best help. |
| | बर न आई | |
| નાચવું નહીં ને આંગણું વાંકું | नाच न जाने, आंगन टेढ़ा। | A bad workman quarrels with his tools. |
| ધીરજનાં ફળ મીઠાં. | सब्र का फल मीठा । | Patience pays. |
| તેજીને ટકોરો ને ગધેડાંને ડફણાં | समझदार को इशारा काफी | A word to wise is enough. |
| ટીપે ટીપે સરોવર ભરાય. | बुंद बुंद सागर भरे । | Little strokes fell great oaks. |
| જેવો દેશ તેવો વેશ | जैसा देश, वैसा वेश | Do in Roam, as the Romans do. |
| જેવા સાથે તેવા | जैसे के साथ तैसा | Tit for tat. |
| જીવતો નર ભદ્રા પામે. | जान है तो जहान है । | While there is life, there is hope |
| ભસતાં કૂતરાં કરડે નહીં. | भौंके सो काटे नाहीं । | Braking dogs, seldom bite. |

| | | |
|---|---|---|
| ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર | खोदा पहाड और | Much ado about nothing. |
| | नीकला चूहा । | |
| ઊજળું એટલું દૂધ નહીં.<br>અધૂરો ઘડો છલકાય ઘણો | जो पीला सो सोना नहीं<br>अधजल गगरी,<br>छलकत जाय । | All thatglitters is not gold.<br>Empty vessels makes most noise. |

મિત્રો તમને ખબર છે કે, એક જ અથવા સરખા અર્થ ધરાવતી કહેવતો પણ હોય છે. જુઓ, નીચેની સમાનાર્થી કહેવતો વાંચો.

| | |
|---|---|
| ગાજ્યા મેહ વરસે નહીં | ભસતાં કૂતરાં કરડે નહીં. |
| ચળકે એટલું સોનું નહીં | ઊજળું એટલું દૂધ નહીં. |
| ધીરજનાં ફળ મીઠાં | ઉતાવળે આંબા ન પાકે. |
| અધૂરો ઘડો છલકાય ઘણો | ખાલી ચણો વાગે ઘણો |
| કૂમળું ઝાડ વાળીએ તેમ વળે. | પાકે ઘડે કાંઠા ન ચડે. |
| તરત દાન ને મહાપુણ્ય | ધરમના કામમાં ઢીલ નહીં. |
| ધોબીનો કૂતરો, ન ઘરનો ન ઘાટનો | બે ઘરનો પરોણો ભૂખે મરે. |
| વસુ વિના નર પશુ | નાણા વિનાનો નાથિયો, નાણે નાથાલાલ |
| હૈયું બાળવું તે કરતાં હાથ બાળવા સારા. | આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય. |
| ઝાઝા હાથ રળિયામણાં | ઝાઝી કીડી સાપને તાણે. |

મિત્રો, મઝાની વાત એ છે કે સમાજમાં વિરોધી બાબતો હોય છે, પરિસ્થિતિ અનુસાર જુદા નિર્ણયો લેવાતા હોય છે. કહેવતો આવી વિરોધી બાબતોનું પણ પ્રતિબિંબ ઝીલે છે. જેમ કે,

બોલે તેના બોર વેચાય - ન બોલ્યામાં નવ ગુણ.

એક કહેવતમાં બોલવાનું મહત્ત્વ દર્શાવ્યુંછે તો બીજી કહેવતમાં મૌનનું મહત્ત્વ ગૂંથાયું છે. આવી વિરોધી પરિસ્થિતિનો અર્થ આપતી કેટલીક કહેવતો જોઇએ.

| | |
|---|---|
| અક્કરમીનો પડિયો કાણો | ભાગ્યશાળીને ભૂત રળે. |
| આપ ભલા તો જગ ભલા | દયા ડાકણને ખાય. |
| ચેતતો નર સદા સુખી | બહુ ડાહ્યા બહુ ખરડાય. |
| ઝાઝા હાથ રળિયામણા. | ઝાઝી દાયરે વેતર વંઠે. |
| તરત દાન ને મહાપુણ્ય | ધીરજનાં ફળ મીઠાં. |

મિત્રો, વિરોધી અર્થ ધરાવતી કહેવતનો નાનકડો નમૂનો આપીને તમારું એ તરફ ધ્યાન દોર્યું છે. આવી બીજી કહેવતો પણ ભેગી કરજો.

કહેવતોનો ઉપયોગ કરીને જ્યારે નિબંધ, અર્થવિસ્તાર કે અન્ય લખાણ લખાય છે ત્યારે તેમાં ટૂંકામાં ઘણું કહેવાય છે અને ભાષાનો આ ખજાનો તમારા લખાણને વધુ સમૃદ્ધ કરે છે.

## અલંકાર

ક. મિલ્ખાસિંઘ ખૂબ ઝડપથી દોડતા.

ખ. મિલ્ખાસિંઘ તો એવું દોડતા જાણે ઊડતા ન હોય !

તમે આ બન્ને વાક્ય વાંચો. બન્નેમાં કહેવાની વિગત તો એક જ છે. પણ જ્યારે તમે વાંચો છો ત્યારે તમને કોઈ ફેર લાગે છે ? તમે જ્યારે વાક્ય-ક. વાંચો છો ત્યારે તમારી પાસે મિલ્ખાસિંઘની દોડની વિશેષતાને વર્ણવતું એક વિશેષણ છે - 'ખૂબ'. આ વિશેષતાને તમે હજુ વધારવા માંગતા હોવ તો તમે એમ કહી શકો કે

- મિલ્ખાસિંઘ ખૂબ ખૂબ ખૂબ ઝડપથી દોડતા.

આમ કહેતી વખતે પણ તમારા મનમાં એક શાબ્દિક અર્થ જ ખુલે છે. પણ જ્યારે તમે વાક્ય-ખ. વાંચો છો ત્યારે જાણે તમે તેમને 'દોડતા' જોઈ શકો છો. કારણ કે હવે તમારી પાસે એમની 'દોડની ઝડપ'ને સમજવા માટે કોઈ આધાર છે. તમે કોઈ પક્ષીને ઊડતું જોયું જ હોય, તેની અંતર કાપવાની ઝડપ તમે જોઈ જ હોય, તમારો એ અનુભવ અહીં મિલ્ખાસિંઘની દોડ સામે તમે જોડી દો છો. તમને મિલ્ખાસિંઘના દોડતા પગ જ નહીં, પણ ઝડપ ધરાવતું, હવામાં સરતું, ગતિ કાપતું શરીર દેખાય છે. આ કારણથી ઉપરનાં બન્ને વાક્યમાં મિલ્ખાસિંઘની ઝડપી દોડની જ વાત હોવા છતાં બીજું વાક્ય વધુ અસરકાર લાગે છે. રજૂાતને સચોટ અને અસરકારક બનાવવા ભાષાની જે અભિવ્યક્તિને આપણે ઉપયોગમાં લીધી તે અભિવ્યક્તિ એટલે 'અલંકાર'.

ભાષાના - શબ્દના બે પાસાં - ધ્વનિશ્રેણી અને અર્થ. આપણે આ બન્નેમાં આવી કોઈ વિશેષતા સાધીને અભિવ્યક્તિને વધુ આકર્ષક, વધુ સચોટ બનાવી શકીએ છીએ. તેથી અલંકાર પણ બે પ્રકારનાં હોય છે : શબ્દાલંકાર અને અર્થાલંકાર. જેમાં ધ્વનિ કે ધ્વનિશ્રેણીનું સૌદર્ય કે ચમત્કૃતિ અભિવ્યક્તિને આકર્ષક બનાવે તે શબ્દાલંકાર. અને અર્થને ઉપયોગમાં લઈને સચોટતા સધાય તે અર્થાલંકાર. આપણે આ બન્ને વિશે વિગતે જોઈએ.

**શબ્દાલંકાર :**

તે ધ્વનિ અથવા શબ્દના વિશિષ્ટ સંયોજનને કારણે કાવ્યમાં ધ્વનિ, શબ્દનો મૂળભૂત ઘટક ધ્વનિ છે સૌદર્યા વિશિષ્ટ સંયોજનને કારણે ચમત્કૃતિ સધાય અને આ બધાને કારણે કાવ્યના, નાદ સૌંદર્ય નીપજે, હોવાથી 'શબ્દ' આ અલંકારના સૌંદર્યનો આધાર સૌંદર્યમાં વધારો થાય ત્યારે તેને શબ્દાલંકાર કહે છે પંક્તિમાં એક શબ્દને સ્થાને અન્ય શબ્દ પ્રયોજાતાં તેનું સૌંદર્ય હણાઈ જાય છે.

**1. વર્ણાનુપ્રાસ :**

કાવ્યમાં ધ્વનિસૌંદર્ય, જ્યારે કોઈ એક વર્ણના પુનરાવર્તનથી કાવ્યપદાવલિમાં સૌદર્યનો વધારો કરે ત્યારે તે અલંકારને વર્ણાનુપ્રાસ અલંકાર કહેવાય છે, કર્ણમાધુર્ય અનુભવાય.

સાગરે ભાસતી ભવ્ય ભરતી, કામિની કોકિલા કેલિ કૂજન કરે

અહીં આ પંક્તિમાં પહેલી પંક્તિમાં વર્ણનું પુનરાવર્તન ધ્વનિસૌંદર્ય 'ભ' વર્ણનું અને બીજી પંક્તિમાં 'ક' છે. 'વર્ણાનુપ્રાસ અલંકાર' તેથી અહીં નીપજાવે છે.

અન્ય ઉદાહરણ :

(1) પીગળે પીગળે પડછાયાના પ્હાડ.

(2) કાળું એનું કામ, કાળાં કરમનો કાળો મોહન.

(3) ગોતી, ભૂલી ભૂલી હું તને ભાળી હો વાલમા. ગોતીને થાઉં ગૂમ.

(4) સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો.

(5) બે પાંપણ પરે, પરોઢે પોઢીને પલભર.

**2. પ્રાસસાંકળી :**

કોઈ એક પંક્તિના બે ચરણમાં પહેલા ચરણનો અંતિમ શબ્દ અને બીજા ચરણનો પ્રથમ શબ્દ જ્યારે પ્રાસ ધરાવતા હોય ત્યારે તે અલંકારને પ્રાસસાંકળી અલંકાર કહેવાય છે. જેમકે,

મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ.

અહીં એક જ પંક્તિ છે. તેમાં પહેલા ચરણનો છેલ્લો શબ્દ 'આવ્યા' અને બીજા ચરણનો પ્રથમ શબ્દ 'લાવ્યા' વચ્ચે પ્રાસ જોઈ શકાય છે. જાણે આ પ્રાસ બે ચરણોને જોડતી સાંકળ હોય તેવું લાગે છે. તેથી અહીં 'પ્રાસસાંકળી અલંકાર છે, તેમ કહેવાય.

અન્ય ઉદાહરણ :

(1) વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.

(2) પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ.

(3) વાપરીએ વિચારીને વાણી, પાણી પણ એમ જ વેંતે વેંતે...

**અર્થાલંકાર :**

શબ્દ એ બાહ્ય દેહ છે અને અર્થ એ તેનો આંતરિક દેહ છે, શબ્દ એ બાહ્ય દેહ છે અર્થ દ્વારા ચમત્કૃતિ સધાય, હોવાથી એ જ 'અર્થ' આ અલંકારનો આધાર કાવ્યના સૌદર્યમાં વધારો થાય ત્યારે તેને અર્થાલંકાર કહે છે, અર્થનો અન્ય શબ્દ પ્રયોજાય તો સૌદર્યનો હાનિ પહોંચતી નથી.

**મહત્ત્વના પારિભાષિક શબ્દ :**

(1) ઉપમેય : કવિ અથવા સર્જક જે બાબત વિશે વાત કરવા માંગે છે, જે વસ્તુને અન્ય સાથે સરખાવે છે તેને 'ઉમેય' કહેવાય છે.

(2) ઉપમાન : કવિ અથવા સર્જક જે બાબતને આધારે વાત કરવા માંગે છે, ઉમેયને જે વસ્તુ કે બાબત સાથે સાંકળે છે તેને 'ઉપમાન' કહે છે.

(3) સાધારણ ધર્મ : ઉપમેય અને ઉપમાન વચ્ચે રહેલા સમાન ગુણ, ક્રિયા, સ્વભાવ, પ્રકૃતિ વગેરે બાબતને સાધારણ ધર્મ કહે છે.

**1. ઉપમા અલંકાર :**

જ્યારે બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ સમાન ગુણધર્મોને લક્ષ્યમાં રાખીને સરખામણી - તુલના કરવામાં આવે ત્યારે તે અલંકારને ઉપમા અલંકાર કહેવાય છે. અહીં ઉમેય અને ઉપમાન વચ્ચે સાધારણ ધર્મની તુલના દર્શાવવા જેવો-જેવી-જેવું, સરખો-સરખી-સરખું, પેઠે, પેઠમ, શો-શી-શું, સમો-સમી-સમું, સમોવડ' ગેરે જેવા ઉપમાવાચક શબ્દો પ્રયોજાતા હોય છે. જેમકે,

દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

અહીં 'દમયંતીનું મુખ' ઉમેય અને 'ચંદ્ર' ઉપમાન વચ્ચે 'સુંદર' સાધારણ ધર્મને આધારે સરખામણી કરવામાં આવી છે. આ સરખામણી 'જેવું' - ઉપમાવાચક શબ્દથી દ્વારા કરવામાં આવી છે. આમ, અહીં ઉમેય, ઉપમાન, સાધારણ ધર્મ તથા ઉપમાવાચક શબ્દ એમ ચારેય ઘટક છે. તેથી અહીં ઉપમા અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) ભમરા સમો આ ભમતો પવન.

(2) તેણે ખીંટીએથી કાળી નાગણ. જેવી તલવાર લીધી.

(3) ઊડે ધવલ ફેન શી વિખર કેશવાળી છટા.

(4) કાળ. સમોવડ તરંગ ઉપર ઉછળે આતમનાવ.

(5) અમારા એ દાદા વિપુલ વડના ઝૂંડ સરખા.

**2. રૂપક :**

જ્યારે ઉપમેય અને ઉપમાન બન્ને એક જ છે એમ દર્શાવવું હોય ત્યારે સર્જક એ બન્ને વચ્ચે 'અભેદત્ત્વ' છે તેમ દર્શાવે છે. ઉમેય અને ઉપમાન વચ્ચેની એકરૂપતા - અભેદત્વ દર્શાવાય ત્યારે તેને રૂપક અલંકાર કહે છે.

જેમકે,

દમયંતીનો મુખચંદ્ર શોભી રહ્યો છે.

અહીં ઉપમેય 'મુખ' અને 'ઉપમાન 'ચંદ્ર' વચ્ચે એકરૂપતા - અભેદત્વ દર્શાવવા 'મુખચંદ્ર' - એમ એક જ બાબત તરીકે રજૂ કરાયા છે. અહીં 'મુખ' અને 'ચંદ્ર' વચ્ચે સરખામણી કરવામાં આવી નથી. પરંતુ 'મુખ રૂપી ચંદ્ર' અથવા 'મુખ એ જ ચંદ્ર' એમ કહેવાયું છે. તેથી અહીં રૂપક અલંકાર છે.

ક્યારેક આ સંબંધ વિશેષણ-વિશેષ્ય દ્વારા પણ દર્શાવાય છે. જેમકે,

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા, મારી વીણાની વાણી જગાડી તું જા.

- મારી બંસીમાં બોલ બે વગાડી તું જા. મારી વીણાની વાણી જગાડી તું જા.

અહીં 'વીણાની વાણી' દ્વારા. 'વાણી રૂપી વીણા'ના સૂર જગાડવાની વાત કરવામાં આવી છે. એટલે કે વિશેષણ વિશેષ્યના સંબંધ દ્વારા ઉપમેય 'વાણી' અને ઉપમાન 'વીણા' વચ્ચેની એકરૂપતા - અભેદતા દર્શાવવામાં આવી છે. તેથી અહીં રૂપક અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) દુઃખના ઊગ્યા છે ઝીણા ઝાડ જો.

(2) ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત, જિંદગી !

(3) મુને લાગી કટારી પ્રેમની રે, પ્રેમની પ્રેમની પ્રેમની રે.

(4) રજપૂતના મોં પર આશાનાં કિરણ ફૂટવા લાગ્યાં.

(5) મારે મન લાયબ્રેરી લોકશાહીનું મંદિર છે.

**3. ઉત્પ્રેક્ષા અલંકાર :**

જ્યારે ઉમેયની ઉપમાન તરીકે હોવાની સંભાવના, શંકા કે કલ્પના કરવામાં આવી હોય ત્યારે તેને ઉત્પ્રેક્ષા અલંકાર કહેવાય છે. અહીં ઉપમેય અને ઉપમાન વચ્ચેની સંભાવના, શંકા કે કલ્પના સૂચવવા જાણે, રખે, શકે, લાગે, દીસે વગેરે ઉત્પ્રેક્ષાવાચક શબ્દો પ્રયોજાય છે. જેમકે,

દમયંતીનું મુખ એવું શોભી રહ્યું છે કે જાણે ચંદ્ર ન હોય !

અહીં 'દમયંતીનું મુખ' ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે. ઉપમેય 'મુખ' એ ઉપમાન 'ચંદ્ર' હોય તેવી કલ્પના કરવામાં આવી છે. તેથી અહીં ઉત્પ્રેક્ષા અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) ઝાંખા ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ.
વર્ષાકાલે જલધિજલનાં હોય જાણે તરંગ.

(2) એની પાતળી દેહલતા નાગણની જેમ જાણે ફૂંફાડા મારતી ઊભી થઈ ગઈ.

(3) એની મૂછોના આંકડા જાણે અત્યંત ઝેરી વીંછીના વાળેલા બે લાલચટ્ટક ડંખ.

(4) કારતક મહિનાનીની ટાઢને પણ, અરે, આજની સંધ્યાએ જાણે ફૂલગુલાબી બનાવી દીધી.

(5) એ અંધારી રાતે ડોસાનું રોવું એવું લાગતું કે જાણે સામા કાંઠાનો પેલો વગડો જ વલપતો ન હોય !

**4. વ્યતિરેક અલંકાર :**

જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં કોઈક ગુણધર્મની બાબતમાં ચડિયાતું દર્શાવવામાં આવે ત્યારે તેને વ્યતિરેક અલંકાર કહે છે. સામાન્ય રીતે ઉપમેય કરતાં ઉપમાન ચડિયાતું હોય છે. પરંતુ આ અલંકારમાં ચડિયાતા ગણાતા ઉપમાનને ઉપમેય કરતાં ઉતરતું દર્શાવવામાં આવે છે, તેમાંથી ચમત્કૃતિ નીપજે છે. જેમકે,

દમયંતીના મુખ આગળ તો ચંદ્ર પણ ઝાંખો લાગે

આ ઉક્તિમાં 'દમયંતીનું મુખ' ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે. અહીં ઉપમેય 'મુખ'ને ઉપમાન 'ચંદ્ર' કરતાં ચડિયાતું દર્શાવ્યું છે અથવા એમ કહી શકાય કે ઉપમાન 'ચંદ્ર'ને ઉપમેય 'મુખ' કરતાં ઉતરતો દર્શાવ્યો છે. તેથી અહીં વ્યતિરેક અલંકાર છે.

(1) સુદામાના વૈભવ આગળ તો કુબેર કોણ માત્ર ?

(2) વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે !

(3) કમળ થકીયે કોમળું રે, બ્હેની અંગ છે એનું !

(4) એ કામિનીનો કંઠ સાંભળી, કોકિલા થઈ કાળીય

(5) ગણિતમાં આંકડા ભૂંસી શકાય, જિંદગીમાં એ ક્યહીં.

**5. અતિશયોક્તિ :**

જ્યારે ઉપમાન દ્વારા ઉપમેયનું નિગરણ કરવામાં આવે, એટલે કે ઉપમાન ઉપમેયને ગળી જાય, (પોતાની વાતે સચોટતાથી રજૂ કરવા સર્જક ઉપમેયનો ઉલ્લેખ જ ન કરે) ઉપમેયનો લોપ થાય અને માત્ર ઉપમાનનો જ નિર્દેશ થાય ત્યારે પ્રસ્તુત અલંકારને અતિશયોક્તિ અલંકાર કહે છે. જેમકે,

મહારાજ ચંદ્રને નીરખતાં પોતાના ચંદ્રની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

અહીં 'મહારાજની પ્રેયસી અથવા રાણી' ઉપમેય છે. પરંતુ. તેની સુંદરતાને સચોટતાથી રજૂ કરવા કવિએ તેનો ઉલ્લેખ કરવાને બદલે માત્ર ઉપમાન 'ચંદ્ર'ને જ રજૂ કર્યું છે. એટલે કે અહીં માત્ર ઉપમાન 'ચંદ્ર'નો જ નિર્દેશ થયો છે અને ઉપમેય 'પ્રેયસી કે રાણી'નો લોપ થયો છે. એટલે કે ઉપમેય દ્વારા ઉપમાનનું નિગરણ થયું છે. તેથી અહીં અતિશયોક્તિ અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) કાચે તે તાંતણે હરિજીએ બાંધી. (પ્રેમ - ઉપમેય, તાંતણો - ઉપમાન)

(2) આ કમૂરતા ઉતરશે ને આણુ વાળવા આવશે એટલે મારી કોયલ ઊડી જશે. (દીકરી - ઉપમેય, કોયલ - ઉપમાન)

(3) બીજી સાંજે તલાશમાં નીકળેલા સિપાઈની નજર એ બે બોકડાઓ ઉપર જ પડી. (બે વ્યક્તિ - ઉપમેય, બોકડા - ઉપમાન)

(4) મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું. (આત્મા - ઉપમેય, હંસલો - ઉપમાન), (દેહ, શરીર - ઉપમેય, દેવળ - ઉપમાન)

નીચેના અલંકાર ઓળખાવો :

(1) જાણે એને મટ્યું હોય તેમ અમરતકાકી મંગુના લગ્નની યોજના પણ વિચારવા મંડી જતા.

(2) દીકરાનાં બાળકો એમને દીઠાં ગમતાં નથી અને ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી.

(3) મહારાજ, આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોયે ઘણું છે.

(4) આશ્ચર્યથી સયાજીરાવ મહારાજ ગોપાળદાસે ધરેલાં મીઠાં લીંબુ જેવા બોરને જોઈ રહ્યા.

(5) ભગતનો અવાજ જોયો હોય તો વાંસળી જેવો.

•

# પૂરક વાચન

## 1 એટલામાં રાજી

**રમણીક સોમેશ્વર**
**(જન્મ : 2-1-1951)**

રમણીક સોમેશ્વરનો જન્મ કચ્છ જિલ્લાના આડેસર ગામમાં થયો હતો. બેંકમાં ઓફિસર તરીકે કાર્ય કરી નિવૃત્ત થયા. હાલ વતન અંજારમાં રહે છે. તેઓ મુખ્યત્વે કવિ તરીકે જાણીતા છે. અનુઆધુનિક કવિઓમાંના એક એવા કવિ કાવ્યો અને ગીતોમાં પ્રકૃતિ તેમજ માનવભાવોનું ઉચિત ભાષામાં આલેખન કરે છે. માનવ તરફનો સમભાવ અને વૃક્ષો તરફનું ખેંચાણ એમનાં કાવ્યોમાં દેખાય છે.

'તમે ઉકેલો ભેદ' એમનો કાવ્યસંગ્રહ છે. 'ઝંઝાવાત વચ્ચે ફૂલ' નામે અનુવાદગ્રંથમાં કાવ્યો અને ડાયરીનાં પાનાં છે. પ્રસ્તુત કાવ્યમાં પ્રકૃતિ સાથેની આત્મીયતા કેવું હળવાશભર્યું જીવન જીવવાની પ્રેરણા આપે છે તે સરસ રીતે દર્શાવ્યું છે.

---

આપણે તો એટલામાં રાજી !
આખાયે જંગલમાં રોજ રોજ ફૂટે છે ક્યાંક એક કૂંપળ તો તાજી
આપણે તો એટલામાં રાજી !
એકાદું પંખી જોડાળ ઉપર બેસે
તો થાય મળ્યું આખું આકાશ,
એકાદું ગીત કોઈ મોસમનું ગાય
તોય રોમ રોમ ફૂટે પલાશ
એકાદી લહેરખી પવનની જ્યાં સ્પર્શે, ત્યાં રણઝણતી ઝાલરી બાજી
આપણે તો એટલામાં રાજી !
પાણીની એકાદી છાલકમાં હોય,
કદી રીમઝીમ રેલાતો મલ્હાર,
છાતીમાં નાંગરેલ સપનામાં હોય
કોઈ એકાદી ક્ષણનો વિસ્તાર,
એક એક કૂંપળમાં જંગલ ઉભરાય? કોઈ પૂછે તો કહીએ કે હાજી
આપણે તો એટલામાં રાજી !

### શબ્દ-સમજૂતી

#### શબ્દાર્થ

**કૂંપળ** નવું ફૂટતું પાંદડું **મોસમ** ઋતુ **રોમરોમ** રુંવાડે રુંવાડે **પલાશ** ખાખરો, કેસુડો **છાલક** છોળ **મલ્હાર** સંગીતનો રાગ **નાગરેલ** લંગરવું

•

# 2 અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી

**કનૈયાલાલ ભટ્ટ**

**(જન્મ : 16-1-19659)**

કનૈયાલાલ ભટ્ટનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેગડવા ગામે થયો હતો. તેમણે એમ.એ., પીએચ.ડી., સુધીનો અભ્યાસ કર્યો છે. 'શબ્દાક્ષત', 'હું પણછ ખેંચીશ નહીં', 'મંત્રોચ્ચાર' તેમના કાવ્યસંગ્રહો છે. 'બ્રહ્માસ્ત્ર' તેમનો વાર્તાસંગ્રહ છે. 'મોરપીંછના રંગ' નિબંધસંગ્રહ અને 'સમયનો સાતમો પગ' એમનો એકાંકીસંગ્રહ છે. વિવેચન અને અનુવાદમાં પણ તેમનું કાર્ય છે. હાલ તેઓ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રકાશન અધિકારી તરીકે કાર્યરત છે.

આ ચરિત્રનિબંધમાં ગુજરાતના રંગભૂમિ સમ્રાટ અને ફિલ્મ અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીની કારકિર્દી અને પ્રદાન વર્ણવવામાં આવ્યું છે. રંગભૂમિ, ફિલ્મ અને જાહેરજીવનમાં ઉપેન્દ્ર ત્રિવેદીના પ્રદાનને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યું છે. વ્યક્તિ ઉપેન્દ્ર ત્રિવેદીનો સરસ પરિચય પણ આમાંથી સુપેરે મળે છે.

---

ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રતિભાએ નાટકના તખ્તા પર અને ફિલ્મોના પડદા પર અવનવાં અજવાળાં પાથર્યાં હતાં. અભિનયની દુનિયામાં તેઓ અવિસ્મણીય ઘટના જેવા હતા. 14-07-1937ના દિવસે એમનો જન્મ. પિતા જેઠાલાલ રંગભૂમિના સારા નટ હતા એ વારસો એમને મળ્યો હતો. શાળા કક્ષાએથી વકતૃત્વ અને નાટ્યસ્પર્ધામાં તેમણે ઈનામો જીતેલાં.

મુંબઈની સિદ્ધાર્થ કૉલેજમાં અભ્યાસ દરમિયાન નાટ્યના વિદ્વાન વિષ્ણુકુમાર વ્યાસની પ્રેરણાથી નાટકનો રંગ ચડ્યો. પરિણામે ત્રણવાર નાપાસ થયા. આજીવિકા માટે ફેક્ટરીમાં રાતપાળી નોકરી કરવા સાથે નાટકોનાં રિહર્સલ ચાલુ રાખ્યાં. અભ્યાસ દરમિયાન 'ભીતરનાં વહેણ' અને 'શાહજહાં' નાટકમાં પ્રથમ ઈનામ મેળવ્યાં. અભ્યાસ છોડી 'ઈન્સ્ટિટયૂટ ઑફ ડ્રામેટિક આર્ટ્સ'માં પ્રવેશ મેળવી અભિનયનાં વિવિધ પાસાંઓની ઊંડી તાલીમ મેળવી. ધગશ, ધીરજ, નિષ્ઠા અને સચ્ચાઈના ગુણોથી જીવનનાં વહેણોમાં સફળ થયા.

એમની કારકિર્દીનો મોટો વળાંક દર્શકની નવલકથા 'ઝેર પીધાં છે જાણી જાણી'નું એમણે નાટ્યરૂપાંતર કર્યું અને પોતે હેમંતનું પાત્ર ભજવ્યું તેમાંથી આવ્યો. એ નાટકે ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ બદલી નાખ્યો. પછી પોતાની નાટ્યસંસ્થા સ્થાપી 'મેજર ચંદ્રકાન્ત', 'આતમને ઓઝલમાં રાખમાં', 'વેવિશાળ', 'કથા તારી વ્યથા મારી', 'કવિ દયારામ' જેવાં અનેક નાટકોમાં અભિનય કરી ગુજરાતી રંગભૂમિને જીવન સમર્પિત કર્યું એમાં એમનું અવિસ્મરણીય નાટક 'અભિનય સમ્રાટ'નું નિર્માણ કરી જુદાં જુદાં છ પાત્રોનો અભિનય કરી ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં નવું શિખર સર કર્યું.

ત્યાં સુધીમાં ઉપેન્દ્ર ત્રિવેદીએ ફિલ્મોમાં નાનાં પાત્રો ભજવ્યાં હતાં, પરંતુ 1971માં મુખ્ય અભિનેતા તરીકે પહેલી ફિલ્મ 'જેસલ તોરલ' આવી અને ગુજરાતી ફિલ્મમાં તેઓ પ્રથમ હરોળમાં સ્થાન પામ્યા. ગુજરાતી ફિલ્મની પણ દિશા બદલાઈ ગઈ. પછીથી 'રાજા ભરથરી', 'રાણક દેવી', 'હોથલ પદમણી', 'ભાદર તારાં વહેતાં પાણી', 'માલવપતિ મુંજ', 'સંતુ રંગીલી', 'સોન કંસારી', 'વેરની વસૂલાત', 'મચ્છુ તારાં વહેતાં પાણી', 'ભાદરને કાંઠે' અને 'માનવીની ભવાઈ' જેવી કૃતિ આધારિત ફિલ્મો દ્વારા તેમણે ગુજરાતી પ્રેક્ષકોનાં હૃદયમાં કાયમી સ્થાન મેળવ્યું. ગુજરાતી ફિલ્મને નવી ઓળખ મળી. એમની ફિલ્મો આખો પરિવાર સાથે બેસી માણી શકે તેવી સુરુચિપૂર્ણ અને સંસ્કારી હતી. આ રીતે ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મને તેમણે રાષ્ટ્રીય ઓળખ અપાવી.

તેમના હૃદયમાં કલાક્ષેત્રની જેમ જ ગ્રામસમાજ અને સામાન્યજન માટે પ્રેમ અને નિસ્બત હતાં. તેમની લોકપ્રિયતા એવી હતી કે રાજકીય પક્ષો એમને ઇચ્છે જ. તેમને સાબરકાંઠાના ભીલોડા વિસ્તારની ટિકિટ મળી. તેઓ વિજેતા થયા. સરકારે તેમને 'ફિલ્મ વિકાસ નિગમ'ના અધ્યક્ષ નિમ્યા. પછીથી 'યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિ, શહેરી મકાન અને પંચાયત' વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પણ બન્યા. આ કામગીરીમાં તેમણે સતત મહેનત અને કાળજી લઈને ગામડાના વિકાસ માટે કાર્ય કર્યું. એમના પારદર્શક સ્વભાવને કારણે વિધાનસભાના ઉપાધ્યક્ષ પણ બનાવાયા. તેઓ ત્રણ વખત વિધાનસભામાં ચૂંટાયા હતા. તેમનું રાજકારણ લોકકારણ માટે હતું, એથી તેમણે જરૂરિયાતવાળા

ગ્રામવિસ્તારના ગરીબ ખેડૂતો, કારીગરો અને પછાત લોકો માટે રાજકારણ પસંદ કર્યું હતું.

એમની રંગભૂમિ અને ફિલ્મ કામગીરી એવી શ્રેષ્ઠ હતી કે તેમનું અનેક ઈનામો અને પુરસ્કારોથી સન્માન થાય એ સહજ હતું. વિશિષ્ટ પ્રદાન માટે 1989માં 'પદ્મશ્રી ઍવોર્ડ' અને રાજ્ય સરકારનો પંડિત ઓમકારનાથ ઠાકુર ઍવોર્ડ 1992માં મળ્યો. 'માનવીની ભવાઈ ફિલ્મ માટે 'રજતકમળ ઍવોર્ડ' તો રાજ્ય સરકારનો ગૌરવ પુરસ્કાર, લાઈફ ટાઈમ અચિવમેન્ટ ઍવોર્ડ અને 'દાદાસાહેબ ફાળકે' ઍવોર્ડથી પણ સન્માનિત કરાયા. ગુજરાતના ફિલ્મ ઉદ્યોગમાં બે દાયકા સુધી અભિનય, લેખન, નિર્માતા, દિગ્દર્શક તરીકે પ્રદાન કરવા બદલ તેર જેટલા ફિલ્મ ઍવોર્ડ પણ મળ્યા.

અનેક નોંધપાત્ર વ્યક્તિઓ, કલાકારો, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, સંતો સાથે તેમને અંતરંગ પ્રેમના સંબંધો હતા. સાથે જ સામાન્ય માણસને પણ તેઓ પોતીકા લાગતા. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાની ઉત્તમ કૃતિઓનું તેમણે વાંચન કર્યું હતું. કલા અને સંસ્કૃતિ વિશે તેઓ સુંદર, પ્રેરક વકતવ્ય આપી શકતા.

ઉપેન્દ્ર ત્રિવેદીએ દીર્ઘાયુ ભોગવી, અનેક સિદ્ધિઓ હાંસલ કરી ચિરવિદાય લીધી (તા.4-1-2015) ત્યારે તેમની ખોટ અનેક ક્ષેત્રમાં અનેક લોકોએ અનુભવી. વીસમી સદીના ગુજરાતી રંગભૂમિના અને ચિત્રપટના મહાનાયક તરીકે ઉપેન્દ્ર ત્રિવેદી લોકોના હૃદયમાં ધબકતા રહેશે.

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ

**તખ્તો** રંગમંચ, સ્ટેજ **અવિસ્મરણીય** સ્મરણમાં કે સ્મૃતિમાં રહે તેવું **આજીવિકા** જીવન નિર્વાહની કામગીરી, **રિહર્સલ** નાટક ભજવવા અગાઉ કરેલો અભ્યાસ **કારકિર્દી** કામને કારણે ઊભી થયેલી પ્રતિષ્ઠા **ઓઝલ** પડદો **વેવિશાળ** સગપણ **રંગભૂમિ** નાટક ભજવવાની જગ્યા **નિમણૂક** કામ પર નિમાવું તે **રાજીનામું** નોકરીમાંથી છૂટા થવાની માગણીનું લખાણ **નિસ્બત** સંબંધ, નાતો **પુરસ્કાર** ઈનામ **દીર્ઘાયુ** લાંબું આયુષ્ય **ચિરવિદાય** મૃત્યુ, અવસાન **ચિત્રપટ** ચલચિત્ર, ફિલ્મ.

•

# 3 ઉપમન્યુ

**નાનાભાઈ ભટ્ટ**

**(જન્મ : ઈ.સ. 1882, અવસાન : ઈ.સ. 1961)**

નાનાભાઈ ભટ્ટનું મૂળ નામ નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ હતું. તેઓ ભાવનગર જિલ્લાના પચ્છેગામ (ભાલ)ના વતની હતા. ભાવનગરની શામળદાસ કૉલેજના અધ્યાપકપદેથી રાજીનામું આપી તેમણે 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' નામની સંસ્થા સ્થાપી. સોનગઢ પાસેના આંબલા ગામે નઈ તાલીમ આધારિત ગ્રામકેળવણીના નૂતન પ્રયોગ રૂપે 'ગ્રામદક્ષિણામૂર્તિ' નામની લોકશાળા સ્થાપી. આ પ્રયોગે ગુજરાતમાં ગ્રામકેળવણીમાં મોટી ક્રાંતિ થઈ. તે પછી સમગ્ર ભારતમાં ખ્યાતનામ બનેલી 'લોકભારતી' (સણોસરા) સંસ્થાની સ્થાપના કરી. ભારત સરકારે તેઓને 'પદ્મશ્રી'ના ખિતાબથી નવાજ્યા હતા. તેમણે ભારતીય સંસ્કૃતિના અણમોલ વારસાનો પરિચય કરાવતાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. 'રામાયણનાં પાત્રો', 'મહાભારતનાં પાત્રો', 'હિન્દુધર્મની આખ્યાયિકાઓ' 1-2, 'ભાગવતકથાઓ' તેમજ 'દૃષ્ટાંતકથાઓ' એ એમનાં મુખ્ય પ્રેરક પુસ્તકો છે. તેમણે કેળવણી, ધર્મ વગેરે વિશે પણ ચિંતનાત્મક નિબંધો લખ્યા છે. 'ઘડતર અને ચણતર' નામે તેમણે પોતાની આત્મકથા પણ આપી છે.

આ કથામાં ધૌમ્યઋષિ શિષ્ય ઉપમન્યુનું ખાઉધરાપણું દૂર કરવા અને પોતાના શિષ્યને પરમ વિદ્યાનો અધિકારી બનાવવા માટે પોતે કેવી કેવી કસોટી કરે છે - એ બાબતનું નિરૂપણ કર્યું છે. તેજસ્વી હોવા છતાં ઉપમન્યુ પોતાના આ દોષને કારણે ગુરુની પાસેથી પરમ વિદ્યાની દીક્ષા પામી શકતો નહોતો. ઉપમન્યુને છેવટે આંધળા થવાનો માઠો અનુભવ થતાં તેને પોતાની ભૂલ સમજાય છે. ઋષિ પ્રસન્ન થઈને પછી શિષ્યને દીક્ષા આપે છે.

---

ધૌમ્યઋષિ આંગણામાં પાટ પર મૃગચર્મ પાથરી આડા પડ્યા છે. પડખે પાટ પર બેઠાં બેઠાં તેમનાં પત્ની સમિધના કટકા કાપે છે. આશ્રમ આખો શાન્ત છે ને બધા શિષ્યો સૂઈ ગયા છે.

''મારા મનમાં એક વાત ઘણા વખતથી ઘોળાયા કરે છે. મને થયું આજે તમને પૂછું.'' ઋષિપત્ની બોલ્યાં.

''જરૂર પૂછો. એવી તે શી વાત છે વળી ?'' ધૌમ્ય બોલ્યા.

''આ ઉપમન્યુ તમારો ખાસ શિષ્ય છે. શાસ્ત્રો ભણવામાં બહુ તેજસ્વી છે. યોગમાં ખૂબ આગળ વધેલો છે. ત્રણ ત્રણ કલાક સમાધિ કરે છે! આમ છતાં તમે તેને જ્ઞાનની આખરી દીક્ષા કેમ નથી આપતા ?'' ઋષિપત્ની બોલ્યાં.

''તમારી વાત તો જાણે સાચી છે. આટલા ટૂંકા ગાળામાં શાસ્ત્ર તથા જીવનના ઊંડા અર્થોને પામી ગયો હોય તેવો આ એક જ શિષ્ય આવ્યો છે.'' ઋષિએ કહ્યું.

''તો પછી તમે શા માટે તેને જ્ઞાનની છેલ્લી દીક્ષા નથી આપતા ?'' ઋષિપત્ની બોલ્યાં.

''તેનું કારણ છે.''

''શું ?''

''ઉપમન્યુ બધી રીતે તૈયાર છે પણ તેનો એક દોષ તેને નડે છે. એ દોષ તે તેની ભૂખ. તેની અન્નવાસના!'' ધૌમ્યે જરા ગંભીર થઈ કહ્યું.

''ઉપમન્યુને અન્નની વાસના છે ? તો તો બાપાની મહેલાત છોડીને અહીં ભીખ માગવા તે શું કામ આવે ?''

''તમે ન જાણો, પરંતુ હું એ પારખી શકું. તે પોતે પણ આ જાણે છે, પરંતુ એય લાચાર છે. એ તેના ઉછેરનો દોષ છે. આ દોષ તેના અંતરના એકાદ ખૂણામાં ભરાઈ ગયો છે. તે નીકળી જશે ત્યારે મારે તેને દીક્ષા આપવી નહિ પડે. દીક્ષા તેની અંદરથી આપોઆપ ફૂટી નીકળશે.'' ધૌમ્યે પત્નીને સમજાવતાં કહ્યું.

''મને ફોસલાવો નહિ. મારે તો નાનો ભાઈ કે પુત્ર જે ગણો તે ઉપમન્યુ છે. તમે તેને બધું ભણાવ્યું તો તેનો આટલો દોષ દૂર ન કરો ?'' નારાજ થઈ ઋષિપત્ની બોલ્યાં.

''એ તો એના અંતરમાંથી એક દિવસ આપમેળે દૂર થશે.''

''પરંતુ તેની ચાવી તો તમે તેને બતાવો.'' ઋષિપત્નીએ હઠ પકડી.

''ઠીક, જાઓ. તમારી ઇચ્છા પ્રમાણે થઈ જશે.'' ઋષિએ ધરપત આપી.

•

સવાર પડી. આશ્રમ જાગી ગયો.

''ઉપમન્યુ, આજે ગાયો ચરાવવા વનમાં તારે જવાનું છે. મોડું ન કરતો.'' ગુરુએ કહ્યું.

''જી, મહારાજ.'' ઉપમન્યુએ કહ્યું. આ તો ગુરુની આજ્ઞા! ઉપમન્યુનું શરીર થનગની ઊઠ્યું. હાથમાં જાણે ડાંગ આવી ગઈ ને પગ વનની કેડીએ ચાલવા લાગ્યા. ઘટાદાર વૃક્ષો, લીલાં ખેતરો, કિલ્લોલતાં પક્ષીઓ ઉપમન્યુને દેખાવા લાગ્યાં.

''ત્યાં વનમાં ખાઈશ શું?'' તેના અંતરમાંથી કોઈકે પૂછ્યું.

વહેલા ઊઠી, નાહી, ભિક્ષા લાવી ઉપમન્યુએ નીકળતાં પહેલાં જ નિરાંતે જમી લીધું.

સાંજે ઉપમન્યુ ગાયોને ચરાવી પાછો આવ્યો ને ગુરુની સામે હાથ જોડી ઊભો રહ્યો.

''કેમ ઉપમન્યુ, જઈ આવ્યો ? હેં, પણ આજે તેં ખાવાનું શું કર્યું ?'' ગુરુએ પૂછ્યું.

''હું વહેલો પરવારી, ભિક્ષા માગી લાવી, જમીને જ ગયેલો.'' ઉપમન્યુએ કહ્યું.

''ઉપમન્યુ, ગુરુને જણાવ્યા વગર જે ભિક્ષાન્ન ખાય છે તે અપવિત્ર અન્ન ખાય છે. કાલે સવારે પણ તારે જ ગાયો ચરાવવા જવાનું છે.'' ધૌમ્યે સમજાવ્યું.

બીજી સવારે ઉપમન્યુ વહેલી ભિક્ષા લઈ આવ્યો ને ગુરુને ચરણે મૂકી. ગુરુએ તે બધી પોતાના માટે રાખી લીધી. ઉપમન્યુ બીજીવાર ગામમાં ગયો ને ભિક્ષા લઈ આવ્યો. પછી નિરાંતે જમી, ગાયોને હાંકતો ઊપડ્યો વનમાં.

સાંજે પાછો આવી ઉપમન્યુ ગુરુ સામે આવીને ઊભો.

''બેટા, આવી ગયો ?'' આજે ખાવાનું શું કર્યું ? ગુરુએ પૂછ્યું.

''ગુરુજી, આજે બીજીવાર ભિક્ષા લઈ આવ્યો ને જમ્યો.'' ઉપમન્યુએ કહ્યું.

''ઉપમન્યુ, તેં આ ઠીક ન કર્યું. શિષ્યોએ દિવસમાં એક જ વાર ભિક્ષા લવાય. કાલે પણ તારે જ ગાયો ચરાવવા જવાનું છે.''ધૌમ્ય બોલ્યા.

''જેવી આપની આજ્ઞા.''

ત્રીજી સવારે ઉપમન્યુ ગામમાં જઈ ભિક્ષા લઈ આવ્યો. બધી ભિક્ષા ગુરુને ચરણે ધરી કાંઈ ખાધા વગર તે ગાયો લઈ વનમાં ગયો.

ઘાટું જંગલ. બપોરે પણ તડકો કે ગરમી નહિ. ગાયો શીળી છાયામાં બેઠી વાગોળે છે. ઉપમન્યુ ઝાડ પર ચડી સૂતો છે. તે ઘડીક ગીત ગાય છે તો વળી પક્ષીઓને બોલાવે છે; ઘડીક વાંસળી વગાડે છે તો વળી વનનું સૌન્દર્ય જુએ છે. પરંતુ પેલી ભૂખ! તે તો વારે વારે સામી આવે છે. ઉપમન્યુનું પેટ બેસી ગયું છે ને આંખો ઊંડી ગઈ છે.

''આ ભૂખ વેઠ્યે શો લાભ ? આ ગાયોનું દૂધ પી લઉં તો ? તેમાં કાંઈ ગુરુની આજ્ઞાનો ભંગ નથી.'' ઉપમન્યુને વિચાર આવ્યો. તે ઝાડ પરથી નીચે ઊતર્યો. તેણે ગાયોનું દૂધ પી ભૂખ શમાવી.

ત્રીજી સાંજ પડી. ઉપમન્યુ ગુરુ પાસે આવ્યો.

''બેટા, આજે શેનાથી પેટ ભર્યું ?'' ગુરુએ પૂછ્યું.

''ગાયોના દૂધથી.'' ઉપમન્યુએ કહ્યું.

''ઉપમન્યુ, એ દૂધ તો વાછરડા માટે તથા યજ્ઞના હોમ માટે છે. આપણે એ દૂધ ન પિવાય. આવતી કાલે પણ ગાયો સાથે તારે જ જવાનું છે.'' ગુરુએ આજ્ઞા કરી.

ચોથી સવારે ગાયો આગળ ને ઉપમન્યુ પાછળ, ચાલ્યાં વનમાં. ''ગુરુ મારી પરીક્ષા કરવા માગે છે. આજે કાંઈ જ ખાવું નથી. એક દિવસ ન ખાઉં તો કાંઈ મરી જવાય છે!'' ચાલતાં ચાલતાં ઉપમન્યુ વિચારતો હતો.

જંગલમાં ઉપમન્યુએ ઝાડ પર ચડી ગીતો ગાયાં ને વાંસળી વગાડી. આ બધું ક્યાં સુધી ચાલે ? ગાયોને ઘાસ ચરતી જોઈ તેની ભૂખ જાગી. ઝાડ પરથી તે ઊતર્યો. તેણે એક વાછરડાને છોડ્યું. તે પોતાની માને ધાવવા લાગ્યું. વાછરડું ધાવે એટલે તેના મોંએ ફીણ વળે. આ ફીણ હાથ વડે લઈ ઉપમન્યુ ખાવા લાગ્યો. આવી રીતે આઠ-દસ વાછરડાંના ફીણથી પોતાની ભૂખ શમાવી. સાંજે તે ગાયોને લઈ આશ્રમે આવ્યો.

''આજે દૂધ-બૂધ નથી પીધું ને ?'' ગુરુએ પૂછ્યું.

''જી, ના, દૂધ નથી પીધું. માત્ર ધાવતાં વાછરડાંના મોંએ વળતાં ફીણ ખાધાં છે.'' ઉપમન્યુએ કહ્યું.

''ઉપમન્યુ, એ પણ આપણાથી ન લેવાય. સત્ત્વ તો બધું તેમાં જ હોય છે. કાલે પણ તું જ ગાયો સાથે જજે.'' ધૌમ્ય બોલ્યા.

જંગલનો પાંચમો દિવસ. ઉપમન્યુ ઝાડ પર ઘડીક સૂવે ને ઘડીક મંત્રો બોલે ને ઘડીક ઝાડનાં પાન તોડી પાણીમાં ફેંકે.

સાંજ પડી. ગાયો આશ્રમ તરફ વળી. પાછળ ઉપમન્યુ છે. તેને મનમાં થયું કે, 'આજે મેં ભૂખ પર વિજય મેળવ્યો.' આગળ ગાયો છે ને પાછળ ઉપમન્યુ. થોડું ચાલ્યાં ત્યાં રસ્તાની બાજુમાં ખાસા મજાના થોર દેખાયા. થોર પર સરસ મજાનાં જીંડવાં. જીંડવાં પર ઉપમન્યુની નજર પડી ને તેનું મન ચળ્યું. તેના મનમાં હા-ના ચાલે છે ત્યાં તો તેના હાથ જીંડવાં પાસે પહોંચી ગયા. ડાળી પરથી જીંડવાં છૂટાં પડવાં લાગ્યાં ! અને ત્યાં તો થોરના દૂધની એક સેડ ઉપમન્યુની આંખોમાં પડી. તેની દુનિયા આખી અંધકારમય બની ગઈ ! ગાયો, કેડી કશું દેખાય જ નહિ. ગાયોની ખરીઓના અવાજે તેણે ચાલવા માંડ્યું. પણ ત્યાં તો તે પડ્યો એક મોટા ભાડિયા કૂવામાં.

હવે તેને પોતાની મર્યાદાનું સાચું ભાન થયું. ગુરુએ તેને આટલું કહ્યું છતાં તે ભૂખ ન રોકી શક્યો તેનો તેને પસ્તાવો થયો. તે બોલ્યો, 'ગુરુ, મને માફ કરો. આવતા જન્મે મને તમે જ ગુરુ મળજો. ગુરુપત્ની આવતે જન્મે તમારે પેટે અવતાર આપજો.'

આશ્રમમાં હોમ વેળા થઈ. ગાયો આવી ગઈ પણ ઉપમન્યુ ન આવ્યો. ને ધૌમ્યને ચિંતા થઈ. થોડા શિષ્યોને લઈ ગુરુ નીકળ્યા ઉપમન્યુને શોધવા.

''ઉપમન્યુ, બેટા ઉપમન્યુ !'' ગુરુ સાદ પાડતા જાય છે.

''ગુરુજી, ગુરુજી, હું તો અહીં છું, ભાડિયામાં.'' ઉપમન્યુનો જવાબ આવ્યો.

ગુરુ ને શિષ્યો કૂવા પાસે આવ્યા. ''ઉપમન્યુ, તું અંદર કેમ કરતાં પડ્યો ?'' ગુરુએ ચિંતાથી પૂછ્યું.

''મારા પાપે ગુરુજી! હું આંધળો થયો છું.''

''આંધળો ? કેવી રીતે ?''

ઉપમન્યુએ જે બન્યું હતું તે કહ્યું, ને ગુરુની ક્ષમા માગી. ગુરુને ખૂબ દુઃખ થયું. તેઓ કહે, 'બેટા, મૂંઝાઈશ નહિ. તું દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોનું સ્મરણ કર. તેઓ તારી આંખો સારી કરશે.'

ઉપમન્યુએ અશ્વિનીકુમારોનું સ્મરણ કર્યું. કુમારો તરત હાજર થયા. તેમણે આંખો સાજી કરવા એક ઔષધિ ખાવા માટે ઉપમન્યુને આપી.

''હું કાંઈ ખાઈશ નહિ.'' ઉપમન્યુ બોલ્યો.

''દેખતા થવું હોય તો આ દવા ખાવી પડે.'' કુમારો બોલ્યા.

''દેખતા થવાય તો ઠીક, ન થવાય તો કાંઈ નહિ. પરંતુ હું ગુરુની આજ્ઞા વગર મોંમાં કાંઈ જ નહિ મૂકું.'' ઉપમન્યુએ પોતાનો નિર્ધાર જણાવ્યો.

ગુરુ ધૌમ્યે તરત આજ્ઞા આપી ને ઉપમન્યુએ દવા લીધી. થોડી વારમાં તેને બધું દેખાવા લાગ્યું. તે કૂવામાંથી બહાર આવ્યો ને ગુરુ-શિષ્ય ભેટ્યા !

સૌ તરત આશ્રમ તરફ વળ્યા. આશ્રમે પહોંચ્યા તો ત્યાં ઝાંપે જ ઋષિપત્ની રાહ જોતાં બેઠાં હતાં. ઉપમન્યુએ તેમના ખોળામાં માથું મૂક્યું. ઋષિપત્નીએ હેતથી તેનું માથું સૂંઘ્યું.

પોતાની પર્ણકુટી પાસે આવી, પગે લાગતા ઉપમન્યુને ધૌમ્ય કહે, ''બેટા ઉપમન્યુ, તારો અંતેવાસ આજે પૂરો થાય છે. તને ભાડિયામાં જ જ્ઞાન મળી ગયું છે. તારાં મા-બાપ તારી રાહ જોતાં હશે. જા, તારું કલ્યાણ થાઓ.''

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ

**મૃગચર્મ** હરણનું ચામડું **સમિધ** યજ્ઞમાં હોમવાનું લાકડું **ચકિત થયા હતા** આશ્ચર્ય પામ્યા હતા. **અન્નવાસના** અન્ન માટેની લાલસા **ભિક્ષાન્ન** ભિક્ષા માગી મેળવેલું અન્ન **સત્ત્વ** સાર-અર્ક (અહીં) ઉત્તમ પૌષ્ટિક તત્ત્વ **મોટા ભાડિયામાં** પાણી વગરના પહોળા કૂવામાં

# 4 | જન્મી રહેલા બાળક અને ભગવાન વચ્ચેનો સંવાદ !

- ડૉ. આઈ. કે. વીજળીવાળા

(જન્મ: 14-7-1959)

ડૉ. આઈ. કે. વીજળીવાળા વ્યવસાયે બાળરોગ નિષ્ણાત છે. હાલ તેઓ ભાવનગરમાં સ્થાયી થયા છે. ગુજરાતી સાહિત્યમાં તેમનું અનુરૂપ પ્રદાન છે. મોતીચારો, મનનો માળો, અંતરનો ઉજાસ, અમૃતનો ઓડકાર, પ્રેમનો પગરવ અને હુંફાળા અવસર તેમના 'મોતીચારો શ્રેણી'નાં પુસ્તકો છે. આ ઉપરાંત તેઓએ બાળસાહિત્ય અને બાળઆરોગ્ય ઉપર પણ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

પ્રસ્તુત લેખમાં જન્મી રહેલાં બાળકનો ભગવાન સાથેનો આત્મીય સંવાદ છે. બાળકના નિખાલસ પ્રશ્નો સાથે પ્રભુનો 'મા' જેવા પ્રેમાળ ભાવનો આ સંવાદમાં ભાવાત્મક તાદાત્મ્ય સ્થાય છે.

---

સ્વર્ગમાંથી એક બાળક ધરતી પર જન્મ લેવા માટે તૈયાર થઈ ગયું હતું. એના મોં પર ચિંતા હતી. જોકે એને વિદાય આપવામાટે ભગવાન ખુદ હાજર હતા. તેમ છતાં પેલા બાળકે ચિંતાતુર સ્વરે પૂછ્યું, 'પ્રભુ, થોડીક જ વારમાં તમે મને પૃથ્વી પર મોકલવાના છો એ હું જાણું છું, પરંતુ આવડી વિશાળ ધરતી પર આટલું નાનકડું અને નિઃસહાય હું કઈ રીતે જીવી શકીશ?'

'તું જરાય ચિંતા કરીશ નહીં.!' ભગવાન બોલ્યા, 'તારા માટે પૃથ્વી પર એક દેવદૂતને તૈયાર રાખ્યોછે. અત્યારે એ તારી રાહ જ જોઈ રહ્યો હશે અને પૃથ્વી પર એ જતારી કાળજી લેશે.'

'પણ ભગવાન ! અહીં સ્વર્ગમાં તો હું હંમેશા ખુશ જ રહું છું અને ગીતો ગાઉં છું. હું સુખી તો છું. પછી તમે મને શું કામ મોકલો છો?' બાળકે કહ્યું.

'બેટા! ત્યાં તારો દેવદૂત તારા માટે ગીતો ગાશે. એ તને સુખી કરવાના અને રાખવાના બધા જ પ્રયત્નો કરશે અને એનો અદ્દભૂત પ્રેમ જોઈને તું ખૂ બ જ ખુશ થઈ જઈશ!' ભગવાને જવાબ આપ્યો.

'પરંતુ મને તો એ લોકોની ભાષા પણ કદાચ નહીં આવડતી હોય તો? એ લોકીન વાત હું કઈ રીતે સમજી શકીશ?' બાળકના અવાજમાં ખાસ્સી ચિંતા ભળેલી હતી.

ભગવાને હસીને કહ્યું, 'તેં ક્યારેય કલ્પના પણ ન કરી હોય એવા મીઠા અને પ્રેમથી ભરેલા શબ્દો એ દેવદૂત બોલશે અને ખૂબ જ ધીરજથી એ તને બોલતા અને એ લોકોની ભાષા સમજતા શીખવાડશે!'

'પણ ભગવાન! ધારોકે મારે તમારી સાથે વાત કરવી હશે તો હું કઈ રીતે કરી શકીશ?' બાળકના મનમાં આજે ઢગલો પ્રશ્નો રમતા હતા.

'તારો દેવદૂત બે હાથ જોડી મારી સાથે વાત કરતાતને શીખવશે. એ લોકો એને પ્રાર્થના કહે છે!' ભગવાન બોલ્યા.

'ભગવાન! મેં સાંભળ્યું છે કે પૃથ્વી પર ખરાબ લોકો પણ હોય છે. એમનાથી મારું રક્ષણ કોણ કરશે? બાળકે ચિંતા વ્યક્ત કરી.'

'તારો દેવદૂત પોતાના જીવના જોખમે પણ તારું રક્ષણ કરશે!' ભગવાને કહ્યું.

'પણ હવે હુંતમને તો નહીં જોઈ શકું, એટલે હુંઉદાસ રહીશ! થોડાક ઢીલા પડતા બાળકે કહ્યું.'

'બેટા! ધરતી પરનો તારો દેવદૂત તને મારી ઘણી બધી વાતો કહેશે.' ભગવાને કહ્યું, 'તને મારા સુધી પહોંચવાનો રસ્તો પણ એ બતાવશે. અને હા! હું ભલે ન દેખાઉ. પરંતુ હું હંમેશા તારી સાથે જ હોઈશ અને તારી સાથે જ રહીશ!'

ભગવાનના એ વાક્ય સાથે જ સ્વર્ગમાં અદ્દભૂત શાંતિ છવાઇ ગઇ, પરંતુ હવે પૃથ્વી પરથી આવતા અવાજો

સંભળાવા માંડ્યા હતા. બાળકને સમજણ પડી ગઈ કે એને પૃથ્વી પર જવાનો સમય આવી પહોંચ્યો છે. એ ભગવાનની નજીક ગયો. એક વખત મન ભરીને ભગવાન સામે એણે જોઈ લીધું. એમને પુરા સન્માન સાથે પગે લાગ્યો. પછી એક છેલ્લો સવાલ એણે પૂછી લીધો, 'ભગવાન! હું મારા દેવદૂતનું નામ પણ નથી જાણતો! મને એનું નામ તો કહો!'

ભગવાને એના માથે હાથ મૂક્યો. સહેજ હસતાં હસતાં એ બોલ્યા,'બેટા! તારે એના નામ સાથે કાંઈ જ લેવાદેવા નહીં રહે! છતાં તેં પૂછ્યું જ છે એટલે કહું છું કે તું એ દેવદૂતને 'મા' કહેજે! તારા એ દેવદૂતનું નામ છે - મા!'

પૃથ્વી પરથી આવતા અવાજો હવે સ્પષ્ટ સંભળાતા હતા. સંપૂર્ણ સંતોષ સાથે બાળકે પૃથ્વી તરફ પ્રયાણ કર્યું.!

•••